
# શોભના


રમણલાલ વ. દેસાઈ



Scanned by CamScanner

# શોભના

રમણલાલ વ. દેસાઈ



Scanned by CamScanner

Kavila Vikas
7405160954

શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ જન્મ શતાબ્દી ગ્રંથમાળા સંપુટ-૧

સંસ્કાર ગ્રંથાવલિ

પુસ્તક ૨૦ મું

# શોભના

રમણલાલ વ. દેસાઈ

**આર. આર. શેઠની કંપની**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મુંબઈ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧

# શ્રી રમણલાલ વ. દેસાઈનાં પુસ્તકો

❖ સંપુટ-૧

**નવલકથાઓ**

જયંત ❋ શિરીષ ❋ કોકિલા ❋ હૃદયનાથ ❋ સ્નેહયજ્ઞ ❋ દિવ્યચક્ષુ ❋ પૂર્ણિમા ❋ ભારેલો અગ્નિ ❋ ગ્રામલક્ષ્મી ૧ થી ૪ ❋ બંસરી ❋ પત્રલાલસા ❋ ઠગ ❋ શોભના ❋ ક્ષિતિજ ❋ ભાગ્યચક્ર ❋ હૃદયવિભૂતિ ❋ છાયાનટ ❋ પહાડનાં પુષ્પો ❋ ઝંઝાવાત ❋ પ્રલય ❋ કાલભોજ ❋ સૌંદર્યજ્યોત ❋ શૌર્યતર્પણ ❋ બાલાજોગણ ❋ સ્નેહસૃષ્ટિ ❋ શચી પૌલોમી ❋ ત્રિશંકુ ❋ આંખ અને અંજન

❖ સંપુટ-૨

**નવલિકાસંગ્રહો**

ઝાકળ ❋ પંકજ ❋ રસબિંદુ ❋ કાંચન અને ગેરુ ❋ દીવડી ❋ સતી અને સ્વર્ગ ❋ ધબકતાં હૈયાં ❋ હીરાની ચમક

**કાવ્યસંગ્રહો**

નિહારિકા ❋ શમણાં

**નાટ્યસંગ્રહો**

શંકિત હૃદય ❋ પરી અને રાજકુમાર ❋ અંજની ❋ તપ અને રૂપ ❋ પુષ્પોની સૃષ્ટિમાં ❋ ઉશ્કેરાયેલો આત્મા ❋ કવિદર્શન ❋ પૂર્ણિમા ❋ બૈજુ બ્હાવરો ❋ વિદેહી ❋ સંયુક્તા

❖ સંપુટ-૩

**પ્રકીર્ણ**

જીવન અને સાહિત્ય ૧-૨ ❋ સુવર્ણરજ ❋ ગ્રામોન્નતિ ❋ ગઈકાલ ❋ મધ્યાહ્નનાં મૃગજળ ❋ તેજચિત્રો ❋ અભિનંદન-ગ્રંથ ❋ ઊર્મિ અને વિચાર ❋ ગુલાબ અને કંટક ❋ અપ્સરા ૧ થી ૫ ❋ રશિયા અને માનવશાંતિ ❋ ગુજરાતનું ઘડતર ❋ સાહિત્ય અને ચિંતન ❋ ભારતીય સંસ્કૃતિ ❋ માનવ-સૌરભ ❋ કલાભાવના ❋ શિક્ષણ અને સંસ્કાર ❋ ઊર્મિના દીવડા

**ચિંતનમાળા**

મહાત્મા ગાંધી ❋ ન્હાનાલાલ-કલાપી ❋ માનવી - પશુની દૃષ્ટિએ અને આત્મનિરીક્ષણ ❋ ભારતીય કલા- સાહિત્ય - સંગીત ❋ સમાજ અને ગણીકા ❋ અંગત - હું લેખક કેમ થયો ?

પરમસ્નેહી ભાઈ

**વિભુકુમાર દેસાઈને**

**રમણલાલ વ. દેસાઈ**

મુદ્રણો :

| | | | |
|---|---|---|---|
| તૃતીય | : નવેમ્બર ૧૯૫૨ | : છઠ્ઠી | : નવેમ્બર ૧૯૭૬ |
| ચતુર્થ | : મે ૧૯૬૧ | : સાતમી | : એપ્રિલ ૧૯૮૭ |
| પાંચમી | : માર્ચ ૧૯૬૬ | | |

૮મું પુનર્મુદ્રણ શતાબ્દી વર્ષ મે, ૧૯૯૨

પ્રત : ૨૨૫૦

# શોભના

※

રમણલાલ વ. દેસાઈ

અનુક્રમ


| | |
|---|---|
| જ્વાળામુખી | ૧ |
| અગ્નિપ્રવાહ | ૪૨ |
| ભસ્મનાં પડ | ૮૫ |
| ભસ્મની ઉષ્મા | ૧૫૪ |
| અગ્નિશાંતિ | ૨૦૪ |

# જ્વાળામુખી

## ૧

'સ્ત્રી અને પુરુષના હક્ક સમાન હોઈ શકે ?'

હજી જગત - જગતના વિધાયકો - આ પ્રશ્નનો ઉકેલ નથી કરી શક્યા તો કૉલેજના વિદ્યાર્થીઓ તેનો ઉકેલ લાવી શકે ?

છતાં વિદ્યાર્થીઓ આ પ્રશ્ન ઉકેલવા મથે છે તો ખરા જ. સંસાર-વિધાનમાં તેમનો ઘણો ફાળો છે, અગર તેમને ઘણો ફાળો આપવાનો છે એવી માન્યતા તેમના હૃદયના ઊંડાણમાં વસતી હોય છે. એટલે તેમની વક્તૃત્વસભાઓમાં આવા પ્રશ્નો ખૂબ ચર્ચાય છે. કૉલેજમાં એ પ્રશ્ન ઉપર વાદવિવાદ રાખવામાં આવ્યો હતો.

કેટલાક પ્રશ્નો જ રસમય હોય છે. 'ગામડાનો ખેડૂત કેમ જીવે છે ?', 'કૉલેજનું ભણતર ગામડાં માટે નિરુપયોગી છે', 'વિદ્યાર્થીઓ અને વ્યસન' એવા એવા પ્રશ્નોની ચર્ચા રાખવાની ભૂલ જો સભાનો મંત્રી કરે તો ચશ્માં પહેરેલા સૂકા ત્રણચાર વિદ્યાર્થીઓ અને જિંદગીથી કંટાળી ગયાનો દેખાવ કરતો એકાદ પ્રોફેસર સભાગૃહમાં હાજર હોય, પરંતુ 'લગ્નની જરૂરિયાત', 'સ્ત્રીપુરુષના હક્ક', 'સન્નારીઓનું સત્યાગ્રહમાં સ્થાન' એવા એવા રસનિર્ઝર વિષયોનું નિરૂપણ થવાનું હોય તો વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓથી સભાગૃહ એટલું ઊભરાઈ જાય કે ઘણાને ઊભા રહેવાનું સ્થાન પણ ન મળે.

ઉપરાંત શિક્ષણ માટે ઓછામાં ઓછી તકલીફ લઈ વધારેમાં વધારે પગાર ખેંચી જવા છતાં શહીદીનો સદાય દેખાવ કરતાં ગંભીર પ્રોફેસરો પણ વધારે સંખ્યામાં આવા ચર્ચાપ્રસંગે હાજર રહી શકે છે. આ તેવો જ પ્રસંગ હતો.

વિદ્યાર્થીઓ ધક્કામુક્કી કરતા, હસતા, લડતા, બૂમો પાડતા, વિચિત્ર નાદપ્રયોગો કરતા આખા સભાગૃહને જીવંત બનાવી દેતા હતા.

ઘડીકમાં તાળીઓ પડતી, ઘડીકમાં પગધબકારા થતા, ઘડીમાં રણ-ગર્જનાને ભુલાવે એવી સિસોટીઓ વાગતી તો ઘડીમાં માનવી કે પશુપક્ષીમાંથી કોઈને પણ ન આવડે એવા વિચિત્ર ઉદ્‌ગારોથી વિદ્યાર્થી-સભ્યોમાં હાસ્યનાં મોજાં ઊછળતાં: આંખ મીંચીને આવનાર એમ જ જાણે કે અહીં કોઈ મહાસંગ્રામની તૈયારી થઈ રહી છે. ફરજિયાત શારીરિક કેળવણીથી ભય પામતા વિદ્યાર્થીઓ આવા પ્રસંગોમાંથી કેવો વીરરસ કેળવે એ સમજી શકાય એમ છે.

સભાના અગ્ર ભાગના એક વિભાગમાં કૉલેજની વિદ્યાર્થિનીઓનું એક જૂથ બેઠેલું હતું. સોગન ખાઈ શકાય એવી સાદાઈ પાછળ આકર્ષણની અદ્‌ભુત જાળ ગૂંથવાની આવડતવાળી વર્તમાન યુવતી વિદ્યાર્થીઓના આવા ધાંધળથી બહુ વ્યાકુળ બનતી નથી. ક્વચિત્ હસતી, ક્વચિત્ નાખુશી બતાવતી, ક્વચિત્ ઉપેક્ષા કરતી વિદ્યાર્થિનીઓ વિદ્યાર્થીઓની અર્થહીન વેવલાશ અને નિરંકુશ છતાં પોકળ ઊભરાઓમાં હજી સમાન હક્ક માગતી હોય એમ લાગતું નથી.

પ્રોફેસરે પ્રોફેસરે વિદ્યાર્થીઓ તાળીઓ પાડતા. કેટલાક પ્રોફેસરો પોતાને મળતી તાળીઓથી હસતા, કેટલાક વિદ્યાર્થીના છિછલ્લા વર્તનથી ગંભીર બની જતા અને કેટલાક સાચા વેદાન્તી પ્રોફેસરો તાળીઓની માયાને મિથ્યા માની અલિપ્ત જ રહેતા.

કૉલેજો આપણા વિદ્યાસ્થાનો હોય, પાઠશાળાઓ આપણા સંસ્કારની ગંગોત્રીઓ હોય અને પ્રાચીન ગુરુકુળ - અરે ગયા યુગની કૉલેજનો કોઈ શિક્ષિત પુરુષ વર્તમાન સભાસ્થાનો જુએ તો તેને પ્રથમ દર્શને એમ જ લાગે કે આજનાં વિદ્યાસ્થાનોની વિદ્યા વંઠી ગઈ છે, અને આજના સંસ્કારગંગોત્રીના મૂળમાં કાંઈ વિષ રેડાયું છે.

છતાં એ જ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓના સંઘની પાછળ જગતનું ભાવિ ઘડાયે જાય છે; અને ઘડતરમાં વિષ રેડાયું હોય તો ક્યાંથી રેડાયું એ પ્રશ્ન ઊભો જ રહે છે. વિદ્યાર્થી અવસ્થા વટાવી ગયેલી આગલી પેઢીને વિદ્યાર્થીઓ ઘડતાં આવડ્યું નથી એમ આરોપ આવે પણ ખરો.

બાહ્ય તોફાનોની પાછળ આજ વિદ્યાર્થીવર્ગ એક મહાપ્રશ્ન વિચારી રહ્યો હતો : હસતે હસતે વિચારી રહ્યો હતો કે 'સ્ત્રી અને પુરુષના હક્ક સમાન હોઈ શકે ?'

નિવૃત્ત થવાની અણી ઉપર આવેલા એક વિધુર પ્રોફેસર સભાના પ્રમુખસ્થાને બિરાજ્યા. સ્ત્રીના હક્ક પુરુષ જેટલા રાખવાની તેમને હવે કાંઈ હરકત આવે એમ ન હતું. - ઘરમાં તેમ જ નોકરીમાં. અશાંત

વિદ્યાર્થીઓને શાંત રહેવાનો ઉપેક્ષા પામતો બોધ કરી તેમણે સભાનું કામ આગળ ચલાવ્યું અને ચર્ચા માટે મુખ્ય વક્તાને સૂચના કરી.

સભાઓ તાલી પાડવા માટે, હસવા માટે, બૂમો પાડવા માટે અને બેઠકો ઠોકવા માટે જ હોય છે એમ માનતા વિદ્યાર્થીઓએ મુખ્ય વક્તાના વ્યાખ્યાનના થોડા ટુકડા સાંભળ્યા અને મોટાભાગને ઘોંઘાટમાં ડુબાવી દીધો. સ્વમાનભંગ થયેલો એ વક્તા એક ઊંડો ઘા પામી બેસી ગયો. સ્ત્રી અને પુરુષના હક્ક સમાન ન હોઈ શકે એવો પક્ષ એણે લીધો હતો.

સામો વાદ કરવાને એક બીજો વિદ્યાર્થી ઊભો થયો. તેને પણ પૂરતા પ્રમાણમાં તાળીપ્રદાન મળ્યું, એટલું જ નહિ, પરંતુ વ્યાખ્યાનસ્થાન પાસે જતાં તેને આછી ઠોકર વાગી એટલે તાળીઓનાં પૂર ઊભરાયાં. વિદ્યાર્થીજગત ક્રૂર અને અન્યની વિટંબણામાં ખૂબ હસી શકે એવું નિર્દય બની ગયું છે એવો વિચાર આવતાં પ્રમુખે નિશ્વાસ નાખ્યો. સામા વાદમાં શું કહેવાયું તે કોઈના પણ સાંભળવામાં આવ્યું નહિ. પ્રમુખે પ્રથમ હસીને, ગાંભીર્યથી, ત્યાર બાદ મેજ ઉપર મુક્કો ઠોકીને અને અંતે અત્યંત ક્રોધપૂર્વક વિદ્યાર્થીઓને ગૃહસ્થાઈ વાપરવા વિનતિ કરી. જગતમાં ગૃહસ્થાઈ હોય તો વિદ્યાર્થીવર્ગમાં તે આવે ને ? રહ્યોસહ્યો ગૃહસ્થાઈનો ટુકડો સભાગૃહમાં થોડી ક્ષણો માટે પ્રવેશ પામ્યો, અને એક આકર્ષક યુવકે જરા પણ ક્ષોભ વગર વ્યાખ્યાનસ્થાન ઉપર પગ મૂક્યો. શાંત રહેલી વિદ્યાર્થીજનતાએ પાછો હોકાર શરૂ કરી દીધો. અદબ વાળી ઊભા રહેલા એ યુવકે વિદ્યાર્થીઓના એ ઊભરાને ઊભરાઈ જવા દીધો. સમુદ્રના ઊછળતાં મોજાં ખડક સામે અથડાઈ રહ્યાં; પરંતુ ખડક ખસ્યો નહિ; યુવક આછા સ્મિતસહ ઊભો જ રહ્યો.

સહજ શાંતિ ફેલાતાં તેણે સ્થિરતાભર્યો ઉચ્ચાર કર્યો :

"પ્રમુખ સાહેબ !

સ્ત્રીઓ અને પુરુષોના હક્ક સમાન કદી ન હોઈ શકે..."

વિદ્યાર્થીઓએ તાળીઓ પાડી, પરંતુ આગળ સાંભળવાની સહુને આછી લાલચ થઈ.

યુવકે તેનો લાભ લીધો અને અસરકારક ભાષામાં તેણે ચર્ચા કરી. સ્ત્રીએ જગતના વિકાસમાં કશો જ ફાળો આપ્યો નથી, એને પુરુષ દોરે તેમ દોરાવાનો તેનો ધર્મ જ છે, એવો તેના વક્તવ્યનો ધ્વનિ હતો.

સહુએ તેને શાંતિથી અને વખાણની તાળીઓ સહ સાંભળ્યો. વિદ્યાર્થીઓના ઉત્સાહને વેગ મળે એવી ઘણી ઘણી રસપ્રદ બાબતો એમાં

હતી.

પરંતુ વિદ્યાર્થિનીઓને આ વ્યાખ્યાન રુચ્યું નહિ. તેમની સંખ્યા ઓછી હતી એ વાત ખરી, વિદ્યાર્થીઓ જેટલું તોફાન તે કરતી નહિ એ વાત પણ સાચી; પરંતુ એનો અર્થ એમ નહિ કે વિદ્યાર્થિનીઓની સંખ્યા ભવિષ્યમાં વધી વિદ્યાર્થીઓની બરાબરી ન કરી શકે. અને તેમ થાય તો તોફાનની શક્તિમાં પુરુષવર્ગ કરતાં ઊતરતું સ્થાન લેવાની તેમની તૈયારી ન જ હોય. પુરુષો વિરુદ્ધની અનેક દલીલો વિદ્યાર્થિનીઓના હૃદયમાં સળવળી રહી. ચંપલ પછાડવા માટે તેમના પગ વેગવાન બનતા હતા, અને જરૂર પડ્યે ક્યુટેક્સથી રંગી લાલ બનાવેલા અને ખાસ ઓજારથી સ્વચ્છ અને અણીદાર બનાવી આગળ વધારેલા કલામય નખ આયુધ તરીકે ન જ વાપરવાની તેમણે પ્રતિજ્ઞા લીધી ન હતી.

પરંતુ હજી સ્ત્રીજાતિએ પુરુષ સરખા હક્ક માગ્યા છતાં ઘણા હક્ક વાપર્યા નથી. હૃદયના ભાવ વિદ્યાર્થિનીઓએ આછા સ્મિત નીચે છુપાવી રાખ્યા. માત્ર એક વિદ્યાર્થિનીના હૃદયે તેના પગને વેગ આપ્યો. તેણે ઊઠી વ્યાખ્યાનસ્થાન તરફ જવા માંડ્યું.

પાછો તાળીઓનો વરસાદ વરસ્યો. એ વરસાદ માનવાચક ન લાગ્યો. વિદ્યાર્થિનીઓ પ્રજળી ઊઠી છતાં શાંત રહી શકી. પ્રમુખે હાથ ઊંચા કર્યા, સહુને શાંત પડવા વિનતિ કરી, ધમકી આપી, મેજ પછાડ્યું અને સભા છોડી જવાની બહુ થોડા સાંભળી શકે એવી બીક બતાવી. એટલામાં એ વિદ્યાર્થિની જરા પણ ભય વગર પ્રમુખની પાસે આવી ઊભી રહી. તેણે પણ તાળીઓના વરસાદને વરસી જવા દીધો. સહજ શાંતિ થતાં, પ્રમુખે કહ્યું :

'સ્ત્રીઓ પ્રત્યે સભાએ વધારે સારું વર્તન રાખવું જોઈએ.'

"ના, ના !" પોકારો વિદ્યાર્થીઓમાંથી ઊછળી આવ્યા; "સમાન હક્ક, સરખા હક્ક, સરખું વર્તન !" એવા જવાબ પ્રમુખને મળ્યા.

"હું પુરુષોની તલપૂર પણ મહેરબાની માગતી નથી, પ્રમુખ સાહેબ!" વિદ્યાર્થિનીએ પોકારો વચ્ચે પોતાના વ્યાખ્યાન માટે સ્થાન મેળવી શરૂઆત કરી. "બેસી જા" "બહુ થયું" "પરણ્યા પછી બોલજો" જેવા વિદ્યાર્થીજગતની શિષ્ટતા દર્શાવતા ઉદ્‌ગારો સંભળાતા હતા, છતાં તેમને ન ગણકારી તેણે સહુના ધ્યાનને ખેંચવા માંડ્યું. અને જોત જોતામાં તેણે સહુના ધ્યાનને સર કર્યું. તેનો રણકારભર્યો મધુર અવાજ, છટારહિત છટા, પુરુષજાતિ ઉપરના પ્રહારો અને સ્ત્રીજાતે માનવ સંસ્કારમાં આપેલા ફાળાનો ઇતિહાસ તેના વ્યાખ્યાનને આકર્ષક બનાવી રહ્યાં હતાં. તેણે

સાબિત કર્યું કે સ્ત્રીઓને પુરુષની દોરવણીની જરાય જરૂર નથી, એટલું જ નહિ, પણ પુરુષ સર્વદા સ્ત્રીથી દોરાયો છે, અને જેટલે અંશે એ સત્ય તે સમજશે તેટલે અંશે જ તે અને દુનિયા સફળ થશે.

વ્યાખ્યાન પૂરું થતાં સુધી પૂરી શાંતિ જળવાઈ રહી. વિદ્યાર્થિનીને પણ સાચાં વખાણની તાળીઓથી સહુએ વધાવી લીધી. પરંતુ તેમાંથી પાછી અવ્યવસ્થા શરૂ થઈ ગઈ.

પ્રમુખે સહુના મત માગ્યા. વિદ્યાર્થીઓએ સમાન હક્કની તરફેણમાં પણ હાથ ઊંચા કર્યા અને વિરુદ્ધમાં પણ હાથ ઊંચા કર્યા. વ્યાખ્યાન માટે કોઈને ગંભીરતા હતી જ નહિ; કોઈના જ્ઞાનમાં એથી વધારો થાય એમ લાગતું ન હતું. જ્ઞાનમાં વધારો કરવાની ઈચ્છાથી ભાગ્યે જ કોઈ વિદ્યાર્થી ભણે છે. ભણવાની જરૂર છે, ભણવાની ટેવ પડી છે, બીજાં ભણે છે માટે દેખાદેખીથી વિદ્યાર્થીઓ ભણ્યે જાય છે.

કશો ઠરાવ પસાર થયો નહિ, અને પ્રમુખે પોતાનો આભાર માનવાની તક ન આપતાં સભા બરખાસ્ત કરી. સભા બરખાસ્ત થતાં રાક્ષસી બૂમાબૂમ, પછાડાપછાડ, ભાંગતોડ અને ધક્કાધક્કી સહ આ હિંદના - જગતના ભાવિની કૂંચી ધારણ કરનારો વિદ્યાર્થીવર્ગ વ્યાખ્યાનગૃહની બહાર નીકળવા લાગ્યો. સમાન હક્ક માગતી કન્યાઓએ પોતાના હક્કને બાજુએ રાખ્યો, અને પુરુષવિદ્યાર્થીઓને પહેલાં બહાર નીકળવાની તક આપી.

બહાર શયતાન ઊછળતો હતો. અંદર વિદ્યાર્થીઓનું ટોળું ધીમે ધીમે દરવાજા તરફ આગળ વધ્યું.

'શોભના ! તેં બહુ સારો જવાબ આપ્યો.' એક યુવતીએ વ્યાખ્યાન આપી ચૂકેલી વિદ્યાર્થિનીને કહ્યું.

'હં.' તિરસ્કારથી શોભનાએ માનનો સ્વીકાર કર્યો. એનો તિરસ્કાર એની સહિયર પ્રત્યે નહોતો; વિદ્યાર્થીવર્ગનો અવિનય તેને જરૂર ખૂંચતો હતો.

'પાછું રસ્તે એનું એ જ થશે.' બીજી યુવતીએ કહ્યું. સહશિક્ષણથી વિદ્યાર્થીઓની વાસના તીવ્ર બની છે અને શૌર્યની કક્ષા નીચે ઊતરી છે એમ કોઈ આરોપ મૂકે તો તેના પુરાવા કૉલેજ અને કૉલેજની બહાર છેક ન મળે એમ કહેવાય નહિ. છોકરીઓને નિહાળવાની તક મળે એવા ઉદ્દેશથી સરસ્વતીપૂજન કરતો વિદ્યાર્થીવર્ગ છેક નાનો નહિ હોય !

'હું તો ચંપલ જ લગાવી દઉં !' ત્રીજી યુવતીએ કહ્યું. એ પ્રમાણે બને

કે કેમ એ જુદી વાત છે; પરંતુ પુરુષોના ભણતરની સાથે વર્તનનું ઘડતર ચંપલને પાત્ર છે એવો અભિપ્રાય તો ઘણી વિદ્યાર્થિનીઓ ધરાવે છે. સહુને બહાર નીકળવા દઈ શોભના છેલ્લી બહાર આવી.

બારણા પાસે દસબાર યુવકો લટાર મારી રહ્યા હતા. સ્ત્રીઓને નિહાળવાની સૃજનજૂની પુરુષઘેલછા બ્રહ્મચર્યાશ્રમમાં પણ ભભૂકવા લાગે છે. કોઈએ તીરછી આંખે, કોઈએ સીધી નજરે, કોઈએ હસીને, કોઈએ સહજ ટટાર બનીને બહાર નીકળતી વિદ્યાર્થિનીઓ તરફ નજર નાખી.

પગથિયા પાસે એક ચમકતી મોટરકાર ઊભી હતી. મહત્તાની ભાવના સાથે જડાઈ અનેક યુવકયુવતીઓને ચંચલ બનાવતી આ કહેવાતી જડ ગાડી પાછળ હિંદની રસિકતાનો ઈતિહાસ પણ રચાતો જાય છે. ગાડીમાંથી એક યુવક છટા અને સ્વચ્છતાથી બહાર નીકળી આવ્યો. એણે જ સ્ત્રીઓના સમાનહક્ક વિરુદ્ધની દલીલ કરી હતી. પહોળો પાયજામો, રેશમી પહેરણ, સફાઈદાર ચશ્માં અને વ્યવસ્થિત રીતે અવ્યવસ્થિત રાખેલા વાળથી સોહામણો દેખાતો એ યુવક જરા પણ સંકોચ વગર શોભનાની પાસે ગયો.

'મારી કાર ખાલી છે; આપને એમાં હું મૂકી આવું.' યુવકે કહ્યું.

'ના, મને ચાલવાની ટેવ છે.' શોભનાએ જવાબ આપ્યો.

'ટેવનો સવાલ નથી; સગવડ છે તો બેસી જાઓ. સંધ્યાકાળ થાય છે.'

'હરકત નહિ; મારી જોડે વિની, તારિકા અને રંભા છે.'

'એ બધાંય એમાં આવી શકશે.'

'ચાલો ત્યારે, બેસી જઈએ વળી !' રમતિયાળ બાળકી જેવો અભિનય કરતી સહજ સ્થૂલ તારિકા બોલી ઊઠી, અને પગથિયાં નીચે આવતાં યુવકે ગાડીનું બારણું ખોલી અંદર બેસવાનું લાલિત્યમય મૂક આમંત્રણ ચારે સાહેલીઓને આપ્યું.

લટાર મારતા યુવકોનાં ટોળાંએ મોટેથી હસવા માંડ્યું. "બેસો, બેસો", "હરકત નહિ", "હું સાથે આવું ?" વગેરે ઉચ્ચારો પણ વર્તમાન શિષ્ટતાને શોભાવતા સંભળાવા લાગ્યા. હાસ્ય હઠીલાઈ ઉત્પન્ન કરે છે. આવા આકસ્મિક આમંત્રણથી કદી પણ કારમાં ન બેસે એવી ગર્વિષ્ઠ શોભનાને પણ યુવકોના હાસ્યનો જવાબ આપવા કારમાં બેસવાની દૃઢ ઈચ્છા થઈ. ચીડવીને સુધારવાની રીત નિષ્ફળ નીવડી છે, પરંતુ

વિદ્યાર્થીઓ ચીડવીને સુધરવા-સુધારવા ક્યાં માગતા હતા ? તેમને પણ યુવતીઓની સોબત જોઈતી હતી; મશ્કરી કરવા છતાં યુવતીનો સંગ મળી જાય તો તેમને ગમે એમ હતું.

'આપનો આભાર માનું છું. આપના આમંત્રણનો લાભ લઈએ જ.' શોભનાએ જવાબ આપી પોતાની સહિયરોને અંદર બેસાડી.

'આપ આગળ બેસો; હું ચલાવીશ. ' કહી યુવકે શોભનાને કારની આગલી બેઠક પર બેસાડી. કારનો હાંકનારો બારી પાસે ઊભો હતો તે ખસી ગયો. તેને યુવકે કહ્યું :

'તું પાછળ આવ; હું ગાડી લઈ જાઉં છું.'

સફાઈપૂર્વક શોભનાની સાથે બેસી યુવકે ગાડીનું સુકાન હાથમાં લીધું. ગાડીમાં જીવ આવ્યો દેખાયો.

એકાએક કોઈ વિચિત્ર ખાદીધારી યુવક ગાડી પાસે આવી શોભનાને જોતો ત્યાંથી પસાર થયો દેખાયો.

શોભના એ યુવકને જોઈ રહી. સહેજ આશ્ચર્ય તેની આંખમાં રમી રહ્યું. કારના માલિકે ગાડી આગળ ધપાવી. તેણે પેલા ખાદીધારીને જોયો ન હતો.

'કોણ હતો એ બબૂચક ?' તારિકાએ પૂછ્યું.

'કોની વાત છે ?' રંભાએ પૂછ્યું.

'પેલો આમ ગયો તેની.'

'આવા કૈંક ફરે છે, ગમારો !'

શોભના કાંઈ બોલી નહિ. કાર આગળ વધી કૉલેજના વંડાની બહાર નીકળી. સૂચક તાળીઓ અને ઉદ્‌ગારો વચ્ચે થઈ તે પસાર થઈ.

યુવકયુવતીના આ જગતમાં ઉત્સાહ, ઉન્માદ, અશિષ્ટતા, અદેખાઈ, અછકલાપણું અને અતંત્રતા ચારે પાસ દેખાયા કરતાં હતાં. એ વંટોળિયા વચ્ચે થઈ ઝડપથી આગળ વધતી ગાડીમાં એ જ યુવકયુવતીનો એક વિભાગ અત્યંત નિયંત્રણપૂર્વક આગળ વધતો હતો. જ્વાલામુખીના ટુકડાઓ વ્યવસ્થિત અને નિયમનભર્યા વાહનને જ વશ વર્તતા હતા.

અગર પછી નિયમન માગતા વાહનને જ એક જ્વાળામુખી દોરતો હતો ?

## ૨

'હરકત ન હોય તો મારા ઘર આગળથી જઈએ.' યુવકે સહજ એકાંત રસ્તો આવતાં શોભનાને પૂછ્યું. શોભના તરફ તેની નજર ન હતી. ગાડીનું સુકાન હાથમાં રાખનારથી પાસે બેસનારનું મુખ મરજીમાં ફાવે ત્યારે જોઈ શકાતું નથી.

'મને હરકત નથી.' શોભનાએ કહ્યું. સરખા હક્ક માગતી યુવતીઓ આવી સૂચનાથી ગભરાતી નથી.

'મને ઓળખતાં નહિ હો.' યુવકે પૂછ્યું.

'અંગત પરિચય નથી. કૉલેજમાં - અને ખાસ કરી મેળાવડાઓમાં તમને જોયા છે.'

'હું થિસિસ* તૈયાર કરું છું.'

'કયા વિષય ઉપર ?'

'સમાજવાદ અને હિંદની ગ્રામજનતા.'

'સમાજવાદના વિરોધી છો ?'

યુવકે અત્યંત કેળવાયેલું સુશિક્ષિત હાસ્ય કર્યું અને પૂછ્યું :

'શા ઉપરથી એમ પૂછો છો ?'

'આપના આજના વ્યાખ્યાન ઉપરથી. સ્ત્રીસ્વાતંત્ર્યના આપ વિરોધી લાગો છો.'

'ઓહ ! એ તો સહજ. વિદ્યાર્થીઓ માટે વિષયને જુદો ઝોક આપવા પૂરતું. જાણીજોઈને મેં વિરોધ પક્ષ લીધો. હું તો અક્ષરેઅક્ષર તમારી દલીલને મળતો થાઉં છું.'

'મને બહુ આનંદ થયો. પણ - પણ તમે મારી તરફેણમાં બોલ્યા હોત તો હું આમ તમારી સાથે ભાગ્યે જ આવત.'

'કારણ ?'

વિરુદ્ધ બોલનાર - વિરુદ્ધ બોલનાર પુરુષનો મને ભય નથી એમ સાબિત કરવા મેં તમારી માગણી સ્વીકારી.'

'જૂઠ બોલવાથી થતા લાભનો આ એક દાખલો !' સહજ હસીને યુવકે

* મહા નિબંધ-જેને આધારે અભ્યાસીઓને ચડતી ઉપાધિઓ આપવામાં આવે છે.

કહ્યું, અને શોભના તરફ જોયું. પાસે થઈને બીજી કાર ચાલી જતી હતી તેની સાથે અથડાઈ જવાત એવો ભય શોભનાને લાગ્યો; તે છુપાવતી શોભનાએ પૂછ્યું :

'આપનું નામ તો ભાસ્કર ને ?'

'હા જી; મારું મકાન પણ આ આવ્યું. તમે બધાં જ પાંચ મિનિટ ઊતરી મારું ઘર જોઈ પછી જાઓ તો કેવું ?' એક સરસ બંગલાના બગીચા આગળ પ્રવેશદ્વાર પાસે ગાડી અટકાવી દઈ ભાસ્કરે પૂછ્યું.

'ઘણું મોડું થશે; બીજી કોઈ વાર આવીશું.' શોભનાએ કહ્યું.

'સર્વાનુમતે ? કે આપનામાંથી બીજું કોઈ મારી સહાયમાં આવશે ?' ભાસ્કરે અંદર જોઈ પૂછ્યું.

ત્રણે સહિયરો હસી પડી. સ્ત્રીઓ બહુ સહેલાઈથી હસી પડે છે એનો અનુભવ ભાસ્કરને થઈ ચૂક્યો હતો એમ લાગ્યું.

'હું મૌનને નહિ પણ હાસ્યને સંમતિ માનું છું. ચાલો, હવે ચા પીધા વગર હું નહિ જવા દઉં.'

એટલું કહી ભાસ્કરે ગાડી બંગલા પાસે લીધી અને બારણા પાસે પહોંચતાં તેને ઊભી રાખી.

ગાડી ઊભી રહેતાં બરોબર એક સફાઈદાર વસ્ત્રોવાળા નોકરે આવી ગાડીનાં બંને બારણાં ખોલી નાખ્યાં, અને ભાસ્કર તથા તેની નૂતન સ્ત્રીમિત્રો બહાર નીકળ્યાં. વિવેકપૂર્વક આગળ માર્ગ બતાવી ભાસ્કરે સહુને અંદર દોર્યાં, અને અત્યંત શણગારભરેલા એકબે ઓરડાઓ વટાવી બગીચા ઉપર ઝૂકતી એક ઓસરી ઉપર ગોઠવેલી ખુરશીઓ ઉપર તેણે સહુને બેસાડ્યાં.

સમાજવાદી ભાસ્કરનું મકાન એક અત્યંત ધનવાનના ઘરનો ખ્યાલ આપતું હતું. ખુરશીઓ એટલી બધી સુંવાળી અને ભરેલી હતી કે સહુને સ્વાભાવિક રીતે જ બેસવાનું મન થાય. બગીચાની લીલોતરી અને ક્યારીઓમાં ઝૂલતાં ફૂલ તરફ સહજ નજર જાય એમ હતું. ઓસરીની ભીંતે મોટા મોટા જાણીતા કલાકારોનાં ચિત્રો હતાં, મેજ ઉપર ચિત્રસંગ્રહો પડ્યા હતા અને સુશોભિત અભરાઈઓ ઉપર નવાં નક્કોર જોવાં ગમે એવાં પુસ્તકો ગોઠવાયેલાં હતાં.

'આ મારી બેઠક. દિવસ અને રાતનો ઘણો ભાગ હું અહીં જ ગાળું છું.' ભાસ્કરે કહ્યું.

'બહુ સરસ જગા છે, ગમે એવી.' રંભાએ કહ્યું.

'આપ કોઈ કોઈ વાર આવશો તો હું આભારી થઈશ.' ભાસ્કરે કહ્યું.

'કોઈ કોઈ જ વાર ? આ આમંત્રણ ખરું !' તારિકાએ હસીને વાંધો કાઢ્યો.

'બોલાવી જુઓ.' વિનીએ કહ્યું. ચબરાક વાતચીત આ યુગમાં સામાન્ય બનતી જાય છે.

'આપ રોજ આવી શકો તો મારા જેવો કોઈ ભાગ્યશાળી નહિ.' ભાસ્કરે કહ્યું.

'કેમ ?' શોભનાએ પૂછ્યું.

'હું આપને મારા મતમાં ભેળવી શકું. મારે આખા જગતને મારા મતનું બનાવવું છે - શેમ !* હજી પેલો ચા નહિ લાવ્યો ! આપણા નોકરો બહુ જ અણઘડ !' છટાથી ભાસ્કરે વીજળીનું બટન દાબી ઘંટડી વગાડી.

ધીમે પગલે પરંતુ ઉતાવળથી એક નોકર આવી ડોકું નમાવી ઊભો રહ્યો.

'હજી કેમ ચા નથી લાવ્યો ?' ભાસ્કરે ખરાબ ન લાગે એટલી ધમકીથી પૂછ્યું.

'જી, તૈયાર છે; હું લાવું.' નોકરે કહ્યું.

'તો વાર શાની ? લાવ જલદી.' એક મહારાજાને શોભે એવી અદાથી ભાસ્કરે હુકમ આપ્યો. ભાસ્કરનું સુઘડ પૌરુષ જોરદાર પણ દેખાયું. નોકર ગયો, બગીચામાં એક આકૃતિ ફરતી દેખાઈ તે તરફ સહુનું ધ્યાન ગયું.

'મારા પિતા છે; પરંતુ એ ગાંધીવાદી છે. સમાજવાદ એમના મનમાં ઊતરતો જ નથી.' ભાસ્કરે કહ્યું.

'પરંતુ ગાંધીવાદને જ કેટલાક સમાજવાદ માને છે.' શોભનાએ કહ્યું.

'વિચારનો ગૂંચવાડો, બીજું શું ! ગાંધીવાદથી દેશને કાંઈ જ ફાયદો થયો હોય એમ હું માનતો નથી.' ભાસ્કરે કહ્યું.

'ઊલટી અંઘોળ પેઠી.' વિની બોલી.

'અને એક ન્યાત વધી - ખાદીધારીઓની.' તારિકાએ સંમતિ આપી.

નોકરે આવી ચાનાં પ્યાલારકાબી ગોઠવ્યાં, બિસ્કિટની નવામાં નવી જાત વડે તાસકો ભરી અને ફળનો ખૂમચો ખુલ્લો મૂક્યો. ચાની શરૂઆત થતામાં દીવા થયા, એટલે સહુએ ઉતાવળે ચા પીવા માંડી.

'સરખા હક્ક માગતી સ્ત્રીઓ દીવા થતાં કેમ ડરતી હશે ?' ભાસ્કરે

* એક કંટાળાનો ઉદ્દગાર

કહ્યું.

'હજી હક્ક આપો તો ખરા !' તારિકાએ હસીને કહ્યું.

'આપે કોણ ? આપણે હક્ક લેવાના છે.' રંભા બોલી.

'અને તે લડીને !' શોભનાએ કહ્યું.

'બધાં સાથે લડી શકાય; સ્ત્રીઓ સાથે માત્ર નહિ. અમારાં હથિયાર તમારી સામે અમે નીચે મૂકીશું.' ભાસ્કરે કહ્યું અને સહુ હસી પડ્યાં.

બહાર કાંઈ બૂમો સંભળાઈ, પરંતુ આ જંગલી જગતમાં સભ્ય બંગલાઓ પાસે બૂમો પાડનારા લોકો હજી વસે છે એટલે તે તરફ ભાસ્કરે ધ્યાન આપ્યું નહિ; પરંતુ વાતોને અટકાવતો એક નોકર વગર બોલાવ્યે આવ્યો એટલે ભાસ્કરે પૂછ્યું :

'શું છે ?'

'બહાર કોઈ માણસ આવ્યો છે, અને તે આપને મળવા માગે છે.' નોકરે કહ્યું.

'અત્યારે કોણ આવ્યો ?'

'ખબર નથી.'

'એનું કાર્ડ ક્યાં છે ?'

'એ કાર્ડ નથી રાખતો; મેં માગ્યું હતું.'

'કેવા લોકો છે ! ગમે ત્યારે આવવું અને તે પાછું કાર્ડ વગર ! જા, એનું નામ કાપલી ઉપર લખાવી આવ.'

'તેની પણ ના પાડે છે.'

'તો પછી બેસવા દે; હું થોડી વાર પછી મળીશ.'

નોકર ગયો. ચા ઉપર બેસીને સ્ત્રીઓના હક્કની ચર્ચા પછી ગરીબોની પરિસ્થિતિ ઉપર પણ સારી ચર્ચા થઈ શકે એમ છે. ગરીબીથી પર રહી, ગરીબોથી તટસ્થ રહી, બંગલામાં ચાંદીની ચાંદનીના પડછાયા નીચે બેસતાં ગરીબોના પ્રશ્નો બહુ જ અસરકારક રીતે ઊકલી શકે છે. છતાં ઊઠતે ઊઠતે શોભનાથી એક ટીકા થઈ ગઈ :

'પણ આપણે બધાં આમ મોજ કરીએ તો ગરીબોની ગરીબી કેમ જાય ?'

'એ જ ગાંધીવાદ, એ જ ભુલભુલામણી. સમાજવાદ તો ગરીબોને આવી જ મોજ આપવા માગે છે; જેની મોજ છે તેની લઈ લેવા માગતો નથી.' ભાસ્કરે કહ્યું.

'તો પછી વિગ્રહ કેમ થશે ? અમીરો અને મધ્યમવર્ગીય ધનિકો

પાસેથી મિલકત ખૂંચવી તો લેવાની જ ને ?' શોભનાએ પ્રશ્ન કર્યો. યુવતીઓએ પણ સમાજવાદનું હાર્દ ઓળખવા માંડ્યું છે.

'વિગ્રહમાં યુવકો - આપણે - ગરીબો સાથે જ હોઈશું. પણ એ વિગ્રહ વ્યક્તિગત ન હોય; સમગ્ર વર્ગનો હોય.' સમાજવાદી ભાસ્કરે તાત્ત્વિક ભેદ સમજાવ્યો અને સઘળાં બહાર આવ્યાં. બહાર ઓટલા નીચે એક ખાદીધારી યુવક લટાર મારતો હતો. હસતીહસતી બહાર આવતી ટોળી તરફ તેણે જોયું નહિ; પરંતુ ભાસ્કરની દૃષ્ટિ તેની પર પડી.

'અરે પરાશર ! તું છે ?' ભાસ્કર એકદમ બોલી ઊઠ્યો, અને સહુએ તેની તરફ નજર કરી.

'હું છું. અને બપોરનો તને શોધ્યા કરું છું.' પરાશર નામના ખાદીધારી યુવકે કહ્યું. ભાસ્કરની કાર પાસે વ્યાખાન પૂરું થયે એ જ યુવક આવ્યો હતો એની તારિકા તથા રંભાને ખાતરી થઈ.

'કૉલેજના પુસ્તકાલયમાં ગયો અને જાણ્યું કે ત્યાં વ્યાખ્યાન છે, એટલે ત્યાં જ રોકાઈ ગયો. હું દિલગીર છું. પણ તું અંદર કેમ ન આવ્યો ?'

'તારી રજા વગર કોણ પેસવા દે ? અને કાર્ડ તો હું રાખતો જ નથી.' પરાશરે કહ્યું.

'આ ચારે મારાં નવાં મિત્રો ! ઓળખ : આ તારિકા, આ રંભા, આ વિની અને શોભના. હાથ શાનો જોડે છે ! હાથ મેળવ !'

ત્રણ યુવતીઓએ હાથ આગળ ધર્યા અને સંકોચસહ પરાશરે સહુની સાથે હાથ મેળવ્યા. માત્ર શોભના બાજુએ જોઈ રહી. તેણે પોતાનો હાથ આગળ ન ધર્યો.

'હું આ બધાંને મૂકી આવું ?' ભાસ્કરે પૂછ્યું.

'તારી મરજી. પણ મને હવે એક કલાકની જ ફુરસદ છે.' પરાશરે કહ્યું.

'અમે ચાલ્યા જઈશું.' રંભાએ કહ્યું.

'કાર તો આવશે જ. હું ફરી આપને મળીશ. માફ કરજો, આપનો ઘણો સમય લીધો છે.' ભાસ્કરે કહ્યું અને ચારે યુવતીઓને મોટરકારમાં તેણે બેસાડી દીધી. ગાડી બહાર રસ્તા ઉપર આવી અને વિનીએ કહ્યું :

'આજે મઝા આવી, નહિ ?'

'શી મઝા ?' શોભનાએ પૂછ્યું.

'તારું ભાષણ સાંભળ્યું એ પહેલી મઝા.' વિની બોલી.

'કારમાં બેઠાં એ બીજી.' રંભા બોલી.

'અને આ ઢબે ચા પીધી એ ત્રીજી.' તારિકાએ કહ્યું.

'જાણે કારમાં બેઠાં જ ન હોઈએ અને ચા કદી પીધી જ ન હોય !' શોભનાએ કહ્યું.

છતાં શોભનાની આંગળી કારની સુંવાળશ ઉપર ચોરીથી ફરતી હતી તેનો શોભનાને જ ખ્યાલ આવ્યો. એટલે આગળ પડતી બેઠેલી તારિકાની છૂટી સેર ઉપર સાહજિક રીતે તેણે હાથ ફેરવ્યો.

'આપણામાં કોના વાળ લાંબા હશે ?' તારીકાએ પૂછ્યું. તે જાણતી હતી કે સુંવાળાશ અને લંબાઈ માટે તેના પોતાના વાળ ઘણી વખત વખણાયા હતા.

'આપણને તો બૉબ્ડ વાળ ગમે. ઓ રે ! આ વિની જો ને, ચૂંટી ભરે છે.' રંભાએ કહ્યું.

'તને ગમતા હોય તો રાખતી કેમ નથી ?' વિનીના વાળ બૉબ્ડ તરીકે જાણીતી થયેલી કેશશૃંગારની પદ્ધતિના હતા; એટલે પોતાની મશ્કરી થતી માની વિનીએ રંભાને ચૂંટી ભરી કહ્યું.

'ભાસ્કર વિષે તમારો શો મત થયો ?' શોભનાએ પૂછ્યું.

'એટલે ?' વિનીએ પૂછ્યું.

'સામાન્ય છાપ કેવી પડી ?' શોભનાએ પૂછ્યું.

'સમાજવાદી છે એટલે આગળ પડતા વિચારો તો ખરા જ !' તારિકાએ કહ્યું.

'અને સુઘડ બહુ લાગે છે. દેખાવે ઠીક, નહિ ?' વિનીએ કહ્યું.

'તારે દેખાવને શું કરવો છે, બહેન ?' રંભાએ આંખમાં તોફાન લાવી પૂછ્યું.

'સારો દેખાવ હોય તો વળી સારો જ લાગે ને ?' વિનીએ ચોખ્ખી વાત કરી.

'પત્ર લખવાનું એક સાધન વિનીને વધ્યું.'

'બહુ સારું; તમે કોઈને નહિ લખતાં હો, ખરું ને ? મોટી સતીઓ !' વિનીએ કહ્યું.

'અરે, પેલો શૉફર સાંભળશે.' તારિકા બોલી.

'છો સાંભળે ! આપણે બધાથી જ બીવાનું કાંઈ કારણ ?' રંભાએ કહ્યું.

'પણ પેલો પરાશર કોણ હશે ? ભાસ્કરને એવો મિત્ર !' વિની બોલી.

'શોભના તો કાંઈ બોલશે જ નહિ.' તારિકાએ કહ્યું.

'મારું ઘર આવ્યું. બોલવાનું બંધ રાખીએ એ જ સારું.' શોભનાએ કહ્યું, અને પોતાના ઘર તરફ કારને દોરવાની સૂચના આપી. ઘર આવતાં કાર ઊભી રાખી.

'કોઈ લડે એમ હોય તો હું સાથે આવું.' વિનીએ કહ્યું.

'મને વળી લડનાર કોણ છે ?'

'તારાં માબાપ.'

'તને તો બીક લાગતી હશે. મારાં માબાપ તો મને કાંઈ જ કહેતાં નથી.' શોભનાએ કહ્યું અને ચારે યુવતીઓ છૂટી પડી.

## ૩

સીડી ઉપર શોભના છટાદાર ત્વરાથી ચડી ગઈ અને બારણું ખોલી ઓરડામાં દાખલ થઈ. દીવો બળતો હતો. એક આરામખુરશી ઉપર બેસી શોભનાના પિતા વર્તમાનપત્ર વાંચવા મથતા હતા; પરંતુ તેમની નજર વર્તમાનપત્રમાં ન હતી. વારંવાર બારણા તરફ તેઓ જોયા કરતા હતા. શોભનાને જોતાં બરાબર તેઓ બોલી ઊઠ્યા :

'આવી ગઈ બહેન ?'

'હા, આજે જરા મોડું થયું.'

'હરકત નહિ; વાદવિવાદ બહુ ચાલ્યો હશે.'

'ના ના, પણ સભા પૂરી થયા પછી હું એક મિત્રને ત્યાં ગઈ હતી.'

'પુરુષમિત્ર કે સ્ત્રીમિત્ર એટલું પૂછવાની પિતાને ઈચ્છા તો થઈ આવી, પરંતુ આ સ્વાતંત્ર્યયુગમાં પુત્રપુત્રીની પણ બહુ પૂછપરછ સારી રીતભાતમાં લેખાતી નથી.

'બહેન ! જમવાનું તૈયાર છે; તું કપડાં બદલે એટલી વાર.' અંદર ઓરડામાંથી બહાર આવી શોભનાની માએ કહ્યું.

'તેં શા માટે રસોઈ કરી ? હું ન કરી નાખત ?' શોભના બોલી.

'થાકી-હારી તું આવે અને તારે માથે પાછી રસોઈ નાખવી ?' માતાએ કહ્યું. શોભનાએ માતા તરફ નજર કરી. શોભનાની માતા જયાગૌરી ગોરાં, સહજ સૂકાં અને જીવનથી થાકી ગયેલાં લાગતાં સન્નારી હતાં. દસબાર વર્ષ ઉપર કદાચ તેઓ રૂપાળાં પણ કહેવાતાં હોય.

'તું આરામ લે, હું હમણાં આવું.' - કહી શોભના અંદર ચાલી ગઈ.

ઘર કાંઈ ઘણું મોટું ન હતું. એક ઓરડામાં થતી વાતચીત બીજા ઓરડામાં સંભળાઈ જાય એવો પૂરો સંભવ હતો. ઘર ઉપર સામાન્ય સ્થિતિની છાપ પડેલી હતી. જયાગૌરીએ ચારે પાસ જોયું અને ધીમેથી, બીતે બીતે પણ સ્પષ્ટતાથી કહ્યું :

'મને તો એમ થાય છે કે આ છોકરીનું ભણવાનું બંધ કરાવીએ.'

'કેમ ?'

'તમે તો જોતા નથી, પણ જરા વિચાર કરો. આજ કેટલી મોડી આવી? ભણતર આજનાં છોકરાંને વંઠેલ બનાવી મૂકે છે.'

'આપણાં માબાપ આપણા માટે પણ એમ જ કહેતાં હતાં, નહિ ?' ફિક્કું હસી શોભનાના પિતા કનકપ્રસાદે જવાબ વાળ્યો. કનકપ્રસાદ શિક્ષકનું કામ કરતા હતા.

'મારાં તો નહિ, પણ તમારાં માબાપ કહેતાં હોય તો કોણ જાણે ! અને એ કહેતાં હોય તો એમાં બહુ ખોટું પણ શું હતું ?' જયાગૌરીએ હસીને ધીમેથી કહ્યું. તેમના હાસ્યમાં યૌવનના ભણકારા સંભળાતા હતા. થાકેલા દેહ અને થાકેલા મન પણ વર્ષોના પડદા પાછળ જુએ છે, ત્યારે પૂર્વજીવનના રંગ તેમને રંગી જાય છે.

'એટલે ?'

'એટલે એમ કે તમારી નફટાઈનો પાર નહોતો.' જયાગૌરીએ કહ્યું. પતિપત્નીએ પુત્રીની ગેરહાજરીમાં પ્રાચીન પ્રેમને સંભાર્યો. દેહ સહી ન શકે એવો પ્રેમ કજળી ગયા જેવો જ હતો. કદાચ અતિ ઉગ્ર પ્રેમ અંગારેજ જીવનથાકને વહેલો લાવી મૂક્યો હોય. પરંતુ લગ્નને વળગી રહેલો પ્રેમ, દેહને ભસ્મ કરતો હોય છતાં, તે પવિત્ર મનાયે જાય છે. જયાગૌરી પોતાને પવિત્ર મનાવતાં - જોકે તેમનું શરીર દસબાર વર્ષથી ઘસાવા લાગ્યું હતું, અને કનકપ્રસાદ પણ આરોગ્યના નમૂનારૂપ ન જ હતા.

'હું શું કરતો હતો ?'

'મારે સંભારવું નથી, પણ આજનું ભણતર અને મોટી ઉમર બંને મને તો મૂંઝવી નાખે છે.'

શોભનાએ બારણું ઉઘાડ્યું અને પૂછ્યું :

'બા ! કોણ તને મૂંઝવે છે ?'

'તુંસ્તો, બીજું કોણ ?'

'કારણ ?'

'કારણ કશું જ નહિ; પણ આ તમારાં ભણતર...'

'એમ તો તુંયે ભણેલી છે.'

'તારા જેટલું નહિ ને ! અમારું ગુજરાતી-અંગ્રેજી ભણતર જુદું હતું. મારે તો તને મૅટ્રિક પછી ઉઠાડી લેવી હતી, પણ તારા બાપને ગ્રૅજ્યુએટ દીકરીનો મોહ અને તારી જક !'

'હવે બહુ વાર નહિ થાય; પરીક્ષા પાસે આવે છે.' કનકપ્રસાદે કહ્યું. ભણતરનો ભય માતાપિતાને - ખાસ કરીને માતાને - ઘણો રહેતો હતો એ શોભના જાણતી હતી. જયાગૌરી ભણેલાં હતાં. થોડો અંગ્રેજી અભ્યાસ પણ તેમણે કરેલો હતો. વર્તમાનપત્રો અને નવલકથાઓનું વાચન તેમને

બહુ પ્રિય હતું. સ્ત્રીઓના સરખા હક્કમાં તેઓ માનતાં હતાં, પરંતુ તે બીતે બીતે. છોકરીઓને ભણાવવી જોઈએ એમ એમનો મત હતો, પરંતુ એ ભણતરનો ઉદ્દેશ છોકરીને સારો વર મળે એટલો જ હતો. કન્યાઓને કલા શીખવવી જોઈએ એમ તેઓ કહેતાં હતાં, પરંતુ નૃત્ય-અભિનય ને સંગીત જેવી કળાઓએ કન્યાની સોળ વર્ષની ઉમર પછી અદૃશ્ય રહેવું જોઈએ એવો તેમનો છૂપો અભિપ્રાય હતો - જે ઘણી વખત એક અગર બીજા સ્વરૂપે વ્યક્ત થતો. તેઓ જાતે થોડું હાર્મોનિયમ વગાડતાં, અને સિતારની કેટલીક ગતો પોતાને આવડતી હતી એમ કહેતાં વર્ષો પહેલાં તેઓ સારા ગરબા ગાઈ-ગવડાવી શકતાં, અને હજી પણ ગરબાની મિજલસોમાં અચૂક હાજરી આપતાં. સભા, મેળાવડા અને નાટક-સિનેમામાં જવાની તેમને ઈચ્છા રહેતી, અને એ ઈચ્છા સામાન્યતઃ પૂરી પણ પડતી. તેમણે પોતાની શાળાના દિવસોમાં બેત્રણ વાર ઉત્સવો પ્રસંગે કોઈ સ્ત્રી (દુષ્યંતની શકુંતલા)ના કે કન્યા (સલીમની અશ્રુમતી)ના અભિનયો કર્યા હતા એમ ઘણી વખત કહેતાં. પરંતુ પુરુષ વિદ્યાર્થીઓની નાટ્યપત્ની બની જાહેર અભિનય કરવાની વર્તમાન યુવતીઓની વૃત્તિમાં તેમને નિર્લજ્જતા લાગતી, અને તેમાંથી નૈતિક અધઃપતન થવાનો પૂરો સંભવ તેઓ સ્વીકારતા હતાં, તથા બની શકે ત્યાં સુધી શોભના એવા પ્રયોગોમાં ન પડે એમ ઈચ્છતાં. જો કૉલેજમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ નાટક ભજવવાં જ હોય તો ભાઈ-બહેન કે બાપ-દીકરીના ભાવને જ વ્યક્ત કરતાં નાટકો રચી ભજવવાં જોઈએ એવી તેમની દલીલ હતી. તેઓ સારાં, સ્વચ્છ કલામય કપડાં પહેરવાની તરફેણમાં હતાં, અને તેમના યૌવનકાળમાં વસ્ત્ર અને વાળપ્રયોગમાં તેઓ અનેક યુવતીઓમાં ગુરુ બની શક્યાં હતાં. પરંતુ બૉબ્ડ વાળ, કાન, કપાળ અને ગાલ ઉપરના અલકપટા અને ખુલ્લી લાંબી સેર, બાંયરહિત કબજા અને અંગ સાથેના અણગમતા સંબંધની અકળામણ દર્શાવ્યા કરતી નાસતી, ભાગતી, સરકતી સાડીનો તેઓ વિરોધ કરતાં હતાં.

આવા વિરોધોની વચ્ચે વર્તમાન યુવકયુવતી પોતપોતાના સ્વભાવ અને સ્વાંગ બદલ્યે જ જતાં હતાં, અને પિતાઓ અને માતાઓ કરતાં જુદી જ ભાવનાઓ જુદા પરિધાનમાં વિકસાવતાં હતાં, એ સ્થિતિ જયાગૌરીને દુઃખદ નહિ તો મૂંઝવનારી તો હતી જ. એક જ પ્રશ્ન તેમણે પોતાને પૂછ્યો ન હતો : નવો અણગમતા` યુગ લાવવામાં તેમનો પોતાનો કેટલો ફાળો હતો ?

'પરીક્ષા પાસ કરીનેયે શું ? એને તો નોકરી કરવી છે !' માતાએ કહ્યું.

'શું ખોટું ! સહુએ પોતપોતાંના પગ ઉપર ઊભા રહેવું જોઈએ ને ?' કનકપ્રસાદે વધારે પ્રગતિમાન વિચાર દર્શાવ્યો.

શોભનાએ આ વાદવિવાદમાં ભાગ લીધો નહિ. વાદવિવાદ વગર વહેતા સમયના પ્રતીક સરખી શોભનાએ જ્યાં જ્યાં અવ્યવસ્થા લાગી ત્યાં ત્યાં ગોઠવણ કરી દીધી, અને ત્રણે જણે જની વાંચવાનું શરૂ કર્યું. ભણેલી સામાન્યતાને સમય વિતાવવામાં વાચન ઉપયોગી થઈ પડે છે. જયાગૌરીએ સિનેમાની નટીઓનાં ચિત્રો અને પરિચયવાળું એક છાપું અણગમો બતાવી હાથમાં લીધું; કનકપ્રસાદે અંગ્રેજી છાપું હાથમાં લીધું. ગુજરાતી છાપાં એ કચરો છે એવી તેમની યુવાનીની માન્યતા ઘસાઈ ગયેલી છતાં જીવતી હતી. શોભના પોતાના અભ્યાસની ઓરડીમાં ગઈ.

અભ્યાસની ઓરડી એ તેની બેઠકની ઓરડી તેમ જ સૂવાની ઓરડી હતી. એમાં એક પાસ ચોપડીઓ ગોઠવેલી હતી; સાદી પણ સ્વચ્છ શેતરંજી અને ગાદી એ તેને અને તેની બહેનપણીઓને બેસવાનું અને વાતો કરવાનું સ્થાન હતું; નાનું મેજ અને બે ખુરશીઓ એ તેનાં લેખનસાધન હતાં, અને બારી પાસેનો ખાટલો એ તેનું નિદ્રાસ્થાન હતું. કનુ દેસાઈના ચિત્રની એક સ્ત્રીપ્રતિકૃતિ નૃત્યભાવ દર્શાવતી તેના મેજ ઉપર મૂકેલી હતી; ગાંધીજી અને ટાગોરની છબીઓ સાથે જ ભરાવેલી હતી; બાજુમાં એક સિનેમા-નટીની અર્ધનગ્ન છબી અને રુડોલ્ફ વેલેન્ટીનો તથા શેવેલિયરની છબીઓ પણ લટકાવેલી હતી. ખાટલાની બાજુમાં એક મોટો આયનો પણ દેખાતો હતો; તેની ઉપર જક જૉન્સન સરખા મુક્કાબાજની અને હૉબ્સ તથા દુલીપસિંહ સરખા ખેલાડીઓની પણ છબીઓ ગોઠવેલી હતી.

શોભનાએ ઓરડીમાં જઈ નર્તકીની છબી જોઈ, વેલેન્ટીનો તરફ દૃષ્ટિ ફેંકી. આયના પાસે જઈ પોતાનું મુખ નિહાળ્યું તથા સમાર્યું. વાળની એક લટ નીચી ઉતારી. લૂગડાને વધારે ખૂલતું કર્યું, અને નર્તકીના સરખી અંગુલિમુદ્રા બનાવવાનો પ્રયત્ન કર્યો. તેને સહજ હસવું આવ્યું; હાસ્ય તેને મધુરું લાગ્યું; એ હાસ્ય સતત મુખ ઉપર ચાલુ રહે તો કેવું દેખાય તે તેણે હાસ્યને લંબાવી જોયા કર્યું. સતત હસતાં મુખ સર્વદા સુંદર લાગતાં નથી એવી એની ખાતરી થઈ; એટલે આડી આંખે હાસ્ય વગરનું મુખ જોયું, અને તેને સ્મૃતિમાં રાખી મેજ પાસે ચાલી ગઈ. પોતાનું મુખ પોતાને ભાગ્યે જ યાદ રહી શકે છે. તેને વિની અને તારીકાનાં મુખ યાદ આવ્યાં. બંને બહુ સોહામણાં હતાં. અને ભાસ્કરનું મુખ ?

શોભનાએ વેલેન્ટીનોની છબી તરફ પાછી નજર કરી. તેને લાગ્યું કે ભાસ્કર અને વેલેન્ટીનોના મુખમાં કંઈ ન સમજાય એવી સામ્યતા હતી.

સામે પડેલાં પુસ્તકોએ તેનું ધ્યાન ખેંચ્યું, એટલે તેણે પુરુષોની મુખસરખામણી મનમાંથી ખસેડી નાખી અને પુસ્તકોમાંથી એક પસંદ કરી ઉઘાડી તે ખુરશી ઉપર બેસી ગઈ.

એક કલાક સુધી એકાગ્રતાપૂર્વક તેણે પુસ્તક વાંચ્યા કર્યું. તેની એકાગ્રતા કોઈ યોગીને શોભે એવી હતી. આસપાસનાં મકાનો બંધ થયાં, પ્રકાશ બંધ થયો; વાહનોની અવરજવર ઓછી બની ગઈ, અને તેની પાસેના જ ઓરડામાં પાણીનો પ્યાલો પડી ગયો. પરંતુ શોભનાને તે કશાનો ખ્યાલ નહોતો. પુસ્તક વાંચવાની શરૂઆત કર્યા પછી તેને પુસ્તકના વિષય સિવાય આખી સૃષ્ટિની વિસ્મૃતિ થઈ હતી. પરંતુ જોડેના મકાનની એક ઘડિયાળે શોભનાની એકાગ્રતાને હલાવી. એકસરખી નિયમિતતાથી વાગતા ધીમા કર્કશ લાગતા અગિયાર ટકોરાએ શોભનાને બાહ્ય સૃષ્ટિનું ભાન કરાવ્યું. તેણે ચોપડી જોરથી બંધ કરી, હતી ત્યાં મૂકી.

'હજી સૂતી નથી, બહેન ?' પાસેના ઓરડામાંથી જયાગૌરીનો સ્વર સંભળાયો.

'ના, જાગું છું.' શોભનાએ જવાબ આપ્યો.

'તો હવે સૂઈ જા; અગિયાર વાગ્યા.'

'થોડું લખવાનું બાકી છે; હું હમણાં જ સૂઈ જાઉં છું.'

'આ ભણવાનુંયે ભઈ તોબા છે !' જયાગૌરી બોલ્યાં, અને તેમના સૂરની આસપાસ શાંતિ વીંટાઈ વળી. શોભનાને લાગ્યું કે જયાગૌરીનો અવાજ તેમના સૂવાના નિશ્ચિત સ્થળ ઉપરથી આવતો ન હતો.

તેણે કાંઈ લખવાનું શરૂ કર્યું. થોડી થોડી વારે જુદાં જુદાં પુસ્તકો ઉઘાડી તેમાંથી નોંધ કરી લેતી શોભનાનો બીજો કલાક પણ એમ જ નીકળી ગયો. અંતે તેણે લખવાનું બંધ કરી દીધું અને ખુરશી ઉપરથી ઊઠી ઊભી થઈ. અકસ્માત - અગર વિચારપૂર્વક તેની દૃષ્ટિ દેખાવડા નરને બદલે ગાંધી અને ટાગોરની છબી તરફ વળી. કદરૂપા છતાં બાલક સમું ખુલ્લું હાસ્ય કરતાં ગાંધી અને તત્ત્વચિંતનમાં ઊંડા ઊતરેલા તેજસ્વી આંખોથી દીપતા ગંભીર સૌંદર્યના ભરેલા ટાગોર તરફ તે થોડી ક્ષણ જોઈ રહી.

'કાર્લ માર્ક્સ જેવી તીક્ષ્ણ ઉગ્રતા કોઈનામાંયે નહિ.' શોભનાને વિચાર આવ્યો. તેના પિતાને માર્ક્સવાદ બિલકુલ પસંદ ન હતો એટલે તેમનું મન મનાવવાના ઉપચાર તરીકે શોભનાએ ખુલ્લી રીતે તેની છબી પોતાની ઓરડીમાં લટકાવી ન હતી; જોકે પિતાના ખંડમાં તો તેણે માર્ક્સ, એન્જલ્સ અને લેનીન એ ત્રણ મહાક્રાન્તિકારીઓની પ્રતિકૃતિને આગળ

પડતી મૂકી હતી. પિતાએ હસીને પુત્રીની આ ઘેલછા ચલાવી લીધી હતી. અને પુત્રીએ આ માનસિક છેતરપિંડીમાં પિતાની ઉદારતા અને પોતાની સહિષ્ણુતાને જ કારણભૂત માન્યાં હતાં.

શોભનાને બુદ્ધિમાં પુરુષો કરતાં આગળ વધતું હતું. તેનો અભ્યાસ એ જ ઉદ્દેશથી બહુ વ્યવસ્થિત અને કાળજીભર્યો થતો હતો. તેને ખાતરી હતી કે તે પરીક્ષામાં ઘણો ઊંચો ક્રમ લાવી શકશે. કૉલેજની બધી જ પરીક્ષાઓમાં તેણે પોતાની ઉચ્ચ બુદ્ધિની પ્રતીતિ કરાવી હતી. એને સ્વાભાવિક રીતે જ એ સંબંધી ગર્વ રહેતો. સ્ત્રીજાતિના પ્રતિનિધિ તરીકે તેના મનમાં પુરુષજાતિ વિરુદ્ધ ઊંડો ડંખ રહ્યા કરતો હતો. સ્ત્રીઓને સર્વદા પરતંત્ર રાખવાની જ પુરુષવર્ગની કોશિશ હોય છે એમ તે માનતી. સ્ત્રીને પુત્રી તરીકે, પત્ની તરીકે કે માતા તરીકે પરાધીનતામાં જ પૂરવાની યુક્તિ સમાજે - પુરુષ પ્રેરિત સમાજે - કરી રાખી છે એમ તે જોઈ શકતી. ઘણી વખત આ વિચારે તે પ્રજળી ઊઠતી અને સમાજ વિરુદ્ધ અનેક બંડ ઉઠાવવાની તે યોજનાઓ પણ ઘડતી. પરંતુ તેના મનમાં એક નિશ્ચય તેણે કર્યો હતો. જ્યાં સુધી પુરુષવર્ગની સફળ હરીફાઈ બુદ્ધિજીવનમાં તે ન કરે ત્યાં સુધી તેના કાર્યમાં, તેની યોજનાઓમાં, તેના બંડમાં બળ આવશે નહિ. એટલે પોતાના વિચારો પોતાની સહિયરો આગળ રજૂ કરવા છતાં અભ્યાસને જ તે વધારે પકડી રાખતી હતી અને જોકે યુવતીઓની વસ્ત્ર કે વર્તન-નવીનતામાં સ્ત્રીઓના આત્મસ્ફોટનનો અધિકાર તે સ્વીકારતી, અને એ નવીનતામાં ભળતી, છતાં એ નવીનતાને જ વળગી રહેવાના કાર્યને સઘળો સમય આપતી નહિ. બૉબ્ડ હેરવાળી વિનીના કેશસ્વાતંત્ર્યને શોભના આવકારતી હતી, છતાં તેવા વાળ ગોઠવવાનો તેણે હજુ સુધી સમય મેળવ્યો ન હતો. બુદ્ધિમાં પોતે પુરુષની બરાબરી કરી શકે છે એ સાબિત કરવાનો જ તેને સતત ઉત્સાહ રહેતો. એટલે તે મોડી રાત સુધી અભ્યાસ કરતી અને દિવસે પણ કૉલેજની સઘળી પ્રવૃત્તિઓમાં ભાગ લેતી.

તેના મનમાં પુરુષો પ્રત્યે એક જાતનો વિરોધ વસી રહ્યો હતો. સ્ત્રીઓની પરતંત્રતાના પ્રશ્ને તેને ધીમે ધીમે સમાજવાદના અભ્યાસ તરફ દોરી, અને તેમાંથી કાર્લ માર્ક્સના સામ્યવાદમાં એક જ પગલે આવી જવાય એમ હતું. ગરીબ અને ધનિકના જગતવ્યાપી વર્ગો વચ્ચે સમાજની શરૂઆતથી જ ચાલતા છૂપા અગર ચાસન વિગ્રહને ઉગ્ર બનાવવામાં માનવજાતનો ઉદ્ધાર છે એમ માનતી - મનાવતી શોભનાને સદાય એક ભય

રહ્યા કરતો હતો : ગરીબ અને ધનિકનો ભેદ ટળી ગયા પછી ? સ્ત્રીનું શોષણ કરતી પુરુષજાત વિગ્રહહીન સમાજમાં પણ સ્ત્રીનું શોષણ નહિ કરે એની ખાતરી શી ? કદાચ ગરીબ અને ધનિકના વર્ગ કરતાં સ્ત્રી અને પુરુષના વર્ગ વધારે સાચા તો નહિ હોય ? અને એ જ વર્ગોનો - સ્ત્રીપુરુષનો વિગ્રહ એ જ સાચો ઇતિહાસ તો નહિ હોય ?

એમ હોય તોય શું ? ગરીબ અને ધનિકના વિગ્રહને અંતે ઐતિહાસિક બળોથી પ્રાપ્ત થનાર સામ્ય સમાજવ્યવસ્થામાં પુરુષ અને સ્ત્રીના વર્ગો આર્થિક શોષણના સ્વરૂપ ધારણ કરશે તો તે યુગની સ્ત્રી, યંત્રવાદ અને વિજ્ઞાનમાં પણ પુરુષોની બરાબરી કરી, પુરુષોને અંકુશમાં રાખવા જેટલી સત્તા મેળવી જ રહેશે; પરંતુ તેને માટેય આજથી જ તૈયારી કરવી જોઈએ.

વર્ગવિગ્રહની પોતે વિકસાવેલી આખી માન્યતા શોભના કોઈને કહેતી નહિ; છતાં તે જગતના અગ્રણી નમૂનારૂપ પુરુષોનાં જીવન અને કાર્યો પ્રત્યે એક અભ્યાસીની દૃષ્ટિ-વિવેચકની દૃષ્ટિ રાખ્યા કરતી હતી. કૉલેજનો અભ્યાસ પૂરો કર્યા પછી આર્થિક સ્વાતંત્ર્ય મેળવીને તે અનેક કાર્યો કરવાના મનોરથ સેવતી હતી. ટાગોર, ગાંધી, માર્ક્સ અને હિટલર સરખા પુરુષ-નમૂનાઓનો તે વારંવાર વિચાર કરતી હતી. માર્ક્સના દેખાવનું બરછટપણું તેને ટાગોરના અમીરી દેખાવમાં અગર ગાંધીની શ્રમજીવી કુરૂપતામાં દેખાયું નહિ.

'ત્રણ વચ્ચે શો ફેર ?' તેણે દીવો બૂઝવતાં મનમાં જ પ્રશ્ન પૂછ્યો.

'દૈવ જાણે !' અંધકારમાં પોતાના ખાટલા ઉપર જઈ સૂતાં તેના મને જવાબ આપ્યો.

શોભનાને સૂવું ગમ્યું. દેહને આરામ ગમે છે, અને થાક પછીનો આરામ વધારે સુખમય હોય છે. તેણે હાથપગ લંબાવ્યા, તકિયાને વધારે અનુકૂળ રીતે ગોઠવ્યો અને એક ઝીણું વસ્ત્ર ઓઢી લીધું. એ ઓઢેલા વસ્ત્ર નીચે લંબાયલો શોભનાનો દેહ શોભનાને અત્યંત જીવંત લાગ્યો. તેનું અંગેઅંગ જીવી રહ્યું હોય, સ્થિરતાથી - પ્રફુલ્લતાથી ધડકી રહ્યું હોય એમ તેને ભાસ થયો. માથામાં એક પિન રહી ગઈ હતી તે સૂતે સૂતે જ દૂર કરી. તેમ કરતાં તેને પોતાના વાળની સુંવાળાશ સમજાઈ. તેની આંખો ઉપર હળવો હળવો ભાર આવવા લાગ્યો - જાણે વિની તારીકા તેની આંખો મીંચી દેતી ન હોય !

'શોભના સૂઈ ગઈ !'

ઊંડાણમાંથી - દૂર દૂરથી અત્યંત ધીમે ધીમે કોઈએ એ શબ્દો ઉચ્ચાર્યા ! પિતાએ ઉચ્ચાર્યા કે માતાએ ? પોતાના મનને ઝાંખો પ્રશ્ન પૂછી શોભના કોઈ આનંદભરી વિસ્મૃતિમાં લીન થઈ ગઈ અને જગતના બાહ્ય અંધકારની સાથે તન્મય બની ગઈ.

# ૪

અંધકાર નીચે કેટકેટલાં પ્રકાશબિંદુઓ ચમકતાં હશે ? વિસ્મૃતિ નીચે જાગ્રતિના કેટકેટલા થર સળવળતા હશે ?

શોભના ઝબકી જાગી. તેને પ્રથમ સમજ ન પડી કે પોતે ક્યાં હતી. તેનો દેહ આનંદથી થરથરતો હતો કે ભયથી ? તેણે ધીમે ધીમે પોતાના સ્થાનની ખાતરી કરી. તે પોતાના ખાટલામાં જ સૂતી હતી; તેની પોતાની જ એ પથારી હતી; પથારીમાં જ નહિ પણ આખી ઓરડીમાંય તે એકલી હતી. જગત પણ શાંત હતું. રાત્રિ હજી સંપૂર્ણ થઈ ન હતી, જોકે પ્રભાતની શીતલતા શોભનાના દેહને સહજ કંપ આપી રહી હતી.

દેહકંપ એ શીતલતામાંથી આવ્યો; પરંતુ તેનો હૃદયકંપ ક્યાંથી આવ્યો ? એકલા આદર્શમય, અભ્યાસી જીવનને હલાવી નાખનાર આ અનુભવ માત્ર સ્વપ્નની મિથ્યા જાળ હતો શું ?

પરંતુ સ્વપ્નને મિથ્યા જાળ કેમ કહી શકાય ? જીવનના સાચામાં સાચા ટુકડાઓને ભેગા કરી સ્વપ્ન જીવંત બને છે, જીવનના એક વિભાગ તરીકે બની રહે છે, એમ સ્વપ્નવિજ્ઞાનીઓ કહે છે. શોભનાના સ્વપ્ને તેના જીવનના કયા ટુકડાઓ ઝડપ્યા હતા ? તેનું પોતાનું જીવન સુંવાળું ન હતું, ધનિકતા અને વૈભવમાં તે ઊછરી ન હતી, અને ભવિષ્યમાં પણ સાહેબી ભોગવવાની તેને ખાસ અભિલાષા ન હતી. તે સુખ માગતી હતી એ ખરું; પણ વૈભવ નહિ. તો પછી એ મોટરકારમાં કેવી રીતે બેઠી ?

તેને શોધતાં સ્વપ્નનું મૂળ જડી આવ્યું. ગઈ સાંજે તે મોટરકારમાં જ બેઠી હતી. અને તેની ગાદીમાં રહેલી સુંવાળાશે તેનું ધ્યાન ખેંચ્યું હતું, નહિ? વળી પોતાના વાળની કુમાશ પણ તેને સૂતા પહેલાં ગમી હતી.

પરંતુ એને નૃત્ય કદી આવડતું ન હતું. સ્વપ્નમાં એ આટલું સુંદર નૃત્ય કેમ કરી શકી ? એક નર્તકીનું ચિત્ર અને માત્ર આયના સામેનો રમતાં રમતાં કરેલો અભિનય એક રાતમાં તેને આખું નૃત્યશાસ્ત્ર શીખવી શક્યાં ?

વળી એક પુરુષ તેનો હાથ પકડી રાખતો હતો ! પેલી રંભા તો ચંપલ મારવા સુધીની વાત કરતી હતી, અને શોભનાએ તેમ શા માટે ન કર્યું ? જીવનમાં નહિ તો સ્વપ્નમાં તો એ સંતોષ લેવો હતો ! ઊલટું એ પુરુષનો સ્પર્શ તેને ગમવા લાગ્યો હતો, નહિ ?

અને એ પુરુષ પણ કેવો ! ઘડીમાં કદરૂપો લાગે, ઘડીમાં રૂપાળો લાગે ! એ કોણ ? ભાસ્કર ? ભાસ્કર તો ખાદી પહેરતો જ નથી !

ત્યારે ?

શોભનાનું હૃદય પાછું ધડકવા લાગ્યું. તે બેઠી થઈ અને પથારીમાંથી બહાર આવી, અને તેની વિકળતા ઓસરી ગઈ.

'જે હશે તે ! સ્વપ્નાં તે કૈંક આવે; એને કોણ સંભારી રાખે ? શું કરવાને ?'

દીવો સળગાવતાં શોભના બબડી. સાડા છ વાગ્યા હતા; બહાર અજવાળું પથરાયે જતું હતું. શોભના બરાબર સમયે જ ઊઠી હતી. પક્ષીઓનો ચીંચીંકાર પણ સંભળાયો. દીવાએ તેને પાછાં ચિત્રો દેખાડ્યાં. મધરાતે જોયેલાં ચિત્રો જે અસર ઉપજાવે તે પ્રભાતે જોયેલાં ચિત્રો ન જ ઉપજાવે - ચિત્રો તેનાં તે હોય તોપણ. દૂરથી રેડિયોમાં ગીત પણ શરૂ થઈ ગયાં હતાં. શોભનાને ગીત ગમતાં, સારું સંગીત ગમતું; પરંતુ તેને સંગીતનું જ્ઞાન ન હતું. તે ક્વચિત્ ગાતી ખરી, પરંતુ તે એકલી હોય ત્યારે, એની માતા એને ગાતાં સાંભળી જાય ત્યારે માતા હસતી.

'તું બધું શીખી પણ તને ગાતાં ન આવડ્યું.' જયાગૌરી કહેતાં.

'એ રાગડા કોણ તાણે ?' શોભના જવાબ આપતી.

'ગીતને તું રાગડા કહે છે ? તને તો સિતારેય નથી આવડતો.' જયાગૌરી કહેતાં અને દયારામ કે ન્હાનાલાલની એકાદ ગરબી ગઈ નાખતાં. તેમનું ગાવું મધુર હતું એમ શોભનાને લાગતું; પરંતુ ગાતાં ગાતાં જયાગૌરી થાકી જતાં એ પણ તે જોઈ શકતી હતી. મા જેવું ગળું તેનું ન હતું.

રેડિયો ઉપર એક રેકર્ડ સંભળાઈ.

*'જો મૈં એસા જાનતી પ્રીત કીયે દુઃખ હોય,*
*નગર ઢંઢેરા પીટતી પ્રીત ન કરીઓ કોય !'*

જૂની ઉમદા ચીજોમાંની કેટલીકને સિનેમા-રેડિયો સજીવન કરે છે. શોભનાને ખબર ન હતી કે પ્રીત વિરુદ્ધનો પોકાર બહુ જૂનો હતો. તેને સ્ત્રીપુરુષના સંબંધની માંદી ભાવના એમાં દેખાઈ. કોઈ પણ નિષ્ફળતાસૂચક બોલ એ અશક્તિનું પ્રતિબિંબ છે. તે હસી અને ગીતને તથા સ્વપ્નને હડસેલી તે નિત્ય કામમાં પરોવાઈ.

માતાની નિત્ય માંદગી અને પિતાની અર્ધ માંદગી શોભનાને ઘરકામમાં પણ ઠીક ઘડી રહી હતી. નાનકડા ઘરને વાળીઝૂડી સાફ કરવામાં તેને નાનમ લાગતી નહિ. અલબત્ત કોઈના દેખતાં સાવરણી

લઈને ઝઝૂમવું તેને ગમતું નહિ. આજ તે કાર્ય કરતાં એક વિચાર તેને આવ્યો.

ભાસ્કરના મહેલ જેવા બંગલાને સાફ કરતાં કેટલો સમય જાય ? અને કેટલા નોકર રોકાય ? ધનિક કુટુંબનાં કુટુંબીઓ સ્ત્રી હોય કે પુરુષ હોય છતાં ઘર સાફ કરવાનું કામ નોકરો ઉપર જ છોડે છે ! કુટુંબીઓ પક્કાં સમાજવાદી કે સામ્યવાદી હોય તોપણ તેમનો એ વાદ જીભથી નીચે ઊતરી હાથ કે પગ સુધી આવતો નથી. શારીરિક મહેનત માગતાં આવાં કાર્યો કરી શોભના શ્રમજીવનની વધારે નજીક શું નહોતી જતી ?

શા માટે તેને ભાસ્કર પાછો યાદ આવ્યો ? એની આકર્ષક સફાઈ અને મોહક રીતભાત જરૂર ગમે એવાં હતાં. અને એમ યુવકો યાદ આવે તેથી નૈતિક ગભરાટમાં પડવાની વર્તમાન યુવતીને જરૂર પણ ન જ હોય. એનાં નીતિમાપ ચલણ વગરનાં બની ગયા છતાં વપરાયા કરે છે એની શોભનાને ખબર હતી. યુવકયુવતી ભેગાં ભળે, ભેગાં રમે, ભેગાં ભણે એ બહુ જ ઈચ્છવા યોગ્ય છે એમ દૃઢતાથી કહેનાર સુધારકો અને આગેવાનો એવા પ્રસંગને જુએ ત્યારે અસ્વસ્થ થતા હતા. અરે, કૉલેજમાં જ ભણતાં યુવકયુવતી આવા ભેગા ભળવાના પ્રસંગોની કેટકેટલી નિંદા કરતાં હતાં ! વિની અને તારિકાને ઘણા યુવકમિત્રો હતા; તેમને પત્રવ્યવહાર પણ ચાલતો. રંભા, દક્ષા, સુલક્ષણા એ બધાં એમની વિરુદ્ધ કેટકેટલો કટાક્ષ કરતાં હતાં !

અને શોભના પોતે એક વિદ્યાર્થીયુવક સાથે હસીને વાત કરતી હતી, ત્યારે વિની જેવી આગળ વધેલી યુવતીએ કેવી આંખ મિચકારી હતી ! સારું છે એમ એકને કહી તેને બીજી પાસે વગોવવું એ જૂની દુનિયાનો અવગુણ નવી દુનિયા પણ સ્વીકારતી હતી, નહિ ? ભાસ્કરની સાથે કદાચ મૈત્રી થાય તો તેની જ બહેનપણીઓ તેને વગોવવા ચોવીસ કલાક તત્પર રહે તો તેમાં નવાઈ ન કહેવાય...

માતાપિતાની જાગૃતિએ શોભનાને બીજા વિચારો તરફ દોરી, અને વાંચન તથા ઘરકામ પૂરું કરી તે કૉલેજમાં જવાની તૈયારી કરવા લાગી; તેના પિતાએ પણ પોતાની શાળામાં જવા કપડાં પહેરવા માંડ્યાં. એટલામાં તેના મકાન પાસે મોટરકારનું ભૂંગળું વાગ્યું.

શોભના સહજ ચમકી. આવી ગાડીઓ ઘણીયે જતી અને આવતી. ત્યારે શા માટે તેને આવી ચમક થઈ આવી ? કદાચ ભાસ્કરની મોટરકાર તો નહિ આવી હોય ?

શોભનાની કલ્પના ખરી પડી. એ ભાસ્કરની જ કાર હતી, અને

ભાસ્કર જાતે તેમાંથી ઊતરી શોભનાના ઘરમાં આવતો હતો !

શોભનાએ વગરકારણે પોતાની ઓરડીના બારણાની કડી ભરવી દીધી. છતાં બહારના ખંડમાં થતી વાતચીત તેના સાંભળવામાં આવી.

કનકપ્રસાદે કહ્યું :

'પધારો, સાહેબ !'

'આપે મને ઓળખ્યો નહિ હોય.' ભાસ્કરે જવાબ આપ્યો.

'ના જી, આપને મારું કામ છે ?'

'કામ તો ખાસ કાંઈ નથી; પણ હું આપને મળવા આવ્યો.'

'હું બહુ રાજી થયો. આપનો પરિચય ?'

'હું તો આપની પાસે જ શાળામાં ભણ્યો છું. હું ભાસ્કર.'

'ભાસ્કરભાઈ ! ઓ હો ! ઘણાં વર્ષ થઈ ગયાં. માફ કરજો, મેં ઓળખ્યા નહિ.' કનકપ્રસાદે કહ્યું.

શિષ્યની માફી માગતા શિક્ષકનું દૃશ્ય શોભનાને રુચ્યું નહિ. તેના પિતાની આવી નમ્રતા પ્રત્યે તેને ક્રોધ ચડ્યો. તે કપડાં પહેરી પુસ્તકો લઈ બહાર આવી.

'એમાં માફ શું કરવાનું ?... મિસ શોભના ! નમસ્તે ! કેવો અણધાર્યો લાભ !' ભાસ્કરે કહ્યું.

'નમસ્તે.' કહી શોભના ઊભી રહી. ભાસ્કર પણ ઊભો જ રહ્યો. શોભના તરફથી વધારે વાત ચાલી આવશે એમ ન લાગતાં ભાસ્કરે કહ્યું :

'કાલે જ શોભનાગૌરીની મુલાકાત થઈ. આજે આમ થઈને જતો હતો. મને લાગ્યું કે હું મળી લઉં; પણ અત્યારે તો શાળા અને કૉલેજનો સમય થયો, એટલે કોઈની વાતચીતનો લાભ નહિ મળે.'

'આપ ખુશીથી બેસો, મારી મા ઘરમાં જ છે. હું બોલાવું ?' શોભનાએ કહ્યું.

'હા હા, જા કહે અંદર.' કનકપ્રસાદે સંમતિ આપી.

'નહિ જી, હું ફરી આવીશ. ચાલો હું આપને મારી કારમાં પહોંચાડી આવું.' ભાસ્કરે કહ્યું.

'એવી તકલીફ ન લેશો.' કનકપ્રસાદે કહ્યું.

'એમાં મને શી તકલીફ પડવાની છે ? કારને જવું છે. એને ક્યાં થાક લાગવાનો છે ?'

કનકપ્રસાદની ના કહેવાની શક્તિ જતી રહી હતી. અનેક મહત્ત્વાકાંક્ષાઓથી શરૂ થયેલી તેમની જિંદગી શિક્ષણના શુષ્ક રણમાં

પથરાઈ ગઈ હતી. કિશોર વયમાં બૉમ્બ બનાવતાં પકડાયલા કનકપ્રસાદ, કૉલેજમાં હડતાલો પડાવી પ્રિન્સિપાલના રોષને પીઈ જનાર કનકપ્રસાદ આજે ના કહેવાની શક્તિ ખોઈ બેઠેલું નિર્માલ્ય માનસ ધરાવતા થઈ ગયા હતા. ધનપ્રાપ્તિ એ આવડતનું પરિણામ ગણાય છે; બંગલો એ ડહાપણના પ્રતીક સરખો મનાય છે; મોટરકાર એ માનવીની દક્ષતાનું ફળ લેખાય છે. ધન, બંગલો અને કાર એ ત્રણે મેળવવા માટે ઝૂઝતા કનકપ્રસાદે જીવનમાં જોઈ લીધું કે તેમનામાં આવડત નથી, ડહાપણ નથી અને દક્ષતા નથી. નિષ્ફળતા સામે વારંવાર અથડાઈ પડતાં તેમણે અભિલાષાઓ અને આકાંક્ષાઓને હળવી બનાવી દીધી. કૉલેજજીવનમાં સ્વરાજ્યના સૈન્યની આગેવાની ઇચ્છતા કનકપ્રસાદ શિષ્યોના વાર્ષિક ઓળખાણ ઉપર સલામો મેળવતા સામાન્ય શિક્ષક બની ગયા. અધિકારીઓને ઉથલાવી પાડવાની યોજના ઘડતા યુવક કનકપ્રસાદ આધેડ વય આવતાં તો સહુને રીઝવવા મથતા ધન, બંગલા અને કારથી અંજાઈ જતા સામાન્ય માનવી બની ગયા. મોટા માણસને - મોટા માણસના પુત્રને ના કેમ કહેવાય ?

'આપની મરજી હોય તો ભલે; બાકી જરૂર નથી.' કનકપ્રસાદે કહ્યું.

'તમે જાઓ, હું પાછળથી આવું છું.' શોભનાએ કહ્યું.

'કેમ ? એમ શા માટે ? કયું કામ છે ?' શોભનાનું માનસ ન સમજી શકેલા કનકપ્રસાદે પૂછ્યું.

'હવે ચાલો, ચાલો; બહુ મોંઘા ન થશો. કાર ઘસાઈ નહિ જાય.' ભાસ્કરે કહ્યું.

ભાસ્કરની વિવેકી લઢણ વિરોધને પણ બાજુએ મુકાવે એવી હતી. વળી ઘણી ના કહેવામાં પણ કશો અર્થ શોભનાને દેખાયો નહિ; જોકે રાતનું સ્વપ્ન ટુકડે ટુકડે જાગ્રત થતું હતું. જયાગૌરીનો પરિચય થયા બાદ ભાસ્કરે બાપ અને દીકરીને પાછલી બેઠકમાં બેસાડ્યાં. શૉફરને બાજુએ બેસાડી તેણે જાતે કાર ચલાવવા માંડી. વાંકવળાંક આવતાં છટાબંધ હાથ આગળપાછળ કરતા ભાસ્કરને માટે કનકપ્રસાદને માન ઉત્પન્ન થયું. માત્ર તેમને એક અસંતોષ ઊપજ્યો. ભાસ્કરની આવી આકર્ષક આવડતમાં પોતે આપેલા શિક્ષણનો કશો પણ ભાગ આવતો દેખાયો નહિ.

કનકપ્રસાદને શાળામાં ઉતારી દીધા પછી ગાડી ચલાવવાનું કામ શૉફરને સોંપી ભાસ્કર શોભના સાથે બેસી ગયો. વર્તમાન કેળવણીની માફક વર્તમાન ગાડી પણ સ્પર્શાસ્પર્શના ભેદને ભુલાવી દે છે એમ ભાસ્કરના બેઠા પછી શોભનાને લાગવા માંડ્યું; પરંતુ ભાસ્કર જાણી જોઈને અડકવા મથતો હોય એવું એક પણ ચિહ્ન દેખાયું નહિ. ભાસ્કર શાંત હતો.

તેના મુખ ઉપર નિર્દોષતા છવાઈ રહેલી હતી. બન્નેમાંથી કોઈ કૉલેજ પહોંચતાં સુધી બોલ્યું નહિ. જોતજોતામાં કૉલેજ આવી અને ગાડી ઊભી રહી. ગાડીમાંથી ઊતરતાં શોભનાએ કહ્યું :

'હવે ફરીથી કાર લાવશો નહિ.'

'કેમ ? આપને ન ફાવી ?' ભાસ્કરે પૂછ્યું.

કાર ન ફાવી એમ તો કહી શકાય એવું ન હતું. આરામ આપવાની, સુખ આપવાની તેની શક્તિ અદ્ભુત હતી; પરંતુ શોભના ક્યાં તેની માલિક હતી ? માલિકી વગરની મઝા ઝાકળ સરખી લાગે છે, અને પારકાની મહેરબાની જીવનને અળખામણું બનાવી દે છે. આ બન્ને મુશ્કેલીઓ શોભનાના શોખને મર્યાદિત બનાવી રહી હતી.

'એમ નહિ પણ...' શોભનાથી કશું કારણ આપી શકાયું નહિ. બહુ મળ્યા કરતા યુવકો પણ યુવતીઓને અણગમતા થઈ પડે છે. એ પણ કારણ હશે ? ભાસ્કર અણગમતો થઈ પડે એવો લાગ્યો નહિ. લોકોની આંખ આવી બાબતમાં બહુ ચપળ રહે છે, એ બીક પણ કારણ હોય. શોભનાને કારણ સમજાયું નહિ. પુરુષવર્ગ વિરુદ્ધ એક પ્રકારની ફરિયાદ કરી રહેલી સ્ત્રીપ્રતિનિધિનું એ લઘુત્વપીડિત માનસ તો ન હોય ?

'મારાથી કશી ભૂલ થઈ ગઈ ?' ભાસ્કરે દયા ઉપજાવતો વિવેક વાપર્યો. શોભનાને ખરેખર લાગ્યું કે સહાનુભૂતિ બતાવતા પુરુષને તેણે અન્યાય કર્યો છે. અન્યાય એને ગમ્યો નહિ.

'હું પછી કહીશ - પરીક્ષા થઈ જશે એટલે.'

'ત્યાં સુધી હું ન મળું, નહિ ?'

'હા.'

શોભના ઝડપથી કૉલેજમાં ચાલી ગઈ. કૉલેજનાં વ્યાખ્યાનોમાં આજે તેનું ધ્યાન રહ્યું નહિ. તેને પોતાનું વર્તન ખૂંચ્યા કરતું હતું. ભાસ્કરે ગાડી આપવામાં એવો શો ગુનો કર્યો હતો કે શોભનાએ તેને તરછોડ્યો ? મહાશિક્ષકો-પ્રોફેસરો-નાં વ્યાખ્યાન મોટે ભાગે રસરહિત જ હોય છે; અને શાળાના શિક્ષકોને તપાસણીની જે બીક હોય છે તે આ મહાશિક્ષકોને હોતી નથી એટલે સારો પગાર મળવાથી શિક્ષકનું કાર્ય સુધરે છે એમ કહેનારને જૂઠા પાડવાની તજવીજ માટે જ જાણે તેમને રોકવામાં આવ્યા હોય એવા પ્રોફેસરો શિક્ષણ કરતાં સેનેટમાં વધારે ધ્યાન રાખે છે અને પરીક્ષા માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા કરતાં પરીક્ષામાં પોતે પરીક્ષક કેમ નિમાય તેની વધારે કાળજી રાખે છે. આ મહાશિક્ષકોનું તબિયતતંત્ર પણ એવું નાજુક

બની ગયું હોય છે કે અવારનાવર indisposed -અસ્વસ્થતાના કારણે શિક્ષણના રોજના ઠરાવેલા કલાકોને પણ તેઓ ગપાવી દે છે.

આજ શોભનાના એક પ્રોફેસર પણ અસ્વસ્થ બની ગયા એટલે છેલ્લા કલાકમાં શોભનાને બેસવાનું ન હતું. યુવાન વિદ્યાર્થીઓની નજર ખેંચતી વિદ્યાર્થીઓ કૉલેજની ઓસરીમાંથી પસાર થતી હતી. ઝીણી સિસોટી કોઈએ વગાડી; પરંતુ વેવલા વિદ્યાર્થીની તજવીજ નિરર્થક કરતી યુવતીઓમાંથી શોભનાએ બીજી તરફ જોયું. ભાસ્કર એક પ્રોફેસર સાથે પ્રોફેસરના કરતાં પણ વધારે છટાથી વાત કરતો ઊભેલો દેખાયો. બંનેની નજર મળી, પણ ભાસ્કરની નજરમાં ઓળખાણ ન હતું. અત્યંત સફાઈથી તેણે આંખ ફેરવી વાત ચાલુ રાખી. વિદ્યાર્થિનીઓ આગળ ચાલી ગઈ.

'કેટલો ઘમંડી છે ! જાણે ઓળખતો જ ન હોય !' વિનીએ કહ્યું.

'ઓળખે અને બોલાવે તોય આપણે વાંકું પાડીએ. પછી શું થાય ?' શોભનાએ કહ્યું.

'અને ટીકા કરનારનો ક્યાં તોટો હોય છે ?' રંભાએ કહ્યું.

'જાણે સ્ત્રી એટલે માણસ જ નહિ.' તારિકાએ કહ્યું.

હસતા હસતા વિદ્યાર્થીઓનું ટોળું સામું આવ્યું. બાજુ ઉપર જોઈ ચારે વિદ્યાર્થિનીઓ આગળ ચાલી ગઈ.

બહાર ભાસ્કરની કાર ઊભી હતી.

'પગે ચાલવા કરતાં ગાડીમાં બેસવું સારું, નહિ ?' તારિકા બોલી.

'રોજ કોણ તને બેસાડે ?' રંભાએ કહ્યું.

'રાજ બેસાડે એવું કોઈ શોધી કાઢવું જોઈએ.' વિનીએ હસતાં હસતાં કહ્યું.

'એ તો તું કોઈ પૈસાદારને પરણે ત્યારે.' તારિકાએ ઉત્તર આપ્યો.

'આપણે તૈયાર છીએ.' વિનીના આ સ્પષ્ટ એકરારે પ્રથમ તો સહુને હાસ્ય પ્રેર્યું. યુવતીઓ લગ્ન પ્રત્યે જેટલો અણગમો બતાવવા પ્રયત્ન કરે છે એટલો અણગમો તેમને હોતો જ નથી. સારો દેખાવ તેમને પણ ગમે છે, અને એ દેખાવ જોડે ભણતર હોય તો આકર્ષણનું વધારે કારણ મળે છે. દેખાવ અને ભણતર સાથે ધન હોય તો એ પુરુષ પ્રત્યે અલિપ્ત લાગતી યુવતીઓનું આકર્ષણ અસહ્ય થઈ પડે છે. એ પણ હૃદય અને બુદ્ધિને ગોઠે એવી વ્યવસ્થા ગણી શકાય; પરંતુ દેખાવમાં 'મેક અપ'* અને ભણતરમાં

* ટાપટીપ

વાતચીત જ હોવા છતાં ધનિકતા જ્યારે યુવતીને આકર્ષે છે ત્યારે ધનની વિસ્મયભરી મોહકતા માટે માન ઊપજ્યા વગર કેમ રહે ? હસવા છતાં સહુને એક વિચાર તો જરૂર આવ્યો :

'આટલી સગવડ હોય તો કેટલું વધારે કામ થાય ?'

પગે જવા-આવવાનું મટી જાય એટલે થાક ન લાગે. સમય ઘણો બચી જાય એટલે વંચાય વધારે અને ઘરકામ થાય. કલાના વિષયો તરફ વધારે ધ્યાન અપાય, અને સેવાકાર્ય વધારે સારું થઈ શકે, નહિ ?

સેવા ! દુ:ખી જગતને આપણી સેવાની કેટલી બધી જરૂર છે ! અને મોટરકારની ઝડપે આપણી સેવા બધે ફરી વળે તો જગત પણ કેટલું ઝડપથી સુખી થાય ?

ભાસ્કરની મોટરકાર સહજ ઝડપથી ચારે વિદ્યાર્થિનીઓની પાસે થઈ ચાલી ગઈ. ભાસ્કરે કોઈનીયે તરફ જોયું ન હતું.

'જોયું ને ? જાણે ઓળખતો જ નથી.' રંભાએ કહ્યું.

'એક દિવસ ગાડીમાં બેસાડ્યાં એટલે જાણે હક્ક થઈ ગયો !' શોભનાએ કહ્યું.

'એ તો શોભનાના વ્યાખ્યાનનું ઈનામ હતું.' તારિકાએ કહ્યું.

'તું નૃત્ય કરીશ તો તને ઈનામ મળશે !' વિનીએ કહ્યું.

તારિકાએ ખભો ઊંચક્યો. તારિકાને નૃત્યનો ઘણો શોખ હતો. તેના દેહનું સ્થૂળતા તરફ વધતું જતું વલણ નૃત્યથી અટકી જશે એમ માની તે નૃત્ય દ્વારા દેહને કેળવતી હતી. દેહને તો નૃત્ય દ્વારા લાભ મળતો જ હતો; પરંતુ તારિકાની આસપાસના જગતને પણ એ નૃત્યનો લાભ મળતો હતો.

યૌવનમાં સહુનાં હૃદય નાચે છે; દેહ પણ નાચવા તલપી રહે છે.

'મને નૃત્ય આવડે તો ?' ઘરમાં પ્રવેશ કરતાં જ શોભનાના હૃદયમાં વિચાર સ્ફુર્યો.

માતાપિતાની સાથે વાત કરતાં પણ તેના હૃદયમાં એક વિચાર રમતો હતો.

'કાર હોય તો સમય બચે અને એ બચેલા સમયમાં નૃત્ય શીખી શકાય.'

શોભનાની જ ઉંમરની એક યુવતી તે ક્ષણે જ ઘરમાં આવી.

'કેટલી મોડી આવે છે તું ?' જયાગૌરીએ તે યુવતીને કહ્યું. મેલાં વસ્ત્રોમાં પણ સ્વચ્છ દેખાવા મથતી એ યુવતીના મુખ ઉપર વિષાદ હતો.

'જરા મોડું થઈ ગયું બા !' યુવતીએ સહજ નરમાશથી કહ્યું, અને

તેણે બીજા ઓરડામાં જવા માંડ્યું.

'ચંચળ ! એક વાત સાંભળી લે. બહેનના આવતા પહેલાં જો તું હવેથી નહિ આવે તો મારે બીજું માણસ શોધી લેવું પડશે.' જયાગૌરીએ કહ્યું.

'આજે તો બા ! જરા છોકરો વધારે રડતો હતો, અને એના બાપા પાછા ન આવ્યા એટલે મોડું થઈ ગયું. હું વાસણ તરત માંજી નાખું છું.' યુવતી ચંચળ નોકરડી હતી; તે અંદર ચાલી ગઈ.

'આપણા નોકરો એટલા અણકેળવાયલા હોય છે !' કનકપ્રસાદે વર્તમાનપત્ર વાંચતાં કહ્યું. મહારાજાઓની પણ માલિક બ્રિટિશ સત્તા વગર હિંદમાં કોઈ પણ કેળવાયેલું નથી એ વાત કનકપ્રસાદ ભૂલી જતા હતા.

ચંચળે સાફ કરેલાં વાસણોમાં શોભનાએ ચા તૈયાર કરી. શોભના કરતાં વધારે મોટી નહિ એવી ચંચળને પુત્ર હતો એ વાત શોભનાને જરા વિચિત્ર લાગી. સ્ટવના અવાજનો આશ્રય લઈ શોભનાએ પૂછ્યું :

'ચંચળ ! તારો છોકરો તને બહુ પજવે છે કે ?'

'ના રે, બહેન ! જરા માંદો હોય એટલે પાસે બેસવું પડે. નહિ તો ગમે ત્યાં નાખીએ તોયે પડી રહે; બોલે જ નહિ ને !' ચંચળે કહ્યું.

બાળકનાં એથીયે વધારે વખાણ કરવાની ચંચળની વૃત્તિ હતી.

શોભનાએ પૂછ્યું :

'પછી તારો વર તને મદદ કરતો નથી ?'

'એને કાંઈ છોકરાં રાખતાં આવડે ? બિચારો મજૂરી કરે અને થાક્યોપાક્યો ઘેર આવે ! એનાથી શું થાય ?'

શોભનાને ચંચળના વર પ્રત્યે નવીનતાભર્યો રોષ આવ્યો. શું ચંચળ મજૂરી નહોતી કરતી ? બન્નેના હક્ક શું સમાન નહિ ? બાળકને રાખવામાં પુરુષે પણ સમાન ફાળો કેમ ન આપવો જોઈએ ? નહિ તો બાળકની જવાબદારી એ પુરુષે ઊભી કરી જ શા માટે ?

'ચંચળ ! તારો વર કેવો છે ?' શોભનાએ પૂછ્યું.

'બહુ સારો છે; મારવાઝૂંટવાનું નહિ જેવું, અને...' બોલતાં બોલતાં ચંચળના મુખ ઉપર આવેલી રતાશ શોભનાએ જોઈ નહિ, અને એકાએક તેણે પ્રશ્ન કર્યો :

'એટલે શું એ તને મારે પણ ખરો ?'

'જરા અકળાયો હોય તો મારેય ખરો - કોઈ વાર.'

'વગરવાંકે ?'

'એ કાંઈ ખરી લઢવાડ ઓછી છે ? થોડી વારમાં સમજાવી લેવાય.'

આ ઢબે વિચાર કરનારી ચંચળ સરખી સ્ત્રીને પુરુષોના અન્યાય અને જુલમ સામે થવા શી રીતે પ્રેરી શકાય ? પુરુષ અન્યાય અને જુલમ કરે છે એ વાત પણ જેને સમજાતી નથી એવી આ અજ્ઞાન ચંચળને તેના હક્ક ક્યારે સમજાય ?

'ચંચળ ! તું ભણે ખરી ?' શોભનાએ પૂછ્યું.

'બહેન ! અમે ભણીએ તો ભૂખે ન મરીએ ?'

ભણવું અને ભૂખે મરવું એ બન્ને તત્ત્વો હિંદમાં બહુ પાસે પાસે આવી ગયાં છે. પરંતુ શોભનાને તો એ જવાબમાં ચંચળના અજ્ઞાન સિવાય બીજું કાંઈ દેખાયું નહિ.

'પણ હવે તું તો ભણી લે ! પછી ચંચળને ભણાવજે.' જયાગૌરીએ ચાની વાર લાગવાથી અંદર આવી આ સંવાદનો છેલ્લો ભાગ સાંભળી હસી, પુત્રીને તેના કર્તવ્યનું વહાલભર્યું સૂચન કર્યું.

પરંતુ શોભનાને ભણવામાં મૉજ આવી નહિ; પરીક્ષાના વિચારે તેને સહજ કંટાળો આવ્યો. પુસ્તકની નોંધ કરતાં ચંચળ, ચંચળનો પુત્ર અને ચંચળનો વર શોભનાને વધારે જીવંત લાગ્યાં.

તે સાથે વિનીની લગ્નતૈયારી, કારની ઇચ્છા, તારિકાનું નૃત્ય અને ભાસ્કરની ઉપેક્ષા એ બધા તેને રસહીન અભ્યાસ કરતાં વધારે મહત્ત્વનાં લાગ્યાં.

પણ ભાસ્કરે ઉપેક્ષા કરી હતી એમ કેમ કહેવાય ? શોભનાએ જ તેને આગળ વધતો અટકાવી દીધો હતો. કેવો દયામણો એ બની ગયો હતો ! એને જો વચમાં જ મળવાની તક આપી હોય તો કરેલા અન્યાયનું નિવારણ થઈ જાય.

શોભનાને લાગ્યું કે તેના અભ્યાસમાં આ બધાં વિક્ષેપ નાખે છે. એકદમ તેણે મનનું એક ખાનું બંધ કરી તેને તાળું મારવા પ્રયત્ન કર્યો. અભ્યાસ સિવાયની આખી દુનિયાને તેણે તાળામાં પૂરી, એકાગ્રતાપૂર્વક તેણે અભ્યાસ આદર્યો.

પરંતુ વચ્ચે વચ્ચે પેલો ખાદીધારી પરાશર શા માટે એ તાળું ઉઘાડવા મથતો હતો ?

શોભનાનું માનસ હાલી ગયું હતું; છતાં તેણે અભ્યાસને મહત્ત્વ આપ્યું, અને ભારે પરિશ્રમ કરી તે પરીક્ષામાં બેઠી.

અને પરીક્ષામાં તે પસાર પણ થઈ - સારે ક્રમે, જોકે તે પ્રથમ વર્ગમાં આવી શકી નહિ. પ્રથમ વર્ગમાં તો બેત્રણ પુરુષવિદ્યાર્થીઓ જ આવ્યા.

શોભનાનો આનંદ એટલા પૂરતો ઓછો થયો. પુરુષોની સરખામણીમાં પોતે આગળ મુકાય એવી તેની તીવ્ર ઇચ્છા સફળ થઈ નહિ; છતાં સેંકડો પુરુષ-વિદ્યાર્થીઓને તે પાછળ મૂકી શકી હતી એટલું તો તેના મનને લાગ્યું.

વળી મુબારકબાદીનાં તાર અને અભિનંદન આપતા મિત્રો અને સ્નેહીઓએ તેના મનની પ્રફુલ્લતાને વિકસાવી. ભણવાનું ભારણ ઓછું થયું એ પણ એક પ્રફુલ્લતા વધારનારું તત્ત્વ ગણી શકાય. માતાપિતાને ગર્વભરી લાગણી થાય એ સ્વાભાવિક હતું. પિતાનું આર્થિક ભારણ શોભના હવે ઓછું કરી શકશે, એમ શોભનાની ખાતરી થઈ, અને તેને માટે શું કરવું તેની યોજના પણ તેણે ગોઠવવા માંડી.

અભિનંદન આપવા આવનાર સહુને અલ્પાહાર તો કરાવવો જ પડે. આજે ચંચળની મહેનત વધી ગઈ હતી; તેનું બાળક તેની સાથે જ લાવવું પડ્યું હતું. સહિયરોની મોટે ઘાંટે થતી વાતચીત અને ઘર હાલી જાય એવા હાસ્યમાં એ બાળકનું આછું રુદન ચંચળ સિવાય કોઈના સાંભળવામાં આવતું નહિ. કદાચ સંભળાય તો તે અણગમો પણ ઉપજાવતું હતું.

'કોણ છોકરું તારા ઘરમાં રડે છે ?' તારિકાએ એક વખત કંટાળીને પૂછ્યું.

'નોકરનું છોકરું છે.' શોભનાએ કહ્યું.

'એ બાઈ વળી અહીં ક્યાં કકળાટ દાખલ કરે છે !' રંભા બોલી.

'અરે ચંચળ ! તારા છોકરાને છાનો રાખ અગર ઘેર મૂકી આવ.' જયાગૌરીને પણ નોકરનું રડતું બાળક ગમ્યું નહિ, એટલે તેમણે જ દૂરથી બૂમ પાડી.

કેટલાક પુરુષ વિદ્યાર્થીઓ પણ અભિનંદન આપવા આવતા હતા. કોઈએ પાંચ ક્ષણ શોભનાની સાથે વાત કરી હોય કે કોઈએ એકાદ ચોપડી માગી હોય, કોઈએ વરસાદ પડતાં છત્રી આપી હોય કે કોઈએ એકાંત મળતાં ચા પીવાનું આમંત્રણ આપ્યું હોય; એ સર્વને આજે અભિનંદન આપવાની તક મળી. શોભનાથી અભિનંદનની ના પડાય એમ હતું જ નહિ. કૉલેજમાં ન વધેલો પરિચય હવે વધી શકશે એ ધારણા પણ કેટલાક વિદ્યાર્થીઓ સેવી રહ્યા હતા.

એક જ વિચાર શોભનાને આવ્યા કરતો હતો; ભાસ્કર કેમ ન આવી શકે ? આવે નહિ તો પત્ર મોકલીને પણ અભિનંદન પાઠવે. ત્રણ માસથી તે દેખાયો ન હતો. અને દેખાયો હોય તોપણ તેણે શોભના સાથે આંખ પણ

મેળવી ન હતી. હવે તેને બોલાવવો ન જોઈએ ? એણે એક વખત મોટરકારમાં તેને બેસાડી એટલામાં શોભનાએ કેટકેટલા અર્થ એમાં વાંચ્યા! ભાસ્કરને તે અન્યાય કરતી હતી. ભાસ્કર આવ્યા વગર નહિ જ રહે એમ પણ તેના મનમાં લાગ્યા કરતું હતું.

રાત પડવા આવી અને શોભના એકલી પડી. પુસ્તકો તરફ તેણે આછા તિરસ્કારભરી નજર નાંખી, છતાં એ દૃષ્ટિમાં તેને ભાસ્કર સાથેના વર્તનનું સામ્ય દેખાયું. જે પુસ્તકોએ તેને સંસ્કાર આપ્યા, તેની બુદ્ધિ વિકસાવી, તેના હૃદયમાં અકથ્ય ઊર્મિઓ ઉપજાવી, એ પુસ્તકો પ્રત્યે આવી દૃષ્ટિ નાખવી એમાં તેને કૃતઘ્નતા લાગી.

'બા ! હવે બહેનનાં લગનબગન કરવાનાં કે નહિ !' ચંચળનો પ્રશ્ન શોભનાના વિચારને અટકાવી રહ્યો.

'તારે નોકરમાણસને એ વાત કેવી કરવાની ?' જયાગૌરી બોલ્યાં. નોકરો - હિંદના નોકરો - પોતાની ફરજના વર્તુલ બહાર ચાલ્યા જાય છે એ દુ:ખદ સત્ય કનકપ્રસાદ અને જયાગૌરી બન્ને સમજતાં હતાં. લગ્નની વાતથી જરાય બહાર ન જઈ શકતી સ્ત્રીના પ્રશ્ને શોભનાના મુખ ઉપર એક હાસ્ય પ્રેર્યું; પરંતુ એ હાસ્ય પાછું ફર્યું અને તેને સ્થાને કોઈ ગંભીર ભાવ શોભનાના મુખ ઉપર ફરી વળ્યો.

બહાર મોટરકારનું ભૂંગળું વાગ્યું. શોભનાએ તેને ઓળખ્યું; તેનું હૃદય સહજ ધબકી ઊઠ્યું. ભાસ્કરની ગાડી આવ્યાથી આમ હૃદય ધબકી ઊઠે એ તેને ઠીક ન લાગ્યું. તે પોતાની ઓરડીમાંથી બહાર આવી. શૉફરે આવી એક નાનકડું કાર્ડ શોભનાને આપ્યું. ભાસ્કરના છાપેલા નામ પર 'અભિનંદન' એટલા જ હાથે લખેલા અક્ષરો હતા.

'ભાસ્કર ક્યાં છે ?' શોભનાએ પૂછ્યું.

'નીચે, ગાડીમાં.' શૉફરે જવાબ આપ્યો.

'અહીં નહિ આવે ?'

'મને કંઈ કહ્યું નથી.'

'કહો કે શોભના બોલાવે છે.'

મા થાકીને અંદર સૂઈ ગયાં હતાં. પિતા વગરબોલ્યે વાંચતા હતાં; તેમણે પત્રની બહાર નજર કરી, શૉફર ગયો. કનકપ્રસાદે પૂછ્યું :

'કોણ આવ્યું છે ?'

'ભાસ્કર.'

'હા હા, બોલાવો; મોટા માણસનો દીકરો છે. આપણે ત્યાં ક્યાંથી ?'

'આપણે ક્યાં મોટા માણસનો ખપ છે ?' આ તો અભિનંદન આપવા આવે છે; ઘડી વાર બેસાડી વિદાય આપીશું.'

'આ છોકરાઓ આવે છે તે તારી બાને નથી ગમતું.'

'મનેયે ગમતું નથી.'

'એમ કાંઈ નથી; સહશિક્ષણમાં એ તો જરૂર બનવાનું જ.' કનકપ્રસાદે કેળવણીકાર તરીકે સિદ્ધાંત કહ્યો, અને ભાસ્કરે ઓરડામાં પ્રવેશ કર્યો. તેણે કનકપ્રસાદને નમસ્કાર કર્યા. કનકપ્રસાદે અત્યંત વિવેક અને નમ્રતા દર્શાવી ભાસ્કરને સામે બેસાડ્યો. શોભનાને અને કનકપ્રસાદને એમ બન્નેને ભાસ્કરે મુબારકબાદી આપી. શોભનાને ભાસ્કરનાં વખાણ ગમ્યાં. ભાસ્કરને ખોટું લાગે એમ ન બની જાય એ અર્થે તેણે પોતાના મુખને પ્રસન્નતાવાળું રાખ્યું.

પણ જ્યારે ભાસ્કરે કહ્યું કે 'હું તો શોભનાને ગરબામાં લેઈ જવા આવ્યો છું,' ત્યારે શોભનાને પોતાને પણ જરા ક્ષોભ થયો.

'અત્યારે તો એ થાકી હશે.' કનકપ્રસાદે કહ્યું.

'ગરબામાં થાક ઊતરી જશે.' ભાસ્કરે કહ્યું.

'ફરી કોઈ દિવસ આવશે.'

'શોભનાને લૂખી મુબારકબાદી આપવી એ મને ગમ્યું નહિ. વળી આજે મારો જન્મદિવસ છે. આપ આવો તો વધારે આનંદ થાય.'

'શોભનાને ભાસ્કરની સૂચના ગમી કે નહિ; થાક લાગ્યા છતાં ગરબામાં જવું ન ગમે એવું વાર્ધક્ય શોભનામાં ન જ હોય.'

'એમ હોય તો ભલે, તું જઈ આવ.' કનકપ્રસાદે રજા આપી. તેમની માનસઉદારતા હતી.

'બાને પૂછવું પડશે; અને એ તો જરા સૂઈ રહી છે.' શોભનાએ કહ્યું.

'એ તો હું કહી દઈશ.'

'નહિ નહિ, આપ સહુ પધારો. હું તમને લઈ ગયા વગર નહિ રહું.' ભાસ્કરે આગ્રહ કર્યો.

'જો કહી જો; પણ એ છોકરાંમાં અમે ક્યાં આવીએ ?'

'વડીલોને પણ ત્યાં નોતર્યા છે.'

'જા, તો તૈયાર થા અને તારી મધરને પૂછી જો.'

સખીઓની સાથે શોભના કૈંક વખત ગરબામાં જતી. ત્યાં વિદ્યાર્થી-ઓળખીતાઓ પણ મળતા; પરંતુ આજે એક યુવકના આમંત્રણથી ગરબામાં જવાનો વિચાર કરતાં તેને અજબ અનુભવ થયો. તેણે ઝડપથી

કપડાં બદલ્યાં. આયનામાં દેખાતું પોતાનું મુખ ચિત્રનાયિકા કરતાં અને ગરબામાં હાજર થનાર કોઈ પણ યુવતી કરતાં ઓછું સુંદર નહિ લાગે એવી તેણે ખાતરી કરી લીધી, અને માતાને હળવે રહીને તેણે જગાડી.

'કેમ, શું થયું બહેન ?' માતાએ જાગ્રત થતાં પૂછ્યું.

'ગરબામાં આવવું છે ?'

'કોને ત્યાં ?'

'પેલા ભાસ્કર છે ને, તેમને ત્યાં.'

'આપણે ન ઓળખીએ, ન પાળખીએ, પછી...'

'એ જાતે જ તેડવા આવ્યા છે.'

'મને તો કાંઈ મન નથી; પણ તને એકલીને અજાણી જગાએ ન જવા દેવાય. ચાલ, હું આવું છું.' - કહી જયાગૌરીએ નિદ્રાને હડસેલી, અને નવી ઢબનાં વસ્ત્રો પહેરતી ટાપટીપમાં વખત ગુમાવતી આજકાલની છોકરીઓ કરતાં તેમના યુગમાં વધારે સાદાઈ અને સરળતા હતી એવી દૃઢ બની ગયેલી ભ્રમણાને વ્યક્ત કરતાં, દીકરીથીયે વધારે સમય વિતાવી તેમણે કહેવાતાં જૂની ઢબનાં કપડાં પહેર્યાં - જે જૂની ઢબનાં વસ્ત્રો જયાગૌરીની માતા અને સાસુ બન્નેનો ભારે તિરસ્કાર પામી ચૂક્યાં હતાં.

'હું તો કાંઈ આવતો નથી.' કનકપ્રસાદે કપડાં પહેરી તૈયાર થયેલાં માદીકરીને કહ્યું.

'ગરબામાં પુરુષોનો ખપ પણ શો છે ? અને તમારી તબિયતે સારી નથી. હું જાઉં છું એટલે ભાસ્કરભાઈને ખોટું પણ નહિ લાગે.' જયાગૌરી બોલ્યાં.

'હું તો તમને બધાંને જ તેડવા આવ્યો છું. મારો અને કનકપ્રસાદનો સંબંધ ગુરુશિષ્યનો છે.' ભાસ્કરે કહ્યું.

'જુઓ ને ભાઈ ! એટલા માટે તો હું આવું છું. બાકી અમારે હવે ગરબામાં જવું શું ?' જયાગૌરીએ કહ્યું. વર્ષો થયાં તેઓ આ સૂત્ર ઉચ્ચારી રહ્યાં હતાં. છતાં નાટક, સિનેમા, ભાષણ, પ્રદર્શન, મેળાવડા, મેળા, ખેલ, સરઘસ એ સર્વમાં ભાગ લેવાની તક બને ત્યાં સુધી તેઓ જવા દેતાં નહિ. ઉંમર વધતાં આનંદ ભોગવવાની શક્તિ કે વૃત્તિ ઓછી થાય છે એવું દેખાડવાનું શિષ્ટ જૂઠાણું એ આપણો વંશપરંપરાનો વારસો હજી લાંબો સમય ટકી રહેવા સર્જાયો છે.

જયાગૌરીએ પણ આયનામાં જોઈ ખાતરી કરી લીધી હતી કે તેઓ પોતે પણ છેક કદરૂપાં તો દેખાતાં નથી જ. માદીકરીના આગ્રહે

કનકપ્રસાદને ઉજાગરામાંથી ઉગારી લીધા અને ભાસ્કર જયા ગૌરી તથા શોભના બંનેને સાથે લઈ મોટરકારમાં બેસાડી પોતાને બંગલે લઈ ગયો.

વીજળીના દીવાથી ઝાકઝમાળ બનેલા બંગલાનો બગીચો ગરબા માટે આદર્શ સ્થાન બની રહ્યો હતો. સ્વર્ગ પણ શિક્ષણ લે એવા વૈભવનું દૃશ્ય રજૂ કરતા આ સ્થાનમાલિક ભાસ્કરના પિતા વિજયરાય એક આગેવાન મહાસભાવાદી હતા, અને તેમનો પુત્ર ભાસ્કર સમાજવાદ સુધી પહોંચી ગયો હતો. પરીઓને પણ લજાવે એવાં ઝીણાં, ખૂલતાં જરૂર પડે ત્યાં ચુસ્ત, દેહદીપ્તિને ખીલવે એવાં પરિધાન પહેરેલી યુવતીઓનાં ખુલ્લાં મુખ અને ખભા સુધીના ખુલ્લા હાથ હિંદની કાળાશને દૂર કરી ગુલાબી ગોરાશથી વાતાવરણને વિદ્યુતમય બનાવી રહ્યાં હતાં. અજંતાની ગુફામાંથી સજીવન થઈ ફરતી કોઈ રૂપરાણી સરખાં લાંબાં કે ગોળ કુંડળ, પહોળી પાટલી કે પહોંચી અને દેહના કોઈ કોઈ ભાગમાંથી ઝબકી ઊઠતા હીરાને શરમાવતા બ્રુચ જોઈ કોઈ અજાણ્યા પરદેશીને તો એમ જ લાગે કે જગતવિજયી વીરો અને વીરાંગનાઓથી વસેલો આ દેશ કોઈ નવીન વિજયોત્સવ અને તેના કોઈ હળવા ભાગને ઊજવવા તત્પર થયો છે.

ગુજરાતનું ગૌરવ ગણાતા ગરબા ગુજરાતીઓની અહિંસાને જરૂર વધારે ખીલવે છે. કૉલેજના પુરુષવિદ્યાર્થીઓનો ગરબાપ્રેર્યો ઉન્માદ ઘડી પછી તેને સુકોમળતા અને લાલિત્ય તરફ દોરી તેનામાં સ્ત્રીની સુઘડતા અને સુકુમારતા ખીલવે છે. આ ખિલાવટમાંથી ગુજરાતી પુરુષ અંગમરોડ અને તાળીઓ માગતા ગરબા ગાતો બની જાય તો તેમાં નવાઈ કહેવાય નહિ. અને પુરુષો ભેગા મળી તાળીસહ ગરબા ગાય એ ગુજરાત સિવાય બીજે બન્યું છે પણ ક્યાં ?'

કોઈ કિન્નરીએ ન્હાનાલાલનો રાસ ગાયો :

*'હલકે હાથે તે નાથ મહીડાં વલોવજો'*

નાથ બનવાની જવાબદારી લેતાં બીતા યુવકને પણ લાગ્યું કે તેનું હૃદય વલોવાતું હતું. કોઈ સુંદરીએ જૂના દયારામને પણ યાદ કર્યો :

*'કામણ દીસે છે અલબેલા તારી આંખમાં રે.'*

સહુ યુવકોએ અને કેટલાક પુખ્તવયી પુરુષોએ પણ - પોતાની આંખમાં કામણ હોવાની ખાતરી મન સાથે કરી લીધી.

કોઈ સ્વદેશપ્રેમી યુવતીએ ગાયું કે :

*'અમે સ્વરાજ આજે લેશું રે,*
*દેશથી બની પૂજારણ.'*

ગુજરાતના ભડવીર યુવકની ખાતરી થઈ ગઈ કે ઠમકા કરતી,

કમરને લચકાવતી, કલામય હસ્તમુદ્રાઓથી પૂજારણનો અભિનય સાર્થક કરતી, રે અને લોલના લલકારમાં કલ્લોલતી ગુર્જરલલનાના ગરબા વચ્ચે સ્વરાજ્ય સલામત બનતું જાય છે, અને જરૂર પડ્યે હિટલર-મુસોલિનીના શસ્ત્રસજ્જ સૈન્ય સામે આ પૂજારણોનો ગરબાવ્યૂહ મોરચા તરીકે રચી તેની પાછળ યુવકવર્ગથી સલામત રહી શકાય એમ છે.

સહુ કોઈ આ ગરબાના આકર્ષક લાલિત્યમાં મુગ્ધ બની બેઠાં હતાં. મહાસભાવાદી મિત્રમંડળ વિજયરાયની આસપાસ ખાદીનાં રૂપાળાં, ઘાટદાર વસ્ત્રો પહેરી બેઠું હતું. તેને આ ગરબાઓમાં પ્રાચીન કલાગૌરવનો પુનરુદ્ધાર દેખાયો. પ્રાચીનતાના ભારને ફેંકી દેવા તૈયાર બનેલા ક્રાન્તિકારી સમાજવાદી યુવકોને આ ગરબામાં સમૂહકલાની નવીન જાગૃતિ થતી દેખાઈ.

'ગરબાને રાષ્ટ્રીય કલા તરીકે સ્વીકારવો જોઈએ.' એક યુવકે ગરબો પૂરો થતાં કહ્યું.

'એટલે તારે આખા હિંદુસ્તાનને તાળીઓ પાડતો કરી મૂકવો છે ! રાષ્ટ્ર તો લાવ, પછી રાષ્ટ્રકલા !' એક ખૂણામાં યુવકોની બાજુએ બેઠેલા પરાશરે કહ્યું.

'તારું માનસ પ્રત્યાઘાતી બનતું જાય છે. ખાદી પહેરીને તેં દેહ અને મગજ બરછટ કરી નાખ્યાં છે.' યુવકે જવાબ આપ્યો.

'તમને ગરબા નથી ગમતા ?' અર્ધ ખુલી છાતી અને પૂરું ખુલ્લું માથું કરી થાકને બહાને યુવકમિત્રો વચ્ચે બેઠેલી રંભાએ પરાશરને પૂછ્યું.

'ના.' ટૂંકો જવાબ પરાશરે આપ્યો.

'કારણ ?' રંભાએ વાત ચાલુ રાખી.

'અમારા ચહેરા સામે જુઓ છો ખરાં ?' પરાશરે પૂછ્યું.

'એમને પણ આપણા ચહેરા ગમે છે; વખાણ વ્યક્ત કરતાં હોય તો વધારે.' એક ચશમાંધારી યુવકે કહ્યું.

'અમે અમારા શોખ ખાતર ગરબા ગાઈએ છીએ; તમારે માટે નહિ.' રંભાએ પુરુષથી ન હારવાનો નિશ્ચય કર્યો જણાતો હતો.

'હં.' તિરસ્કારનો આછો દેખાવ કરી પરાશરે બીજી પાસ જોયું. પરાશરના હાથને ટપલી મારી રંભાએ કહ્યું :

'તમે કારણ તો કહ્યું નહિ.'

'મેં કારણ આપી દીધું છે. મારું ચાલે તો હું તમને ગરબા ગવરાવવાને બદલે સૂર્ય-નમસ્કાર કરાવું.' પરાશરે કહ્યું.

આસપાસ બેઠેલા યુવકો હસ્યા. એક યુવકે કહ્યું :

'પછી હોમ-હવન કરાવજે અને ગાયત્રી-પુરશ્ચરણ કરાવજે.'

'અને છેવટે મહંત કે મહાત્મા બની બેસજે.' બીજા યુવકે વધારે મશ્કરી કરી.

'અરે એ ગાયત્રી શું છે ?' ભૂતકાળની સાથે સંપૂર્ણ અણબનાવ કરવામાં જ હિંદનો ઉદ્ધાર છે એમ માનતા ત્રીજા યુવકે અણબનાવનું દર્શન કરાવ્યું.

વિજયરાય અને તેમના મિત્રોમાંથી સૂચન આવ્યું કે ગરબાને વાતચીત ગોઠતી નથી. વાતચીત કરવાના સ્વાતંત્ર્ય ઉપર આમ તરાપ મારતા ખાદીધારી વડીલો સામે બંડ ઉઠાવવાનો પોતાનો જીવનસિદ્ધ હક્ક કૉલેજ કે સભા ન હોવાથી યુવકોએ સહજ જતો કર્યો. શિસ્તભંગની શરૂઆત કરનાર આ વડીલો હવે શિસ્તનો આગ્રહ રાખતા થયા એ તેમના પ્રત્યાઘાતી માનસના પુરાવા તરીકે લેખી શકાય એમ હતું.

ગરબા પૂરા થયે લહાણી અપાઈ અને અલ્પાહાર થયો. ગરીબ વણકરો અને ખેડૂતો માટે હૃદય પિગળાવનારાં ભાષણો કરી મહાસભાના ફાળામાં નાણા આપનાર વિજયરાયે પુત્રની વર્ષગાંઠ નિમિત્ત એકાદ વણકર કે ખેડૂતને બોલાવ્યો હતો કે કેમ તેની કોઈએ પૃચ્છા કરી નહિ. કિસાનો અને મજદૂરોનું રાજ્ય લાવવા મથનાર ભાસ્કરે પોતાની જન્મતિથિએ ઘરના મજદૂરોને મધરાત સુધી રોકી રાખ્યા હતા, એમાં શોષણનીતિ છે કે કેમ એ વિષયમાં મજદૂરોએ કે ક્રાંતિકારી યુવકમંડળે ચર્ચા કરવાનો વિચાર હજી સુધી જણાવ્યો નહોતો.

ભાસ્કરે વિવેકસહ સહુને વિદાય કર્યા. પરાશર ચાલતો જતો હતો તેને રોકીને ભાસ્કરે એક કારમાં બેસાડ્યો. એ જ કારમાં રંભા, અને બે મધ્યવયી સ્ત્રીઓ સાથે તારિકા ને વિની પણ બેઠેલાં હતાં - સંકોડાઈને. ભાસ્કરે જાણી જોઈને આ ગાડી એને માટે પસંદ કરી હતી શું ?

સહુના ગયા પછી ભાસ્કરે જયાગૌરી અને શોભનાનો વિજયરાય સાથે પરિચય કરાવ્યો. શોભનાના પરિમાણ માટે પિતા પાસે બન્નેને મુબારકબાદી અપાવી, અને તેમને મૂકવા માટે તેણે પોતે જ સાથે તૈયારી કરી.

'આપ તસ્દી ન લેશો.' શોભનાએ કહ્યું.

'હા હા, ઘણું થાક્યા હશો.' જયાગૌરીએ કહ્યું.

'આજ તો હું આવીશ જ.' - કહી ભાસ્કરે જયાગૌરીને પહેલાં

બેસાડ્યાં, પછી શોભનાને બેસાડી, અને તેની જ સાથે ભાસ્કર બેસી ગયો. સહજ જાણીતો યુવક પુત્રીની જોડમાં જ બેઠો હતો એ આજના યુગનું ચલાવી લેવા જેવું દુષણ છે એવો વિચાર જયાગૌરીને ક્ષણ માટે આવી ગયો; પરંતુ કારની મોહક ઝડપમાં તેમણે એ વિચારને વિસારે નાખ્યો, અને ક્ષણવારમાં તેમણે એવી શાતા અનુભવી કે અડધો કલાક મધરાતે શહેર બહાર ફરવાની ભાસ્કરની સૂચનાને તેમણે સંમતિ આપી.

મધરાતનો સમય, વાળ અને વસ્ત્રને રમાડતો શીતળ પવન, યુવકયુવતીનું સાન્નિધ્ય, કારની લીસી ગતિ અને જગતભરમાં વ્યાપેલી શાંતિ યૌવનને ભાગ્યે જ શાંત પાડી શકે. એ સર્વ સંયોગો યૌવનના એકેએક ખૂણાને જાગ્રત રાખે છે. ભાસ્કર અને શોભના બન્ને સચેત હતાં, બને તેમ સ્પર્શથી દૂર રહેવા મથતાં હતાં, અને સ્પર્શ થતાં મૂક અજાણપણું દર્શાવતાં હતાં. સાન્નિધ્યથી ઉત્પન્ન થતા કંપમાં તેમણે વારસામાં ઊતરેલી જૂની શરમ અને નબળાઈનું પરિણામ નિહાળ્યું, અને સહશિક્ષણને અંગે ઉપસ્થિત થતા આવા સહપર્યટનના પ્રસંગોમાંથી માર્ગ કાઢી નવીન નીતિધોરણ ઘડવામાં પોતે અગ્રણી બને છે એમ તેમણે ધારી લીધું.

આવા સ્વાભાવિક ભાવથી ભય ન પામતાં તેનો નિર્દોષ આસ્વાદ લેવામાં પાપ ક્યાં થાય છે એ પ્રશ્ન મનને પૂછી એક ડગલું આગળ પણ વધી શકાય છે.

'ઠંડક તો નથી લાગતી ને ?' ભાસ્કરે બાહ્ય શાંતિનો ભંગ કરતો પ્રશ્ન પૂછ્યો અને ખાસ વાંધો ન લેઈ શકાય એવી પ્રામાણિક ચેષ્ટાસહ શોભનાના હાથ ઉપર હાથ મૂક્યો.

'ના.' શોભનાએ કહ્યું.

પરંતુ ઠંડક જોવાને બહાને ભાસ્કરે મૂકેલો હાથ ન ભાસ્કરે ખસેડ્યો કે ન શોભનાએ ખસેડ્યો.

કાર અટકી અને સુખમૂર્છામાં પડેલાં જયાગૌરી જાગ્રત થઈ ગયાં.

'ઘર આવી ગયું.' જયાગૌરીએ કહ્યું.

ઝડપથી હાથ ખેંચી લઈ ભાસ્કરે જવાબ આપ્યો :

'હા જી.'

ભાસ્કરે નીચે ઊતરી ગાડીનું બારણું ખોલી નાખ્યું, અને જયાગૌરી ન સમજાય એવા અણગમાસહ નીચે ઊતર્યાં; શોભના પણ તેમની પાછળ આવી. શોભનાના હૃદયમાં કોઈ સંકોચ જાગ્રત થયો. તેણે ભાસ્કર સામે જોયું નહિ; પરંતુ જયાગૌરીને ઘરમાં પહોંચાડી બહાર આવતા ભાસ્કરે

બારણું બંધ કરવા પાછળ આવેલી શોભનાને કહ્યું.

'ગુડ નાઈટ.'

'ગુડ નાઈટ.' શોભનાએ જવાબ આપી ભાસ્કરની સામે જોયું.

'શેક હૅન્ડઝ.'* ભાસ્કરે ધીમેથી કહ્યું અને પોતાનો હાથ આગળ ધર્યો.

શોભનાનો હાથ પણ લંબાયો, અને બન્નેના હસ્ત ભેગા મળ્યા. એ હાથ કેટલી વાર ભેગા રહ્યા તેની ભાસ્કરને ખબર ન રહી. માત્ર શોભનાના ધીમા ઉચ્ચારણે તેને જાગ્રત કર્યો.

'પણ હું પરણેલી છું.' શોભનાએ ભાસ્કર સાંભળે એમ કહ્યું. ભાસ્કરે એકાએક શોભનાનો હાથ છોડી દીધો.

* હસ્તધૂનન કરો.

# અગ્નિપ્રવાહ

## ૧

'તમે ખાદી કેમ પહેરો છો ?' રંભાએ પરાશરને પૂછ્યું.

'તમે આ પટોળું કેમ પહેરો છો ?' પરાશરે જવાબ આપ્યો.

યુવતીઓ હસી પડી. એ પટોળું ન હતું; પાટણની એ પ્રભુતા નામશેષ રહી છે. પરદેશી અનુકરણે પટોળાને ઘાગો બનાવી દીધું છે અને રંભાનું વસ્ત્ર તો અનુકરણ-પટોળું પણ ન હતું.

'તમને સમાજવાદી તરીકે ઓળખાવ્યા હતા એટલે હું પૂછું છું. ખાદી તો ગાંધીછાપ કહેવાય.' રંભાએ હસી રહીને વાત શરૂ કરી.

'હું મજદૂરવાદી છાપનું વસ્ત્ર શોધું છું. એ જડે નહિ ત્યાં સુધી ખાદી પહેરીશ. બીજા કોઈ પણ વસ્ત્ર કરતાં એ મને મજદૂરછાપની બહુ પાસે લાગે છે.' પરાશરે કહ્યું.

'મોંઘું, યંત્રશક્તિ વગર તૈયાર થયેલું, કલાહીન વસ્ત્ર...'

'મારી આગળ કલાનું નામ જ ન દેશો. એ રાગ, રંગ, નૃત્ય અને કલા તરફ દોડતું માનસ મને આજ તો ભારેમાં ભારે પ્રત્યાઘાતી લાગ્યા કરે છે.' પરાશરે કહ્યું.

'તમને અદેખાઈ તો અસર નથી કરતી ?' વિનીએ પૂછ્યું.

'હશે; પરંતુ એ અદેખાઈ હવે તિરસ્કારમાં ફેલાઈ ગઈ છે. વર્તમાન યુવકયુવતી પ્રત્યે મને તિરસ્કાર-ધિક્કાર ઉત્પન્ન થતો જાય છે.' પરાશર બોલ્યો.

'તમે બંનેને અન્યાય કરો છો. આજનો યુવક અને આજની યુવતી એટલાં પ્રગતિમાન છે કે...' રંભાએ કહ્યું.

'તમને કલા વગર ચાલતું નથી, અને કલામાંથી કૂદકો મારી કામમાં રાતદિવસ ડૂબકીઓ માર્યા જ કરવી છે.' પરાશર રંભાને અટકાવી વચમાં બોલી ઊઠ્યો.

'એ તો સ્વાભાવિક વસ્તુ છે. વાસનાને તિરસ્કારવી એ તો જીવનને તિરસ્કારવા બરોબર છે.' તારિકા બોલી.

'જ્યાં સુધી આખી જીવનવ્યવસ્થા સ્વાભાવિક ન બને ત્યાં સુધી વાસના પણ સ્વાભાવિક ન કહેવાય. હું ભણેલા ગુજરાતને મોગલાઈ વિલાસ અને રજવાડી રંગરાગ તરફ પાછાં પગલાં ભરતો જોઉં છું.' પરાશરે કહ્યું.

'તમે ક્યાંના રહીશ છો ?' તારિકાએ પૂછ્યું.

'ખાસ માન ઉપજાવે એવું સ્થાન નથી.' પરાશરે કહ્યું.

'તમને તો કશા પ્રત્યે માન હોય એમ લાગતું નથી.' રંભાએ કહ્યું.

'ખરું છે.'

'છતાં તમે કાલે અમારી સભામાં આવશો તો ખબર પડશે કે અમારો કાર્યક્રમ કેવો ઘડાય છે !' વિની બોલી.

'કયી સભા ?' પરાશરે પૂછ્યું.

'Young Intellectualsની.'

'એનું ગુજરાતી નામ પણ ન જડ્યું ?' પરાશરે પ્રશ્ન કરી સભાને હલકી પાડવાનું સૂચન કર્યું.

'એવી પ્રાન્તિકતા શા માટે ?'

'મહારાષ્ટ્ર અને બંગાળાને પૂછો. એમની પ્રાન્તિકતાએ હિંદને ગુજરાત કરતાં વધારે મોટા માણસો આપ્યા છે.' પરાશરે કહ્યું.

'તમે ત્યાં આવીને ગુજરાતી નામ શોધી આપજો.' રંભાએ જવાબ આપ્યો.

'પરાશર ! તમે હજી શોભનાને ઓળખતા નથી, ખરું ?' તારિકાને તેના સમૂહમાં તેજસ્વી લાગતી વ્યક્તિનું સ્મરણ થયું.

'હું ઘણાં ઓળખાણમાં માનતો જ નથી.'

'તમે રહો છો ક્યાં ?' રંભાએ પૂછ્યું.

'તમને ન ગમે એવું એ સ્થાન છે.'

'છતાં હું આવીને તમને તેડી જઈશ.'

'તો હું તમને મકાન બતાવતો જાઉં. જોયા પછી ન આવો એમ તો નહિ કરો ને ?' પરાશરે ગાડીની બાજુ બદલાવી રંભાને પૂછ્યું.

'વર્તમાન યુવતી નિર્ભય છે એટલું પુરવાર કરવા ખાતર પણ અમે આવીશું.' વિનીએ કહ્યું. અને સારા સ્વચ્છ રસ્તાઓ મૂકી ગાડી સહજ અંધારાવાળા, સાંકડા અને અસ્વચ્છ, ભયપ્રદ રસ્તાઓ તરફ વળી.

'રાત્રે જોયેલું ઘર સાંભરશે ખરું ?' તારિકાએ પૂછ્યું. અણગમાનો આ પ્રથમ પડઘો સાંભળી પરાશરે સ્મિત કર્યું.

'શૉફરને તો ખબર હશે. ભાસ્કરની ગાડી કાલે આપણા જ કામમાં રોકાવાની છે.' રંભાએ કહ્યું.

શૉફર પરાશરનો નિવાસ જાણતો જ હતો. તેણે ગાડી અટકાવી દીધી. અંધારી ગલી પાસે તે ઊતર્યો.

'અહીં રહો છો ?' રંભાએ પૂછ્યું.

'હા.' પરાશરે કહ્યું અને તે નીચે ઊતરી ગયો. તેણે કોઈને નમસ્કાર પણ ન કર્યા, અને આવજો કહેવાનો વિવેક પણ ન કર્યો. સીધો તે અંધકારમાં અદૃશ્ય થઈ ગયો.

## ૨

એ અંધકારમાં શું હતું ?

અનારોગ્ય ફેલાવતી દુર્ગંધે પરાશરને પહેલો જ આવકાર આપ્યો. માનવદેહ માટે તિરસ્કાર ઉપજાવતાં અનેક જુગુપ્સાભર્યાં કાવ્યો અને ગીતો તેણે સાંભળ્યાં હતાં; એ અનાકર્ષક ગીતોને તે ભૂલી જવા મથતો હતો; છતાં તેના હૃદયમાં એક ગીત તો ઊછળી જ આવ્યું, અને તેનો શબ્દેશબ્દ તેની સ્મૃતિ ઉપર ફરી વળ્યો :

*'હાડ, માંસ ને રુધિર ભરેલું, મઢ્યું ચામડે અંગ,*
*ગંદા દેહનો ગર્વ નકામો, કાયાનો રંગ પતંગ;*
*ભરુંસો નહિ સાચો રે,*
*કાયાનો રંગ કાચો રે.*
*ભગવાન ભજો'*

પરાશરને કમકમી આવી. ભગવાનને ભજવા માટે આ ભૂમિકા ? એ દેહ અને એ દેહના ભગવાન એ બંનેની અપાત્રતાનો વિચાર કરતો તે આગળ વધ્યો. અનેક ગંદા દેહ તેના માર્ગમાં પડેલા ધીમે ધીમે દેખાયા. કાથીના એક નાના ખાટલા ઉપર બે પુરુષો સૂઈ રહ્યા હતા. ખાટલાની પાસે જ 'અર્ધ-ઉઘાડા દેહ 'વાળી એક સ્ત્રી સૂતી હતી, અને એ સ્ત્રીના દેહને વળગીને - તેના ઉપર હાથપગ નાખીને - ચારપાંચ નાનાંમોટાં બાળકો પડ્યાં હતાં. તેમની આગળ બે સ્ત્રીઓ અને ચારેક પુરુષો પાસે તદ્દન જમીન ઉપર સૂઈ ગયેલાં દેખાયાં. એકબીજાને પગ, હાથ, શરીર વાગતાં હતાં તેનું કોઈને પણ ભાન હોય એમ લાગ્યું નહિ. છતાં ઊંઘમાં અને ઊંઘમાં પગ કે હાથની એક ઝપટ કોઈને વધારે વાગી ગઈ, અને એક નિદ્રાભરી ગાળ સંભળાઈ તથા જોરભેર લાતનો પ્રહાર થયો સમજાયો. સહજ દૂર એક બાળક ઠણઠણી ઊઠ્યું, તેને એક ધીબકો પડ્યો. બાળક વધારે રડ્યું; પરંતુ તેની રુદનશ્રેણી અધવચ તૂટી ગઈ લાગી. તે એકાએક શાંત પડ્યું અને શાંતિમાંથી આછાં ડૂસકાં સંભળાયાં.

'હજી છાનો નથી મરતો !'

સ્ત્રીનો આ પ્રશ્ન સાંભળી પરાશરે ધાર્યું કે માએ બાળકને એવી જબરજસ્ત ચૂંટી ભરી લીધી હશે કે જેથી છળી ગયેલું બાળક અધવચ રડતું અટકી પડ્યું.

દારૂની આછી વાસ પણ જુદે જુદે ખૂણેથી આવતી હતી; મચ્છર ગણગણતા હતા; ઊંઘમાં અને ઊંઘમાં મચ્છરને ઉરાડતા કોઈ હાથ દેહને થાપટો મારતા હતા. દીવો તો હતો જ નહિ. એ આખી ચાલી મજૂરોથી વસેલી હતી. ઓરડીઓમાં ન માઈ શકતાં અગર રૂંધામણ ટાળવા મથતાં મજૂર-સ્ત્રીપુરુષો ઓરડીઓને જોડતી એક સળંગ ઓસરીમાં ગમે તેમ પડી નિદ્રાને શોધતાં હતાં, અને એ નિદ્રામાં સહાયભૂત થતી મદિરાનો પણ આશ્રય લેતાં હતાં. નિદ્રા પ્રેરે તે પહેલાં કેટલીયે મારામારી અને ગાળાગાળીનો પ્રવાહ મદિરા રેલાવતી હતી ! અને એ અભાનમાં આનંદ શોધવા ફાંફાં મારતાં કૈંક દેહ ઓળખ્યે - વગર - ઓળખ્યે વાસનાતૃપ્તિ માણી મદિરામય નિદ્રાને સહાય આપતા હતા ! આ કૃત્રિમ નિદ્રા એ જ મજૂરજીવનના બળતા રણનો એક બાવળ હતો.

પરાશર થોડા દિવસથી પોતાની સગી આંખે મજૂરજીવન - મજૂરનું ગૃહજીવન નિહાળી રહ્યો હતો. મહા મુશ્કેલીએ મળેલી પોતાની ઓરડી પાસે તે આવ્યો. ઓરડીનું તાળું તૂટેલું હતું. તેણે બારણું ઉઘાડ્યું, હાથબત્તી સળગાવી અને પોતાની નાની પેટી તરફ નજર કરી. પેટીનું તાળું પણ તૂટેલું હતું. તેણે પેટી ઉઘાડી; તેની પાસે પંદરેક રૂપિયાની પૂંજી ભેગી થઈ હતી તે અદૃશ્ય થયેલી જણાઈ.

'તાળાં વાસીએ ત્યારે તૂટે ને !' પરાશરના મનમાં વિચાર આવ્યો; પરંતુ સરકારથી માંડીને થતી તાળાની શરૂઆત કઈ જગાએ અટકી શકે? ચોર અને ડાકુઓના વસેલા જગતમાં તાળાં સિવાય બીજું હોય પણ શું? તાળાના વ્યાપારીઓ કરોડપતિ બની ગયા હતા ! તાળાંમાં કળા-કારીગરીએ વાસ કર્યો હતો ! કેટલાંક તાળાં ઊઘડતાં - વસાતાં સારીગમના સૂર ઉપજાવતાં હતાં ! અને મહાન પુરુષો મકાનો ખુલ્લાં મૂકવાની ક્રિયામાંથી સોનાચાંદીનાં તાળાકૂંચીની ભેટ પણ મેળવતા હતા ! આમ પરાશરને મન એક તાળું આખા જગતની સમાજવ્યવસ્થાને તોડવા માટે પૂરતી સાબિતી બની ગયું.

પરંતુ સમાજવ્યવસ્થા તો ન તૂટી; પણ પરાશરનું તાળું તો તૂટ્યું. એટલું જ નહિ, તેના પંદર રૂપિયાયે ચોરાઈ ગયા !

તેના પંદર રૂપિયા ? કોના ? પરાશરના ? હજી દસેક દિવસ કાઢવાના હતા. ગરીબીનો પહેલો સાચો ધડકાર તેના હૃદયમાં ધબક્યો. મજૂરોનું જીવન જોવા, મજૂરોનું જીવન જીવવા, વૈભવ છોડી ગરીબીમાં ઊતરનાર પરાશરને ચિંતાએ મૂંઝવ્યો. સેવા કરવા માટે પણ જીવવું તો જોઈએ ને ? એ જીવન તે ક્યાંથી મેળવશે ? તેનાં માબાપ, તેના સધન મિત્રો સહુ એને યાદ

આવ્યાં.

ભૂખે તો પરાશર ન મરી જાય; પરંતુ જેને પરાશરનું ભણતર નથી, પરાશરનાં માતાપિતા નથી, પરાશરના મિત્રો નથી, પરાશરના સંસ્કાર નથી, એવા અનેક ચાલીમાં રહેતા તેના સાથીદારોનું શું થાય ? જાતને, કુટુંબને, આશ્રિતોને મજૂરી કરી રોજનું જીવન અર્પતા મજૂરને ગરીબીના કેટકેટલાયે આવા થડકાર સહન કરવાના હોય છે ? હૃદય બંધ પડી જાય કે નિષ્ઠુર બની જાય ! કુદરતની ક્રૂરતાઓ વચ્ચે જીવતી રહેલી માનવજાત માનવીની જ - ભાઈભાઈની જ ક્રૂરતામાં જીવી શકશે ખરી ?

ખાટલા તરફ તેણે નજર કરી. એના ખાટલાની ઉપર મચ્છરદાની બાંધી હતી. મજૂરોની ગંદકીથી તે ટેવાયો, મજૂરોના ઝઘડાથી તે ટેવાયો, મજૂરોની ગાળાગાળી અશિષ્ટતાને તે સહી શક્યો; પરંતુ મજૂરોને ફોલી ખાતા મચ્છરોને તે સહી શક્યો નહિ ! આખા દિવસનો થાક ઉતારવા તે ખાટલામાં પડતો ત્યારે મચ્છરોના ટોળાં તેની આસપાસ ફરી વળતાં અને તેના દેહ ઉપર મિજબાની કરતાં. તે રૂમાલ ફેરવતો, પંખો વીંઝતો, હાથ વડે થપાટો મારી દેહને લાલ બનાવતો, ક્વચિત્ ઊંઘમાંથી મચ્છરને ચટકે જાગી જઈ મચ્છરને હાથ વડે કચરી નાખતો; પરંતુ લોહીને ટીપે ટીપે નવીન જન્મ ધારણ કરતા અહીરાવણ-મહીરાવણ સરખા મચ્છરોનો જુમલો વધ્યે જ જતો હતો.

'બધું સહન થશે; પણ આ મચ્છરો સહન નહિ થાય !' કહી બીજે જ દિવસે તે સોંઘી મચ્છરદાની લેઈ આવ્યો, અને મજૂરોની ચાલીમાં પહેલા વૈભવની શરૂઆત તેણે જાત માટે કરી.

મચ્છરદાનીને અને પથારીને તેણે હાથે ખંખેરી નાખી. મોટરકારમાં બેસી ગ્રામોન્નતિ કરવા જનારા ગાંધીવાદી કરતાં સામ્યવાદી પરાશર બહુ આગળ વધ્યો હોય એમ તેને લાગ્યું નહિ.

જાતની ટીકાને ઝડપથી બાજુએ મૂકી તેણે પથારીમાં સૂતે સૂતે સ્વપ્ન સેવવા માંડ્યાં. ભાસ્કરના મહેલમાં આ મજૂરોને કેમ રાખી ન શકાય ? ભાસ્કર તેનો મિત્ર હતો, સારા કામમાં પૈસા પણ આપતો. એના જ મહેલ ઉપર મજૂરોનો પ્રથમ હલ્લો શું કામ ન કરાવવો ? મજૂરો જ્યાં સુધી માગશે નહિ, માગણી પાછળ મુક્કો ઉગામશે નહિ, ત્યાં સુધી તેમને કશું પણ ક્યાં મળવાનું છે ? અને પરાશર જેવા સ્વાર્થ મૂકી ફકીર બનેલા સામ્યવાદીને પણ મિત્ર પ્રત્યેની બુર્ઝવા-મૂડીવાદી વફાદારી અસર કરી શકી !

આનો પાર ક્યારે આવે ! ભાવિ તેને અંધકારમય લાગ્યું મજૂરો, કિસાનો, ગરીબો માટેનો સુવર્ણયુગ લાવવા મથનારને થોડા પૈસા જતા

થરથરવાનું મન થયું. નાનપણમાં ગોખેલું ગીતાવાક્ય તેને યાદ આવ્યું :

क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥

હિંદના ઘડતરમાં જ આ ધર્મઘેલછાની મેળવણી થઈ છે. ભગત બનવું એ જ જાણે ઉદ્ધારનો માર્ગ હોય એમ માનીને ચાલનાર હિંદનો છેલ્લો અગ્રણી ગાંધી પણ પ્રાર્થનાભોગી ! કે પ્રાર્થનાનો ભોગ ?

ગીતા ક્યારે ભુલાશે ? ઈશ્વર ક્યારે આ હિંદને પોતાની ચૂડમાંથી મુક્ત કરશે ? ખોટી વિચારશ્રેણીમાંથી નાસ્તિકો પણ હજી પૂરા છૂટ્યા નથી. નહિ તો પરાશરને શા માટે ગીતાનું ભૂલવા સર્જાયલું વાક્ય યાદ આવે ?

ભાસ્કરનો બંગલો અને ગીતાની ધર્મઘેલછા નિદ્રાની એક છોળમાં ડૂબી ગયાં. શાસ્ત્રીય રીતે પૂરેપૂરી સમજાવી શકાતી નિદ્રાક્રિયાએ તેને શૂન્યમાં ઉતાર્યો. ઈશ્વર વગરની દુનિયામાંથી એક તત્ત્વે તો તેના જ્ઞાન-તંતુઓને ટાઢા પાડ્યા.

પરંતુ તે ન સમજાય એવા કોઈ ઉગ્ર સ્વપ્નના ભારણ સાથે જાગ્યો. પરાશરને થોડી વાર સુધી તો એમ લાગ્યું કે એનું સ્વપ્ન હજી ચાલ્યા જ કરે છે. બહારના ભાગમાં બૂમાબૂમ, ગાળાગાળી અને મારામારી થતી હોય એમ લાગ્યું. મચ્છરદાની ઊંચકી તે બહાર નીકળી આવ્યો.

બાળકો, સ્ત્રીઓ અને પુરુષોનું ટોળું ભેગું થયું હતું. તેની વચમાં ત્રણ પઠાણો, ડાંગ અને ચપ્પુને આગળ ધરતા, એક પુરુષને પકડી ઊભા હતા. પકડાયેલો પુરુષ મજબૂત લાગતો હતો; પરંતુ પઠાણો આગળ લાચાર બની ઊભો રહ્યો હતો. સ્ત્રીઓ અને બાળકો ચીસો પાડતાં કકળતાં ઊભાં હતાં. ભેગા થયેલા પુરુષો ઊભા રહીને તેમના જ એક સાથીદારની દુર્ઘટના થતી જોતા હતા.

પકડેલા મજૂરને એક પઠાણે જબરજસ્ત ધોલ લગાવી દીધી. તેની આંખમાં ઝનૂન ચમકી ઊઠ્યું; પરંતુ તે સામો થાય એ પહેલાં બીજા પઠાણે તેની કમ્મરમાં ડાંગનો ફટકો લગાવ્યો. ડાંગ મારનારે દયાથી ફટકો લગાવ્યો ન હતો એટલે મજૂર કળ ખાઈ નીચે બેસી ગયો; તેની આંખનું ઝનૂન અદૃશ્ય થયું. દુઃખની તીવ્ર લાગણી અનુભવતા આ માનવીને ત્રીજા પઠાણે લાત લગાવી દીધી.

'ચાલ પૈસા કાઢ ! તારાં બૈરી – છોકરાં ક્યાં છે ?' લાત મારી જમીન ઉપર મજૂરને ગબડાવી પાડતા પઠાણે કહ્યું.

પરાશર વચમાં આવ્યો અને ધમકાવીને પૂછવા લાગ્યો :

'કેમ મારો છો, આને ?'

'આમ.' કહી પઠાણે મજૂરને બીજી લાત લગાવી દીધી.

'તારે માર ખાવો છે ?'

પરાશર મજૂરોમાં અને ગ્રામજનતામાં રખડી રખડીને મજબૂત બન્યો હતો; પરંતુ તેને આ ત્રણે જબરજસ્ત પઠાણોની સામે થતાં બીક લાગી. એકલવાયા, સગાંસંબંધીઓથી છૂટા પડી ગયેલા આ આદર્શવાદી યુવકમાં ત્રણ જણની સામે થવાનું શારીરિક બળ નહોતું અને કળા પણ નહોતી. અખાડાનું એકાતનપણું છોડી દઈ 'મોસ્કો ડાયલૉગ્સ'* ને પીઈ જનાર પરાશરને લાગ્યું કે નિદાન બે વધારે વરસ અખાડો સેવ્યો હોત તો આજે તે જરૂર કામ લાગત.

'કાયદાની ખબર છે કે નહિ ?' પરાશરે ધમકીનો ઉત્તર વાળ્યો.

'કાયદો ? આ અમારો કાયદો.' કહી એક પઠાણે કમ્મરેથી ચપ્પું ખેંચી બતાવ્યો. 'પાછો હઠ, સુવ્વરના બચ્ચા !'

સમગ્ર જગતના કાયદાઓને તોડીફોડી શ્રમજીવીઓ માટે નવીન નિર્માણ રચવા મથતા પરાશરને મૂડીવાદી કાયદાનો આશ્રય લેવાની વૃત્તિ થઈ; એટલું જ નહિ, એ મૂડીવાદી કાયદાને નિષ્ફળ કરતા બાહુબળનો ચમત્કાર તેને પ્રત્યક્ષ દેખાયો.

ગાંધીજીનો સત્યાગ્રહ તેને યાદ આવ્યો; પરંતુ સત્યાગ્રહમાં તો મરવાની તૈયારી જોઈએ. પઠાણ પ્રત્યે પ્રેમભાવના રાખવી જોઈએ. પરિ-ણામનો વિચાર છોડી દઈ પઠાણનો હૃદયપલટો થશે જ એવી શ્રદ્ધા રાખવી જોઈએ. પરાશર મરવાને માટે તૈયાર હતો પરંતુ તે આ નાનકડા કાર્ય અર્થે નહિ. મજૂરોની મોટી હળતાળોની આગેવાની કરી ગોળી ખાઈને, પ્રચંડ ક્રાંતિની યોજના કરતાં પકડાઈ જઈ ફાંસીએ ચડીને, અગર રાજાઓ, જાગીરદારો કે મિલમાલિકો વિરુદ્ધનાં કાવતરાંની જાળ ગોઠવતાં કોઈ મૂડીવાદીના ચક્રમાં પિસાઈને મરવાની તેની તૈયારી હતી. પઠાણ પ્રત્યે તેને જરાય પ્રેમ ન હતો, અને પઠાણનો હૃદયપલટો થાય એવી શ્રદ્ધાનો અંશ પણ તેના હૃદયમાં રહ્યો ન હતો.

ત્યારે તેનું કર્તવ્ય શું ? અર્ધ સાહસ અને અર્ધ અભિમાનની લાગ-ણીએ તેના હૃદયને બળ આપ્યું. ચપ્પુ જોઈ તેને પાછા ખસવાનું મન થયું; ઝનૂની પઠાણ જોતજોતામાં તેને ચપ્પુ મારતાં જરાય સંકોચ રાખશે નહિ એવી તેની ખાતરી હતી, છતાં મજૂરોનાં જીવનમાં જીવન મેળવવા મથનાર પરાશરથી પાછું તો ન ખસાય. તે ઊભો રહ્યો; એટલું જ નહિ, તે આગળ

* મોસ્કોની ક્રાન્તિ સમજાવતું એક પુસ્તક.

વધ્યો અને બોલ્યો :

'હું જોઉં છું તું શું કરે છે તે ! ચાલ, છોડ આને.'

'મજૂરોથી જુદા પડતા આ યુવકની ભાષાએ ક્ષણભર પઠાણો ઉપર અસર કરી દેખાઈ, પણ તે ક્ષણવાર. પઠાણે પૂછ્યું :

'તું પૈસા આપે છે ?'

'શાના પૈસા ?' પરાશરે પૂછ્યું.

'આને મેં રૂપિયા ધીર્યા છે; તે તું આપ અગર વચમાંથી ખસી જા.'

'હું નહિ ખસું તો ?'

'તો...' એક પઠાણે ડાંગ ઉપાડી; પરંતુ તે વીંઝીને પરાશરને મારે તે પહેલાં એક યુવાન મજૂરણ ટોળામાંથી ધક્કા મારતી બહાર આવી અને બોલી ઊઠી :

'લો, લો તમારા પૈસા. શું કરવાને બધાંને મારી નાખો છો ?'

તેણે રૂપિયા કાઢી પઠાણો આગળ ધર્યા. એક પઠાણે તે લઈ લીધા, પડેલા મજૂર તરફ જોઈ તેણે કહ્યું :

'આ મહિને તું બચી ગયો, બચ્ચાજી ! આવતે મહિને જો પૈસા ન આપ્યા તો મરી ગયો સમજજે.'

ફડફડતાં કબૂતરની સ્થિતિ ભોગવતાં મજૂર સ્ત્રીપુરુષોનાં હૃદયમાં જરા શાંતિ સ્થપાઈ. રૂપિયા ઉપર રૂપિયો વ્યાજ ચઢાવનાર પઠાણ લેણદાર પોતાની વધારાની રકમને વ્યાજ કહેવા દેતો ન હતો. કારણ મુસ્લિમ ધર્મે વ્યાજને હરામ માનેલું છે. ઈસ્લામમાં અભિમાન લેતા આવા પઠાણો વ્યાજને વ્યાજ ન કહેવા દઈ વ્યાજમુદ્દલ બંનેની વસૂલાત માટે એ શરીરશક્તિનો જ ઉપયોગ કરે છે, અને દેણદારો મૂંગે મુખે પોતાના દેહ ઉપર તેનો ઉપયોગ થવા દે છે. જોકે એ માર એટલો નિર્દય હોય છે કે બનતાં સુધી દેણદાર દેવાની રકમ આપવા ભાગ્યે જ ચૂકે છે. માર ખાતા મજૂરને છોડાવવાની પણ કોઈ હિંમત કરી શક્યું નહિ, અને વિજેતાની છટાથી પઠાણો હસતા, આંખો બતાવતા ત્યાંથી બહાર નીકળ્યા.

'ભોગ એના, કોઈ શું કરે ? દારૂ પીવો, સિનેમા જોવો અને પઠાણો પાસે રૂપિયા લેવા ! આમ જ થાય ને ?' એક સ્ત્રીએ ધીમે રહીને ટોળું વીખરાતાં કહ્યું.

'દારૂ ના પીઉં તો બીજું શું કરું ?' મારથી થરથરી ગયેલા મજૂરે જમીન ઉપરથી ઊઠતાં ઊઠતાં કહ્યું.

'લે ચાલ, હવે ઓરડીમાં.' પૈસા લઈ આવનાર યુવાન મજૂરણે

મજૂરનો હાથ ઝાલી કહ્યું અને તેને ઓરડી તરફ તે દોરવા લાગી. મજૂરે તેની સામે જોયું. અપમાન, શરમ અને નિર્બળતાના ભાનથી હણાઈ રહેલું તેનું આત્મમાન તેની પત્ની લાગતી મજૂરણ સામે વધારે તીવ્ર બન્યું. પોતાની જાતને કચરી નાખવાની અગર જગત સમસ્તને કચરી નાખવાની લાગણી તેને હૃદયમાં જાગ્રત થઈ.

'તું પૈસા લાવી ક્યાંથી ?' મજૂરે પૂછ્યું.

'જ્યાંથી લાવી ત્યાંથી; તારે શું ?'

'કેમ, મારે શું ?'

'હવે ચાલ ઓરડીમાં; પછી વાત પૂછજે.'

'પૈસા ક્યાંથી લાવી એ કહે નહિ તો...' પઠાણના હાથનો માર ખાઈ અપમાન પામેલા પતિને પોતાનું અપમાન પત્ની ઉપર ઉતારવાનું સરળ હતું; પરંતુ ધમકીનું ચોક્કસ સ્વરૂપ તેણે દર્શાવ્યું નહિ.

'નહિ તો શું ? બે લાપટ મારી લેજે.' પત્નીએ કહ્યું.

પઠાણની ગુંડાગીરી અસહ્ય હતી જ, તેમાં આ પતિની ગુંડાગીરી પરાશરે જોઈ. અને એ ગુંડાગીરીને સહન કરતી - સહન કરવાને સદાય તત્પર દેખાતી પત્નીના નિર્ભય માનસને પરાશર જોઈ જ રહ્યો.

'લાપટ શાનો મારે વળી ? પઠાણને તારું ચોટલાખત તો તારા ધણીએ લખી આપ્યું હતું વળી ! હજી આવતે મહિને દેવું નહિ ભરે તો તારી બૈરીયે તારી નથી રહેવાની !' એક પાસે થઈને જતી મધ્યવયી મજૂરણે ધણીધણિયાણીની વાતચીતમાં ભળી મહેણું માર્યું.

પરાશરે આ મહેણું બરાબર સાંભળ્યું. ચોટલાખતનો અર્થ સમજાવવાની જરૂર રહી ન હતી.

'કયી ખત વગરની રહી ગઈ છે ?' એવો એક ત્રીજી બાઈનો ધીમો ઉદ્ગાર આ મજૂરોની આખી ચાલી અને મજૂરોની આખી સૃષ્ટિને સ્પષ્ટ કરી રહ્યો હતો. ગુલામીની નવીન ભાત ઊપસી આવેલી પરાશરે જોઈ. ધન, વ્યાજ અને વેચાણ પ્રત્યે તેનો રોષ પહેલાં હતો તેથી વધારે વધી ગયો.

ઓરડીમાં જઈ તેણે બારણાં બંધ કર્યાં. ચારપાંચ પુસ્તકો વારાફરતી વાંચવાનો તેણે પ્રયત્ન કર્યો; પરંતુ તેનું ચિત્ત એકાગ્ર ન બન્યું. વ્યક્તિગત ગુંડાગીરીથી પૈસો ભેગો કરતો પઠાણ, સામાજિક ગુંડાગીરીના બળે પત્નીનું રક્ષણ પામ્યા છતાં પત્નીને ડારતો અને વેચતો પતિ, અને એકેય ગુંડાગીરીને ન અટકાવી શકતો એક ક્રાંતિકારી સુધારક ! શું એ વર્તમાન જગતનું પ્રતીક હતું ?

તેણે સહજ દૂર આવેલી ઓરડીમાં એક પુરુષની ધમકી તથા પ્રહાર અને સ્ત્રીની બૂમો તથા આછું રુદન સાંભળ્યાં. પઠાણના મારમાંથી પતિને બચાવનાર પત્ની શું મારને પાત્ર બનતી હતી ? પરાશરને વચ્ચે પડવાની વૃત્તિ થઈ આવી. વચ્ચે પડી એક સ્ત્રીને બચાવાય, એક દિવસ માટે બચાવાય; પરંતુ આવી તો કરોડો સ્ત્રીઓ જગતભરમાં રડતી હશે ! એક દિવસ માટે નહિ, જીવનભર રડતી રહેતી હશે !

અને એ માર મારનાર પુરુષ ? પત્નીના આત્મમાનને ઝટકાવી તે પોતાના ઘવાયલા માન ઉપર થીંગડાં મારતો હતો ! પત્નીને મારવામાં રહેલી સલામતીને લીધે તે પુરુષ પત્નીને માર મારી પઠાણ ઉપરનું વેર વાળતો હતો ! અને આવી ઉપરથી વહેતી આવતી ક્રૂરતા અને નિષ્ઠુરતા ક્યાં ક્યાં નહિ વ્યાપી હોય ? દલિતોમાં-શોષિતોમાં પણ વર્ગ ! અને વર્ગવિગ્રહ એ ક્રાન્તિની ચાવી ખરી; પરંતુ ક્રાંતિ સમજવાની-ક્રાંતિને જીવનમાં ઉતારવાની પણ અહીં સમજ નહોતી.

પરંતુ જ્યાં સમજ છે ત્યાં શું થાય છે ? કૉલેજના સમયની આખી ક્રાંતિકારી ટોળીમાંથી હવે પરાશર લગભગ એકલો પડી ગયો હતો. પિતાની મિલકત હાથમાં આવે ત્યારે ક્રાંતિ માટે વાપરવા તૈયાર બનેલો ભાસ્કર સારામાં સારી કારમાં ફરી યુવતીઓને ભેગી કરી રીતભાતની નાજુકીમાં લપસવા લાગ્યો ! બિરાદર ફૈઝી જગતક્રાંતિને બાજુએ મૂકી મુસ્લિમોના ધર્મ અને સંસ્કાર ઉપર હિંદુઓ તરફથી આક્રમણ થતું અટકાવવામાં મુસ્લિમલીગનો એક આગેવાન બની ગયો. સાંબશિવ આયર હિંદી સરકારના પ્રકાશન ખાતામાં ગોઠવાઈ ગયો. બિરાદર જગતાપને જાગીરદાર કન્યા મળી એટલે પરણીને કિસાનો ઉપર દાવા લડવાના કામમાં પરોવાઈ ગયો. સુધીર સિનેમાને મોખરે લડતાં નટી સુમેધાને પરણી બેઠો અને હવે બંને મળી હોલીવુડ જવાના પૈસા ઉઘરાવી રહ્યાં હતાં. અને પેલી કોમરેડ કુરંગી ? 'ઇન્કિલાબ ઝિન્દાબાદ' ગાઈ-ગવરાવી હજારો સભાજનોને ક્રાંતિમાં ઝુલાવતી કુરંગી આજ બે ઘોડિયાં ઝુલાવતી હતી - એક લગ્ન પહેલાંનું અને એક લગ્ન પછીનું !

ત્યાર પછીનું મંડળ ? તે દિવસે કૉલેજમાં નિહાળ્યું એ ધ્યેયહીન, સંયમહીન, સંઘ crowd- ની ઓથે કાયરતા ઢાંકતું વિલાસભૂખ્યું ટોળું ! છોકરીઓની આસપાસ ફૂદડી ફરવામાં મહા સાહસનો સંતોષ અનુભવી રહેલું ગુજરાતનું એ યુવકમંડળ ! તેનું ભારેમાં ભારે પરાક્રમ તે અહિંસા ! ભૂલ્યેચૂક્યે રાજકીય ટોળામાં ભળતાં એકાદ લાઠી ખાધી હોય તો શહીદીની ગાદીએ બેસવાની આકાંક્ષા સ્ત્રીના સાથમાં ભારેમાં ભારે

મરદાનગી. ગુજરાતી યુવક-યુવતી જેવો કેમ દેખાય છે એનું રહસ્ય પણ એ મરદાનગીમાં જ ! એના હાથમાં દેશનું....

લાંબી વિચારમાળાને તોડતો ખટકાર પરાશરે બારણા ઉપર સાંભળ્યો.

'કોણ છે ?' પરાશરે પૂછ્યું.

'જરા બારણું ઉઘાડો ને ?' એક ઝીણો અવાજ સંભળાયો.

'ક્રાંતિવાદીને પણ સ્ત્રી ચમકાવી શકે છે.' પરાશર ચમકીને ઊભો થયો અને તેણે બારણું ખોલ્યું. પઠાણના પંજામાંથી પતિને છોડાવનાર મજૂરણ તેની સામે ઊભેલી દેખાઈ. તેના હાથમાં કપડે ઢાંકેલું નાનું વાસણ હતું.

'કેમ, શું છે ?' પરાશરે પૂછ્યું.

'બપોર થયા અને તમે હજી બહાર નથી નીકળ્યા. ખાવુંપીવું નથી ?' મજૂરણે પૂછ્યું.

'ના, આજે મને ભૂખ નથી. પણ રતન ! કોઈ દહાડો નહિ અને આજે તું કેમ આમ ખબર લેવા આવી ?'

'મને અંદર આવવા દો, પછી કહું.' રતને જવાબ આપ્યો. પરાશર બારણા આગળથી ખસી ગયો, અને રતને અંદર આવી એક ચોખ્ખા લૂગડા નીચેથી એક ટિનની રકાબી કાઢી. રકાબીમાં બે બાજરીના રોટલા, ચટણી અને મીઠું મૂકેલાં હતાં.

'આટલું ખાઈ લેજો.' રતને કહ્યું.

'પણ કારણ ?'

'તમે ભૂખ્યા છો માટે.'

'તને કોણે કહ્યું ?'

'હવે વેશ મૂકો; હું જાણું છું.'

'તારો વર તો વહેમી છે. મારી ઓરડીમાં તું આવી એમ જાણી જશે.'

'એ તો મજૂરીએ નીકળી ગયો; અને જાણશે તોય શું ?'

'જાણે તો પાછો મારે.'

'એ તો અમારે રોજનું હળિયું પડ્યું. મારે મારની નવાઈ રહી નથી.'

'પણ આમ શા માટે...'

'તમારા રૂપિયા તો હું ઊંચકી ગઈ, અને પાછા તમને ભૂખ્યાયે રાખું ?'

પરાશરે રતનની સામે જોયું. રતન કે રતનના વર પાસે પઠાણને આપવાના પૈસા ન હતા. પઠાણના અસહ્ય મારની રતનને ખબર હતી. પઠાણ સાંજે આવી ધમકાવી ગયો હતો. તેનો વર પહેલી રાતનો ઢગલો બની ગયો હતો. રતને પૈસા મેળવવા મંથન કર્યું પરંતુ મજૂરોની ઓરડીમાં ઉછીના કે ચોરીના પૈસા મળે એ અશક્ય હતું. થોડા દિવસથી ચાલીમાં આવી રહેલો પરાશર જુદી ઢબનો લાગતો હતો. એ મજૂર ન હતો; ગરીબીનો દેખાવ કરતો હતો છતાં કોઈ ભેદી કારણે એ ચાલીમાં આવી રહેતો લાગતો હતો. આ મુખ ઉપર - એના દેહ ઉપર મજૂરીની છાપ ન હતી. મજૂરોને - મજૂરોના બાળકોને એકઠાં કરવાને એ મથતો હતો પરંતુ કદાચ છ માસ ઉપર અહીં થયેલા એક ખૂનની તપાસ માટે આવેલો એ જાસૂસ પણ હોય. જે હોય તે. એની ઓરડીમાં કાં તો ઘડિયાળ હોય કે કાં તો સોનાનાં બટન પડી રહેલાં હોય તો તેનો ઉપયોગ પઠાણના દેવા પેટે થઈ શકે.

રતને ખૂબીથી તાળું તોડ્યું અને અંધારામાં પરાશરની પેટી પણ તોડી. એને જોઈતી રકમ મળી ગઈ એટલે તે લઈ સાચવીને મૂકી રાખી. ચાલે ત્યાં સુધી એ રકમ ન અપાય તો સારું એટલું તો રતનને લાગ્યા જ કરતું હતું; પરંતુ પોતાના પતિ ઉપર મારી નાખવા જેટલી ક્રૂરતા પઠાણો વાપરતા હતા એ ન જોઈ શકતી રતને છેવટે પરાશરના પૈસા પઠાણોને આપી પતિને છોડાવ્યો.

પૈસા ખોવાયા છતાં પરાશર તરફથી કશું જ ધાંધળ ન થયું એ જોઈ રતનને જરા જિજ્ઞાસા થઈ. દરરોજ સાડા દસ-અગિયાર વાગતામાં બહાર નીકળી જતો પરાશર બાર વાગી ગયા તોયે બહાર ન નીકળ્યો. પૈસા વગર એ પણ ભૂખ્યો રહેશે, ત્યારે ? એના પૈસા ચોર્યા અને પાછો એને ભૂખ્યો રાખવો એ રતનને વધારે પડતું લાગ્યું; એટલે જે મળ્યું એ ખાવાનું લઈ એ પરાશર પાસે આવી; રૂપિયા ચોરી લીધાની કબૂલત પણ તેણે કરી.

પરાશરે રતનની સામે જોયું.

## ૩

રતન દેખાવડી લાગી !

પરંતુ એના દેખાવનાં વખાણ કરી શકાય એમ ન હતું. કિસાનોનો ઉદ્ધાર કરવા પરાશરે એક વખત મિત્રોની ટોળી ગામડે બોલાવી હતી. સામ્યવાદમાં જાતીય સંબંધની વિશુદ્ધિ કે અશુદ્ધિને સ્થાન ન હોય એમ માનતા એક મિત્રે કોઈ આનંદી સ્વભાવની ગામડિયણ સાથે હસ્તધૂનનનો આગ્રહ રાખવાથી એ મિત્રોની ટોળીનો કિસાનોનો ઉદ્ધાર મુલતવી રાખી ત્યાંથી ચાલ્યા આવવું પડ્યું હતું એ પરાશરને યાદ આવ્યું. નીતિના પ્રચલિત સ્વરૂપનો સ્વીકાર ન કરનારથી પણ તેને તરછોડીને આગળ વધી શકાય એમ નથી, એવી પરાશરને ખાતરી થઈ ગઈ હતી. આર્થિક અસંતોષ ઉપજાવવા મથતો ક્રાંતિવાદી માલિકીની વિરુદ્ધ ભલે દાખલા-દલીલો આપે; પરંતુ જે ઝૂંપડીમાં તે ઊતર્યો હોય તે ઝૂંપડીમાં વસતી કિસાનકન્યાઓ લગ્નની ભાવનામાં રહેલા માલકીના તત્ત્વને દૂર કરે એ ઉદ્દેશથી જાતીય સ્વાતંત્ર્યનો પાઠ પોતે જ આપવા જાય તો આર્થિક અસંતોષ સાથે બીજા અનેક અસંતોષ ઉદ્ધારકની જ વિરુદ્ધ ફાટી નીકળે છે એની તેને જાતમાહિતી હતી.

'કેમ ? સામું શું જુઓ છો ? રોટલો નહિ ભાવે ?' રતને પૂછ્યું.

'ભૂખ્યો છું એટલે બધું ભાવશે.'

'તો શરૂ કરો.'

'એક માગણી કબૂલ રાખો તો.'

હવે રતને પરાશર સામે જોયું. રતને અનેક માગણીઓ થતી સાંભળી હતી. એમાંની કૈંક માગણીઓ તેણે કબૂલ પણ રાખી હતી; પરંતુ દેહથી પર રહેતા કેટલાક સંબંધ અને કેટલીક મૈત્રીઓ દેહ માગે ત્યારે એ સંબંધ અને એ મૈત્રી અતિશય પાર્થિવ - હલકાં ઊતરેલાં - બની જાય છે.

'શું માગશો ?' રતને ઝીણી આંખ કરી પૂછ્યું.

'હા કહે એટલે કહું.'

'ચાલો ને; હા ! મારે માથેથી ચોરીનું પાપ ટળશે.'

'એટલે ?' પરાશર સહજ વિચારમાં પડ્યો. રતન સાથેના વર્તનમાં કાંઈ ભૂલ થતી હોય એમ એને લાગ્યું.

'મને સમજાવવું નહિ પડે; મરદો શું માગે છે તે હું જાણું છું. તમે ભૂખ્યા છો તો જમી લો; પછી બધી વાત.'

'હું તે પહેલાં જમીશ નહિ. જો રતન ! તારે મને ખરેખર જમાડવો હોય તો મારી એક વાત કબૂલ કર.'

'કેટલી વાર કબૂલ કરું ? એક વખત તો હા કહી.'

'તેં શાની હા કહી ?'

'તમે જે માગો તેની.'

'તો દરરોજ મારી પાસે તારે થોડી થોડી વાર ભણવા બેસવું.'

'શું ?' રતન ચમકી. રતનની ધારણા ખોટી પડતી હતી.

સારા સારા માણસો પણ શું શું માગી શકે છે તેની એને ખબર હતી. પઠાણોથી તાત્કાલિક બચાવનાર પરાશર જે માગે તે આપવાની રતનની તૈયારી હતી; પરંતુ પરાશર જુદી જ બાજુએ ઢળતો હતો. પરાશરના સરખી માગણી તેણે પહેલી જ વાર સાંભળી.

'તમારી આખી ચાલીને મારે ભણાવવી છે; તું પહેલ કર.'

'એટલા માટે અહીં આવ્યા છો ?'

'ઘણાં કારણો છે, તેમાં આ કારણ પણ ખરું. તમે લોકો ભણો તો તમારા ઉપરના બધા ત્રાસ દૂર થાય.'

'સારું, વખત મળશે એટલે હું આવીને બેસીશ. હવે શરૂ કરો.'

પરાશરે પાણીથી હાથ ધોઈ નાખ્યા, અને એક ચોખ્ખા રૂમાલ વડે હાથ લૂછી નાખ્યા. જમીન ઉપર એક સ્વચ્છ ચટાઈ પડેલી હતી તે તેણે લાંબી કરી પાથરી. રતન હસી.

'કેમ ?' પરાશરે પૂછ્યું.

'આ ચાલીમાં તે આ બધી ચોખ્ખાઈ હોય ! એ તો બંગલાઓમાં રહો ત્યારે કરજો.'

'ચાલીમાં જે ન બને તે મારે બંગલામાં પણ ન જોઈએ.'

'તો પછી બંગલામાં અને ચાલીમાં ફેર શો ?'

'ફેર ન રહે એમ મારે કરવું છે.'

'શી ઘેલી વાત કરો છો ?'

'હું ખરું કહું છું. તો તારી ઓરડીનો બંગલો થાય.'

'સારું, હવે તમે જમવા માંડો. રોટલો તો ક્યારનો ટાઢો પડી ગયો છે.'

પરાશરે રોટલાનો કકડો કર્યો અને તેણે ઓરડી નજીક ચંપલના પડઘા સાંભળ્યા. બારણામાં જ રંભા આવી ઊભેલી દેખાઈ.

'આવું કે ?' રંભાએ પૂછ્યું.

'હા જી, આવો.' પરાશરે કહ્યું.

રતનને જોઈ રંભા જરા અટકી; રતન પણ જરા વિચારમાં પડી.

'જમ્યા નથી ?' રંભાએ પૂછ્યું.

'ના, આજે મોડું થઈ ગયું.'

'અને આવું જમો છો ?'

'શું ખોટું છે ? હિંદની વસ્તી સાથે એકતા અનુભવું છું.' પરાશરે હસીને કહ્યું અને રંભાને ખાટલા ઉપર બેસાડી.

રંભાને પરાશરના જીવનમાં ભયંકર ભેદ દેખાયો. પરાશર ખરેખરો સામ્યવાદી છે ? રતન પાસે રંધાવીને શા માટે જમે છે ? આવી સાદાઈ, ગરીબી અને ગલીચીમાં તે શા માટે રહે છે ?

'રોજ આમ જમો છો ?' રંભાએ પૂછ્યું :

'ના, વીશીમાં જતો હતો; પરંતુ એ વધારે મોજીલું ખાણું હતું. આજથી આ રતનની રસોઈ જમવાનો છું.'

'રતન કોણ ?'

'એક મિત્ર, કોમરેડ, એને હું આજથી ભણાવવાનો છું.'

'એમ ?'

'હા. અને હું તો આજની તમારી સભામાં કહેવાનો પણ છું કે સહુ મારા એ કામમાં મને સહાય આપે.'

'હું તૈયાર છું; રોજના બે કલાક આપી શકીશ.' રંભાએ કહ્યું.

'અને અહીં આવી શીખવી જશો ?'

'આપણા કેન્દ્રમાં આવે તો હું જરૂર શીખવું.'

'આપણાં કેન્દ્ર બદલી નાખીએ; આપણે જ તેમના કેન્દ્રમાં જઈ વસીએ. મેં એમ જ કર્યું છે.'

પરાશર જમી રહ્યો એટલે ગુપચુપ ઢાંકણી લઈ રતન ઓરડીમાંથી ચાલી ગઈ. રંભાએ પરાશરની ઓરડીમાં નજર ફેંકી. ખાટલો અને મચ્છરદાની એ જ માત્ર શોખનાં સાધન તેને દેખાયાં. તે સિવાય સાદાં ખાદીનાં કપડાં, પુસ્તકો અને એક પેટી તથા ચટાઈ એટલાં જ સાધનો વ્યવસ્થિત - અર્ધવ્યવસ્થિત પડેલાં દેખાયાં. રંભા અમુક અંશે સમજી ગઈ કે પરાશર કોઈ પણ રીતે સામ્યવાદના આદર્શોનો પ્રચાર કરવા માટે આ

સ્થળે રહ્યો છે. શ્રમજીવીઓ સાથે સંપર્ક રાખવો એ બરાબર; પરંતુ રાતદિવસ તેની પાસે રહેવું એ અશક્ય અને નિરુપયોગી છે એવો તેનો મત હતો.

રતન તરફનું ખેંચાણ તો પરાશરને અહીં નહિ ખેંચી લાવ્યું હોય ? રંભાને વિચાર આવ્યો. વિચાર આવવાનું શું કારણ ? સ્ત્રીઓને એક જ પ્રથમ દૃષ્ટિ હોય ! તેમ હોય તોય શું ? લગ્નમાં ન માનનાર વ્યક્તિઓ મોજ આવે તેમ દેહસંબંધ માણી લે ! ભૂખ લાગે એને સંતોષવી. છતાં રંભાનેય રતનનો વિચાર કેમ ખટક્યો ? પરાપૂર્વના સંસ્કાર ! બીજું શું ? એ સંસ્કારને ઉખાડવા એ જ નવીન સ્ત્રીત્વનું કાર્ય.

'હમણાં શું વાંચો છો ?' રંભાએ પૂછ્યું.

'કાંઈ જ નહિ.' પરાશરે કહ્યું.

'વાંચતા જ નથી ?'

'ના, કંટાળો આવે છે. કશામાં નવું જ્ઞાન મળતું નથી; એટલે વાંચતો જ નથી.'

'તો પછી કરો છો શું ?'

'હમણાં તો જોયા કરું છું. આજથી બને તો શિક્ષણની શરૂઆત કરવી છે.'

'શું શીખવશો ?'

'શીખવતી વખતે નક્કી થઈ જશે.'

'પણ તમે આમ તમારા એકલ પ્રયત્નમાં શક્તિ ફેંકી દો, એના કરતાં કોઈ ચાલુ પ્રયત્નમાં જ જોડાઈ જાઓ તો ?'

'મને કોઈ કશામાંય જોડતું નથી.'

'કારણ ?'

'મારી કશી ખામી હશે.'

રંભા પરાશરને લેવા આવી ન હતી. Young Intellectuals- યંગ ઇન્ટેલેક્ચ્યુલ્સની સભા તો ચાર વાગે મળવાની હતી. પરાશર ખાસ વાતશોખીન ન હતો. રંભા આટલી વહેલી શા માટે આવી હતી તે પણ એ સમજી શક્યો ન હતો. આરામ તો તે કદી ઇચ્છતો નહિ. છતાં બેત્રણ લેખ લખી નાખવાની તેની ધારણા રંભાના આગમનથી અટકી ગઈ. રંભાને કાઢી મુકાય એમ ન હતું. એ નવીનતા વાંચ્છતી નવીન યુવતી હતી; નવીન વિચારો ધરાવતી હતી. વાતનો શોખ ન હોય તોપણ વાત કરવી પડે એવી સ્થિતિ ઊભી થતી હતી. અને રંભા જાતે એટલી વાતોડી હતી કે પરાશરને

વાત કરવાનો શોખ ન હતો, છતાં જવાબ આપ્યા વગર ચાલે એમ ન હતું.

પરાશરની ઓરડીમાં ચા સુધ્ધાં ન હતી. રંભાને ત્રણ વાગે ચા પીવાની ટેવ હતી.

'તમારે વ્યસનમાં શું ?' રંભાએ પરાશરને પૂછ્યું. સહજ પણ વ્યસન પુરુષને હોય તો તેનામાં બહાદુરી અને રસિકતા રહેલી જ હોય એવી પુરુષોની ભ્રમણાને વર્તમાન યુવતીઓનો ટેકો મળે છે. રંભાને ટેવ ન હતી, છતાં તેને કોઈ સરસ સિગારેટ આપે તો તે પીવામાં સંકોચ માનતી નહોતી. એટલું જ નહિ, તે ધુમાડાનાં કલામય ગૂંચળાં પણ હવામાં ઊભાં કરી શકતી; પરંતુ તે ક્વચિત જ. છતાં નિર્વ્યસની પુરુષ નિર્માલ્ય, રસહીન હોય એવી માન્યતામાં તે ભળી જતી હતી.

'બધાં જ વ્યસન કરી ચૂક્યો; હવે એકેય નથી.' પરાશરે જવાબ આપ્યો.

'એક પણ ન રાખ્યું ?'

'ના, ચા પણ નહિ.'

'ચાને તમે વ્યસનમાં ગણો છો ?'

'તો બીજું શું ? જેના વગર ચાલી શકે એને નુકસાન ખમીને પણ ન છોડવું એનું નામ વ્યસન.'

'ત્યારે તમારી ઓરડીમાં ચા પણ મળી નહિ શકે !'

'ના જી. ચાનો ખર્ચ લગભગ દારૂ જેટલે તો પહોંચ્યો છે.'

'ચા અને દારૂને સરખાં માનો છો ?'

'બંને નિરુપયોગી અને ખરચાળ.'

'ત્યારે તમારે આનંદનું સાધન કયું ?'

'આનંદ ? આનંદનો હક્ક આપણો છે ખરો ? મારી આસપાસ રહેતાં મજૂરકુટુંબોને તમે જુઓ તો આનંદ માણવાની તમારી ઈચ્છા જ હોલવાઈ જશે.'

'તે અમે મજૂર સ્થિતિ નથી જોતાં ? અમે ગઈ સાલ રજામાં સો મજૂર કુટુંબોની આર્થિક અને સામાજિક તપાસ કરી હતી.'

'અને એ તપાસનું કાંઈ ફળ ?'

'અમે નિવેદન બહાર પાડ્યું. સુધરાઈ, મિલમાલિક અને સરકારનું ધ્યાન ખેંચ્યું.'

'અને એ સઘળાનું ધ્યાન ખેંચાયું, નહિ ?'

'એ જ મુશ્કેલી છે ને ! મૂડીવાદીઓના હાથમાં સઘળું રહ્યું. મજૂરો

જાગે નહિ, સંગઠન કરે નહિ અને હડતાલ ઉપર ઊતરે નહિ ત્યાં સુધી કોઈની આંખ ઊઘડવાની જ નહિ.'

'હું હડતાલ પડાવું તો તમે મને સહાય આપશો ?'

'જરૂર, જરૂર. મને બહુ ગમશે. હું સરઘસને મોખરે લાલ વાવટો લઈ ઊભી રહીશ. પછી કાંઈ ?'

'અને પોલીસ કે મિલિટરી ગોળીબાર કરશે તો ?'

'ન્હાનાલાલની "વીરની વિદાય" વાંચી છે ?'

'ના. હું રાસગરબીઓ વાંચતો નથી.'

'તમારા પ્રશ્નનો જવાબ ન્હાનાલાલે આપ્યો છે અને હું પણ એમના જ શબ્દોમાં કહી શકું :

*"આવતાં ત્ર્રાલીશ બાણને હો*
*ઢાલે વાળીશ ઘાવ,*
*ઢાલ ફૂટે મ્હારા ઉરમાં રાજ*
*ઝીલીશ દુશ્મનદાવ."*

'રાજનું સંબોધન ન જોઈએ. જગતમાં રાજાઓ છે જ નહિ અને હોય તો જોઈએ પણ નહિ.'

'જોઈએ નહિ એ કબૂલ છે. નથી એમ કેમ કહેવાય ?'

'રમકડા જેવો વિલાયતનો રાજા કે વાજાંવાળા જેવા હિંદના રાજા-મહારાજા ! એ સિવાય...'

બહાર મોટરકારનું ભૂંગળું વાગ્યું. વાત કરતાં રંભાએ પરાશરને ખાટલા ઉપર પોતાની જોડે જ બેસાડી દીધો હતો. પરાશર અને રંભા બંને વાતોમાં ભૂલી ગયાં હતાં કે આમ અડીને પાસે પાસે બેસવું એ આજના પ્રગતિમાન યુગને પણ સંશયભર્યું લાગે છે. રંભા ચમકી ઊઠી અને બારણા પાસે જઈ ઊભી.

'બધાં આવ્યાં લાગે છે !' રંભાએ કહ્યું.

એકાએક ઊઠી ગયેલી રંભાના માનસને સમજીને પરાશરે કહ્યું :

'તમે બેસો. હું બોલાવી લાવું.'

પરંતુ કોઈને બોલાવી લાવવાની જરૂર જ ન રહી. તારિકા અને વિની બંને મોટરમાંથી ઊતર્યાં, અને રાત્રે અંધકારમય દેખાતી ચાલીના સૂર્યે દર્શાવેલા ગંદા ભાગમાં મહામહેનતે દાખલ થયાં. કૉલસા, રાખોડી, લાકડાં, ધૂળ, કાદવ, ફડફડતાં લૂગડાં, ગમે તેમ વહેતું પાણી, ઉઘાડાં બાળકો, અર્ધવસ્ત્રવાળી સ્ત્રીઓ, બૂમાબૂમ, કકળાટ, તાપમાં પડેલાં

વગરધોયેલાં નાનાં વાસણ અને ઊંઘમાં પણ અસ્વસ્થ બનતા કેટલાક જમીન ઉપર પડેલા વૃદ્ધોની વચમાં થઈ સ્વચ્છ વિની અને તારિકાને અંદર આવવાનું હતું. તદ્દન અજાણી જગા અને અજાણ્યું વાતાવરણ ! એક ક્ષણને માટે તેમને પાછા જવાનો વિચાર થઈ આવ્યો; પરંતુ પરાશરને બોલાવીને જવાનું હતું એટલે અંદર ગયા સિવાય છૂટકો જ ન હતો.

'અહીં, આ બાજુ.' રંભાએ બૂમ મારી.

'અરે શું ? આ તે રહેવાની જગા છે ?' વિનીએ કહ્યું.

'હા જી, પધારો; અહીં જ હિંદ વસે છે.' પરાશરે જવાબ આપ્યો.

'હિંદ કે હેલ* ?' તારિકાએ ચબરાકીથી પ્રશ્ન કર્યો.

'આપ જે કહો તે; બેમાં બહુ ફેર નથી.' પરાશરે કહ્યું.

'પણ તમે અહીં કેમ રહો છો ?' વિનીએ પૂછ્યું.

'જેનું કામ કરવું તેની સાથે એક બની જવું; એ સિવાય આપણી ભાવના અને આપણાં કાર્ય જૂઠાં પડી જાય છે.' પરાશર બોલ્યો.

'ગાંધીવાદનો ભણકાર ! તમે ભૂલ કરો છો.' તારિકા બોલી.

'હું ક્યારની એ જ સમજાવું છું.' રંભાએ કહ્યું.

'માટે તું અમને મૂકીને એકલી ચાલી આવી, ખરું ?'

'મેં ગઈ કાલે આ જગા જોઈ ત્યારથી જ મને એમ થયા કરતું હતું કે હું પરાશરને સમજાવી સારી જગાએ રહેવા લલચાવું.' રંભાએ કહ્યું.

'સારી જગાએ રહેવાનું તમને સહેજે મળશે, આવી જગ્યા અલભ્ય છે.' પરાશર બોલ્યો.

'બધું થાય, પણ આપણાથી આ જગામાં ન જ રહેવાય !' હાથમાંથી નાની ચામડાની સુશોભિત બૅગમાંથી નાનકડો આયનો કાઢી તેમાં મુખ જોતી વિનીએ કહ્યું.

'ન જ રહેવાય એના કરતાં કોઈને ન રહેવા દેવાય એમ કહો તો ?' પરાશરે પૂછ્યું.

'કબૂલ; અને એનો પહેલો પ્રયોગ તમારા જ ઉપર કરીએ.' તારિકા બોલી.

'એટલા માટે તો હું ક્યારની અહીં આવી છું.' રંભાએ કહ્યું.

'એકલી એકલી !' વિની બોલી અને હસી.

'હવે વખત થઈ ગયો છે : સભામાં મોડાં પડીશું. પરાશર ! તમે તૈયાર

* Hell - હૅલ - નરક.

થાઓ.' તારિકાએ આજ્ઞા કરી.

'હું તૈયાર જ છું.' પરાશરે કહ્યું.

'બીજાં કપડાં નથી પહેરવાં ?' રંભાએ પૂછ્યું.

'ના જી.' પરાશરે જવાબ આપ્યો.

'તમને કલાનો શોખ જ નથી કે શું ?'

'બહુ જ શોખ છે.'

'તો જરા ઘાટદાર કફની તો પહેરો !' રંભાએ હસીને કહ્યું.

'ઘાટદાર ?' પરાશરે પૂછ્યું અને રંભા, વિની તથા તારિકાનાં વસ્ત્રો અને મુખશૃંગાર તરફ જરા તાકીને તે જોઈ રહ્યો. પાતળી રંગીન ચૂંદડીઓ, તંગ તથા હાથને સમૂળ ખુલ્લા રાખતા કબજા, ખભે અડકતાં કર્ણફૂલ કે કર્ણલંગર, મુખ ઉપર પથરાયલા ધવલ લેપ, અને નખ ઉપરની રુધિરરંગી રતાશના ખ્યાલમાં તે ઘાટ એટલે શું એનો વિચાર કરવા લાગ્યો.

ત્રણ નિર્વસ્ત્ર બાળકીઓ બારણા આગળથી પસાર થઈ. તેમની પાસે - તેમનાં માતાપિતા પાસે બાળકીઓના દેહને ઢાંકવા પૂરતું વસ્ત્ર ન હતું. દેહને ઢાંકવાની જરૂર છે ? સંસ્કારી યુવતીઓએ દેહને ઢાંક્યા હતા કે દેહનાં દૃશ્યોને ઢાંકવાને બહાને ખુલ્લાં કર્યાં હતાં ?'

વિની પાસેથી આયનો લઈ તારિકાએ મુખ સમાર્યું.

'ઘાટદાર !' પરાશર મનમાં બોલી ઊઠ્યો.

ફાટેલાં વસ્ત્રને સીવવા મથતી બે વૃદ્ધ સ્ત્રીઓ ઓસરી ઉપર બેઠી હતી. પરાશરને ખબર હતી કે આ ફાટેલાં વસ્ત્ર સિવાય નહિ ત્યાં સુધી મર્યાદા લોપવાના ભયે કેટલીક મજૂરણો વસ્ત્ર વગર ઓરડીઓમાં સંતાઈ રહી હતી - અગર સંતાઈને ઘરકામ કર્યે જતી હતી.

'હવે ચાલો; તમારી વર્ષગાંઠને દિવસે હું તમને એક રેશમી કફની ભેટ આપીશ.' વિનીએ કહ્યું.

'એ રેશમી નહિ પહેરે.' રંભા બોલી.

'ખાદી તો ભાઈ આપણાથી સિવાય નહિ. એને માટે તો સોય નહિ પણ કૉશ જોઈએ.'

તાળું વાસ્યા વગર પરાશરે બારણું બંધ કર્યું. ચારે જણ Young Intellectualsની સભામાં જવા નીકળ્યાં. ડાઘાવાળી, બેડૉળ, ગંદી ચાલીમાંથી સ્વચ્છ, ચકચકતી, ઘાટદાર મોટરકારમાં ચારે જણ અદૃશ્ય થઈ ગયાં.

ઘાટદાર !

ચાલી કે મોટરકાર ? અજ્ઞાન, દારિદ્રય અને જડતાનો એક ઘાટ ! સંસ્કારના ઝીણા પડદા નીચે સંતાયેલો સ્વાર્થ, લુચ્ચાઈ અને શોષણનો બીજો ઘાટ !

ચાલી સારી કે મોટરકાર ?

# ૪

લગભગ ત્રીસેક યુવકયુવતી એક મોટા ખંડમાં ભેગાં થયાં હતાં. જમીન ઉપર સુશોભિત બિછાયતો પાથરેલી હતી, અને ભીંતે અઢેલીને એક આસમાની રંગના ગલેફવાળો તકિયો મૂકવામાં આવ્યો હતો. ખંડની ભીંત અને આસમાની રંગનો તકિયો રંગયોજનામાં અનુકૂળ બની જતાં હતાં. તકિયે અઢેલીને ભાસ્કર પ્રમુખસ્થાને બેઠો લાગતો હતો. આઠેક યુવતીઓ વીસબાવીસ યુવકોની સાથે ભેળસેળ બેઠેલી હતી. સ્ત્રીઓ માટે અલગ સ્થાન રાખવાની પ્રણાલિકા અશિષ્ટ, વર્ગભેદ ઉપજાવે એવી અને જાતીય ભાવનાને જાગ્રત રાખવામાં સહાયભૂત બનતી હોવાથી આ 'યંગ ઈન્ટલેક્ચ્યુઅલ્સ' - બુદ્ધિવાદી યુવક મંડળે તેનો ભંગ કર્યો હતો.

'આજે હું ચારેક નવા સભ્યોને આકર્ષી શક્યો છું.' ભાસ્કરે કહ્યું.

સભાએ તાળીઓ પાડી.

'અને વધારે મહત્ત્વની વાત એ છે કે ચારે સભ્યો સ્ત્રીવર્ગની છે.'

સભાએ વધારે તાળીઓ પાડી, અને સહુએ નવા સભાસદોને શોધી કાઢવા નજર ચારે પાસ નાખી. શોભના, વિની, તારિકા અને રંભા તરત નૂતન સભ્યો તરીકે પરખાઈ આવ્યાં.

'એક મિત્ર સભ્ય નથી, છતાં સહાનુભૂતિ દર્શાવવા હાજર છે, ઘણા તેને ઓળખે છે. થોડા સમયથી એના દેખાવમાં ફેર પડ્યો છે; અને ગાંધીવાદ તરફ તે ઘસડાયે જાય છે; છતાં તેને મેં આમંત્રણ આપ્યું છે. એનું નામ પરાશર. એની હાજરીનો સભાને વાંધો નહિ હોય.' પ્રમુખ ભાસ્કરે કહ્યું.

સભા બોલી ઊઠી :

'ના, ના, ના.'

'તો આપણે આપણું કામ શરૂ કરીએ. આપણે પ્રગતિશીલ છીએ; અર્થવાદી નથી. બુદ્ધિને અનુસરવાનો આપણો દાવો છે. અત્યારની પરિસ્થિતિનું નિવેદન બે વિભાગમાં આપણે તૈયાર કરાવ્યું છે : એક આંતરરાષ્ટ્રીય અને બીજું હિંદી. તે આપ સંભાળી લો અને તેમાં સુધારા સૂચવો.' પ્રમુખ ભાસ્કરે મહત્ત્વપૂર્વક કહ્યું, અને એ યુવક તરફ દૃષ્ટિ ફેંકી યુવકે ઊભા થઈ નિવેદન વાંચવું શરૂ કર્યું.

યુવક ચબરાક લાગતો હતો, પરંતુ તેનો દેહ દુર્બળ હતો, અને એની આંખ ઉપરનાં ચશ્માં બહુ ભારે લાગતાં હતાં. તેણે સ્વચ્છ અંગ્રેજી ભાષામાં પરદેશી સ્થિતિનો સરસ ચિતાર આપ્યો. હિટલર મુસોલિની અને જનરલ ફ્રેન્કોને પણ બહુ ગાળો દીધી. ચેમ્બરલેન, હેલીફાક્સ, દલાદિયર અને રૂઝવેલ્ટની નામર્દાઈ ઉપર તેણે પ્રહારો કર્યા. જર્મન જંગલીપણા ઉપર તેણે ફિટકાર વરસાવ્યો. એબીસીનિયા, સ્પેન, ઑસ્ટ્રિયા, ઝેકોસ્લોવેકિયા, ચીન અને આલ્બેનિયા ઉપરના આક્રમણમાંથી જગતના તારણહાર રશિયાની મુશ્કેલીનું તેણે સરસ વર્ણન આપ્યું; અને જોકે બલવાદી પ્રજાઓનો દેખીતો વિજય થતો લાગતો હતો; છતાં જગતભરના મજદૂરો અને કિસાનો અંતે એકત્ર થઈ જુલમી શાહીવાદને કેવી રીતે ઉથલાવી નાખવાના છે તેનો બહુ ચોક્કસ નકશો તેણે દોરી આપ્યો. તેના નિવેદનની બહુ સારી અસર થઈ, અને મજદૂરો અને કિસાનોના ચોક્કસ ભાવિ વિજયમાં અત્યંત રાજી થતા રેશમી કફનીમાં સજ્જ થયેલા એક ફૂટડા યુવકે પોકાર પણ કર્યો:

*ઈન્કિલાબ, ઝિંદાબાદ !*

હાલી ગયેલા હૃદયવાળી એક યુવતીએ તે પોકાર ઝીલી તેને ગીતનું રૂપ આપ્યું :

*ઈન્કિલાબ ઝિંદાબાદ !*
*ગુંજે આઝાદીકા નાદ.*
*ઈન્કિલાબ, ઝિંદાબાદ !*

આખી સભાએ તે ઝીલી લીધું. સભાનો ખંડ ભાસ્કરના પિતાની માલિકીના એક માળાનો ભાગ હતો, એટલે માળામાં રહેતાં થોડાં બાળકો અને થોડી સ્ત્રીઓ ખંડી પાસે ભેગાં થઈ ગયાં, અને અંદર ડોકિયાં કરવા લાગ્યાં. બુદ્ધિવાદી યુવાનોને લાગ્યું કે તેમણે પોતાની અસર જનતામાં ફેલાવવા માંડી છે.

બુદ્ધિવાદમાં પણ ઊર્મિને તો સ્થાન હોય છે જ. ઊર્મિ શમતાં પ્રમુખે બીજા યુવકને હિંદની પરિસ્થિતિ સમજાવવા વિનંતી કરી. યુવક ઊભો થયો. સુરવાલ, અચકન, ખુલ્લા વાંકડિયા વાળ અને કિનાર વગરનાં ચશ્માંથી દીપતા એ યુવકે સ્ત્રીવિજયી સ્મિત ફેંકી વિવેચન વાંચવાનું શરૂ કર્યું.

પરાશરના મનમાં એક વિચાર આવી ગયો :

'ગુજરાતનું પુરુષત્વ રૂપાળું બને છે કે બાયલું ?'

આ યુવકે એક સુંદર વિહંગાવલોકન શરૂ કર્યું : 'ગાંધીવાદના

ગ્રહણમાં ઘેરાયલ મહાસભાનો પ્રકાશ ઘટતો જતો હતો. પ્રાંતિક સ્વરાજ્યનો પડછાયો સ્વીકારવાથી મહાસભાનો ક્રાંતિવેગ તદ્દન છીછરો બની ગયો હતો. દેશને ક્રાંતિ માટે તૈયાર કરવાને બદલે કાયદાકાયર બનાવવાની હિલચાલ શરૂ થઈ ગઈ હતી. કાયદા પણ મજદૂરો અને કિસાનોને મૂડીવાદીઓની ચુંગાલમાં વધારે ફસાવે એવા થતા હતા. મજૂરોની હડતાલો મહાસભાનાં જ પ્રધાનમંડળો ગોળીબારથી તોડતાં હતાં. સત્તાશોખીન મધ્યવર્તી વડીલમંડળ પ્રધાનમંડળો પણ લગામમાં રાખી એકહથ્થુ સત્તા જમાવ્યે જતું હતું, અને સામ્યવાદીઓ ઉપરના અંકુશ હળવા થયા ન હતા. મહાસભા તો મિલમાલિકો, જમીનદારો, મિલકતવાળાઓ, વકીલો ને ડૉક્ટરો જેવા લૂંટારુ ધંધાદારીઓના હિતસમૂહ સાચવનારી પ્રત્યાઘાતી સંસ્થા બનતી જતી હતી...'

એકાએક સભામાંથી પ્રશ્ન ઊઠ્યો :

'પરંતુ અહીં ભેગાં થનાર યુવકયુવતીમાંથી કોણ મજદૂર અને કોણ કિસાન વર્ગનું પ્રતિનિધિત્વ બતાવે છે ?'

પ્રશ્ન પૂછનાર પરાશર હતો.

'બધા જ, બધા જ.' થોડા જવાબો મળ્યા.

'મિલમાલિક, જમીનદાર, મિલકતવાળા, વકીલો, ડૉક્ટરો જેવા લૂંટારુ ધંધાદારીઓ - અને ઉપરાંત સુખી સરકારી નોકરોના દીકરા, ભાઈ કે ભત્રીજો-ભાણેજ સિવાય અહીં બીજું કોઈ બેઠું છે ખરું ?' પરાશરે પ્રશ્ન પૂછ્યો.

'એટલે ?' એક પ્રશ્ન થયો.

'એટલે એમ કે તમે બધા જ પ્રત્યાઘાતી સંસ્થાના આશ્રિતો છો. સુખી મહાસભાવાદીનો દીકરો એટલે સામ્યવાદી ! હિંદના સામ્યવાદીઓને બીજી ઢબે હું ઓળખાવી શકતો નથી.' પરાશરે કહ્યું.

સભામાં જરા ધાંધળ થયું; સહુ કોઈએ બોલવા માંડ્યું. પ્રમુખે એક નાનકડી ઘંટડી વગાડી સહુને શાંત પડવા સૂચન કર્યું. અંતે એક જણે પ્રશ્ન કર્યો :

'પરાશર સભાસદ નથી; એને પૂછ્યા સિવાય બોલવાનો અધિકાર નથી.'

'હું તો પ્રશ્ન પૂછતો હતો. આપણે બધા જ પ્રત્યાઘાતી છીએ એમ દર્શાવવા માગતો હતો. મહાસભાવાદીઓની ટીકા કરવા માટે આપણો શો અધિકાર છે તે હું સમજવા માગતો હતો. પરંતુ હવે પૂછ્યા વગર હું નહિ

બોલું.' પરાશરે કહ્યું.

નિવેદન વાંચતા સુંદર યુવકે વાચન શરૂ કર્યું. મુસ્લિમ લીગ અને હિંદુ મહાસભાની આંખે ધર્મના પડળ ફરી વળ્યાં હતાં, અને રાષ્ટ્રીય મહાસભાએ મુસ્લિમ માગણીઓનો સ્વીકાર કરવાની નબળાઈ બતાવતાં, ઝીણા અને હક્ક જેવાને હાથે લપડાકો ખાધી હતી...

'આવા ઉલ્લેખો પ્રત્યે મારી સખ્ત નાપસંદગી જાહેર કરું છું.' એક સભાસદે કહ્યું.

બિરાદર હુસેને આ વાંધો લીધો હતો. બુદ્ધિવાદી યુવકોમાં બેત્રણ મુસ્લિમ યુવકો પણ હતા.

'એમાં વાંધો લેવા જેવું શું છે તે હું સમજી શકતો નથી. સત્ય હકીકત છે, અને રાજકીય પૃથક્કરણ સુંવાળી ભાષામાં કરવાની જરૂર નથી.' એક સભ્યે વાંધાનો જવાબ આપ્યો.

'એકલી મુસ્લિમ લીગનો જ તમને વાંક દેખાય છે એ જ બતાવી આપે છે કે તમે કેટલું સાચું બોલો છો !' હુસેનથી સહજ દૂર બેઠેલા વલીમહમદ લાલજી તરવાડીએ કહ્યું.

'અરે હિંદુ મહાસભાની હકીકત પણ આવે છે. સાવરકર અને મુંજેની પણ ઝાટકણી કાઢવામાં આવી છે.' બીજા એક સભ્યે કહ્યું.

'હું પ્રમુખ સાહેબને પૂછી શકું કે આ સંસ્થા સહુની ઝાટકણી માટે છે કે કાંઈ કાર્યના ઉદ્દેશથી રચાઈ છે ?' પરાશરે પૂછ્યું.

'પરિસ્થિતિના અભ્યાસમાં ઝાટકણી પણ જરૂરની છે.' એક સભ્યે કહ્યું.

'આપણી પણ ઝાટકણી સાથે સાથે નીકળે તો સારું.' પરાશરે કહ્યું.

'બિરાદર હુસેને ધર્મનું તત્ત્વ દાખલ કરી ચર્ચા ચલાવી એ બહુ દિલગીરીભરેલું છે. હું માનું છું કે આપણા સભ્યો ધર્મથી પર બની ગયા છે.' પ્રમુખ ભાસ્કરે ચુકાદો આપ્યો.

હુસેન અને વલીમહમદનાં મુખ ઉપર સહજ ઘેરી છાયા ફરી વળી. મુસ્લિમો અહીં પણ લઘુમતીમાં હતા એનું ભાન તેમને થયું. અલબત્ત તેઓ બુદ્ધિમાન હોવાથી ધર્મમાં માનતા ન હતા. છતાં વધુમતી હિંદુકોમ મુસ્લિમો પ્રત્યે ઉદાર વર્તન રાખતી ન હતી એટલું તો તેમના મનમાં ઠસી ગયું હતું. તે માન્યતા અકારણ હતી કે સકારણ તેનો વિચાર સરખો ન કરતાં મમત્વ વધી પડ્યું હતું.

પરંતુ સહુનું ધ્યાન ચર્ચામાંથી બહાર નીકળી રસ્તા તરફ દોરાયું.

રસ્તા ઉપર બૂમાબૂમ થતી હતી; મોટરોનાં ભૂંગળાં જોરથી વાગતાં હતાં; બારીબારણાં ભડાભડ વસાતાં હતાં, છોકરાં રડતાં સંભળાતાં હતાં; સ્ત્રીઓની ચીસો કાને આવતી હતી; ગાડીઓની ઝડપી દોડનો ખ્યાલ આવતો હતો. વાતાવરણમાં વિચિત્ર અશાંતિ દેખાતી હતી.

'બહાર શું થાય છે ?' એક સ્ત્રી બુદ્ધિમત્તાએ પૂછ્યું.

'હુલ્લડ હશે.' એક સભ્યે કહ્યું.

'હુલ્લડ ? શાનું ?' બીજા સભ્યે પૂછ્યું.

'હિંદુ-મુસલમાન વચ્ચેનું. એ સિવાય બીજું હોય જ નહિ ને !' ત્રીજા સભ્યે કહ્યું.

'મિલમાલિકો અને કામદારો વચ્ચે પણ હોય.' ચોથાએ કહ્યું.

'અગર સરકાર અને કિસાનો વચ્ચે.'

"બારણાં બંધ કરો", "અંદર જતા રહો", "સંતાઈ જાઓ", "મરી જશો", "મારો", "બાળી નાખશે" વગેરે ઉદ્‌ગારો યુવાન બુદ્ધિમાનોને કર્ણે સંભળાવા લાગ્યા. એકબે પથ્થરોથી કાચ તૂટતા હોય એવો પણ ભાસ સહુને થયો.

'આ પ્રશ્ન આપણી સામે જ આવી ઊભો છે. "યંગ ઈન્ટલેક્ચ્યુઅલ્સ" કાંઈ પગલું ન લે ?' પરાશરે પૂછ્યું.

એક યુવકે ઊઠીને બારણું બંધ કરવા માંડ્યું.

'પ્રશ્ન સામે બારણું બંધ કરવાનું હોય તો મને બહાર નીકળી જવા દો.' પરાશરે કહ્યું.

'Don't be a fool.'* કોઈનો ઉદ્‌ગાર સંભળાયો.

'આપણે શું કરી શકીએ ? સખ્ત શબ્દોમાં વખોડી કાઢીએ.' કોઈએ કહ્યું.

'આગળ કશું નહિ ?' પરાશરે પૂછ્યું

'શું થાય ? હું તો મહાસભાવાદી છું; અહિંસક છું.' એક સભ્યે કહ્યું.

'મોટો ભાગ મહાસભાવાદીઓનો છે.' બીજા કોઈએ કહ્યું.

'અને સામ્યવાદીઓ પણ ઉદ્દેશહીન હિંસામાં માનતા નથી.'

'ઝઘડો અટકાવવામાં તો માને છે ને ?' પરાશરે પૂછ્યું.

'પણ એની રીતસર યોજના વિચારીએ, પગલાં નક્કી કરીએ, કામનું ધોરણ ઠરાવીએ, તે પછીથી તે અમલમાં મૂકી શકાય.' એક કાયદાબાજ

* મૂર્ખ ન થાઓ.

ભાવિ ધારાશાસ્ત્રીએ કહ્યું.

'અને તમે ધોરણ ઠરાવો ત્યાં સુધી ઝઘડા મુલતવી રહેશે, નહિ ?'

'એ ઝઘડામાં ધર્મનું તો બહાનું જ છે. તકરાર છે માત્ર રોટલીની. શાહીવાદી અર્થવાદનું માળખું તૂટી પડે તો આ બધું અટકી જાય.' એક ફિલસૂફે હિંદમાં સમજાયલું માર્ક્સનું સૂત્ર ઉચ્ચાર્યું.

'આપણે એટલું જ કરીએ. હિંદુઓ મુસ્લિમોને મારતા હોય તો આપણા આ ત્રણે મુસ્લિમભાઈઓની સલામતી આપણે કહેવાતા હિંદુઓ માથે લઈ લઈએ. અને મુસ્લિમોનું જોર હોય તો આ ભાઈઓ આપણને સલામત રાખવાની બાંહેધરી આપે.' પરાશરે કહ્યું.

'પણ અમે હિંદુ છીએ એમ અમે કહેતા જ નથી. ધર્મમાં અમે માનતા નથી.' ભયના માર્યા ધર્મને ધકેલી દેતા એક સભ્ય-જન્મે હિંદુ ભાઈએ કહ્યું.

'અરે, હા હા, એ યોજના બરાબર છે. હું કબૂલ છું.' મોટી સંખ્યાને આશ્રયે બહાદુર બનતા એક બુદ્ધિમાને કહ્યું.

'અમો ત્રણને માથે તમે ત્રીસની જવાબદારી નાખો છો એમાં જ તમારું હિંદુપણું દેખાઈ આવે છે. એ જ ઢબે તમે મુસ્લિમો સાથે વર્તાવ રાખવાના, ખરું ને ? તમારી સંસ્થા સાથે અમે ભાગ્યે જ સંબંધ રાખી શકીએ.' એક મુસ્લિમ બિરાદરે ગુસ્સાથી કહ્યું. ધર્મરોગી મુસ્લિમ માનસ અને ભીરુતાભ્રષ્ટ હિંદુ માનસ અહીં તરવરી રહ્યાં. નવી કેળવણી પણ તેમને ધર્મઝનૂન કે કાયરતાથી મુક્તિ અપાવી શકતી ન હતી. મકાનની બહાર માનવ રાક્ષસતાનાં વર્તુલો ઘૂમતાં સંભળાતાં હતાં. હજાર વર્ષોથી સંસ્કૃતિસમન્વયનાં અજાણ્યે પ્રયોગો કરતી હિંદી પ્રજા અત્યારે સામસામે ધર્મમોરચા માંડી ધર્મને અધર્મનું સ્વરૂપ આપ્યે જતી હતી. અને તે ભણેલા, બુદ્ધિમાન, હિંદની એકતાનાં સ્વપ્નો સેવી ચૂકેલા, અરે હિંદની એકતા માટે મથી ચૂકેલા પીઢ અગ્રણીઓની દોરવણી નીચે !

એક સાંકળે બાંધેલા બે ગુલામો સામે રોટલીનો એક ટુકડો ફેંકાયો ! સાંકળ તોડવાનું બાજુએ રહ્યું, અને બંને ગુલામોએ આંખો કાઢી ઘૂરકવા માંડ્યું, નહોર-નખોરિયાં મારવા માંડ્યાં તથા વધારે વીરરસમાં આવી પરસ્પરને બચકાબચકી ભરવા માંડ્યાં. રોટલીનો ટુકડોયે ધૂળમાં રગદોળાય છે, ખણખણતી જંજીર સંભળાતી પણ બંધ થાય છે, ગુલામો સાચા દુશ્મનને ભૂલી જાય છે, અને એકબીજાને દુશ્મન લેખી ઝેરભર્યું માનસ અને લોહીભર્યા દેહને જોઈ જોઈ જીનવૈતાળનાં આહ્વાન કર્યે જ જાય છે.

ગુલામોનો માલિક બંનેની મનોદશા જુએ છે. એ મનોદશાને ઉગ્ર બનાવવા ધૂળભર્યા ટુકડાના વધારે ટુકડા બનાવી બન્ને ગુલામો વચ્ચેનાં વિગ્રહસ્થાનો વધારે છે, હસે છે, રમત જુએ છે, અને ક્ષણે ક્ષણે નિર્બળ બની જતા ગુલામોના સંગ્રામમાં સાંકળની ક્ષેમકુશળતા નિહાળ્યા કરે છે. શેરીમાં થતા શ્વાનવિગ્રહ સરખો આ હિંદુ-મુસ્લિમ વિગ્રહ માલિકીની એક એક લાકડી પડતાં શમી જશે એવી ખાતરી ધરાવતો માલિક બંને ગુલામો પાસે એની નિત્યમજૂરી લીધે જ જાય છે. ગુલામોની અને શ્વાનોની વચ્ચે ભાગ્યે જ તફાવત હોય ! અંદર અંદર લડતાં એ પ્રાણીઓ જેણે નીરખ્યાં હોય તેને ભાગ્યે જ હાલના હિંદુ-મુસ્લિમ વિગ્રહમાં એથી વધારે ઊંચું માનસ દેખાતું હોય !

અને એ ગુલામો ઘૂરકતાં ઘૂરકતાં પરસ્પરને સંભળાવે છે કે -

'અમે બાદશાહીનાં ફરજંદ !'

'અમે હિંદુપત પાદશાહીનાં સંતાન !'

પરાશર બહાર નીકળવા ગયો. રંભા એકાએક ઊભી થઈ આગળ વધતા પરાશરને રોકવા જતી દેખાઈ.

'મારી સાથે આવો છો ? ચાલો.' પાછળ આવતી રંભાનો હાથ ખેંચી પરાશરે કહ્યું, અને તે ઓરડાની બહાર નીકળી ગયો. રંભા પાછળ ઘસડાઈ.

'મૂર્ખાઈ !' 'નિરર્થક સાહસ !' 'બહાદુરીનો ભ્રમ !' 'ચક્રમપણું !' એવા એવા ઉદ્ગારોથી પરાશરના કૃત્યને ઓળખાવતા 'બુદ્ધિમાન યુવકો'માંથી એકે ઊઠી ઝડપથી બારણું બંધ કર્યું. સુંવાળી બુદ્ધિએ કંટકભરેલા સત્ય તરફ આંખ મીંચી. શોભનાને આ કાયરતા અસહ્ય થઈ પડી. તેણે ઊભા થઈને કહ્યું :

'પ્રમુખ સાહેબ ! બારણું બંધ થવું ન જોઈએ.'

'બધાંની સલામતી માટે એ જરૂરી છે.' છોકરી સરખા તીણા અવાજ-વાળા એક યુવકે કહ્યું.

'જરાય નહિ. અહિંસામાં માનતા હો તો વગરહથિયારે અને હિંસામાં માનતા હો તો આ માળામાંથી દંડા લઈને સહુ કોઈ બહાર આવો. ટોળાબંધ ત્રીશે જણ નીકળશું તો ઘણું થઈ શકશે.' શોભનાએ તકરાર ઉઠાવી.

'સ્ત્રીઓ hysterical* હોય છે...' તીણા અવાજવાળા યુવકે જવાબ

* ઊર્મિ-પ્રધાન

આપ્યો. એ જવાબ પૂરો થાય તે પહેલાં શોભનાએ બારણું ઉઘાડી નાખ્યું. બારણું ઉઘાડતા બરાબર બહારથી પથ્થરનો વરસાદ વરસવા લાગ્યો. માથા ઉપર થઈ ચાલી જતા પથ્થરોથી બચવા શોભના નીચી વળી બહાર છજામાં ચાલી ગઈ. કઠેરાના આશ્રય નીચે સંતાઈને બહાર નજર નાખતી શોભનાએ રસ્તા ઉપરનાં રમખાણો નિહાળ્યાં. લોકો દોડતા હતા, બૂમો પાડતા હતા, નાસતા હતા, ધસતા હતા, ધક્કામુક્કી કરતા હતા, લાઠીઓ ઉછાળતા હતા અને વચમાં વચમાં છરાઓ ચમકાવતા હતા. કોઈ કોઈના હાથમાં બળતાં લૂગડાંવીંટ્યાં વાંસ પણ હતા. ઘડીકમાં માનવટોળું બાહ્ય દેખાવે હિંદુ લાગતું તો ઘડીકમાં તે ટોળું મુસ્લિમ હોવાનો ભ્રમ ઉત્પન્ન કરતું. એકબીજાને આશ્રયે વીર બનવા મથતાં એ ટોળાં મોટું ટોળું સામે આવતાં, વેરાઈ જઈ નામર્દોની ચાલાકી દર્શાવતાં અને એકલ માણસને નિહાળી તેના ઉપર લાઠી લઈ તૂટી પડી અગર પીઠ પાછળથી છરો ભોંકી નામર્દોની વીરતાનું પ્રદર્શન કરતાં.

એક યુવતીને ઝડપથી એક શેરીમાં પસાર થતી શોભનાએ નિહાળી. એ રંભા તો નહિ હોય ? હુલ્લડમાં સ્ત્રીઓ ભાગ્યે જોવામાં આવતી.

ક્ષણવારમાં તેણે એક યુવક પર લાઠીઓની ઝડી પડતી જોઈ. એ યુવક પણ બરાબર સામો થઈ લાઠીના પ્રહારો ઝીલતો અને સામા પ્રહારો કરતો. એ પરાશર તો નહિ હોય ?

શોભના ઊભી થઈ. છજા ઉપર હવે પથ્થરો પડતા ન હતા. તેના હૃદયમાં જાણે આવેશ હોય તેમ તે આગળ ધસી નીચે ઊતરવા ગઈ. તેને લાગ્યું કે તેને કોઈ પકડી રાખે છે. તેણે પાછળ જોયું. ભાસ્કર તેને રોકતો હતો.

'છોડ, ભાસ્કર ! મને જવા દે.' શોભનાએ કહ્યું.

'ક્યાં ?'

'બહાર.'

'મૂર્ખ ન બનીશ.'

'રંભા મુશ્કેલીમાં છે.'

'તારા ગયાથી એ બચશે ?'

'મને એ વિચાર આવતો નથી; જે થાય તે ખરું.'

'તોફાન આપણાથી દૂર ચાલ્યું જાય છે. મારી કાર નીચે ચોકમાં જ છે. આપણે તેમાં ચાલ્યાં જઈએ.' ભાસ્કર બોલ્યો.

'અને બીજાં બધાં ?'

'તેમને માટે જ જવાનું ને ? તને સલામત પહોંચાડી હું પોલીસની ટુકડી લઈ અહીં આવું છું. ત્યાં સુધી સહુ સલામત છે. મેં અહીંના ભૈયાઓને પૈસા આપી દીધા છે; એ માળો સાચવશે.'

'રસ્તામાંથી રંભાને લેઈ લેવાશે ?'

'હાસ્તો.'

'અને પરાશરને ?'

'પ્રયત્ન કરી જોઈએ. ચાલ.' ભાસ્કરે શોભનાનો હાથ ઝાલી આગળ ખેંચી. કાંઈ પણ સમજ ન પડતી હોય એમ વિચારશૂન્ય બની ગયેલ શોભના ખેંચાઈ આગળ ચાલી.

દૂર ચાલ્યા જતા હુલ્લડ ઉપર સંધ્યાકાળનું ધુમ્મસ ઢંકાતું હતું. શોભના ભાસ્કર સાથે કારમાં બેસી ગઈ. અને દીવા પ્રગટાવતી કાર આગળ વધી.

'આપણે સાથીઓને મૂકી ભાગી જઈએ છીએ.' શોભના બોલી.

'જરાય નહિ. બધા સભ્યોની સૂચનાથી જ હું આવ્યો છું. આપણે જોખમ ખેડીને બહાર નીકળ્યાં છીએ.' ભાસ્કરે કહ્યું.

એકબે પથ્થર કાર ઉપર અથડાયા; કારની ઝડપ વધી. ભાસ્કરે પૂછ્યું :

'બીક તો નથી લાગતી ને ?'

'ના.'

'તારું શરીર તો થરથરતું લાગે છે !' શોભનાનો હાથ પકડી ભાસ્કરે કહ્યું.

'મેં એક વાર કહ્યું ને કે હું પરણેલી છું ?' શોભના બોલી.

'તેથી શું ?' ભાસ્કરે હસીને પૂછ્યું.

લગ્ન નિરર્થક છે; મિલકતની ભાવનાનું પરિણામ છે; લગ્ન અને શરીરસંબંધ એ બે ભિન્ન તત્ત્વો છે; શરીરસંબંધમાં આ નથી; એવાં એવાં સૂત્રોની ચર્ચા કરતા યુવકયુવતીના મંડળમાં આ પ્રશ્ન પુછાય એ સહજ છે. એ પ્રશ્નનો જવાબ પણ મળતો નથી.

કાર અદૃશ્ય થઈ. અનિયંત્રિત હુલ્લડનાં રાક્ષસી વમળો ઉપર તરવાને પાત્ર બનવી જોઈતી હિંદની સંસ્કારસમૃદ્ધ જુવાની આ સુંવાળા, સહેલા અને સ્વતંત્ર લાગતા પ્રેમના પારામાં ગળી તો નથી જતી ને ?

ગુલામી ભોગવતું માનસ કદાચ સ્વતંત્ર પ્રેમમાં બેડીની એકાદ કડી તૂટ્યાનો અનુભવ પણ કરતું હોય, નહિ ?

કે પછી સાચા, સમાજ કે પ્રણાલિકાને તોડવા મથતા પ્રેમનું એ ખરેખરું મુક્ત ઉડ્ડયન - કે ઉડ્ડયનની પ્રાથમિક અપક્વ ભૂમિકા તો એ ન હોય ?

હુલ્લડ વધતું હતું. પોલીસની સિસોટીઓ વાગતી હતી. ક્વચિત્ બંદૂકના બાર પણ સંભળાતા હતા.

## ૫

'બહુ સારું થયું તમે આવ્યા તે. હુલ્લડ ચાલે છે, અને મને એવો ધ્રાસ્કો પડ્યો !' પરાશરને ચાલીમાં પેસતો જોઈ રતને કહ્યું.

'બધે હુલ્લડ નથી.' પરાશરે જવાબ આપ્યો.

'ગઈ સાલ આ ચાલી પાસે જ તોફાન થયેલું. કેટલી મારામારી અને કાપાકાપી ! મેં પણ પાંચપંદર પથરા ફેંક્યા હશે !'

'તને બૈરાંની પોલીસમાં દાખલ કરીશું.' પરાશરને હસવું આવ્યું.

'એટલે ?'

'હવે પુરુષ પોલીસથી હુલ્લડ અટકતાં નથી એટલે...'

'અરે, પણ આ તમારા માથામાંથી તો લોહી નીકળે છે ! ક્યાં વગાડી આવ્યા ?'

'કોણ જાણે !'

રતને ઝડપથી પરાશરની ઓરડીનું બારણું ઉઘાડ્યું, અને ફાનસ સળગાવવા જતા પરાશરના હાથમાંથી ફાનસ ઝૂંટવી તેણે સળગાવ્યું.

'બાપરે ! બહુ લાગ્યું છે. નીચે બેસી જાઓ; હું રૂ બાળી લાવું.' રતને પરાશરને પકડી ખાટલા પર બેસાડ્યો, અને ઓરડીની બહાર તે દોડી ગઈ.

પરાશરની અને રતનની ઓરડી વચ્ચે બીજી ઓરડીઓ હતી છતાં ઘણી વખત મોટેથી થતી વાત આખી ચાલીમાં સંભળાતી. મજૂરોને ટીપમાં વાત કરતા સભ્યતા નડતી નથી. પંચમ અ ધૈવત એ અશિક્ષિતોના સામાન્ય સૂર ગણી શકાય. પરાશરે રતન અને તેના પતિ વચ્ચે થતી વાત સાંભળી પણ ખરી :

'બહાર પગ મૂક્યો તો પગ વાઢી નાખીશ.'

'વાઢ્યો હવે તેં પગ ! મૂઆ પાછો દારૂ પી આવ્યો !'

'બહુ બોલી તો જીવતી નહિ છોડું ! જોવું છે ?' એક લાકડીનો ફટકો પણ પરાશરે સાંભળ્યો.

'પીટ્યા ! રાજિયો ગાય તારો ! હાથ સખણો નથી રહેતો, ખરું ? પેલા પઠાણને તો વેચવા ફરતો હતો, અને હવે મોટો સતો થાય છે...'

રતન ઓરડીમાં આવી અને પરાશરે પૂછ્યું :

'શું કરવાને આવી ?'

'કેમ ન આવું ?'

'તારો વર તો લડે છે.'

'છોને લડે; એને બીજો ધંધો શો છે ?'

પરાશરના માથામાં વાગેલા ઘા ઉપર તેણે રૂ દબાવીને મૂકવા માંડ્યું. એક માતા કે એક બહેનનો નિઃસ્વાર્થ હાથ ફરતો પરાશરે અનુભવ્યો. કયા કારણે રતન આવી કાળજી લેતી હતી ? પઠાણના મારથી પતિને બચાવવા ચોરી કરનાર પત્ની ચોરીના ભોગ પ્રત્યે ભ્રાતૃભાવ કેળવતી હતી ! અને એ ભાવને ખાતર પતિનાં મહેણાં અને કદાચ માર પણ સહન કરવા તૈયાર બનતી હતી ! આવી સારવાર પંદર રૂપિયા ખર્ચ્યે પણ કદાચ ન મળે; સારવાર મળે તોપણ સારવાર પાછળનો ભાવ તો ન મળે.

સાદા, અસંસ્કૃત ગરીબ જીવનની સરળતા ક્યાં ? અને આંટીઘૂંટીવાળા શિક્ષિત, સદા જાગ્રત રહેતા મધ્યમવર્ગી જીવનનો પડદાપોશ સ્વાર્થ ક્યાં ? યુવકો અને યુવતીઓ હુલ્લડ શમ્યા પછી સલામતીની ખાતરી થયે સેવા કરવા નીકળશે, વકીલો વ્યાખ્યાનો આપવા નીકળશે ! પણ દેહને અગ્નિમાં હોમનાર* ગણેશ શંકર વિદ્યાર્થી તો એક જ નીકળ્યો, નહિ ?

કૉલેજના યુવકો પ્રગતિમાન મનાય; કૉલેજ બહાર નીકળેલા યુવાન વિચારકો પણ પ્રગતિશીલ ગણાય. એ યુવકો હુલ્લડ અટકાવવા જવા ટુકડીબંધ પ્રયાસ કેમ કરતા નથી ? યંગ ઇન્ટલેક્ચ્યુઅલ્સ સ્પેન, ચીન અને એબીસીનિયાની વિગતો સંબંધી ચર્ચા બંધ કરી તેમની જ આંખ આગળના પ્રશ્નોનો નિવેડો કરે તો ? શહેરમાં થતાં હુલ્લડને અટકાવી દેવા ત્રણસો યુવાનો પણ ઊભા ન થઈ શકે ? સ્પેનની ઇન્ટરનેશનલ બ્રિગેડમાં ન જવાયું તેથી અસંતોષમાં પડેલા યુવકો હુલ્લડવિરોધી ટુકડી ઊભી કરે તો ? ક્રાંતિવાદ ફેલાવવા કરતાં આ કોમવાદનું હળાહળ નિવારવું એ કદાચ આજનો વધારે અગત્યનો પ્રશ્ન પણ હોય.

મજૂરો અને કિસાનોની ઉન્નતિ સાથે ત્રણસો યુવકોની હુલ્લડવિરોધી ટુકડી ઊભી કરવાનો નિશ્ચય કરતા પરાશરને રતનની સારવાર અનેક પ્રશ્નવર્તુલોમાં દોરી જતી હતી.

પરંતુ તેના પ્રશ્નોને અટકાવનાર એક ટકોરો તેની ઓરડીના અર્ધખુલ્લા બારણા ઉપર પડ્યો. સહજ ચમકી બંનેએ બારણા તરફ જોયું;

* કાનપુરના હિંદુ-મુસ્લિમ હુલ્લડ વખતે હુલ્લડ શમાવતાં પ્રાણ અર્પણ કરનાર એક મહાન યુવક.

રંભા અંદર આવી રહી હતી.

'છેવટે વાગ્યું, ખરું ?' રંભાએ પાસે આવી પૂછ્યું.

'આવા હુલ્લડમાં પડીએ એટલે વાગે પણ ખરું.' પરાશરે જવાબ આપ્યો.

'જીવનું જોખમ ! કેટલું સાહસ કર્યું !'

'સાહસ વગર શું બની શકે ? અને જીવ તો પ્રત્યેક પળે જોખમમાં જ છે ને ?'

રતને સારવાર અટકાવી. તેને લાગ્યું કે તેની ઓરડીમાંથી બૂમો આવ્યા કરતી હતી; રંભાના મુખ ઉપરની તેણે ચિંતા પણ નિહાળી. વ્યવહારદક્ષતાનો આશ્રય લેઈ રતને કહ્યું :

'હું જરા જઈ આવું.'

'હા, જરૂર જા. તું તો મારી મા બની ગઈ છે.' પરાશરે કહ્યું.

'આ બહેન તો બેઠાં છે ને ?' રતને જતાં જતાં પૂછ્યું.

'હા, હું બેઠી છું હમણાં.' રંભાએ કહ્યું અને પરાશરની જોડે તે બેસી ગઈ. ફાનસના આછા અજવાળામાં રંભાને રતન રૂપાળી લાગી. રતને પાછાં ફરી બારણા બહારથી કહ્યું :

'પણ બહેન ! જોજો; ઘા સંભાળજો.'

'ક્યારે વાગ્યું ?' રંભાએ પૂછ્યું.

'તમે અને હું છૂટાં પડી ગયાં પછી.'

'શાથી વાગ્યું ?'

'એક મુસ્લિમ કોઈને છરી ભોંકવા જતો હતો. તેની છરી મેં પડાવી એટલે હિંદુઓની ટોળી લાઠી સાથે એ મુસ્લિમ ઉપર તૂટી પડી; એને છોડાવતાં મને વાગ્યું.'

'મારો તો જીવ એટલો અધ્ધર થઈ ગયો ! તોફાનનાં વર્ણન વાંચ્યા-સાંભળ્યાં ખરાં, પણ નજરે તોફાન પહેલી વાર જોયું ! બાપ રે...' રંભા બોલી અને તેણે આંખ ઉપર હાથ ઢાંકી દીધો. એની દૃષ્ટિ આગળ માનવજાતની અમર્યાદાઓ ઊભરાઈ આવી. બુદ્ધિને બાજુએ મૂકી ઘેલછાને ઘૂમવા દેતી માનવવૃત્તિનાં દૃશ્યો તેની નજર આગળ તરી આવ્યાં. તે જાતે ભયભીત બની ગઈ હતી. તોફાન થયું સાંભળતાં જ સ્ત્રીઓએ તો સંતાઈ જ જવું જોઈએ એવી માન્યતા કૉલેજની કેળવણી પણ દૂર કરી શકતી ન હતી. પરાશરે રંભાને ખેંચી અને રંભા તોફાનની મધ્યમાં જ જઈને ઊભી રહી ! એ ક્યાંથી હિંમત લાવી શકી હશે ? રંભાને પોતાને જ સમજ ન પડી.

'તમારી ગર્લ્સગાઈડ અને વ્યાયામવીરાંગનાઓ આ હુલ્લડો ન અટકાવે ?' પરાશરે આંખ ઉઘાડતી રંભાને પૂછ્યું.

'બિચારી છોકરીઓ તે શું કરે ?'

'યુરોપમાં તો સ્ત્રીઓએ સૈન્યમાં જોડાવાનું શરૂ કરી દીધું છે. આપણે ત્યાં શાંતિના સૈન્યમાં તો તમે દાખલ થાઓ ?'

'બૈરાં તો સારવાર કરે, આવા તોફાનમાં તેમનાથી કેમ ઊભાં રહેવાય ?'

'આજ બપોરે જ તમે સામે મુખે ગોળીઓ ઝીલવાનું કશું ગીત બોલતાં હતાં ને ?'

'તમે સાથે હો તો હું આવું.'

'શરૂઆત એમ કરીએ. આપણે બંને આજે નિશ્ચય કરીએ કે જ્યાં જ્યાં કોમી રમખાણ ત્યાં ત્યાં આપણી હાજરી.'

'મારે કબૂલ છે.'

પરાશરના હૃદયમાં આશાનો ઉત્સાહ એકાએક ઊભરાયો. એક અભણ યુવતી તેની પાસે ભણવાને તૈયાર બની હતી; એક સંસ્કારી યુવતી અજ્ઞાનનાં જીવલેણ પરિણામ અટકાવવા તેને સાથ આપતી હતી. કહો ને કે સાથ આપી ચૂકી હતી !

'એક વર્ષ સુધીની શર્ત ?' પરાશરે પૂછ્યું.

'જીવનભરની.'

'ખરું કહો છો ?'

'મારો કૉલ આપું.' - કહી રંભાએ પરાશરનો હાથ સહજ ખેંચી તેમાં પોતાનો હાથ મૂકી દીધો.

પરાશરના દેહમાં વીજળી ઝબકી ગઈ. સ્ત્રીપુરુષના સ્પર્શમાં સ્વાભાવિકતા લાવી વિકારને દૂર કરવાની ટેવ દેહને પાડવી જોઈએ એવી માન્યતા ધરાવતા પરાશરને લાગ્યું કે હજી સ્પર્શની સ્વાભાવિકતા તે પોતાના દેહ માટે લાવી શક્યો ન હતો. વિકાર એ એથી એક ડગલું આગળ જ ઊભો રહેતો હતો.

પરંતુ જાતીય વિકારને વશ જ ન થવું એવો નિશ્ચય કરીને પરાશર તેના વિચિત્ર કાર્યમાં જોડાયો હતો. સમાજ હજી જૂની નીતિને જ ઓળખે છે. જૂની નીતિનાં જ ધોરણે તે કાર્યકર્તાઓનાં મૂલ્ય મૂલવે છે. શિક્ષિતવર્ગ પણ નવીન નીતિના મર્યાદાવિસ્તારને વધારતો હોવા છતાં બીજાઓને માટે વ્યક્તિગત જૂનાં ધોરણો જ માગે છે. પરાશરના નવીનતાભર્યા સુધાર-

ણાના સ્ત્રીપુરુષના સહપ્રયોગો જનતાએ નિંદી કાઢ્યા હતા અને તેને પ્રથમ નિષ્ફળતા મળી હતી. એટલે બીજું કાંઈ નહિ તો tactics તરીકે - વ્યૂહરચના તરીકે પણ તે વિકારવશતાનો વિરોધી બની ગયો હતો. અંગત રીતે તો વાસનાની નાની સુખભરી સુંવાળાશમાં તેને નામર્દાઈનાં જ દર્શન થતાં હતાં. પ્રેમીઓનાં - વિદ્યાર્થીપ્રેમીઓનાં ઝડપથી બંધાતાં સ્મિતજાળાં પ્રત્યે તે તિરસ્કાર કેળવતો બની ગયો હતો. એમાં એને દેશ દુર્બળ બનતો દેખાયો હતો. આર્યસમાજીઓની કડક બ્રહ્મચર્યભાવનાનો તે પ્રશંસક બની ગયો હતો - જોકે તે જાતે કોઈ પણ ધર્મમાં માનતો ન હતો છતાં. પરાશરે હાથ ખેંચી લેવા માંડ્યો. રંભા પરાશરના માનસને ઓળખી શકી હતી. તેણે પોતાના હાથ વડે પરાશરનો હાથ પકડી રાખ્યો.

'કેમ ચમકો છો ?' રંભાએ પૂછ્યું.

'અમસ્તો જ.'

'મારો હાથ નથી ગમતો ?'

'એમ નહિ; મારો બરછટ હાથ અને તમે...'

'સુંવાળા હાથવાળાં, ખરું ?' રંભા બોલી ને હસી.

પરાશરને જવાબ ન જડ્યો. આ રંભા અશિષ્ટ દેખાતા, ગરીબીમાં ડૂબી ગયેલા, મજૂર જનતા કરતાં સહજ જ ઊંચે વસતા યુવક પ્રત્યે આકર્ષાઈ હતી એવી ભ્રાન્તિને ખરી પડતી તે અનુભવતો હતો. જગતમાં - માનવ અને પશુ જગતમાં આ જાતિનો દેવ - આ કામદેવ કેવા અણધાર્યા પ્રસંગો ઊભા નહિ કરતો હોય ?

'જાણે ખાખરાના પાનમાં કેસૂડાં મૂક્યાં, નહિ ?' રંભાએ પરાશરની મૂંઝવણ વધારતાં કહ્યું.

'હું ઉપમાઓનો-અલંકારોનો વિરોધી છું.' પરાશરે સમજ ન પડવાથી જવાબ આપ્યો.

'તો આપણે સાદી વાત કરીએ.'

'હાથ છોડી દઈને.'

'એ હાથ જલદી છોડવા માટે પકડ્યો છે ?'

'પરાશર આ આર્જવભર્યું હસતી અપ્સરા તરફ જોઈ રહ્યો. ક્ષણ રહી તે બોલી ઊઠ્યો :

'પણ... પણ... હું તો પરણેલો છું.'

રંભાએ એકાએક પરાશરનો હાથ છોડી દીધો.

સહશિક્ષણ, સહજીવન, સિનેમા, નાટક, નવલકથા, મોટરકારની

મુસાફરી, સહમુસાફરી, સભા, પ્રભાતફેરી, સરઘસ એ સઘળાં તત્ત્વો વર્તમાન ગુજરાતના જાતિજીવનને સદાય જાગતું અને ઝણઝણતું રાખે છે. લાંબી વય સુધીની અલગ્ન અવસ્થા અને શારીરિક સંબંધમાંથી ઊડી જતી પાપની ભાવના જાતીય સંતોષના અનેકાનેક અખતરાઓ રચાવે છે. વિચિત્ર પરાશરના પુરુષત્વે રંભાની જિજ્ઞાસા ઉશ્કેરી અને જિજ્ઞાસા અત્યંત ઝડપથી રસવૃત્તિમાં ફેરવાઈ ગઈ. એકલાં પડેલાં યુવકયુવતી પરસ્પરને માગી રહ્યાં; પરંતુ પરાશરનો આગ્રહભર્યો સંયમ તેને યાદ આપી રહ્યો કે તે પરણેલો હતો.

લગ્ન એક સામાજિક ગોઠવણ છે, વ્યક્તિગત સુખ-સંબંધ વચ્ચે આવવાનો તેને અધિકાર નથી, એવી માન્યતા ધરાવતી રંભાને પણ પરાશરના કથને ચમકાવી, અને તેનો હાથ છૂટી ગયો, કારણ ? પરાશરે કહ્યું :

'હું તો પરણેલો છું.'

બારણા આગળ કોઈનો પગઘસારો બન્નેને સંભળાયો. બન્નેએ તે બાજુએ જોયું. કોઈ આવતું દેખાયું નહિ. બન્નેએ ધાર્યું કે રતન આવી પાછી જતી રહી હશે.

૬

રતન પોતાની ઓરડીમાંથી તે જ ક્ષણે બહાર નીકળી. પરાશરની ઓરડીના બારણા આગળથી એક યુવતીને તેણે પાછી ફરતી જોઈ.

'સારું થયું. કાંઈ કરવું નહિ ને નકામો જીવ ખાવો. ક્યારની ખસતી ન હતી !' રતન આગળ આવતાં મનમાં જ બોલી રહી.

પાછી જતી યુવતીને નિહાળતાં અંધારામાં પણ એને લાગ્યું કે પહેલી આવેલી યુવતી આ ન હોય.

'કોનું કામ છે, બહેન ?' રતને પૂછ્યું.

'કોઈનું નહિ.' યુવતીએ જવાબ આપ્યો.

'કામ વગર તે કોઈ આ અમારી ચાલીમાં આવે ?'

'હું પરાશરને મળવા આવી હતી.'

'મળી લીધું ?'

'ના; મળવું નથી.'

'કેમ ?'

'મારી મરજી.'

રતનને કહેવાનું મન તો થયું :

'ઓ હો ! આ બાઈનો મિજાજ તો જુઓ !'

'પરંતુ તેમ કહેવાને બદલે તેણે પૂછ્યું :

'તમારું નામ ?'

'મારું નામ શોભના. પણ તેનું તારે શું કામ છે ?'

'કામ તો શું હોય ? અને હોય તોયે તમારા જેવાં અમારું કામ કરેયે શેનાં ?'

શોભના આ કટાક્ષ સાંભળી ઘડીભર ઊભી રહી, અને પછી ત્યાંથી ચાલી નીકળી. રતન તેને જોઈ રહી. ભણેલી, સ્વચ્છ, ચબરાક, ચતુર, આકર્ષક યુવતીઓ તેણે કદી કદી જોઈ હતી.

એવી યુવતીઓ એકલા સાહેબોની મડમો જ હોતી નથી; મોટરમાંથી ઊતરતી શેઠની વહુદીકરીઓ પણ એવી હોય છે. ભણવા જતી કહેવાતી છોકરીઓ પણ એવી જ દેખાય છે. એવી યુવતીઓ મોટરબસમાં પણ બેસી જતી હોય છે, અને ચંપલ પહેરીને પગે પણ ચાલતી હોય છે. એ રતનની

જ જાત - નારી, પણ બહુ જ જુદી !

એ પરણી હશે ? ઘર ચલાવતી હશે ? વાસણ માંજતી હશે ? લૂગડાં ધોતી હશે ? એને રસોઈ આવડતી હશે ? એ માતા બની શકતી હશે ? રતનના મનમાં નવીન સ્ત્રીને જોઈ આવા આવા પ્રશ્નો ઊભા થતા, અને તેના સમાધાનભર્યા જવાબ તેને મળતા નહિ. જો આમાંનું કાંઈ તેમનાથી બની શકતું ન હોત તો એ શોભાની નારી નિષ્ફળ ન કહેવાય ?

મિલમાલિકના બંગલા ઉપર કૈંક વેલો ચઢી હોય છે ! એ વેલનાં ફૂલ? ન હોય એમાં વાસ, અને ન આપે કદી ફળ ! વેલ વાવવી હોય તોય ડાંખળી તોડવી પડે ! એવી નિષ્ફળ સુવાસરહિત પુષ્પનો ભાસ આપતી યુવતીઓ પરાશરની આસપાસ નાહક વીંટાવાને બદલે પરાશરની કાળજી લેવા આવતી હોય તો કેવું ?

એક યુવતી બપોરની ચોંટી રહી હતી; બીજી બેત્રણ આવી ગઈ. અત્યારે વળી એક મિજાજી બાઈ આવી તે તો મળ્યા વગર જ ચાલી ગઈ ! તો આવી શા માટે ? મળ્યા વગર જાય એમ માનવા રતનનું મન ના પાડતું હતું.

'આમાંથી કોઈ બિચારાને રોટલો ઘડી આપે એવી દેખાતી નથી !' રતને નવીન નારીના નમૂનાઓ નિહાળી મનમાં જ અભિપ્રાય બાંધ્યો. રોટલા માટે આખો વર્ગવિગ્રહ રચાયા કરે છે; પરંતુ રોટલાનું સાધન હોય ત્યાં એ બનાવવા કોણે, એ જ પ્રશ્ન ઊભો થાય છે. સ્ત્રીને અને પુરુષને બંનેને હવે રસોઈના કાર્યમાં અપમાન અને ક્ષુદ્રતા લાગે છે, છતાં જીવવા માટે કોઈકે તો રસોઈ કરવી જ પડશે ! વર્ગવિહીન સમાજમાં પણ રસોઈ-રસોડાં તો રહેવાનાં જ. કૌટુંબિક રસોડાંને બદલે સામુદાયિક રસોડાં - વિસ્તૃત રસોડાં રચાવાના. એ કાર્ય કોણ હાથ ધરશે ?

રતનને સમાજવાદ કે સામ્યવાદીની ખબર ન હતી. ધણીને રસોઈ કરી જમાડવો એ જૂની જુલમી વિચારશ્રેણી તેને સ્વાભાવિક થઈ પડી હતી. ધણીને જ નહિ પણ પાડોશીને પણ જરૂર પડ્યે રસોઈ કરી જમાડવાની જંજાળભરી માન્યતામાં તે ઊછરી હતી. પરાશરની આસપાસ ફરી લટુડાં કરતી એકેય ચપલાએ પરાશરને પૂછ્યું નહિ હોય કે તે ભૂખ્યો તો નથી ! રતન પરાશરની ઓરડી આગળ પાછી ગઈ. ઝટ પડોશીનું બારણું ખોલી નાખતી આ મજૂર યુવતીને યાદ આવ્યું કે નવીન નારી ખટકારો આપ્યા પછી જ બારણાં ઉઘાડે છે. તેણે નવીનતાનું અનુકરણ કર્યું, બારણું ખખડાવ્યું અને અંદરથી 'આવો'નો સાદ સંભળાયો ત્યારે જ તે ઓરડીમાં ગઈ.

ઓરડીમાં પેલી ચોંટી રહેલી યુવતી હજી ચોંટી જ રહી હતી.

રતને પૂછ્યું :

'હજી બેઠાં છો કે શું, બહેન ?'

'હા; પરાશર જોડે વાતો કરું છું.'

'એને કાંઈ પાટોબાટો બાંધ્યો નહિ ?'

'હું તો વાતમાં ભૂલી જ ગઈ કે એને વાગ્યું છે ! પણ લાવો, હું સરસ પાટો બાંધી આપું : "ફર્સ્ટ એઈડ"* મને આવડે છે.'

પરાશરની ઓરડીમાં પાટો નહોતો. રતન હાથરૂમાલ રાખતી નહિ, અને રંભાના હાથરૂમાલ-હૅન્કી-પાટા માટે ઘણા જ નાના પડે એવા હતા.

'હશે; હમણાં જરૂર નહિ પડે. જરૂર પડશે તો હું કૈંકથી લૂગડું ફાડી લાવીશ.' રતને કહ્યું.

'પણ એને સાબુથી ધોઈ સ્વચ્છ બનાવજો; ઊના પાણીમાં ઉકાળજો પણ ખરાં.' રંભાએ કહ્યું.

'કોને ઉકાળું ?' રતનને સમજ ન પડી એટલે પૂછ્યું.

'પાટાને વળી ! બીજા કોને ?' સહજ હસી રંભા બોલી.

રતન રંભાના હાસ્ય તરફ સહજ જોઈ રહી, અને પછી બોલી :

'બીજાં એક બહેન પણ હમણાં આવી ગયાં.'

'અહીં તો કોઈ આવ્યું નથી.' રંભા બોલી.

'બારણે કાન દઈ ચાલ્યાં ગયાં લાગે છે.'

પરાશર અને રંભા પરસ્પર સામું જોઈ રહ્યાં. રંભાંએ પૂછ્યું :

'નામ કહી ગયાં છે ?'

'તમારાં તો નામે બહુ ગોટાળિયાં ! ગંગા, જમની, કાશી કે જડી જેવું નામ હોય તો સાંભરે પણ ખરું. આ તો તેમણે કહ્યું તોય હું ભૂલી ગઈ !'

'વિની તો નહિ ?'

'ના.'

'તારિકા ?'

'ના, એવું તકતકતું નામ નહોતું; જરા ભારેખમ નામ લાગ્યું.'

'શોભના ?'

'હા હા, શોભના જ. મિજાજ ભારે !' રતને કહ્યું.

---

* તાત્કાલિક સારવાર

'પછી એ અંદર કેમ ન આવી ?'

'એ તો કોણ જાણે. પણ ભાઈ ! મારી એક વાત ન માનો ?' રતને પરાશરને પૂછ્યું.

'શી વાત ? માનવા જેવી હશે તો જરૂર માનીશ.'

'આ બધી છોકરીઓ, આસપાસ ફરે છે તો...' રતન જરા ખમચી.

'શું તો ?' રંભાએ હસીને પૂછ્યું. આ અજ્ઞાન સ્ત્રી વાતને રસિકતા તરફ વાળશે એમ લાગવાથી રંભાએ પ્રશ્ન કર્યો.

'હું એમ કહું કે... તો... એકાદની સાથે પરણી જાઓ ને ?'

રંભા ખડખડ હસી પડી. પરાશરે હસવાનો દેખાવ કર્યો. રંભાએ હાસ્યને લંબાવ્યું :

'એકાદની જ સાથે ?'

'જુઓ ને બહેન ! એક બૈરી પાલવવી ભારે પડે છે તો વળી વધારેની વાત ક્યાં કરાય ?'

'તો પછી એવા ભારે કામમાં મને શા માટે નાખે છે ?' પરાશરે પૂછ્યું.

'પરણ્યા હો તો કોઈ રોટલો તો ઘડી આપે !' રતને પરણવાનું મહા કારણ બતાવ્યું.

'રોટલા ઘડવા પરણવાનું ? હવે તો પરણ્યા છતાં પણ કોઈ રોટલો ન ઘડી આપે !' રંભાએ હસતાં હસતાં નારીસ્વાતંત્ર્યના વિકાસનું એક પરિણામ વર્ણવ્યું.

'તો પછી એવી વેઠ ગળે વળગાડવી શું કામ ?' રતને દલીલ કરી.

રતનને શી ખબર પડે કે પરણવું એટલે પ્રભુતામાં પગલાં માંડવા એવી એક વ્યાખ્યા થઈ છે ! રતનને એથી પણ આગળ વધેલી ભાવનાની ક્યાંથી ખબર હોય કે લગ્નથી પ્રભુતામાં ન મંડાતાં પગલાં લગ્નરહિત સ્થિતિમાં પણ પ્રભુતા શોધવા મથે છે ? કુંઠિત માનસવાળી એ મજૂરણ સંસ્કારી હૃદયોમાં રમતી ઊર્મિઓને ભાગ્યે ઓળખી શકે !

તે તો પરાશરને માટે જમવાનું લેવા પાછી પોતાની ઓરડી તરફ ગઈ.

પરાશર અને રંભા ફરી એકલાં પડ્યાં.

'શોભના કેમ ચાલી ગઈ ?' રંભાએ પૂછ્યું.

પરાશરે જવાબ ન આપ્યો.

'મને લઈ ગઈ હોત તો ? અત્યારે એકલાં જવું પડશે.'

'હું સાથે આવું.' પરાશરે કહ્યું.

'એક શર્તે.' રંભાએ કહ્યું.

'શી ?'

'મને હાથ ઝાલીને ચાલવા દો તો !'

પરાશર જરા શાંત રહ્યો. થોડી વારે પરાશરે કહ્યું :

'પણ તમે હવે તો જાણો છો ને - કે હું પરણેલો છું ?'

'હશો; તેથી શું ?' રંભાએ જરા રિસાળ જવાબ આપ્યો.

રતન પોતાની ઓરડીમાં જવાને બદલે બારણા પાછળ ચોરીછૂપીથી ઊભી રહી હતી. તેણે આખી વાતચીત સાંભળી.

'તેથી શું ?'

પરાશરનો જવાબ સાંભળવા તે સહેજ અટકી; કાંઈ સંભળાયું નહિ. બારણાની તડમાંથી તેણે નજર નાખી. એવી નજર નાખવામાં પાપ છે એમ એને લાગ્યું નહિ.

# ભસ્મનાં પડ

૧

રતને બે ટંક પોષણ કર્યું. એમાં એણે ધણીના હાથનો માર ખાધો, પડોશીઓનાં મહેણાં સાંભળ્યાં અને નીતિભ્રષ્ટતાના આરોપો પણ ઓઢી લીધા. ચાલીનો એકેએક પુરુષ અને એકેએક સ્ત્રી નીતિની કસોટીમાં નિષ્ફળ નીવડે એમ હતું; પરંતુ તાજો દાખલો પાછલા પ્રસંગોને ભુલાવી દે છે; નવીન દૂષિતને જૂનાં દૂષિતો પાપી માને છે. ખરું જોતાં રતન દૂષિત હતી જ ક્યારે ? પરાશરે તો તેના દૂષણને જોયું નહોતું; ઊલટું રતનના હૃદયમાં રહેલી કોઈ અણદીઠ માનવતા પરાશરને થોડી ક્ષણોનું આશ્વાસન આપી શકતી હતી. એના ઉપર પોષણનો બોજો નાખવો એ ગરીબોના શોષણમાં વૃદ્ધિ કરવા સરખું હતું. એ શોષણ જોવા, એ શોષણને અનુભવવા અને એને દૂર કરવા પરાશરે મજૂરોનું રહેઠાણ પસંદ કર્યું હતું.

પરંતુ મજૂરોની મજૂરી હજી તેણે સ્વીકારી નહોતી. ભર તાપમાં બૉઈલરના અગ્નિને ખોરનાર, સવારથી સાંજ સુધી રૂની ઝીણને ફેફસાંમાં ઉતારનાર, સડકો ખોદી ગાડીઓના રસ્તા સુગમ કરી આપનાર, લાકડાં વહેરનાર અને ચીરનાર, તથા રાતદિવસ ઝીણા ઝીણા હુકમોમાં બાવરો બની ઘરનોકર તરીકે સતત ગુલામી ભોગવનાર - એ સર્વ પ્રકારના મજદૂરોની સ્થિતિ તેણે જોઈ હતી ખરી; પણ અનુભવી નહોતી. સેવા કરનારને, ક્રાંતિકારને, સુધારકને, પરમાર્થીને પણ ભૂખ લાગે છે. અને અર્થવાદી સમાજમાં તે કોઈનાયે નફા માટે કામ ન કરતો હોય તો તેની સેવા, તેની ક્રાંતિ, તેનો સુધારો અને તેનો પરમાર્થ કોઈનીયે કાળજીનો વિષય રહેતો નથી. આખું જગત કહી રહ્યું છે કે સેવાની જરૂર છે, ક્રાન્તિની જરૂર છે, સુધારાની જરૂર છે, પરમાર્થની જરૂર છે; પરંતુ સેવા, ક્રાંતિ, સુધારો કે પરમાર્થ અર્થશાસ્ત્રની મર્યાદામાં આવતા જ નથી. એટલે સેવા કરનારે, ક્રાંતિકારે, સુધારકે અને પરમાર્થી પુરુષે દેહને પોષણ આપવું હોય તો

સમાજની અર્થવ્યવસ્થાના ચક્ર જોડે જોડાવું જ પડે છે.

પરાશર પણ એવા ચક્રમાં યોજાઈ ગયો હતો. તેણે પોતાની જરૂરિયાત એક સામાન્ય મજૂરની કક્ષાએ ઉતારી લીધી હતી. હિંદમાં એક માણસની રોજના દોઢ-બે આના પ્રાપ્તિ ગણાય છે - ગામડામાં કદાચ આટલી પ્રાપ્તિ પૂરતી થતી હશે - દુઃખી જીવન ટકાવી રાખવા; પરંતુ શહેર તો રોજનો રૂપિયો માગી લે. પરાશરે રોજના રૂપિયા જેટલા ઉત્પન્નનું સાધન કરી રાખ્યું હતું. મજૂરીમાં તો તેને કોઈ રાખે નહિ, એટલે એક મહાસભાવાદી પત્રમાં લેખો લખવાનું તેણે માથે રાખ્યું હતું. માસિક ત્રીસ રૂપિયા તેને બસ થઈ પડતા. ચારપાંચ કલાક તે પત્રની કચેરીમાં બેસી લેખ લખતો, અને બાકીનો સમય જોવામાં, રખડવામાં, યોજનાઓ ઘડવામાં, સભાઓની મુલાકાતમાં તથા મજૂરોનો સંઘ સર્જવામાં ગાળતો હતો. દસ રૂપિયાની ઓરડી, દસ રૂપિયાનો ખોરાક, પાંચ રૂપિયાનું પરચૂરણ ખર્ચ અને પાંચ રૂપિયાનું ક્રાંતિખર્ચ, એ તેના હિસાબનાં ઉધાર પાસાં હતાં.

આટલું સાધન પણ હિંદમાં કેટલાંને મળે છે ? પરાશરને લાગતું કે તે સમાજ પાસેથી વધારે પડતું મેળવે છે. ગામડાંમાં તે ફરતો ત્યારે આથી અડધી રકમમાં તેને ચાલી શકતું; પરંતુ ગામડાનું અજ્ઞાન અતિ ઘન હતું. ખુલ્લે માથે ફરતી સેવિકા કે જરા હસતાં હસાવતાં સ્વયંસેવકો અને સ્વયંસેવિકાઓ ગ્રામજનતાની નીતિને અસહ્ય થઈ પડતાં હતાં. ગ્રામયુવતી સાથે હસતા સ્વયંસેવકને લીધે ગ્રામજનતાએ પરાશર તથા તેના સાથીઓની સેવા જતી કરી હતી એટલે તે શહેરમાં આવ્યો; પરંતુ એક નિશ્ચય કરીને તે આવ્યો. નીતિની પ્રચલિત માન્યતા ખોટી હોય તો પ્રયુક્તિ તરીકે તેને સ્વીકારવી જોઈએ, નહિ તો ઉદ્દેશ અફળ જાય. બીજો નિશ્ચય તેણે એ કર્યો હતો કે જેમની સેવા કરવી તેમની વચમાં જ રહેવું, તેમના જેવા જ બની જવું.

મજૂરોના જેવો એ બની શક્યો નહિ. બુર્ઝવા - મધ્યવર્ગીય સ્થિતિમાં જન્મ્યાનું એ પરિણામ હતું. ઘણ મારતા લુહારને એની મજૂરી જેવું હૃદય આપે તેવું લુહારની પડોશમાં રહેતા લહિયાને પારકી મજૂરી હૃદય ન જ આપે. છતાં સાન્નિધ્ય સમભાવ તો પ્રેરે જ; અને લહિયાનું કે પત્રમાં કૉલમો-ખાનાં-પૂરનારનું જીવન છેક મજૂરીને ન ઓળખે એવું તો ન જ કહેવાય. પત્રના માલિકો ખાસ સુંવાળા, ઉદાર, પરમાર્થ દૃષ્ટિવાળા કે દયાથી ભરેલા દેખાતા નહિ - પછી તે પત્રો રાજાઓ અને જમીનદારોના હિતનું રક્ષણ કરતાં હોય, ગાંધીજીના અહિંસાવાદનો પ્રચાર કરતાં હોય એ બંનેને તોડી પાડવા મથતા શોષિતોના નિઃશ્વાસને એકત્ર કરનાર સામ્યવાદી જ્વાલાથી

જ્વલંત બનતાં હોય.

પરાશરે એક મહાસભાવાદી પત્રમાં સ્થાન મેળવ્યું હતું, એ પત્ર માટે મહાસભાવાદને અનુકૂળ પડે એવું ઘણું તેને લખવું પડતું હતું. બેશક તે જાતે પોતાની ઢબે ચુસ્ત સામ્યવાદી હતો અને સામ્યવાદી પ્રચાર માટે તે નવરાશ મળતાં ઘણું લખતો પણ ખરો; પરંતુ સામ્યવાદી પત્રો અને પત્રકારો પાસે ધન બહોળું ન હતું. શોખ, મહેનત અને આદર્શ ઉપર જ સામ્યવાદી પત્રો ચાલતાં. તેમાં સામ્યવાદ સહુનો દુશ્મન મનાઈ બેઠો; એટલે પત્રોના પ્રચારમાં સ્વાભાવિક મળતી સહાય પણ અટકાવવાના પ્રયત્નો થયા કરતા હતા. ત્રીસ રૂપિયાનો ખર્ચ મેળવી લેવા માટે પરાશરને મહાસભાવાદી પત્રના સેવક બનવું પડ્યું - અણગમતે.

આ મહિને તેણે ઓરડીનું ભાડું તો આપી દીધું હતું. ઓરડીના માલિકો ઉધારમાં માનતા જ નથી; પરંતુ રોજના ખોરાકનો પ્રશ્ન ઊભો હતો. ચાલીમાંથી આવનાર અજાણ્યા કે અર્ધજાણીતા માણસના ઉપર વિશ્વાસ રાખી મહિનાના બાકી રહેલા દિવસોમાં વગરપૈસે જમાડવાની વીશીના માલિકને સગવડ ન હતી. બે ટંક તો રતને તેને જમાડ્યો; હવે ?

ગાડી કે બસના પૈસા પણ તેની પાસે રહ્યા ન હતા. કુદરતે દીધા પગ ઉપર તેને ભારે શ્રદ્ધા હતી. મોટે ભાગે તે પગે ચાલીને લાંબાં અંતરો કાપતો. કોઈ પુસ્તક કે લેખ ઝડપથી વાંચી નાખવાની જરૂર પડે તો જ તે બસમાં બેસી જતો; એટલે તેની પણ બહુ ચિંતા ન હતી. માનવી પૈસો ભેગો કરવાની હાયવરાળમાં ભૂલી જાય છે કે વગરપૈસે ઘણાં ઘણાં કામો બની શકે એવાં હોય છે. તેની ઓરડી તે હાથે સાફ કરી નાખતો : તેનાં વસ્ત્રો તે હાથે ધોઈ નાખતો; તેની પથારી પણ તે હાથે કરી લેતો : ચા-કૉફીની ટેવ તેણે મૂકી દીધી હતી; પાણીની ગોળી ભરી લેતાં તેને બહુ વાર થતી નહિ. એટલે પાસે પાઈ પણ ન હોવા છતાં તેનાં કાર્યો અટકી પડે એવો ભય તેને હતો જ નહિ.

માત્ર વીશીવાળાનો ભય તેને માથે ઝઝૂમતો હતો. હાથે રસોઈ કરી લેવાનો પણ તેને એક વખત વિચાર આવ્યો. અને કદાચ તેની પાસે થોડી સરખી પણ રકમ હોત તો આજે તેમ કરવાનું ચૂકત નહિ; પરંતુ સગડી, કોલસા, તવો, તપેલી અને લોટ લાવવા માટે તેની પાસે કશું જ સાધન ન હતું. ગામડાંમાં શાખ વહેલી જામે, શહેરમાં શાખનું નામ નહિ. અને રહે પણ શાના ઉપર ? ગરીબી, ધંધાનું અનિશ્ચિતપણું, નફાની લૂંટાલૂંટ અને સમાજબંધારણની વ્યક્તિ પ્રત્યેની ઉદાસીનતા આખા નાણાપ્રકરણને અસ્તવ્યસ્ત બનાવી રહ્યાં હતાં. બિચારો વીશીવાળો ક્યાંથી શાખ રાખે ?

'રોટલીની ના પાડો છો અને હજી તો બેસી રહ્યા છો !' બપોર થતાં રતને ઓરડીમાં આવી પરાશરને કહ્યું.

'હું જાઉં છું; જતે જતે જમી લઈશ.' પરાશરે કહ્યું.

'ખાઓ, મારા સમ !' રતનની માનવતા પરાશરના હૃદયને હલાવી રહી.

'તારા સમ.' પરાશરે કહ્યું.

'પૈસા તમારા ગયા, પણ હું તમને દસ દહાડા જમાડી શકીશ.'

'જરૂર નથી.'

'પછી શું કરશો ?'

'એટલા ઉધારનો મારે સંબંધ છે.' પરાશર જૂઠું બોલ્યો.

'નહિ તો આ મારાં ચાંદીનાં જોડવાં છે; ચાર દહાડા ચાલશે. લઈ જાઓ ને ?'

રતનની માગણી સાંભળી ગાંધીજીના હૃદયપલટાની ઘેલી ભાવના પરાશરને યાદ આવી. ગાંધીવાદ ખરો તો નહિ હોય ?

પરંતુ વ્યક્તિગત હૃદયપલટો અને વર્ગનો હૃદયપલટો એ બે ભિન્ન તત્ત્વો હતાં. વર્ગથી સહજ અળગી પડેલી વ્યક્તિ સહૃદયતાના આકાશમાં ઊડી શકે છે. વર્ગમાં જકડાયલું વ્યક્તિત્વ - વર્ગમય બની ગયેલું વ્યક્તિત્વ તો હુલ્લડો કરે, યુદ્ધ કરે, બંધનરૂપ કાયદાઓ કરે, વર્ગવર્ચસ્વને મજબૂત બનાવે. તેમાંયે શોષિત વ્યક્તિ સુંવાળી હોઈ શકે; પરંતુ શોષનાર વ્યક્તિનાં હૃદય તો ઝેરથી ભરેલાં જ હોય - પછી ભલે મુખ ઉપર સંસ્કારની ચમક ચમકતી હોય.

'ના, નહિ જોઈએ. હું આ ચાલ્યો.'

'પાછા હુલ્લડમાં ન પડશો.'

'સારું, પણ હું રાત્રે આવું તે પહેલાં અક્ષરો ઘૂંટી રાખજે, હો !' પરાશરે કહ્યું, અને તે વીશી તરફ રવાના થયો.

વીશીના માલિકે પરાશરને પૂછ્યું :

'કેમ ભાઈ ! આજે વાર થઈ ?'

'કામ હતું.'

'અને આ શું વગાડ્યું ?'

'કાલના હુલ્લડમાં જરા વાગ્યું.'

'એવે વખતે બહાર ક્યાં નીકળ્યા ?'

'બહાર હતો જ ને હુલ્લડ થયું.' પરાશરે વાત ટૂંકાવવા જૂઠાણું ઉચ્ચાર્યું.

'ક્યાંય પેસી જવું હતું ને ?'

'ન બન્યું.' એટલું જ કહી સહજ મુશ્કેલી આવતાં ઘરમાં પેસી જવાની વૃત્તિ સેવતા ગુર્જર માનસ ઉપર પરાશરે નિશ્વાસ નાખ્યો.

વીશી ઊંચી જાતની સંસ્થા ન હતી. લૉજ અને આશ્રમનું નામ વીશીને છેડે લગાડ્યા છતાં તેનો આશ્રય લેતાં બહુ ટેવાવું જોઈએ. ભરચક માણસો, ઉતાવળું જમણ, ઉતાવળી સાફસૂફી, બૂમાબૂમ - પીરસ-નારાઓની તેમજ જમનારાઓની તપાસ રાખનારાઓના કાન ફોડી નાખતા કર્કશ હુકમો આપણા જીવનના એક ગંભીરમાં ગંભીર કાર્યને એક પ્રકારની તુચ્છ પશુતાનો રંગ ચડાવી રહ્યાં હતાં. એમાં વપરાતી વસ્તુઓ ચોખ્ખી હતી કે કેમ, એમાં પૂરતાં પૌષ્ટિક તત્ત્વો રહેલાં હતાં કે કેમ, પીરસનારા અને પકવનારા નીરોગી હતા કે રોગ પ્રસાર કરે એવા હતા, વાસણોની જંતુવાહકતા અટકાવી દેવામાં આવી હતી કે નહિ, એ બધું સમજવાની કે સમજાવવાની કોઈને જરૂર દેખાતી ન હતી. લાખો માનવી-ઓને પોષણ આપવા મથતાં આવાં આહારગૃહોમાંથી કેટકેટલા રોગો બહાર ફેલાતા હશે તેનો અંદાજ સામ્યવાદી વ્યવસ્થામાં જ નીકળી શકે. અહીં તો એક સગવડ આપી નફો મેળવવા મથતો માલિક સામાજિક અસરનો વિચાર જ કરતો નથી. અને તે કરે પણ ક્યાંથી ? મૂડીવાદમાં તો છૂપી કે ખુલ્લી ઝૂંટાઝૂંટ જ હોય !

જમનારાઓ હુલ્લડ વિષે જ વાતો કરતા હતા.

'એ તો એક મુસલમાન ગાય મારવા લઈ જતો હતો તેમાંથી બધું થયું.' એક જમનારે કહ્યું. એણે પોતાની જાતે કેટલી ગાયો બચાવી હતી તેનો કોઈએ અંદાજ કાઢ્યો ન હતો.

'નહિ રે ભાઈ ! મસીદ પાસેથી એક ભજનમંડળી ગાતી ગાતી જતી હતી, અને મુસલમાનો તૂટી પડ્યા.' હિંદુમુસલમાનોને લડવા આ બહાનું સરસ મળી રહ્યું છે.

'ખોટી વાત. જુગારીઓ પાનાં રમતા હતા. હિંદુ જીત્યો ત્યારે સામા-વાળા મુસ્લિમે એને પૈસા ન આપ્યા, ને એમાંથી ઝઘડો થયો.' હુલ્લડની ઉત્પત્તિ એક અગર બીજી જાતના જુગારમાંથી જ હોય ને ? રાક્ષસી ફરજંદનાં માતાપિતા પણ રાક્ષસ જ હોય !

'એ બધી ગપો; મેં મારી નજરે જોયું. મુસલમાને માળ ઉપરથી પાણી

રેડ્યું, તે એક હિંદુ છોકરી ઉપર પડ્યું; એટલે હિંદુઓ ઉશ્કેરાયા અને થયું તોફાન !' બુદ્ધિનું પ્રદર્શન કરી રહેલા હિંદુ-મુસ્લિમ ઝઘડા પરદેશીઓની મશ્કરીનો વિષય ન બને તો બીજું શું થાય ?

'પણ એમાં મર્યા કોણ વધારે ? હિંદુ કે મુસલમાન ?' એક હિંદુ ધર્માભિમાનીએ કહ્યું. તેની જાતને કશું જ જોખમ ન હતું. તેણે એક હિંદુને બચાવવાનો કે એક મુસલમાનને મારવાનો પ્રયત્ન કર્યો ન હતો, છતાં તેના હિંદુત્વનું અભિમાન મુસલમાનો વધારે મર્યા હોય એમ સાંભળવા ઉત્કંઠા સેવી રહ્યું હતું.

'આ વખતે પોલીસ બરાબર વચ્ચે ન પડી હોત તો મુસલમાનોનો કૂચો નીકળી જાત.' હુલ્લડ વખતે બારણું બંધ કરી બેઠેલા એક હિંદુ વીરે વીરત્વ દાખવ્યું.

'આ ભાઈને વાગ્યું લાગે છે. હુલ્લડમાં જ વાગ્યું કે શું ?' પરાશરને એક ઉત્સાહી જમનારાએ પૂછ્યું.

'ના.' પરાશરે ટૂંકમાં પતાવ્યું. મુસ્લિમોને વધારે પ્રમાણમાં વાગે એમાં આનંદ લેનાર, ખરીખોટી ખબરોમાંથી ગુપ્ત ઝેર કેળવનાર આવા અનેક હિંદુઓ ગઈ કાલે હુલ્લડ અટકાવવાને બદલે બાયલા બની બંધબારણે બેસી રહ્યા હતા, એ તિરસ્કારભર્યું સત્ય પરાશર જાણતો હતો.

મુસ્લિમ લત્તાઓમાં પણ આવી ને આવી જ વાત હિંદુઓ વિરુદ્ધ ચાલ્યા કરતી હોવી જોઈએ એની પરાશરને ખબર હતી.

ધર્મને પાટિયે બેસી તરનાર આ માનવતા માનવીને તારશે કે ડુબા-ડશે ? ઝઘડામાં, મારામારીમાં, કાપાકાપીમાં પરિણામ પામતો ધર્મ અધર્મ નથી શું ? જગતનાં વેરઝેરમાં ઉમેરો કરી રહેલી ધર્મભાવના તોડવાને પાત્ર નથી ? પછી તેનું નામ હિંદ ધર્મ રાખો કે મુસ્લિમ ! દુષ્ટમાં દુષ્ટ હૃદયભાવો પોષાય, ક્રૂરમાં ક્રૂર કાર્યો કરવાની પ્રેરણા જાગે, નીચમાં નીચ યુક્તિઓ અને યોજનાઓ રચાય, અને માણસાઈનો અંશ પણ ઊડી જાય એવી સ્થિતિ કોઈ પણ ધર્મભાવનાથી ઉત્પન્ન થતી હોય તો પહેલી તકે એ અધર્મી ધર્મનાં મૂળ ઉખાડી નાખવાં જોઈએ. યુરોપનો ખ્રિસ્તી ધર્મ, હિંદના હિંદુ-મુસ્લિમ ધર્મ, અને જપાનનો બૌદ્ધ ધર્મ જિવાડવાને પાત્ર છે ખરા ?

પરંતુ ધર્મની જડ ઉખાડી નાખવાનો પ્રયત્ન કરતા પહેલાં વીશી-વાળાને પૈસા ચૂકવવાનો પ્રશ્ન તત્કાળ વધારે મહત્ત્વનો બની ગયો.

'આજે પૈસા લાવવાના રહી ગયા.' પરાશરે વીશીના માલિકને જતે જતે કહ્યું. વીશીનો માલિક એક ક્ષણભર પરાશર સામે તાકીને જોઈ રહ્યો.

આવી રીતે તેના ઘણા પૈસા ડૂબ્યા હતા. એ ડૂબેલા પૈસા ભરપાઈ કરી લેવા માટે અને ભવિષ્યમાં ડૂબનાર પૈસાની ખોટ પ્રથમથી જ પૂરવા માટે એક કાબેલ નાણાશાસ્ત્રીની કળા વાપરી વીશીવાળો જદુરામ મહારાજ વધારે પૈસા મળે એવી ખાણાની રચના કરતો જ હતો. લેણદાર પહેલો હફતો પડ્યે વિવેક મૂકતો નથી. પરાશરે પહેલી જ વાર પૈસા ન આપ્યા.

જદુરામે કહ્યું :

'હરકત નહિ, ભાઈ ! તમારા પૈસા ક્યાં જવાના છે ? સાંજે લાવજો.'

'કદાચ સાંજે નહિ તો કાલે લાવીશ.'

'હો હો, એમાં શું ? પણ પાછા સંભાળીને જજો; હુલ્લડ ગમે તે વખતે ફાટી નીકળે.' જદુરામને પરાશરના જીવનની ચિંતા હતી કે તેના બાકી રહેલા ત્રણચાર આનાની ચિંતા હતી તે આ શિખામણમાં સ્પષ્ટ થયું નહિ.

પરાશરની પાસે ગાડીમાં બેસવાના પૈસા ન હતા. લાંબા અંતરથી ગભરાવાની પરાશરને ટેવ ન હતી. ચાલતા જવામાં ઘણા દૃશ્યો જોવાનાં મળે છે, એ દૃશ્યો જોવામાં ન મળે ત્યારે ખૂબ એકાગ્ર વિચાર થઈ શકે છે, એવો પગે ચાલનારનો ગર્વભર્યો અનુભવ પરાશરને મોટે ભાગે થતો હતો. ગાડીમાં જવાના પૈસા ન હોવાથી પરાશરને જરાય અસંતોષ ન હતો.

રસ્તે ચાલતાં તેને દર વખતની માફક ઘણું જોવા-સાંભળવાનું પણ મળ્યું. રોજના જેટલી ગિરદી આજ ન હતી; કારણ ગઈ કાલના હુલ્લડે ઘણાં માણસોને ઘેરે બેસાડી રાખ્યા હતાં. છતાં દંડા લઈ ફરતા સિપાઈ, અડધી દુકાન ઉઘાડી બેઠેલા દુકાનદારો, ઝડપથી અવરજવર કરનાર નોકરિયાતો, અને અમે કોઈથી ડરતા નથી એવા ભાવથી રુઆબમાં ફરતા દર ત્રીજે શબ્દે ગાળો બોલતા પોતાને ગુંડા મનાવવા મથતા કેટલાક ગુંડાવીરો રસ્તાને રોજ કરતાં જુદું જ સ્વરૂપ આપી રહ્યા હતા. માળાની બારીઓમાંથી સ્ત્રીઓ સહજ ઝાંખી જોતી હતી, અને ભૂલથી છજામાં દોડી આવેલાં બાળકોને ઓરડીમાં લઈ જવા મથન પણ કરતી હતી. હિંદુ લત્તાઓમાં મુસલમાનો દેખાતા ન હતા, અને મુસ્લિમ લત્તાઓમાં હિંદુઓ દેખાતા ન હતા. જે થોડા ઘણા દેખાતા હતા તે ઉતાવળા, બાવરા, અગર પરવા વગરના હોવાનો દેખાવ કરનારા હતા. જોકે સહુના મુખ ઉપર ખુલ્લી કે છૂપી વ્યગ્રતા તો દેખાતી હતી.

આ પ્રજાને સ્વરાજ્યનો શોખ લાગ્યો છે એમ કહેવાતું હતું ! હિંદુઓ કહે છે : અમે હિંદનું સ્વાતંત્ર્ય ચાહીએ છીએ. મુસ્લિમો કહે છે : અમે હિંદસ્વાતંત્ર્યની ઇચ્છામાં હિંદુઓથી આગળ રહીએ એવા છીએ !

હિંદુઓની અને મુસ્લિમોની લાંબી જીભે સ્વાતંત્ર્યનો લોપ ક્યારનો કરી નાખ્યો છે ! પરસ્પર એકબીજા સામે ઘૂરકતાં કૂતરાં ભૂલી જાય છે કે બંને સાંકળે બાંધ્યાં પશુ છે, અને એ સાંકળ તો કોઈ ત્રીજાના હાથમાં છે !

ધર્મની રેષાઓ ઉપર દેશ આગળ વધે ખરો ? ધર્મની રેષાઓ ચીલા બનવાને બદલે માર્ગ રૂંધતી ખાઈઓ બની જાય છે એનો ખ્યાલ આવવો જોઈએ છતાં કેમ આવતો નથી ? સાવરકરે શું દેશાભિમાન માટે ઓછું સહ્યું છે ? ઝીણાની બુદ્ધિ વિષે કોઈને કશો શક છે શું ? ત્યારે આ બંને આગેવાનો ધર્મને નામે હિંદને ક્યાં ખેંચી જાય છે ?

## ૨

પરાશરની વિચારમાળા અટકી. વિચારમાં ગાઉના ગાઉ કાપી શકાય છે. પરાશરે જોયું કે તેની ઑફિસ આવી ગઈ હતી. એકબે માળ ચઢી તે એક ઓરડીમાં ગયો. આ ઓરડી એક મહાન પત્રનું ઉત્પત્તિસ્થાન હતી. ઓરડીને જોતાં કોઈને ભાગ્યે જ લાગે કે હજારોનાં હૃદય હલાવી નાખતું 'સત્યવાદી' પત્ર આ સ્થળે આકાર પામતું હશે. ચારપાંચ ખુરશીઓ, બે ટેબલની આસપાસ સહજ અવ્યવસ્થિત રીતે ગોઠવાયેલી હતી. તે ઉપર ચાર પુરુષો બેસી ઝડપથી કાંઈ લખતા હતાં.

'કેમ મોડું થયું ?' એક મહત્ત્વના દેખાતા પુરુષે પરાશર તરફ સહજ જોઈ લખવાનું ચાલુ રાખી પૂછ્યું.

'આજે એમ જ થયું.' પરાશરે બીજી ખુરશી ઉપર બેસતાં જવાબ આપ્યો.

'એમ કે ?' મહત્ત્વ ધરાવતા પુરુષે પરાશરના જવાબથી ખિજાઈ જઈ કહ્યું.

'તમારે જ્યાં ત્યાં મારા લેખનું કામ છે કે વખતનું ?'

'બંનેનું.'

'અરે પણ એને વાગ્યું છે તે તો જુઓ, લાલભાઈ !' બીજા યુવકે મહત્ત્વના પુરુષનું ધ્યાન ખેંચ્યું.

પત્રના એક ચાલક બનવાના ક્રમમાં લાલભાઈ પડેલા હતા. માલિક જુદા હતા; પરંતુ પત્ર ચલાવવાનો બધો બોજો લાલભાઈ ઉપાડી લેતા હતા, એટલે તેમને બીજા સહલેખકો પ્રત્યે મોટાઈ દેખાડવાનો હક્ક હતો એમ લાલભાઈ માની લેતા હતા.

'શું વાગ્યું !' બીજા કોઈએ પૂછ્યું.

'ભાઈ હુલ્લડમાં ઊપડ્યા હશે !' લાલભાઈએ પરાશર તરફ સહજ તુચ્છ ભાવ દર્શાવી કહ્યું.

'હા જી.' પરાશરે કહ્યું.

'હું જાણું ને !' સર્વજ્ઞ પત્રકાર લાલભાઈએ કહ્યું.

'કાંઈ લખી લાવ્યા છો ?' બીજા પત્રલેખકે પૂછ્યું.

'હા. યંગ ઈન્ટલેક્ચ્યુઅલ્સની સભાનો અહેવાલ મારી પાસે છે.'

પરાશરે કહ્યું.

'એ કઈ ભિખારચોટ સભા છે ?' "સત્યવાદી" પત્રના દોરી સંચાલક લાલભાઈ પત્રકાર બન્યા પછી સહુને વીંધી નાખે એવું સત્ય બોલવાના માર્ગે આગળ વધ્યા હતા.

'અરે અરે, એ તો પેલા ભાસ્કરની સભા ! તમેય શું લાલભાઈ ભચડે રાખો છો ?'

'કોણ ભાસ્કર ? પેલા વિજયરાયનો દીકરો ?' લાલભાઈએ પૂછ્યું. પત્રકાર બન્યા પછી લાલભાઈને ભલભલા આગેવાનોનો પણ હિસાબ રહ્યો ન હતો.

'હા હા, એ તો ભાવિ...' એકાએક સહુ ચૂપ બની ગયા. નીચે મોટરકારનું ભૂંગળું વાગ્યું. જરૂર હોય કે ન હોય તોપણ પોતાનું અસ્તિત્વ જાહેર કર્યા વગર ન રહી શકતી આ વર્તમાન મોટાઈ વર્તમાન જીવનની જાહેરાતના પ્રતીક સરખી છે. સીડી પર બે ખાદીધારી વડીલો ચઢ્યા.

'વિજયરાયભાઈ ! આ અમારી નાનકડી કચેરી.' માલિક કૃષ્ણકાન્તે આગેવાન મહાસભાવાદી વિજયરાયને વિવેકપૂર્વક દોરવણી આપતાં કહ્યું.

'નાનકડી કેમ ? આખા ગુજરાતને તમે હલાવી નાખો છો ને ! અને નાનકડી હશે તો કાલ મોટી બની જશે.' વિજયરાયે ગાંધીવાદની મીઠાશ અને મુત્સદ્દીગીરીની ખંધાઈના ભેળવાળી આંખે કહ્યું.

'આપની કૃપા હશે તો તેમ થશે; આ અમારો લેખકવર્ગ.' કૃષ્ણકાન્તે કહ્યું.

સહુએ ઊભા થઈ વિજયરાયને નમસ્કાર કર્યા. વિજયરાયને લઈ કૃષ્ણકાન્ત પોતાની વિશિષ્ટ - પત્રના માલિક અને અધિપતિની ઓરડીમાં ગયા.

'સાળો જાહેર ખબરના પૈસા તો હજી મોકલાવતો નથી.' લાલભાઈએ વિજયરાયને ઉદ્દેશીને કહ્યું.

'શાની જાહેરખબર ?' કોઈએ પૂછ્યું.

'એ જ; કાંટાંકબાલાં ! બીજું શું ?' લાલભાઈ વધ્યા.

'શું તમેયે લાલભાઈ બોલો છો !'

'હું ખોટું કહું છું, એમ લાગે છે તમને ?'

'તો બીજું શું ? આવા માણસનું તો સારું બોલો !'

'સારું હોય તો સારું બોલે ને ? ઘર સાચવવાને એક બાઈની જરૂર

એક વખત પડે છે, તો બીજી વખત એમની શાળા ચલાવવા શિક્ષિકાની જરૂર પડે છે. હું બધાને ઓળખું છું.' લાલભાઈ સર્વજ્ઞ ઈશ્વરના ગુણ ધરાવતા લાગ્યા.

"સત્યવાદી" પત્ર પ્રથમ અઠવાડિયે પ્રસિદ્ધ થતું; પછી અઠવાડિયામાં બે વાર પ્રસિદ્ધ થવા લાગ્યું, અને થોડાં વર્ષોથી તે રોજિંદું પત્ર બની ગયું હતું. પ્રથમ આ પત્ર બીજા છાપખાને છપાતું; હવે પત્રનું પોતાનું જ છાપખાનું ગોઠવાયું હતું. ગાંધીવાદી-મહાસભાવાદી કહેવાતું આ પત્ર જોકે શાહીવાદ સામે જ મુખ્યત્વે પોતાના પ્રહારો કરતું હતું છતાં તે દેશી રાજાઓની વિચિત્રતા અને દૂષણોની બરાબર ભાળ કાઢી લાવી તેમની પણ ખબર લેઈ નાખતું હતું. તેના લેખોમાં ઝમક, ચળક, હાસ્ય અને તીખાશ જ્યાં જુઓ ત્યાં જડતાં; અને ઠઠ્ઠાચિત્રોના પુષ્કળ જમાવને લીધે તે અત્યંત પ્રિય થઈ પડ્યું હતું. હજારોની સંખ્યામાં તેની નકલો બહાર પડતી, અને "સત્યવાદી" શું કહે છે તે સાંભળવા-જાણવા માટે જનતા દરેક પ્રભાતે આતુર થઈ રહેતી.

એ પત્ર મહાસભાવાદી હતું છતાં પ્રસંગ આવ્યે મહાસભાવાદીઓની પણ ઝાટકણી કાઢવા ચૂકતું નહિ. ગાંધીજીએ પીછેહઠ ક્યાં કરી, સરદાર વલ્લભભાઈ કડવું કેમ બોલ્યા, રાજેન્દ્રબાબુની ઉમર તેમની બુદ્ધિને કેમ હળવી બનાવે છે, અને સુભાષ તથા જવાહર પ્રત્યાઘાતી કેમ થતા જાય છે, તેનાં આછાં વર્ણનો અને વિવેચનો કરી તે મહાસભાવાદીઓને પણ વખત બેવખત હલાવી મૂકતું હતું.

તેના માલિક કૃષ્ણકાન્ત હવે મોટરકાર રાખવાની સ્થિતિએ પહોંચી ગયા હતા. વચમાં વચમાં તેઓ મોટરકાર રાખતા અને કાઢી નાખતા એમ પણ બનતું. તેમને માટે સહુને ભય રહેતો છતાં નિંદાસ્ત્રમાંથી તેઓ મુક્ત રહી શક્યા ન હતા. તેઓ કોઈ વખત સટ્ટો કરતા હતા, કોઈ વખત કાર્નિવલો ચલાવતા હતા અને કોઈ વાર નાટક કંપનીઓની પણ માલિકી ભોગવતા હતા એમ કહેવાતું. આ ધંધાઓમાં શા માટે દૂષણ જોવામાં આવે છે તે સમજી શકાતું નથી. છતાં વિખ્યાત પત્રકાર બન્યા પછી તેમના વિરુદ્ધ આવી હકીકતો તેમને ઉતારી પાડવા છાનીછપની ફેલાવો પામ્યા કરતી હતી.

'સફળતાને વરેલો મનુષ્ય નિંદાને લાત મારી શકે છે. કૃષ્ણકાન્તને નિંદા અસર કરી શકતી નહિ. ઉપરાંત - રાજા, રજવાડાં, આગેવાનો, અમલદારો, સ્ત્રીકાર્યકરો અને પ્રજાસેવકોના જીવનની તેમણે અભ્યાસપૂર્વક એવી નોંધ રાખી હતી કે ગમે તેવા મહાન કહેવાતા રાજવી કે મહાન

મનાતા નેતાની કીર્તિને એક ક્ષણની અંદર ધૂળમાં મેળવી દેવાની શક્તિ તેઓ ધરાવતા એમ મનાતું હતું.

લેખ લખતા પરાશરને અંદરથી એક માણસે આવી કહ્યું :

'આપને બોલાવે છે.'

'મને ?' પરાશરે પૂછ્યું. બનતાં સુધી લાલભાઈ  સિવાય બીજા કોઈની સાથે માલિકની વિશ્વાસભરી વાતો થઈ શકતી નહિ એવી સર્વની માન્યતા હતી.

'બરાબર તપાસ કર; મને બોલવતા હશે.' લાલભાઈએ કહ્યું.

'ના જી, પરાશરભાઈને બોલાવે છે.' નોકરે કહ્યું. લોકસેવા કરનાર "સત્યવાદી" પત્રમાં પણ નોકરોની સંસ્થા તો જીવતી જ હતી.

'જાઓ તમે મોટા થાઓ; પણ જરા વિવેક રાખજો. બહુ છોકરમત સારી નહિ.' લાલભાઈએ પરાશરને શિખામણ આપી.

પરાશરે સખ્ત આંખ કરી. કદી કદી તે પોતાના સાથીદારોને અને લાલભાઈને સુધ્ધાં ડરાવી શકતો.

'સલાહ આપવા કરતાં તમે જ જાઓ ને !'

પરાશરે જતાં જતાં એક સાથીદારનું અર્ધહાસ્યભર્યું લાલભાઈને ઉદ્દેશી કહેવાયેલું કથન સાંભળ્યું. લાલભાઈએ ટેબલ ઉપર કાગળ પછાડ્યા તે પણ પરાશરે સાંભળ્યું. તેના મનમાં આવ્યું :

'કહેવાતું "સત્યવાદી" કેવા વહેંતિયા માણસોના લેખથી ઊભરાય છે ! અને તે આપણાં - પ્રજાનાં જીવન - પ્રજાનાં માનસ ઘડે છે.'

પરંતુ તે કૃષ્ણકાન્તની ઓરડીમાં આવ્યો ત્યારે તેને આથી પણ વધારે ઝંખવી નાખે એવો અનુભવ થયો. કૃષ્ણકાન્ત અને વિજયરાય બન્ને હસતા હતા. હસતે હસતે કૃષ્ણકાન્તે આવી ઊભા રહેલા પરાશરને એક ખુરશી ઉપર બેસાડ્યો.

'તમને તો હું ઓળખું છું. તમે તો ભાસ્કરના મિત્ર થાઓ, નહિ ?' વિજયરાયે પરાશરને પૂછ્યું.

'હા જી, એ મને મિત્ર ગણે છે ખરો.' પરાશરે કહ્યું.

'તમે તો ઉદ્દામવાદી વિચારો ધરાવો છો, ખરું ?'

'મને સાચા લાગે એ વિચારો હું ધરાવું છું.'

'એ તો ઠીક; પણ તમે મહાસભાવાદી તો નહિ જ ને ?'

'ના જી. આ ખાદી પણ જનતામાં પ્રવેશ પામવા માટે પહેરું છું. ખાદીની હિંદઉદ્ધારક શક્તિમાં હું માનતો નથી.

'ત્યારે તો તમે સત્ય અને અહિંસાના પણ વિરોધી હશો.'

'ઉદ્દેશ સફળ કરવા જૂઠું બોલવું પડે કે હિંસા કરવી પડે તો તેમાં મને હરકત લાગતી નથી. જોકે સત્ય અને અહિંસા બંને મને પ્રિય છે.'

'તો તમે બહુ ઉપયોગી થઈ પડશો. કૃષ્ણકાન્ત ! આ પરાશર કેવું લખે છે ?' વિજયરાયે પત્રમાલિકને પૂછ્યું.

'બહુ જ ધારદાર; એના લેખો વાંચનાર ઘણા છે.'

'હું આથી આગળ પૂછું. તમને મહાસભાની વર્તમાન પ્રણાલિકા ગમે ખરી ?'

'ના જી.' પરાશરે જવાબ આપ્યો.

'તો પછી તમે વિરુદ્ધ કેમ લખતા નથી ?'

'અમારા પત્રની એ નીતિ નથી ?'

'તમે કયી બાબતમાં મહાસભાની વિરુદ્ધ છો ?'

'ગાંધીજીનો આંતરનાદ મારાથી ઓળખાતો નથી. બધા જ સંજોગોમાં હૃદયપલટો હું શક્ય માનતો નથી. અહિંસા ડગલેપગલે ઉપયોગમાં ન આવે. ગઈ કાલનો જ દાખલો લઉં. હું હિંસાનો દેખાવ કરી શક્યો ન હોત તો એક મુસ્લિમ મરી જાત અને બીજો હું હિંદુ પણ મરી જાત.' પરાશરે કહ્યું.

'એ તો ગાંધીજીની વાત થઈ. આપણે એમને તો બાજુએ જ મૂકવા પડશે. એમના મદદનીશો માટે આપણે કૈંક કહેવું પડે એમ છે.'

'અંગત ટીકા ?'

'નહિ નહિ, હું જાતે અહિંસામાં માનનારો ખાદીધારી છું. કોઈની અંગત ટીકા કરવાની જ નથી. આપણે તો તેમનાં કાર્ય અને રાજનીતિનો જ ઉલ્લેખ કરવાનો છે.'

'હું સમજી શક્યો નથી. મારે આ બધા સાથે શો સંબંધ છે ?' પરાશરે કહ્યું.

'હું તને સમજાવું. વિજયરાયભાઈ જુદું પત્ર કાઢવા માગતા હતા; મેં તમને આપણું "સત્યવાદી" ખુલ્લું કરી આપ્યું. મહાસભા દૂષિત થતી જાય છે એમ ગાંધીજી પણ કહે છે. એ દૂષણો દર્શાવવાનો તેમનો વિચાર છે. મને લાગ્યું કે તું એ ઠીક કરી શકીશ.'

'એટલે ?' પરાશર સહજ ચમક્યો. એને લાગ્યું કે મહાસભાનાં દૂષણોનું દર્શન પણ કૈંક દૂષિત હૃદયથી કરાવવાની વિજયરાય અને કૃષ્ણકાન્તની યુક્તિ ચાલતી હતી.

'તમે જુવાનો પૂરું સમજો નહિ અને સાંભળો પણ નહિ ! કહે, મહાસભાએ કિસાનો માટે શું કર્યું ?' કૃષ્ણકાન્તે પૂછ્યું.

'અને મજૂરો માટે ? વળી રાજસ્થાનોને તો અડવાની જ મહાસભા ના પાડે છે ! ઊલટ ત્યાંની પ્રવૃત્તિ ભીંસી નાખે છે ! મુસ્લિમો સામે ગાય-બકરી બની જાય છે અને બિચારા સનાતનીઓની મરજી વિરુદ્ધ અસ્પૃશ્યો મંદિરમાં દાખલ કરે છે.' વિજયરાયે કહ્યું.

'પણ હું સનાતનીઓનો પક્ષ લઈ શકું એમ નથી.' પરાશરે કહ્યું.

'પક્ષનો સવાલ નથી; મહાસભાની ભૂલો બતાવવી અને સુધારવી એ મારો ઉદ્દેશ છે. અને તે અર્થે તમે મહાસભાની ટીકાનું જ એક પાનું તમારા પત્રમાં ઉઘાડો એમ હું કૃષ્ણકાન્તને કહી રહ્યો છું. કૃષ્ણકાન્ત એ પાનનું તંત્રીપદ તમને સોંપવા માગે છે એટલે મેં તમને બોલાવ્યા. તમારો પગાર એમાં વધી શકશે.' વિજયરાયે કહ્યું.

'પગાર તો હુ જરૂર પૂરતો જ લઉં છું. વધારેની મારે જરૂર નથી.' પરાશરે કહ્યું.

ધનની ન્યાયભરી વહેંચણી કરવાની વાતો કરનારથી બંગલાઓમાં રહેવાય નહિ અને મોટરકારમાં બેસાય નહિ એમ તેની દૃઢ માન્યતા થઈ ગઈ હતી. જરૂર કરતાં વધારે ધન સમાજમાંથી ખેંચી લેવું એ મહા પાપ છે, એમ માનનાર સહુએ તેનો જાત ઉપર પ્રયોગ કરવો જોઈએ એમ માની રહેલા પરાશરે પોતાની કિંમત અને જરૂરિયાત ત્રીસ રૂપિયા કરતાં વધારે આંકી નહોતી.

'એ તો વિજયરાજભાઈ ! બધું થશે. આપ એને લઈ જાઓ અને બને તે સૂચનાઓ આપો. એને એ બધું લખવું ગોઠશે અને પરમ દિવસથી આપણે "દેશ મુકુર"ના નામથી વિશિષ્ટ પાન શરૂ કરી દઈએ. પરાશર ! તું વિજયરાયભાઈની સાથે જજે.' કૃષ્ણકાન્તે કહ્યું.

પરાશરનું તાત્કાલિક કામ પૂરું થયું હતું. અને તેને વ્યવહારની ખબર હોત તો તે તરત ઊઠીને પોતાના ઓરડામાં આવી ખુરશીએ બેસી ગયો હોત; પરંતુ 'સત્યવાદી'ના સત્યમાં ભાગ પડાવવાની આ યોજનામાં તેને હજી સમજ ન પડવાથી તે કૃષ્ણકાન્તની સામે જરા જોઈ રહ્યો. ઊઠવાની તૈયારી હજી પણ ન કરતા પરાશરને કૃષ્ણકાન્તે કહ્યું :

'હમણાં તું બહાર બેસ; જતી વખતે તને લઈ જઈએ છીએ.'

પરાશરને ત્યારે ખબર પડી કે આગળની વાતમાં તેનું કામ ન હતું. મહાસભાના દોષો બહાર પાડવાના લેખ તેણે લખવાના હતા, એટલું જ

ટૂંકમાં તેનું કાર્ય હતું. તેના સામ્યવાદે મહાસભાના કાર્યક્રમમાં તેને અનેક દૂષણો દર્શાવ્યાં હતાં; પરંતુ સનાતની, આર્યસમાજી, હિંદુ મહાસભાવાદી, મુસ્લિમ લીગના સિદ્ધાન્તી, સમાજવાદી, સામ્યવાદી, રજવાડાવાદી, મજૂરપક્ષવાદી, વ્યાપારવાદી, સુધારક, બ્રિટિશ સત્તાવાદી, એ સર્વનાં બાણોથી વીંધાઈ રહેલી મહાસભા મહાસભાવાદીઓના જ પ્રહારનું નિશાન બને એમાં પરાશરને હિંદી માનસના એક ભયાનક રોગનું જ દર્શન થયું. ઘમંડ, વિભાગીકરણ, સંયમનો અભાવ એ પેઢી દર પેઢી ચાલતા આવેલા હિંદના ચિરસ્થાયી દોષ હિંદમાં નવી નવી રાજકીય ન્યાતજાત ઊભી કર્યે જ જતા હતા, તેનું એને એકાએક દર્શન થયું.

એક નક્કી વાત : પરતંત્ર હિંદને સ્વતંત્ર બનાવવું એ પ્રશ્ન ઉપર તો પડદો ઢંકાય છે, અને કોમ, ધર્મ અને વાદનાં નવાં નવાં રણમેદાનો ખીલી આવે છે ! હિંદના નવજીવનનું એ ચિહ્ન કે હિંદનાં રોગભર્યાં એ ગૂમડાં ?

ધર્મ ! કોમ ! વાદ !

પરાશરના દાંત કચકચી ગયા. ધર્મને, કોમને અને વાદને વાઢી નાખવાનો તેણે માનસિક અભિનય કર્યો. અને પોતાની ખુરશી પાસે આવ્યો ત્યાં સુધી તેને ખબર પડી નહીં કે તેના સાથીદારો તેની સામે કુતૂહલથી જોયા કરતા હતા.

'કેમ બચ્ચા ! ધમકાવ્યોને ખૂબ ?' લાલભાઈએ પરાશરની વિચિત્ર મુખકલા જોઈ પૂછ્યું.

સત્ય અને અહિંસાનો પ્રચાર કરવા પ્રગટ થયેલા મહાસભાના વાજિંત્રરૂપે 'સત્યવાદી' પત્રની કચેરીમાં પણ ધાકધમકી અને કાવાદાવાનાં વાતાવરણ ઘટ્ટ બની શકતાં હતાં, એટલું તો લાલભાઈની વાણી સ્પષ્ટ કરતી હતી.

'ના, મને કોણ ધમકાવે ?' પરાશરે જવાબ આપ્યો.

'હું બધું જાણું છું ! પેલા રજવાડાની વિરુદ્ધ તેં છાપી માર્યું હતું ને ? તને મેં અમસ્તી ના નહોતી પાડી. ત્યાંના દીવાન વિજયરાયના મિત્ર છે. અહીં આવે છે ત્યારે એમને ઘેર ઊતરે છે.' લાલભાઈએ કલ્પી લીધેલી ધમકીનું મૂળ કારણ પણ શોધી કાઢ્યું. દેશી રાજ્યોના દીવાનોની મૈત્રીમાં માન લેતા અનેક મહાસભાવાદી આગેવાનો દેશી રાજ્યોના ટેકારૂપ બની રહ્યા છે એની પરાશરને ખબર હતી, અને વિજયરાય મહાસભાવાદીના ઘરમાં રજવાડાઓના બચાવની યુક્તિઓ રચતા રાજાઓ અને દીવાનો - જાહેર નહિ તો ખાનગી રાહે - ઘણી વખત રહી મિજબાની અને ઉતારાઓના આનંદ લેતા હતા એની ચર્ચા પણ થતી પરાશરે સાંભળી

હતી; પરંતુ અહિંસક વિજયરાયથી વિવેક ન જ ચુકાય. પરોણાગત એ ગાંધીવાદનું એક પરિણામ છે, અને તે દ્વારા હૃદયપલટાનો પૂરો અવકાશ માનતા વિજયરાય એક પાસ રવિશંકર મહારાજ* જેવાને માટે સાદો બાજરીનો રોટલો પણ પોતાના ઘરમાં કરાવી શકતા, અને સર ઈજ્જત કે સર બંકમ્ જેવા પ્રધાનો માટે બેન્ક્વૅટ પણ બનાવી શકતા. વિજયરાયને સર બનવાની અને મહાસભાવાદી થવાની વચમાં બહુ જ થોડું અંતર રહી ગયું હતું.

'એની વાત ન હતી. વિજયરાય મહાસભા ઉપર જરા રિસાયા લાગે છે.' પરાશરે કહ્યું.

'હું બધું જ જાણું છું.' લાલભાઈએ કહ્યું. લાલભાઈ જેવા પત્રકાર અને ખબરપત્રીનાં દિવ્યચક્ષુ આગેવાનોના શયનખંડ - અરે શયનપલંગ - સુધી પહોંચી જતાં હતાં, તો એવી એક સહજ વાત તેઓ ન જાણે એમ બને જ નહિ.

'કહો તો ખરા.' એક સાથીએ કહ્યું.

'હમણાં વાત બહાર ન પાડશો; દાવ આવ્યે સોગઠી મારવાની.' આંખમાં અનુપમ તેજ લાવી લાલભાઈએ કહ્યું, 'મુત્સદ્દીગીરી માત્ર રજવાડામાં જ ભરાઈ રહી છે એમ માનવાનું કારણ નથી. વર્તમાનપત્રોના જન્મ પછી ખબરપત્રીઓએ પણ મુત્સદ્દીગીરીમાં ભારે ભાગ પડાવ્યો છે એ કોઈએ ભૂલવું ન જોઈએ.'

'બરાબર છે. તમે કહેલી કેટલી વાત અમે છૂપી રાખી છે તે તમે જ જાણો છો.' સાથીદારે કહ્યું.

'જુઓ, કોઈને કાને વાત ન જાય. કૃષ્ણકાન્તભાઈના કબાટમાં કાગળિયાં પણ છે. અને તે આધારે હું કહું છું.' લાલભાઈએ ચારે પાસ જોઈ તેમની વાણી હળવી કરતાં કહ્યું.

'એમ ?'

'ઓહો !'

લાલભાઈ પાસેથી વાત કઢાવવામાં પાવરધા બનેલા સાથીઓએ આશ્ચર્ય દર્શાવ્યું.

'પુરાવા વગરની વાત આપણી પાસે નહિ.' લાલભાઈએ પોતાના સત્યવાદીપણાને પુષ્ટિ આપી.

---

* ગુજરાતના એક સાચા વર્તમાન સાધુ.

'પણ કહો તો ખરા ?' પરાશરે આંખ, મુખ અને વાણીની રમતથી કંટાળી કહ્યું.

'વિજયરાય ઈલાકાના પ્રધાનપદની ઉમેદવારી કરતા હતા તે ખબર છે ?' લાલભાઈએ પૂછ્યું.

'ના.' પરાશરે કહ્યું.

'"સત્યવાદી"માં સહજ ઈશારો પહેલાં આવ્યો હતો.' સાથીદારે કહ્યું.

'એ ઉપરથી સમજી જાઓ. પોતાની ઉમેદવારીને ટેકો આપવા એમણે કૃષ્ણકાન્તને પત્ર લખેલો. તે કબાટમાં એ પડ્યો.' લાલભાઈએ સત્ય ઉચ્ચાર્યું.

'પણ એ પ્રધાન બની શક્યા નહિ.'

'એ જ વાંધો પડ્યો ને ! પેલા ગુજરાતી હિટલરે એમને ફગાવી દીધા!'

'કેમ ?'

'મેં જાતે કારણ સાંભળ્યું છે. એ સુખવાસી જીવથી પ્રધાનપદની કંટકપથારી ઉપર નહિ સૂઈ શકાય એમ ચોખ્ખી જાહેરાત થયેલી. કેમ, હવે સમજાયું ?' લાલભાઈએ સમજ પાડી.

પ્રધાનપદ ન મળવાથી નારાજ બનેલા કેટકેટલા આગેવાનો દેશનું સ્વાતંત્ર્ય નહિ વેચી દે ? સમાજવાદમાં તલપૂર પણ ન માનતા વિજયરાય મહાસભાનાં દૂષણો ખુલ્લાં પાડવા એક સામ્યવાદીની સહાય લેતા હતા ! આભડછેટને ધર્મ માની રહેલા સનાતની હિંદુઓ, ગૌવધમાં ખુદાની કૃપા માની બેઠેલા મુસ્લિમો અને અસ્પૃશ્યતાના ઉત્પાદક જાણે ગાંધીજી હોય એમ ડગલે ને પગલે ઉશ્કેરાઈ મહાસભા ઉપર પૂર્વ યુગનો બધો દોષ નાખતા હરિજનો પરસ્પરને ગળે હાથ નાખી મહાસભાના હૃદયમાં છૂરી ભોંકવા એક બની જાય તો તેમાં કોઈએ નવાઈ માનવાની જરૂર નથી ! હિંદમાં એ અશક્ય નથી.

પરાશરના વિચારો એકાએક અટકી ગયા; વિજયરાય અને કૃષ્ણકાન્ત બંને હસતા હસતા બહાર આવ્યા. લેખકવર્ગ ચડીચૂપ બની નીચું માથું ઘાલી લખવામાં મશગૂલ હોવાનો દેખાવ ઝડપથી કરી શક્યો.

'પરાશર ! તો તું જરા વિજયરાયભાઈ સાથે જા.' કૃષ્ણકાન્તે કહ્યું.

'હા જી, હું તૈયાર છું.' પરાશરે કહ્યું અને તે ઊભો થયો.

વિજયરાયે પરાશરને ખભે હાથ મૂક્યો, અને પ્રસન્નતાસૂચક અભિનય કરી તેને આગળ લીધો. લાલભાઈ સુધ્ધાં સર્વ સાથીદારોનાં હૃદયમાં ઓછી વધતી ઈર્ષા પણ પ્રજળી ઊઠી. પરાશરનું ભાવિ બહુ ઊજળું

બનવાનું છે એવા દૃશ્યથી તેમના જીવને ક્લેશ પણ થયો. પોતાને ન મળી શકતાં હોય એવાં સુખ બીજાઓ ભોગવે એ નિહાળી ઈર્ષા ઊપજે તો તેમાં સુખને માલિકીનું તત્ત્વ બનાવનારનો જ દોષ ! નહિ કે ઈર્ષા કરનારનો !

કૃષ્ણકાન્ત મોટર પાસે આવ્યા, અને એક રડવાની તૈયારી કરતો હોય એવો છોકરો ટોપી ઉતારતો કૃષ્ણકાન્તના પગ પાસે હાથ રાખી ઊભો.

'શું છે ?' "સત્યવાદી" પત્રના માલિકે કહ્યું.

'સાહેબ ! મને કેમ રજા આપી ?' છોકરાએ પૂછ્યું.

'રજા' ન આપે તો બીજું શું કરે ?'

'મારો કાંઈ વાંક ?'

'કાલે કેમ ગેરહાજર રહ્યો ?'

'મારી મા ગુજરી ગઈ, એટલે મારે સ્મશાન જવું પડ્યું.'

'કહેવડાવ્યું કેમ નહિ ?'

'મારે ઘેર કાંઈ નોકરો છે ?' આંખ લહોતો લહોતો છોકરો બોલ્યો.

'ચાલ, માથું ન ખા. બીજી નોકરી ખોળી લે.'

'સાહેબ ! મારે તો મા અને નોકરી બંને ગયાં.'

'બીજી માયે ખોળી લે !'

છોકરો રડી પડ્યો. નહિ જેવા પગારે આખો જન્મારો ચાલે એવી નોકરી કરાવવા ઈચ્છતા "સત્યવાદી" પત્રના જે માલિક બેકારી વિષે દિલ ઉશ્કેરનારા લેખો લખતા હતા, તે જ માલિક આ બાળકને તેની માતાની સ્મશાનભૂમિ ઉપર જવાના અપરાધ માટે એક જ હુકમથી બેકારીના ખાડામાં ફેંકતા હતા. માતાના મૃત્યુથી દુઃખી થયેલા બાળકને કોઈ સાચવનાર-સંભાળનાર છે કે નહિ તે પૂછવાની કૃષ્ણકાન્તને જરૂર ન લાગી. તેના હાથમાં બે રૂપિયા મૂકવાને બદલે આ અહિંસાના ઉપાસક પત્રકારે તેને તરછોડી ભૂખમરામાં ધકેલી દીધો.

પાસે જ એક ભવ્ય, સ્થિતિપાત્ર અને ઉદાર ગણાતા વિજયરાય સરખા આગેવાન કારમાં બેસવા જતા હતા. બાળકને તેઓ કાંઈ જ પૂછતા નથી. પરાશરે બંનેના હૃદયમાં હિંસા ઊભરાતી જોઈ.

'આપણા જીવનને ઘડતો એક પત્રકાર અને આપણા જીવનને દોરતો એક નેતા : એ હિંસાના કે અહિંસાના નમૂના ?' પરાશરના હૃદયમાં પ્રશ્ન ઊઠ્યો :

'ચાલો, તમે બેસી જાઓ.' પરાશરને આગલા ભાગમાં બેસવાની આજ્ઞા કરતા વિજયરાય કારની અંદર આરામથી બેસી ગયા. કૃષ્ણકાન્તે

હસીને નમસ્કાર કર્યા. પરાશર આગળ બેસી ગયો.

મોટરકાર ભૂંગળાની ધૂળ સાથે ચાલવા લાગી. પરાશરે પાછળ જોયું. કાઢી મુકાયેલો બાળનોકર ભીંતે માથું મૂકી રડતો હતો.

પરાશરને થયું કે વિજયરાય, વિજયરાયની ખાદી અને વિજયરાયની કાર : કૃષ્ણકાન્તનું કઠણ હૃદય, "સત્યવાદી" પત્ર અને એ પત્રને છાપતું છાપખાનું : એ સર્વ બાળી મૂકવાને પાત્ર છે ! આવાં જીવન દેશભક્તિને જુગારના પાસા તરીકે ખેલાવે છે ! એમનો હૃદયપલટો ન હોય; એમનો તો દેહાંત જ હોય. એ દેહના ચૂરા કર્યા વગર - એ દેહની રજેરજને બાળી મૂકી તેનો ભડકો કર્યા વગર એ દેહમાં રહેલાં હૃદય બદલાય નહિ.

'ગાડી ઊભી રખાવી બાળકના હાથમાં એક રૂપિયો બધાના દેખતાં મૂકું તો ?' પરાશરને વિચાર આવ્યો. ગાડી બંધ રાખવા સહજ ઈશારો કરવા તૈયારી કરતા પરાશરને યાદ આવ્યું કે તેની પાસે તો પાઈ પણ હતી નહિ !

કૃષ્ણકાન્ત કે લાલભાઈ પાસેથી થોડા રૂપિયા માગી લેવાનું તે વીસરી ગયો હતો !

રૂપિયા વગર વીશીવાળો આજ પરાશરને જમાડવાનો ન હતો.

બાળકને નોકર તરીકે યોજનાર પાપી સમાજને ઉરાડી મૂકવાના જુસ્સાને દબાવી પૈસા વગરના હળવા બનતા હૃદયને મોટરકાર ખેંચી જતી હતી ! મોટર તો ન બળી; પરંતુ પરાશરના હૈયામાં આગ સળગી.

## ૩

'મેં મહાસભામાં કેટલા રૂપિયા ખર્ચ્યા તે જાણો છો ?' વિજયરાયે પરાશરને કહ્યું. વિજયરાયના ભવ્ય બંગલાના એક ખૂબ શણગારેલા દીવાનખાનામાં બંને વાત કરતા બેઠા હતા. ચાંદીની કીટલીમાં ચા હતી, અને સુંદર પ્યાલોરકાબી સહ તે એક મેજને શોભાવતી હતી. ઓરડાનો શણગાર દેશી દબદબાભર્યો હતો. સોફા અને ખુરશીઓ તો પરદેશી લાકડાનાં અને પરદેશી બનાવટનાં હતાં જ; પરંતુ તેમના ઓઢા દેશી કારીગરીના નમૂનારૂપ લાગતા હતા. પાથરેલા કાશ્મીરી નમદા અને ગાલીચા પણ હિંદને આગળ કરતા હોય એવા લાગતા હતા. આખા ઓરડામાં જાણે દેશી પડદા પાછળ યુરોપીય વૈભવ સંતાડ્યો હોય એવો ભાસ પરાશરને થયા કરતો હતો.

'મેં સાંભળ્યું છે કે આપે અસહકાર સમયે ખૂબ સહાય આપી હતી.' પરાશરે કહ્યું.

'એકલા અસહકાર વખતે જ ? તે પહેલાં અને તે પછી પણ હું મારું ધન મહાસભામાં રેડ્યે જ જાઉં છું.'

'તો જ સંસ્થા ચાલી શકે.'

'સંસ્થા કોને ચલાવવી છે ? સહુને આગળ આવવું છે, પ્રમુખ થવું છે, વાહવાહ કહેવરાવવી છે, ફૂલહાર પહેરવાં છે, અને પોતાની 'જય' બોલાવવી છે.'

આનો જવાબ પરાશરને જડ્યો નહિ. એને લાગ્યું કે વિજયરાયને મહાસભાની ચડતી કરતાં પ્રમુખસ્થાન, વાહવાહ, ફૂલહાર અને જયની તૃષ્ણા વધારે છે. એ અસંતુષ્ટ તૃષ્ણા તેની પાસે આ બધું બોલાવી રહી હતી.

'હું ધારું તો નવો પક્ષ ઊભો કરી શકું એમ છું.' વિજયરાયે કહ્યું. પક્ષો ઊભા કરવાની હિંદવાસીઓની શક્તિ અજાણી નથી. આખો ઈતિહાસ એ શક્તિની સાક્ષીરૂપ છે. પોતાને સહુથી વધારે પ્રગતિમાન માનતા સમાજવાદીઓમાં પડેલા પક્ષો પણ એ જ શક્તિના પુરાવારૂપ કેમ ન હોય? ગાંધીવાદ અધૂરો, અણગમતો અને પ્રત્યાઘાતી હશે - છે જ; પણ પ્રગતિવાદીઓમાં પણ કેટકેટલા બિલ્લા ! મહાસભાનો સમાજવાદ, રોયનો સમાજવાદ, થિયોસૉફિકલ સમાજવાદ, મુસ્લિમ લીગ સમાજવાદ, બાબુ ભગવાનદાસવાળો હિંદુધર્મ સમાજવાદ, રશિયન સામ્યવાદ, મજૂરવાદ,

સ્વતંત્ર મજૂરવાદ, કિસાનવાદ : બસ, વાદ જ વાદ ! અને વાદ દીઠ અકેક બબ્બે પક્ષો ! પક્ષ પાડવાની હિંદુસ્તાનની કળા અદ્‌ભુત અને બેનમૂન છે!

'જી, પણ સારું છે કે આપ તેમ કરતા નથી.'

'મને ઘણા જણે કહ્યું; પણ હું દેશદ્રોહી ન જ થાઉં.'

'બરાબર છે.'

'પરંતુ હવે હદ થઈ ગઈ ! હું સતત ખાદી પહેરતો નથી એવો મારા ઉપર આરોપ મૂકી મને મારા નાનકડા અધિકાર ઉપરથી પણ કમી કરવા પ્રયત્ન થઈ ચૂક્યો !'

ખાદીધારી દેશસેવક અને આ મહેલાતનો ઉપભોગ કરનાર આરામપ્રિય સહેલાણી વચ્ચે ભારે ફેર હોવો જોઈતો હતો એમ પરાશરને લાગ્યું. ખાદી એ સેવાનું પ્રતીક હોય તો તેને ધારણ કરનાર વૈભવમાં લોટતો સુખવાસી તો ન જ હોવો જોઈએ. વિજયરાયના મકાનનો એકેએક તસુ વૈભવ પોકારી રહ્યો હતો.

'નાની વાતને મોટી ન બનાવવી જોઈએ.' પરાશરે સહજ સહાનુભૂતિ બતાવી.

'કહો ત્યારે, સત્ય અને અહિંસા ક્યાં જતાં રહ્યાં ?'

'હું તો એ બંનેમાં માનતો જ નથી.'

'એ જુદી વાત છે; પણ હું તમને એકેએક મહાસભાવાદીનો ઇતિહાસ કહું. તમે માનો નહિ એવી કથની હું તેમના જીવનમાંથી કાઢી આપું એમ છું !'

'સંસ્થાને ખાતર એ બધું જતું કરો છો, એ સારું છે.'

'પણ હવે તેમ નહિ થાય. મારા વિરુદ્ધ આક્ષેપ ! અને મને દૂર કરવાની ધૃષ્ટતા ! જુઓ, કૃષ્ણકાન્તે એના પત્રની કટારો મારે માટે ખુલ્લી મૂકી છે. જો તમે મને સહાય આપો...'

'નહિ સાહેબ ! કુહાડીનો હાથો બનવા હું આ વેશ નથી રાખી રહ્યો.' પરાશરે કહ્યું.

'તમે મને સમજ્યા નહિ. હું તમને તમારા વિચારો દર્શાવવાની તક મળે એમ કરવા માગું છું; નહિ કે હું કહું તેવું જ તમે લખો !'

'અમારા એક પત્રમાં હું મારા વિચારો દર્શાવ્યા કરું છું.'

'પણ એ વાંચીને જ હું તમને શોધતો આવ્યો છું. મહાસભાને નિર્મળ બનાવવી એ તો મહાત્માજી પણ કહે છે. આપણે સાચી જ વાત કહેવાની છે.'

'જી ! તો મારે શું લખવું ?'

'હું એ પણ તમને કહેતો નથી; તમને મોકળા રાખવા માગું છું. તમને ઠીક લાગે એ લખો; અને ખૂબ લખો.'

આ ખંધા દેશસેવકનું એક જ લક્ષ હતું : તેને સ્થાનભ્રષ્ટ કરવા મથનાર વ્યક્તિઓ અને સંસ્થાને હલકી પાડવી ! નહિ, દેશદ્રોહના દેખાવ વગર એ બંનેને ઉથલાવી પાડવાં ! પરાશરની આંખ અને હૃદય ઉઘાડાં હતાં.

'અને જરૂર પડ્યે પૈસાની ચિંતા ન રાખશો.' વિજયરાયે બેવડી જાળ ઓરાઢી. પૈસો પ્રેમને - અરે પ્રભુને પણ ખરીદી લે છે !

પરાશરને પૈસાની આ જ ક્ષણે જરૂર હતી. છતાં ધનનો તિરસ્કાર - ધનના પ્રદર્શનનો તિરસ્કાર તેના હૃદયમાં એટલો તીવ્ર બની ગયો હતો કે તેણે તરત જવાબ આપ્યો :

'હું પૈસાની લાલચે કશું જ કરતો નથી.'

'એ હું જાણું છું. ભાસ્કર મને કદી કદી તમારી વાત કહે છે...'

એક પટાવાળો દોડતો આવ્યો. પટાવાળાનો ભભકદાર પોશાક ખાદીનો જ હતો. તેણે કાર્ડ વિજયરાયની પાસે મૂકી દીધું.

'સર લતીફ ! આ મુસ્લિમ લીગવાળા પણ મને છોડતા નથી. બેસાડો, હું આવું છું.' વિજયરાયે કહ્યું. ઘણા મોટા માણસો અને તે પણ સામા પક્ષવાળા - પોતાને મળવાને આવે છે એમ દેખાડવાનો પ્રસંગ આવે ત્યારે ભલભલા સજ્જનોને પણ હર્ષ ઉત્પન્ન થાય છે.

'હું રજા લઉં ત્યારે.' પરાશરે કહ્યું.

'હા, તમને પાછા બોલાવીશ, કેમ ભાસ્કર ! તું ક્યાંથી ? થિસિસ હવે ક્યારે પૂરી કરે છે ?' વિજયરાયે ઊઠતાં ઊઠતાં પોતાના પુત્રને દીવાનખાનામાં આવતો જોઈ પૂછ્યું.

'પેલા ગ્રૅજ્યુએટ બાઈ આવ્યાં છે.' ભાસ્કરે કહ્યું.

'તારી પસંદગી હોય તો બસ, નીમી દીધાં માનજે. જરા સર લતીફ આવ્યા છે તેમને મળી લઉં.'

'ત્યારે નિમણૂકનો હુકમ મોકલાવી દેશો ?' ભાસ્કરે પૂછ્યું.

'હા હા.' કહી વિજયરાય ઓરડીની બહાર નીકળ્યા. પરાશરને ખભે ભાસ્કરે હાથ મૂક્યો, અને તેને પોતાની ઓસરી તરફ ઘસડવા માંડ્યો. ઓરડાની બહાર શોભના ઊભી હતી.

'હું હવે જઈશ.' પરાશરે કહ્યું.

'કેમ ?'

'હજી પ્રેસમાં જઈ થોડું લખાણ કરવાનું છે.'

'હું તારી ખબર જોવા આવવાનો હતો; તને વાગ્યું એમ સાંભળ્યું.'

'થોડું; નહિ જેવું.'

'શોભનાને તો ઓળખે છે ને ?'

'હા.'

'તો પછી બોલાવ તો ખરો ! એ આવતી કાલથી અમારી શાળામાં કામ કરવાનાં છે.'

'એમ કે ?'

'હું જરા એમને મૂકવા જાઉં છું, નહિ તો આપણે કલાક બેસત.'

'મારે પણ કામ છે.'

'જઈશ જ ? એમ ?'

મિત્ર ભાસ્કરે તેને સાથે લઈ જવાનું કહ્યું નહિ. વિજયરાય મોટરમાં તેને લાવ્યા હતા એ ખરું : પરંતુ એને પાછા જવાની સગવડ આપવા તેઓ બંધાયેલા ન હતા. પરાશરની સામાજિક સ્થિતિ પણ એવી ન હતી કે તેને ખોટું લગાડવાનો હક્ક ઉત્પન્ન થાય, અગર તેનું ખોટું લગાડવું કોઈને નુકસાનરૂપ થઈ પડે. અને વિજયરાયે કાર આખી દુનિયાને ચરણે ધરી ન હતી, જોકે તેમણે પોતાનું જીવન દેશને ચરણે ધર્યાનું અનેક વખત જાહેર કર્યું હતું. એટલે લાંબે પલ્લે પરાશરને - પગપાળા જવાનું હતું.

પરાશરે સાદું જીવન સ્વીકાર્યું તે ક્ષણથી જ તેણે બાહ્ય સુખને તિલાંજલિ આપી હતી. તેને સુખનો વિરોધ ન હતો; સહુને સુખ મળે એવી સમાજરચના રચવામાં સહાય કરવાની જ તેને અભિલાષા હતી. ગાંધીવાદે તૈયાર કરેલી દેશસેવાની ભૂમિકામાં અસ્પષ્ટતા, વર્ગવિગ્રહની સંભાવનાનો અભાવ, જમીનદારો અને અર્થવાદીઓનું મહત્ત્વ વધારવાની તેમાં રહેલી સંપૂર્ણ શક્યતા, રાજકીય કે સામાજિક યુદ્ધ માટેની તૈયારી તરીકે માગવામાં આવતી અતિ વિશુદ્ધિ જે કદાચ બધી જ વિશુદ્ધિ તરીકે ભાગ્યે જ ગણી શકાય - ધર્મ, નીતિ અને રાજકારણનું ગૂંચવણભર્યું મિશ્રણ, હૃદયપલટાની અશક્ય માન્યતા, અહિંસાનો દુરાગ્રહ, રેંટિયાનો અત્યાગ્રહ, બંધારણનો સ્વીકાર - એ સઘળા ગાંધીવાદના દોષો કે ગાંધીવાદની ખામીઓમાંથી દેશની લડત સ્વરાજ્યને ચીલેથી ખસી બ્રિટિશ સામ્રાજ્યવાદને ચીલે ચઢી જવાના ક્રમમાં હતી, એમ પરાશર પણ માનતો હતો.

છતાં ગાંધીવાદના દોષ જોઈ તેમને આગળ કરી નવીન દોષોના પડદા પાછળ ભરાઈ જવાની તેની જરા પણ ઈચ્છા ન હતી. પફ, પાઉડર અને પોમેડની સહાય વડે કામદેવ સ્વરૂપ ધારણ કરી ફરતા અને શરાબની ખુમારીમાં પોતાની બહાદુરીનું પ્રતિબિંબ નિહાળતા નવીન છેલબટાઉઓથી ઊભરાતી શાળાઓ, પાઠશાળાઓ અને શેરીઓ પ્રત્યે તેને ભયંકર તિરસ્કાર ઉત્પન્ન થયો હતો. મહેનત, મજૂરી ને ગરીબીથી ડરતા નવીન યુવાન કાર્યકરો તેને ગાંધીવાદી ખાદીધારીઓ કરતાં પણ વધારે નિષ્ફળ દેખાવા લાગ્યા હતા. નવીન નીતિને નામે, ફ્રાઈડ કે જંગના જાતીય માનસવાદના બહાના નીચે, લગ્નબંધનને તોડવાની બહાદુરીને આશ્રયે જાતીય સુખ શોધી રહેલાં વાસનાભર્યાં નવીન હૃદયો માટે તેને જરાય માન ન હતું. તેને સાચી સેવા, સાચો ત્યાગ, સાચી જીવનસરણી જોઈતાં હતાં.

અને એ કારણે જ તેણે ગરીબી અને સાદાઈ સ્વીકારી લીધાં હતાં. તેને પગે ચાલતાં શરમ આવતી ન હતી, પગે ચાલતાં તેને થાકનો ભાસ થતો ન હતો; જોકે વાહન વાપરનાર ઉપર તેને ઘણી વખત રોષ ચઢતો હતો એ ખરું. ભાસ્કર તેનો જ સાથી તેના સરખી જ ભાવનાવાળો, તેના સરખી જ સેવાની ઉત્કંઠાવાળો હતો; પરંતુ ભાસ્કરની સમૃદ્ધિ અને ભાસ્કરનાં વાહન અનેક વખતના તેના નિશ્ચયોને ડગાવી ભાસ્કરને સુંવાળો, સુખવાંચ્છુ અને સ્વાર્થી બનાવી મૂકતાં હતાં તે તેણે પોતાની નજરે જ નિહાળ્યા કર્યું હતું. સુખપૂર્વક જેટલી સેવા થાય એટલી કરવી એવા માનસે ભાસ્કરને ધીમે ધીમે જકડી લીધો હતો તે એણે જોયું, અને અનેક નિશ્વાસો સહ તેણે પુરાવાઓ પણ દીઠા કે ભાસ્કરની ગાડી ગરીબની સેવા માટે, ગરીબના ઉપયોગ માટે વપરાવાને બદલે ભાસ્કરને તેની મિત્ર-યુવતીઓ સાથે ફરવાના કામમાં વધારે આવતી હતી. પોતાને સાથે ન લેતાં શોભનાને એકલીને ગાડીમાં ફરવા લઈ જનાર ભાસ્કર સુખવૈભવથી અધોગતિમાં ઊતરતા એક વર્તમાન યુવકના પ્રતીક સરખો પરાશરને લાગ્યો. ધનિક અને ઉચ્ચ મધ્યમ વર્ગ ગરીબોના કદી બેલી ન બની શકે એની તેને અત્યારે ખાતરી થઈ ચૂકી.

અને રસ્તામાં પગે ચાલતાં પરાશરે ભાસ્કર અને શોભનાને કારમાં ભરાઈને ઝડપથી પસાર થતાં નિહાળ્યાં, ત્યારે તેના હૃદયમાં કાંઈ અકથ્ય દુ:ખ થઈ આવ્યું. ગાડીમાંથી શોભનાએ સહજ બહાર નજર નાખી પરાશરને જોઈ લીધો હતો, એથી પરાશરને અદેખાઈ તો નહિ આવી હોય ! અદેખાઈ પણ હૃદયને લોહીવાળું બનાવે છે ! ગરીબોના પક્ષકારથી વ્યક્તિગત અદેખાઈ સેવાય ખરી ?

પાછો એનો એ ગાંધીવાદ !

પરંતુ અદેખાઈની તીવ્ર લાગણી પરાશર જેવી ભણેલીગણેલી વ્યક્તિઓમાં જ સમાઈ રહેવી ન જોઇએ. એ લાગણીએ તો શોષિત, દરિદ્ર સમાજના આખા થરમાં વીજળીના આંચકા ઉપજાવવા જોઈએ. ધનિકોનું ધન, ધનિકોનાં મકાન, ધનિકોનાં બાગબગીચા, ધનિકોનાં ખોરાક, ધનિકોનાં વાહન તેમના હાથમાંથી ખૂંચવી લેવાની વેરવૃત્તિ અને તાકાત મજૂરો અને કિસાનોમાં જાગવી જોઈએ. આવા વિચારના વમળમાં પરાશર આગળ વધ્યો.

'પણે ઊભેલું ટોળું કોઈની મોટરકાર ખાળી રહ્યું લાગે છે !'

વિચારમાં આગળ અને આગળ ચાલ્યા જતા પરાશરે સંધ્યા સમયે એવું દૃશ્ય જોયું, અને તે ટોળા તરફ આગળ વધ્યો. તેણે અંગત રીતે નિશ્ચય કરી જ લીધો હતો કે જાતને જોખમે હુલ્લડ, મારામારી, તોફાન કે અકસ્માતના પ્રસંગોએ વચ્ચે પડવું જ, અને પક્ષ, ધર્મ કે વાદ બાજુએ મૂકી જરૂર પડ્યે હિંસક બનીને પણ એ પ્રસંગો ઘટાડવા. અહિંસાને બહાને બતાવાતું કાયરપણું તેને તિરસ્કારપાત્ર લાગતું હતું; અને ગાંધી સિવાયના સહુની અહિંસા નામર્દોની અહિંસા છે એમ તેની ખાતરી થઈ ગઈ હતી.

'આજે પોલીસના બંદોબસ્તને લીધે હુલ્લડ તો કોઈ જગાએ થયું ન હતું. અહિંસક સરકારે હિંદુ-મુસ્લિમનાં તોફાની લત્તાઓમાં લાઠી અને બંદૂકના ભય વડે હુલ્લડને તો દાબી રાખ્યું હતું; પરંતુ એક મજૂરણ કોઈ ધનિકની મોટરકારના ધક્કામાં આવી ગઈ હતી એટલે ટોળું ભેગું થયું હતું.

અકસ્માત પ્રસંગે લોકો ટોળે મળી જાય છે, અને ઝઘડો ભારે ન હોય તો લાંબો વખત ટોળાબંધ રહી પણ શકે છે; પરંતુ એ ટોળું ન ઘાયલ થનારને, ન ઘા કરનારને કે ન તો બંદોબસ્તી માણસોને સહાયરૂપ થઈ પડે છે. ટોળું તો ઊલટું સહુને ભારણરૂપ થઈ પડે છે.

બેત્રણ પોલીસ સિપાઈઓ ટોળાને વિખેરવા મથતા હતા. મહાસભાની સરકારના વહીવટમાં પોલીસથી અવિવેકી બનવાનો દોષ થઈ શકતો નથી - જોકે બિનજરૂરી ભારણરૂપ ટોળું કશા કામમાં ન આવતું હોઈ હિંસાત્મક અવિવેકને જ લાયક હતું; પરંતુ મહાસભાના જુલમોની ઝીણીમોટી યાદીઓ રાખનાર મુસ્લિમપક્ષ, મજૂરપક્ષ, મવાલપક્ષ, સહુ કોઈ પત્રોમાં, ભાષણોમાં અને ધારાસભામાં સેંકડો વર્ષના અવિવેકથી સંસ્કૃત બનેલા પોલીસ વર્ગના દોષ માટે બે વર્ષની મહાસભાને આરોપીના પાંજરામાં મૂકવાની બાહોશી શીખી ગયેલા છે. એટલે ન છૂટકે સમજાવટમાં પડેલા બેત્રણ પોલીસ સિપાઈઓને ન સાંભળતું ટોળું વધ્યે જતું હતું. ઘાયલ

બાઈની સારવાર તરફ પોલીસના એકબે માણસો સિવાય બીજા કોઈનું ધ્યાન જતું ન હતું. એકબે સિપાઈ કારની બહાર નીકળેલા ડ્રાઈવર અને કારમાં જ બેસી રહેલા માલિકની સાથે કાંઈ જિકર કરતા હતા. માલિકને પોલીસની સાથે વાત કરવામાં અપમાન લાગતું હતું. તેમની ગાડી કદી જ ભૂલ કરે નહિ, અને તેમનો હાંકનાર એક વખત સરકસમાં ચાર કાર સાથે ચલાવી શકતો હતો, એવી કાંઈ હકીકત તેઓ પોલીસ તરફ ફેંકતા હતા. નીચે પડેલી બાઈએ મૃત્યુને પોતાની સામે નિહાળ્યું, અને ગાડીમાં બેસનાર આખી ધનિક આલમનો ઉચ્છેદ થાય એવી તે ક્રોધભરી પ્રાર્થના કરતી હતી. ટોળાને સર્વ વાતમાં રસ પડતો હતો. ટોળાને બાઈની ગાળો પણ ગમતી, માલિકનો દમામ પણ ગમતો, અને આવા દમામવાળાને રોકી શકેલા પોલીસના માણસોની ખબરદારી પણ ગમતી. માત્ર તે જાતે નિષ્ક્રિય હતું. બાઈનો દોષ હતો કે મોટર હાંકનારનો, તેનો પુરાવો કરવાને પંચક્યાસમાં ઊભા રહેવાની સહુની ચોખ્ખી ના હતી.'

'આ બિનજવાબદાર, નિષ્ક્રિય, સ્વાર્થી અને તમાશાખોર ટોળાં દ્વારા આપણે સ્વરાજ્ય લેવાનું છે, નહિ ?' પરાશરના હૃદયમાં પ્રશ્ન ઊઠ્યો અને તે જ ક્ષણે તેને લાગ્યું કે તેના પહેરણના ખિસ્સા તરફનો ભાગ જરા ખેંચાય છે.

ટોળામાં કપડાં સ્વાભાવિક રીતે જ ખેંચાય, એટલે તેણે પ્રથમ તો તે તરફ ધ્યાન ન આપ્યું; પરંતુ બેત્રણ વાર એક જ જગ્યાએ તેણે ખેંચ અનુભવી. ટોળામાંથી આગળ વધી અકસ્માતની જગ્યાએ પહોંચી બાઈને કાંઈ પ્રાથમિક સારવાર થઈ શકતી હોય તો તે કરવા તે આતુર હતો; પરંતુ પહેરણ ખેંચાવાથી તે જરા થોભ્યો. તેને સહજ રમૂજ પડી. તેના ખિસ્સામાં એક પાઈ પણ નહોતી. મહેનત કરી રહેલા ખિસ્સાકાતરુને જોવાની અને તેને વધારે તક આપી નિષ્ફળ બનાવવાના કાર્યમાં સહાયભૂત થવાની તેની જિજ્ઞાસા અને રમૂજવૃત્તિએ તેને એકાએક આગળ વધતો અટકાવ્યો. તેણે પોતાના ખિસ્સા તરફ મનને પ્રેર્યું - જોકે તેણે દૃષ્ટિ તો અકસ્માત તરફ જ રાખી હતી. અને જેવો તેના ખિસ્સામાં ઊંડે એક હાથ ઊતર્યો લાગ્યો કે તત્કાળ તેણે તે હાથને પકડી લીધો.

પરાશરે મજબૂત હાથની કલ્પના કરી હતી; પકડ્યા પછી એ હાથના માલિકને દોસ્ત બનાવવાની ઈચ્છા રાખી હતી; જરૂર વગર કોઈ ખિસ્સું કાતરે નહિ એમ તે માનતો હતો. ટેવાયલા ગુનેગારો પણ જરૂરની પરંપરાના ઘડતર રૂપ હતા એમ તે ગણતો હતો, એટલે ચોરને પકડીને પોલીસને સ્વાધીન તો કરવાનો ન જ હતો. છતાં તેની કલ્પના કરતાં જુદો

જ દુબળો હાથ તેની પકડમાં આવતાં તે સહજ ચમક્યો અને હાથને પકડી રાખી હાથના ધારણ કરનારને જોવા તેણે સહજ પાછળ નજર કરી. તેનાથી બોલાઈ ગયું :

'અલ્યા, શંકર ! તું ?'

'ભાઈ સાહેબ ! માફ કરજો; ભૂલ થઈ. હવે કદી એવું નહિ કરું.' શંકરે જવાબ આપ્યો.

થોડા કલાક પહેલાં "સત્યવાદી"ના તંત્રીએ ગેરહાજરીના કારણે કાઢી મૂકેલા છોકરાનું નામ શંકર હતું. દસબાર વર્ષનો એ બાળક છાપખાનામાં ફેરાઆંટાનું કામ કરતો, પ્રૂફ આપી આવવાનું અને જરૂર પડ્યે પત્ર વહેંચવામાં ફેરિયાનું કામ કરતો હતો. એના હાથમાં પૈસા મૂકવાની પરાશરને થયેલી તીવ્ર ઇચ્છા પાછી જાગ્રત થઈ.

'હરકત નહિ; પણ તું જોઈ લે, મારા ખિસ્સામાં કાંઈ નથી.' પરાશરે કહ્યું.

'ના, ભાઈ ! ના. મારે નથી જોવું.' શંકર રડવા જેવો થઈ ગયો.

'જો, રડીશ નહિ. મારી સાથે રહેજે. ભૂખ્યો છે, ખરું ?' પરાશરે શંકરને તેની પાસે ખેંચી પૂછ્યું.

'ભૂખ્યો તો ઠીક; પણ આજે ચારઆઠ આના પણ ન લઈ જાઉં તો મારા કાકા મને મારી નાખે !' શંકરે આંખ લૂછતે લૂછતે કહ્યું.

પરાશરને થયું કે તેની પાસે ધન હોય તો તેનો ઢગલો કરી આ રડી રહેલા બાળકને તેના ઉપર બેસાડે !

પરંતુ તેની પાસે ઢગલો તો શું પણ ઢગલાની કલ્પના કરવા માટે પણ કાંઈ સાધન ન હતું. ધનિક પત્રકારને ત્યાંથી, ધનિક નેતાને ત્યાંથી, ધનિક મિત્રને ત્યાંથી તે ખાલી હાથે આવ્યો હતો.

'તું મારી સાથે રહે તો તને કાંઈ અપાવું.' એક પણ માર્ગ ખુલ્લો ન દેખાયા છતાં પરાશરે આશ્વાસન આપ્યું.

'પણ... પકડાવી દેશો તો ?' શંકરને ભય પણ લાગ્યો.

'મૂરખ છે મૂરખ ! તેં ક્યાં કાંઈ લીધું છે ? બીઈશ નહિ; મારી સાથે આવ. પેલી બાઈને આપણે ડૉક્ટર પાસે લઈ જઈએ.'

'કયા ડૉક્ટરને ત્યાં ?'

'અહીં પાસે જ મારો જૂનો મિત્ર રહે છે; એ ડૉક્ટર છે.'

'પણ મને તો શેઠે કાઢી મૂક્યો છે.'

'હું પાછો રખાવી આપીશ; ચાલ.'

ટોળામાં અનેક પ્રસંગો લાગા સાથે બને છે, અને અનેક પ્રકારની વાતો એકસામટી ચર્ચાય છે. એમાં અકસ્માત થાય, ચોરી થાય, ખિસ્સાં કતરાય, વાતોચીતો થાય, ગાળાગાળી પણ થાય, અને ફિલસૂફીભર્યાં વાક્યો ઉચ્ચારાય.

ટોળું પરાશર ધારતો હતો એવું છેક નિષ્ક્રિય તો ન જ હતું.

૪

પરાશરે ટોળામાંથી શંકરનો હાથ ઝાલી તેને સાથે ઘસડી આગળ આવી કહ્યું :

'અરે જમાદાર સાહેબ ! પહેલાં આ બાઈની સારવાર કરાવો ને ? મોટરકારનો નંબર તો લઈ લીધો છે.'

'પણ પંચક્યાસ કરવો જોઈએ ને ?'

'પહેલો પંચક્યાસ કે પહેલી સારવાર ?' પરાશરે પૂછ્યું.

'હું પણ એ જ કહું છું, અને નાહક આ પોલીસના માણસો મને હેરાન કરી અટકાવી રાખે છે.' મોટરના માલિકે કહ્યું.

'આપનું નામઠામ આપવામાં આપને નાનમ આવી જાય છે, અને અમે હેરાન કરીએ છીએ એમ આપને લાગી આવે છે ! આ કેવો અવળો ન્યાય ?' એક પોલીસના માણસે કહ્યું.

'હું તમારો ન્યાય અને અન્યાય આગળ ઉપર કરાવીશ. મૅજિસ્ટ્રેટ સાહેબ તો શું પણ ઈલાકાના પ્રધાન મારા મિત્ર છે !'

લોકજ્ઞપ્રધાનો સત્તાધીશ થવાથી તેમનાં ઓળખાણને વટાવી ખાવાની તજવીજ કરનાર સજ્જનોની સંખ્યા એકાએક વધી પડી છે !

'આપણે, સાહેબ ! એમ કરો ને ? બાઈને કારમાં નાખી દવાખાને પહોંચાડીએ. પંચક્યાસ લખાઈ ગયો છે. સહી માટે ત્રણ જણ શોધી કાઢીશું.' સિપાઈએ કહ્યું.

'જોયું મિસ્ટર ! આ પંચક્યાસ કેવા ખોટા થાય છે તે ? તમે મારા સાક્ષી છો.' કારના માલિકે ગૃહસ્થાઈ બતાવી પરાશરને પોતાના પક્ષમાં લેવા તજવીજ કરી.

'તમે, તમારો સાક્ષી અને તમારો પંચક્યાસ એ ત્રણે જહાનમમાં જાઓ ! પહેલાં આ બાઈની સારવાર વિચારો !' એમ કહેવાને તત્પર થયેલી પરાશરની વાણી પહેલું સંબોધન લુપ્ત કરી ગઈ.

'હું ક્યાં ના પાડું છું ? મારી કારમાં લેઈ ચાલો.' માલિકે કહ્યું.

'અહીં પાસે જ એક ડૉક્ટર છે. દૂર જવું પણ નહિ પડે. બાઈને લઈ લઈએ.' પરાશરે કહ્યું.

બસો ત્રણસો માણસોના ટોળામાંથી ત્રણેક બહાદુર પુરુષોએ બહાર

પડી પંચક્યાસ ઉપર એટલામાં સહી પણ કરી આપી, અને કેસ ચાલતાં કચેરીના ધક્કા ખાવાના દુઃખને સહન કરી ન્યાયને મદદ આપવા તૈયાર પણ થયા.

જગતભરને શાપ દેતી ઘાયલ બાઈને મહા મુસીબતે મોટરમાં સુવાડી અને માલિક, પોલીસ તથા શૉફર અંદર બેસી ગયા. ઝડપથી ચાલી પરાશરે પાસે જ આવેલા એક મોટા મકાન તરફ ગાડીને દોરી, શંકરનો ઝાલેલો હાથ તેણે છોડ્યો ન હતો. શંકર પણ સાથે ઘસડાતો હતો.

ડૉક્ટર ઘણા મોટા બને - અગર બનવાનો દેખાવ કરે - ત્યારે તેઓ દેવાનાં કશાં જ સાધનો વગરની Consulting Room- માત્ર સલાહ આપવાની ઓરડીઓ રાખે છે. એ ઓરડી બંધ હતી, છતાં તેની જ પાછળ ડૉક્ટર કુમાર રહેતા હતા, તેની પરાશરને ખબર હતી. તેણે ઘંટડીનું બટન દબાવ્યું.

સંધ્યાકાળના દીવા શરૂ થઈ ગયા હતા. ડૉક્ટરની ઓરડીમાં દીવો બળતો હતો, અને અંદરથી ઓરડી બંધ હતી એટલે ડૉક્ટર કુમાર ત્યાં હોવા જોઈએ એમ પરાશરે ધાર્યું. થોડી ક્ષણ રાહ જોઈ પરાશરે ફરી ઘંટડી વગાડી અને ભાર દઈને લાંબી વાર સુધી વગાડી. ડૉક્ટર સંધ્યાકાળે સૂઈ રહે એ બને નહિ. પરાશરે બારણું જરા હલાવી નાખ્યું, અને બારણું ઊઘડ્યું. બારણા પાછળ ડૉક્ટર કુમાર દેખાયા.

ડૉક્ટર કુમાર ? કે ડૉક્ટર કુમારનું ભૂત ? પરાશરને પ્રશ્ન થયો. દેખાવડા યુવક ડૉક્ટરની આંખોમાં કાંઈ અવનવું તેજ ચમકતું લાગ્યું. એ ઘેલછા હશે ? કે ઈશ્વરનો સાક્ષાત્કાર ? વાળ સહજ અવ્યવસ્થિત હતા; પરંતુ ડૉક્ટર કુમારને ગમતાં સુંદરમાં સુંદર કપડાંમાં આ દેહ સજ્જ થયેલો હતો.

'કુમાર !' પરાશરે સંબોધન કર્યું.

'કેમ ?' જાણે ઊંડી ઊંઘમાંથી જાગ્રત થઈ તે બોલતો હોય એમ લાગ્યું.

'હું એક દર્દી લાવ્યો છું; અકસ્માત થયો છે.'

'કોને ? તમને કે આ છોકરાને ?' શંકરને ઉદ્દેશીને ડૉક્ટર કુમારે ઊંડાણમાંથી ચેતન મેળવી પૂછ્યું.

'એક બાઈ છે; મોટરકાર તળે આવી ગઈ હતી.'

'ક્યાં છે ?'

'પોલીસના માણસો અને કારના માલિક બાઈને ધીમે ધીમે લાવતા

દેખાયા. ડૉક્ટર કુમાર જાગ્રત થવા મથી રહ્યા, અને એકાએક તેમની આંખનું તેજ સૌમ્ય બન્યું.

'પરાશર ? તું છે ?' ડૉક્ટરે પૂછ્યું.

'હા, ન ઓળખ્યો ? કાંઈ થાય છે ?' પરાશરે સામું પૂછ્યું.

'હવે કાંઈ થતું નથી. ચાલ, બાઈને અંદર લઈ લઈએ. હું તપાસું અને પાટા બાંધી આપું.' ડૉક્ટરે કહ્યું.

'આપની ફી માટે હરકત નહિ આવે.' મોટરમાલિકે કહ્યું. પૈસાદાર દેખાવા મથતા પુરુષો પૈસાને વેરવાની વાત હંમેશાં આગળ કર્યા કરે છે.

'ઓહ ! તેનું કાંઈ મહત્ત્વ નથી.' ડૉક્ટરે એકદમ સ્ફૂર્તિ બતાવી હસીને કહ્યું.

ડૉક્ટર કુમારની ઓરડી બહુ સારી રીતે શણગારેલી હતી.

ઓરડીમાં થઈને બહારના સલાહસ્થાન ઉપર પણ જવાની સગવડ હતી. સલાહસ્થાન અને શણગારેલી ઓરડી વચ્ચે વળી એક દર્દીને તપાસવાની ઓરડી હતી. તેમાં બાઈને લેઈ જઈ તેને તપાસી, તેના અંગ ઉપર જરૂર પ્રમાણે પાટા બાંધ્યા અને દવાઓ ચોપડી.

'બહુ ઈજા થઈ છે ડૉક્ટર ?' કારના માલિકે પૂછ્યું.

'સાધારણ. ચારેક દિવસમાં આરામ થઈ જશે.' ડૉક્ટરે કહ્યું.

બાઈના મૂખ ઉપર મૂર્છાનાં ચિહ્ન આવતાં દેખાયાં.

એક પોલીસ અમલદારે કહ્યું :

'બૂમો તો મરી ગઈ હોય એટલી મારવી હતી !'

'એ જ જોવાનું જ છે ને ! ગરીબીનો દેખાવ કરી આજે અમને ગરદન મારવા ઊભા થયા છે !' માલિક બોલ્યો.

'છેક નથી વાગ્યું એમ તો કેમ કહેવાય ? અને કાર સાથે અથડાય એટલે ધક્કા પણ વધારે લાગે.' ડૉક્ટરે કહ્યું.

'એના બદલા તરીકે પચીસેક રૂપિયા આપું તો ચાલે કે ?'

'એ તો આપ જાણો. દવા માટે એટલું બસ છે.'

'બીજું પછી જોઈશું. અને આપની ફી ?' ખિસ્સામાંથી પૈસા કાઢી પચીસ રૂપિયાની નોટો બેત્રણ વાર ગણી પાટા બાંધેલી બાઈના હાથમાં મૂકતાં મોટરમાલિકે પૂછ્યું.

'આપને જે ઠીક લાગે તે. આપ અકસ્માત આવ્યા છો એટલે આપને કાંઈ કહેવાય જ નહિ.'

'પંદર બસ થશે ?'

'હું કાંઈ કહેતો જ નથી ને !'

'પણ ઈજા તો ચારેક દિવસ જેટલી જ લખી આપશો ને ?'

'હાસ્તો. મને લાગે છે તે જ લખીશ. ઈજાનું અને પૈસાનું પ્રમાણ હું સામસામા પલ્લામાં મૂકતો નથી.'

'થેંક્સ' કહી મોટરમાલિકે પંદર રૂપિયા ડૉક્ટરના મેજ ઉપર મૂક્યા, અને તેના ઉપર કાચના મેજરમકડાનો ભાર મૂક્યો. ડૉક્ટરો હાથોહાથ પૈસા લેતા જ નથી.

'તમને પણ દસેક રૂપિયા આપું છું. જમાદાર !' મોટરમાલિક બાઈને લઈ જતા પોલીસ સિપાઈઓના આગેવાનને કહ્યું.

'નહિ રે સાહેબ ! અમે હમણાંના એવા પૈસા લેતા જ નથી.' જમાદારે કહ્યું.

'કેમ ?'

'અમારા ઉપર બધાની આંખ તો હોય જ. આપ સાહેબ બધા મોટા અમલદારોને ઓળખો છો; એટલે સહજ વાત કરો તોય અમારો તો રોટલો જાય; અમને કોઈ સાંભળે જ નહિ.' જમાદારે કહ્યું.

'આ મહાસભાની સરકારે આવી ગરીબોના જ ગળા ઉપર છરી મૂકવા માંડી છે.' લાંચ આપવા ઇચ્છતા અને તેમ કરી મુકરદમાને હળવો બનાવી દેવાનો પેંતરો રચતા મોટરમાલિકે ગરીબોની દયા ખાવા માંડી.

'આપનું નામ શું ?' પરાશરે પૂછ્યું. તેમને કોઈક સ્થળે કોઈ બાબતના આગેવાન તરીકે જોયાનું તેને યાદ આવ્યું.

'મારું નામ સુખનંદન.'

'પરાશરને આ નામ સાંભળતાં જ એક ચાલુ ઈતિહાસનો ટુકડો સમજાઈ ગયો. મહાસભાને ગાળો દેવા સ્થપાયલા એક સનાતની પત્રના આર્થિક અમૃતઝરારૂપ ગણાતા સુખનંદન કેટલાં વૈષ્ણવ મંદિરોના ચાલક અને ધર્માચાર્યોના સલાહકાર હતા. આવી સલાહોમાંથી તેમણે કેટલાક માળા હાથ કરી લીધા હતા. અને તેના ઉત્પન્નમાંથી સુખી જિંદગી ગુજારતા આ ધર્મી ગૃહસ્થ અંત્યજોદ્ધારની પ્રવૃત્તિ વિરુદ્ધ, મંદિરોમાં અંત્યજોના પ્રવેશ વિરુદ્ધ, સ્ત્રીઓના વારસાઈ હક્કના કાયદા વિરુદ્ધ, છૂટાછેડાના નિબંધ વિરુદ્ધ, દારૂ નિષેધ વિરુદ્ધ અને એવી એવી મહાસભાની જુદી જુદી પ્રવૃત્તિઓ વિરુદ્ધ જબરજસ્ત પ્રચારનું કામ કરતા હતા. તેઓ સભાઓ ભરતા, સભાઓ તોડતા, સરઘસો રચતા અને બીજાનાં સરઘસો ભાંગતાં, તથા સનાતન ધર્મ સાચવવા માટે ગુંડાગીરીના સઘળા અખતરાઓ કરી

વિરોધીઓને ભય પમાડતા. ધર્મવીરનું ઉપનામ સદાય આગળ કરતા એ મહાસભાવિરોધી નેતા હતા. મહાસભાની પ્રતિષ્ઠા ઓછી થાય અને તેમાં ભંગાણ પડે એ નિષ્ઠામાં આ ચુસ્ત સનાતની ગૃહસ્થ મુસ્લિમો, અંત્યજો અને ખ્રિસ્તીઓની સોબત પણ શોધતા. મહાસભાના પ્રધાનો અને આગેવાનોનાં ખાનગી જીવન સંબંધી માહિતી બાજ સરખી વૃત્તિથી ભેગી કરી, પોતે પકડાય નહિ છતાં સામો પક્ષ બરાબર વગોવાય એ ઢબનાં લખાણો અને વ્યાખ્યાનો કરવામાં તેઓ મહાસભાના વિરોધી મુસ્લિમો, અંત્યજો અને સામ્યવાદીઓને પણ નમૂનો પૂરો પાડે એવી દક્ષતા ધરાવતા હતા.

ગઈ કાલ થયેલા હુલ્લડમાં સુખનંદનનો પણ હિસ્સો હતો એમ કોઈ કોઈ સ્થળેથી પરાશરે સાંભળ્યું હતું.

'જી, આપનું નામ સાંભળ્યું છે.' પરાશરે કહ્યું.

'અહીં રહો અને મારું નામ ન સાંભળો એ બને જ નહિ. ગાંધીવાદી છો ખરું ?'

'ના જી, સામ્યવાદી છું.'

'એમ ? જોકે હું સામ્યવાદી નથી, છતાં મહાસભાના કાન તમે ઠીક પકડાવો છો ! કોઈ વખત આવજો. સાહેબજી, ડૉક્ટર !'

સુખનંદન, સિપાઈઓ અને ઘાયલ બાઈ બહાર ગયાં. સુખનંદને મહાસભાના પ્રધાનોની આંખમાં ધૂળ નાખવા પોલીસને ખુશબખ્તી આપી કે નહિ તેની પરાશરને ખબર પડી નહિ.

ડૉક્ટર કુમારે હસીને પરાશરનો હાથ પકડ્યો, અને તેને પોતાની સાથે એક સોફામાં બેસાડ્યો.

'બહુ દિવસે દેખાયો.' ડૉક્ટરે કહ્યું.

'મેં તને કહ્યું હતું કે તને દર્દીઓ અપાવીશ; આજે એક લઈ આવ્યો.'

'પણ તેં તો ફી વગરના દર્દીઓ લાવવા કહ્યું હતું. આજે તો તું જુદો જ દર્દી લાવ્યો.'

'મારી ઇચ્છા વિરુદ્ધ. ડૉક્ટરોની લૂંટમાં હું સામેલ થવા માગતો નથી.'

'ઠીક. આ છોકરો કોણ છે ?'

'એ એક બેકાર છોકરો મારું ખિસ્સું શોધતો હતો. મારા ખિસ્સામાં તો શું હોય ? એટલે એને આઠેક આના અપાવવા સાથે લઈ ફરું છું.'

'આમાંની એક નોટ એને આપી દે.'

'આખી નોટ ? પાંચ રૂપિયા તો વધારે પડતા કહેવાય.'

'હરકત નહિ. આજ સર્વસ્વ આપી દેવાના સ્વપ્નમાં હતો.'

'જો, શંકર ! આ નોટ વટાવી લાવ.' પરાશરે કહ્યું.

'વટાવવાની જરૂર નથી. એને જવા દે. ડૉક્ટરે કહ્યું.

શંકર પાંચ રૂપિયાની નોટ લઈને એકદમ સ્વર્ગ મળ્યું હોય એટલી ખુશાલી પ્રદર્શિત કરતો ચાલ્યો ગયો.

'આજે કાંઈ કાગળોનો થોકડો બનાવ્યો છે ! ખૂબ લખ્યા ?' શંકર ગયા પછી પરાશરે પૂછ્યું.

'હા, એક તને પણ લખ્યો છે.'

'મને ? શા માટે ?'

'તું વાંચીશ એટલે ખબર પડશે; લે.' ડૉક્ટર કુમારે ઊઠીને કાગળોના થોકડામાંથી એક કાગળ કાઢી આપ્યો.

'ટિકિટો પણ ચોડી છે; કાઢી લેવી છે ?' પરાશરે પૂછ્યું.

'ના, ફાડીને વાંચ, તું આવ્યો ત્યારે હું મારા છેલ્લા પત્રો બંધ કરતો હતો.'

પરાશરે પોતાને સરનામે લખાયલો પત્ર ફોડી વાંચ્યો. પરાશરની આંખો પણ ચમકી અને તેના મુખ ઉપરનો ભાવ ઘેરો બન્યો.

'વધારે પ્રકાશ કરું ?' કુમારે પૂછ્યું. પરાશર તેની સામે ક્ષણ બે ક્ષણ જોઈ જ રહ્યો. કુમારના અસ્તિત્વની જાણે તેને ખાતરી થતી ન હોય તેમ તેના તરફ જોઈ પરાશરે ડૉક્ટરનો હાથ ઝાલ્યો.

'હું જીવું છું, મારું ભૂત બોલતું નથી.' ડૉક્ટર કુમારે સ્મિતને ગાંભીર્યમાં ફેરવી કહ્યું.

'એટલે...હું આવ્યો ત્યારે તું આપઘાતની તૈયારી કરતો હતો ?' પરાશરના કંઠમાં ભય અને આશ્ચર્યનો થડકાર હતો.

ડૉક્ટર કુમારે મેજ ઉપર પડેલી એક શીશી અને એક પ્યાલી તરફ આંગળી કરી; પરાશરે ઊઠીને તે નિહાળી. પ્રકાશ સામે ધરતાં તેણે શીશીના વેષ્ટન ઉપર વાંચ્યું :

**"ઝેર : તાત્કાલિક અસર ઉપજાવનારું."**

'તું દસ મિનિટ મોડો આવ્યો હોત તો હું જીવનની પેલી મેર ચાલ્યો ગયો હોત.' કુમારે કહ્યું. મુખ ઉપર પણ સહજ અસ્થિરતા ફરકતી પરાશરે જોઈ. પરાશર એકદમ પાછો તેની પાસે આવી બેસી ગયો. અને તેને ખભે હાથ મૂકી તેને સહજ હલાવી પૂછવા લાગ્યો :

'કુમાર, કુમાર ! કાંઈ થાય છે તને ?'

'ના, હવે કાંઈ થતું નથી. હવે તો માત્ર એક બીક લાગ્યા કરે છે કે હું ઝેર પી ગયો હોત તો ? મૃત્યુને ભેટવાનો નિશ્ચય કરનાર અર્ધા પોણા કલાકમાં મૃત્યુથી કમકમી ઊઠે છે ! આપણે એક ક્ષણે વીર બનીએ છીએ અને બીજી ક્ષણે કાયર...' ડૉક્ટરે કહ્યું. તેનાથી બોલાઈ જતું હોય એમ લાગ્યું. પરાશરે તેને અટકાવી પૂછ્યું :

'પણ આનું કાંઈ કારણ ?'

'તારો કાગળ બરાબર વાંચ; કારણ સમજાશે.'

'મારે એ કાગળ વાંચવો જ નથી. મારાથી નહિ વંચાય.'

'બે વર્ષથી હું અહીં પ્રેક્ટિસ કરું છું, ખરું ને ?'

'હા.'

'એ બે વર્ષમાં સહુથી પહેલો કેસ તું જ હમણાં કલાક ઉપર લાવ્યો તે. હું ઝેર ન પીઉં તો બીજું શું કરું ?' ડૉક્ટર કુમારના ઉશ્કેરાયલા મુખ ઉપર વ્યગ્રતા દેખાઈ આવી. હિંદમાં હવે બેકારી, મશ્કરી, હાસ્ય કે ઉપેક્ષાનો વિષય મટી ગઈ છે. મૃત્યુના કિનારાઓના આશ્રય શોધતી આર્થિક પરાધીનતા મહા કરુણ જીવનપ્રસંગ બનતી જાય છે.

'પણ તારા પિતા તને હરકત પડવા ક્યાં દેતા હતા ?' પરાશરે કહ્યું.

'એટલે મારે આમ ને આમ જીવ્યા કરવું ?'

'તારી પત્નીનો વિચાર કરવો જોઈતો હતો.'

'એને કાગળ લખી રાખ્યો છે.'

'હું એ બધા પત્રો ફાડી નાખું છું.' પોતાના પત્રથી ફાડવાની શરૂઆત કરી પરાશરે ચારેક પત્રો બંધ કરેલા ફાડી નાખ્યા.

'લાવ, હું મદદ કરું.' કહી ડૉક્ટર કુમારે પણ બે કાગળો ચીરી નાખ્યા.

'ચારપાંચ વર્ષ તો ઓછામાં ઓછાં લાગે જ, વૈદક કે વકીલાતમાં.' પરાશરે જરા રહી ઓરડીમાં ફરતાં ફરતાં કહ્યું.

'મારા સારામાં સારાં પાંચ વર્ષ ! જેમાં હું પૂર્ણ સુખને માટે શારીરિક અને માનસિક પાત્રતા ધરાવતો હોઉં તે જ જીવનના ગાળામાં હું સાધનરહિત રહું ! એવું જીવન ન જીવ્યા તોય શું ?' કુમારે જણાવ્યું.

પરાશર એકાએક સ્વસ્થ થયો. તેના મુખ ઉપર સહજ સખ્તી આવી ગઈ. સંપૂર્ણ સુખ ભોગવતો ભાસ્કર વિલાસને માર્ગે વહેતો જતો હતો ! કુમાર એવું જ સુખ ન મળતાથી આપઘાત કરવાને માટે તૈયાર બન્યો હતો! સુખના ગુલામો ! એ જીવે કે આપઘાત કરે તેમાં સમાજને લાભ કયો ?

પરંતુ હૃદયમાં ઉત્પન્ન થયેલા સખ્ત ભાવ વ્યક્ત કરવા એ તેને અત્યારે માણસાઈથી દૂર જવા જેવું લાગ્યું. જૂના મિત્ર પ્રત્યે તેને સદ્ભાવ હતો. કુમારની ન ચાલતી પૅક્ટિસ અને કુમારનો દમામ અસંગત હોવાથી તે મિત્રોના હાસ્યને પાત્ર બનતાં; પરંતુ મૃત્યુ સુધી ઘસડી જતી લાગણી ગંભીરતા માગી લે છે.

'હવે આ શીશીને ફેંકી દઉં ?' પરાશરે પૂછ્યું.

'જરૂર નથી; હવે એ જોશ જતો રહ્યો. મરવાની હિંમત તો ઓસરી જ ગઈ છે, અને તને જોતાં જીવવાની પણ હિંમત આવી.' ડૉક્ટરે કહ્યું.

'તારા મનથી એમ હોય કે હું તને આ સ્થિતિમાં એકલો મૂકી હવે ચાલ્યો જઈશ, તો તારી ભૂલ થાય છે.'

'મારે તને છોડવો જ નથી ને !'

'એટલે ?'

'તને યાદ છે ? તેં મને પૅક્ટિસ શરૂ કરતા પહેલાં શું કહ્યું હતું તે ?'

'હા; પણ એ જૂની વાત થઈ. તેં તે માની ન હતી.'

'માટે જ હું આપઘાત કરવા સુધી આવી પહોંચ્યો. હવે જીવવું હોય તો તારે માર્ગે આવીશ.'

'મારો માર્ગ એટલે ?' પરાશરે પૂછ્યું.

રોજના રૂપિયા ઉપર ગુજરાન, માણસ ચાકરનો અભાવ, કાર અને બંગલાનાં સ્વપ્નોનો નાશ અને ગરીબમાં ગરીબ સમાજ સાથે સંસર્ગ ! એ શર્તે જીવવું હોય તો જ હિંદમાં જીવી શકાય. એમ કહી તે માર્ગે મિત્રોને વાળવા મથનાર પરાશરના હજી સુધી ગુંજી રહેલા એ શબ્દો કુમારે ઉચ્ચાર્યા નહિ. પરાશરને તેણે જવાબ ન આપ્યો.

ડૉક્ટર થયા પછી તત્કાળ દર્દીઓ વધી જાય, ગણાય પણ નહિ એટલી નોટોનો વરસાદ વરસે, બે કાર ઘુમાવવા હાજર હોય, ચાર-પાંચ નર્સ-સુંદરીઓ સુંદર દેખાઈ દેખાઈને આજ્ઞા ઉઠાવે, ક્લબસિનેમામાં જવાની સદાય ઉતાવળ થયા કરે અને છતાં દર્દીઓનાં દર્દ ઘટાડ્યાનો સ્વસંતોષ રહ્યા જ કરે એવી ભાવનાથી યુવકો ડૉક્ટરો બને છે. ડૉક્ટર કુમારે એ જ સ્વપ્ન સેવ્યું હતું. અને પરાશરે જ્યારે સ્વેચ્છાથી ગરીબી સ્વીકારનાર ક્રાંતિવાદીઓનું મંડળ સ્થાપવા તજવીજ કરી ત્યારે કેટલાક યુવાનો મંડળમાં તો જોડાયા, પણ ગરીબીનું ધ્યેય તેમને અનુકૂળ પડ્યું નહિ. ધન મળવાથી વધારે સારી સેવા થઈ શકે છે એવી માન્યતા સેવનાર તેના કૈંક સાથીઓ ક્રાંતિને અને મંડળને મૂકી સરકારી નોકરીમાં,

વકીલાતમાં, દલાલીમાં, સટ્ટામાં કે વ્યાપારમાં અદૃશ્ય થઈ ગયા હતા. ડૉક્ટર કુમાર એમાંનો એક હતો.

પરાશર થાકી ગયો હતો; શરીર કરતાં તેનું મન વધારે થાકી ગયું હતું. તે સોફા ઉપર જરા આડો પડ્યો. તેની સાદડી કે પલંગ કરતાં સોફા વધારે સુખમય તો હતો જ. આખું જગત સોફા ઉપર બેસી સુખ ભોગવી શકે એટલું લાકડું, સ્પ્રિંગ, કાપડ અને કારીગરી જગતમાં છે છતાં એ કેટલાકને મળે છે ? રાજમહેલોમાં, ધનિકોના બંગલાઓમાં, હૉટેલોમાં અને ...અને...ગણિકાગૃહોમાં આ સોફાઓ વેરાયલા પડ્યા છે. જગતને સુખસાધનો આપનાર મજૂર વાંસની સાદડીયે પામતો નથી ! એ સોફાની સુંવાળશ ?...કે નાગની સુંવાળી ફણા ?

પરાશર એકાએક ઊભો થઈ ગયો.

'કેમ ? ચમક્યો કેમ ?' ડૉક્ટરે પૂછ્યું.

'તારે માટે જગત કેટલું ઝૂરે છે તે જાણે છે.' પરાશરે કહ્યું.

'મારે માટે ? મારી પત્ની સિવાય કોઈ મારે માટે ઝૂરતું હોય એમ હું માનતો નથી. અને કદાચ ધનહીન પતિ માટે પત્ની પણ ન ઝૂરે તો હું તેનોય વાંક ન કાઢું !'

'તારે માટે ઝૂરતું જગત હું તને બતાવું; પણ ત્યાં કાર નથી, નર્સ નથી અને બંગલો નથી.'

'હવે તે મારે જોઈએ પણ નહિ. હું એ જગતમાં આવ્યો જ એમ માન.'

'પણ તારો આ દેવસ્વાંગ-સાહેબસ્વાંગ પણ તારે દૂર કરવો પડશે.'

'કબૂલ, કાલ સવારથી તું મને જુદો જ નિહાળીશ.'

પરાશર પાછો બેસી ગયો. બન્ને મિત્રો કેટલીક વાર સુધી અશબ્દ રહ્યા. થોડી વારે કુમારે કહ્યું :

'તારે કામ હશે; હવે તું જઈ શકે છે.'

'ના, મારે તને એકલો મૂકવો નથી.' આપઘાત કરવા તત્પર થયેલા મિત્રે વચન આપ્યું હોય તોય તેનો વિશ્વાસ રાખવો ન જોઈએ. પરાશર કુમારને એકલો ન જ રાખી શકે.

'તું ક્યાં સુધી સાથે રહીશ ? ભરોંસો નથી પડતો ?'

'ના; અને તું મારા જગતમાં આવવાનો હોય તો આપણે સદાય સાથે રહીશું.' વળી પાછા બંને શાંત પડ્યાં.

'તું જમ્યો છે ?' કુમારે પૂછ્યું.

'ના, મારે જમવું નથી.' ખરેખર પરાશરની ભૂખ મરી ગઈ હતી. અને

તે જીવતી હોત તોપણ તેને સંતોષવા માટે તેની પાસે કશું જ સાધન ન હતું.

'મેં તો જમી લીધું હતું. મરતા પહેલાં ભૂખને દાટી દેવી એવો મેં નિશ્ચય કર્યો હતો.' હસતે હસતે ડૉક્ટરે કહ્યું.

'મારા જગતમાં તો ભૂખ માનવીને દાટી મારી નાખે છે !'

'હું જાણું છું, અને મારા નવજીવનની ખુશાલીમાં આ જૂના જીવનમાં મળેલું બધું જ દાટી દેવા માગું છું.'

'હં.'

'બરાબર સમજ; અત્યારે સિનેમા જોવા જઈએ. આ મહેનતના પ્રમાણ કરતાં વધારે મળેલા પૈસાને વેડફી નાખવા નાટકસિનેમા કરતાં બીજું કયું સારું સાધન મળી શકશે ?'

'હું સિનેમા જોતો નથી.' ડૉક્ટર કુમાર આનંદી, સુખભોગી અને ઝડપથી વિચારો ફેરવી શકનાર યુવક હતો એમ જાણ્યા છતાં સિનેમામાં જવાની સૂચના પરાશરને અત્યારના સંજોગોમાં વધારે પડતી લાગી.

'મારે ખાતર તો જો !'

'પણ મારી પાસે એટલા પૈસા નથી.'

'આ પૈસા શું રહ્યા ! ચાલ ઊભો થા, અને મને આ વાતાવરણથી વેગળો લઈ જા. હજી...હજી...મોત માથે ભમતું દેખાયા કરે છે !' સ્વસ્થતાથી છતાં વિચિત્ર સ્થિરતાપૂર્વક કુમારે પોતાના પડછાયા તરફ આંગળી ચીંધી. પરાશર ઊભો થયો અને કુમારને તેણે આગળ કર્યો.

# ૫

સિનેમા, મુવી, ટૉકી, થિયેટર એમાંથી કયો શબ્દ અત્યારે પ્રચલિત હતો તે પરાશર ભૂલી ગયો હતો. એ નામોની ફેશન-લઢણ સિનેમાનાં વસ્ત્રો કે સિનેમાનાં નટનટી સરખી ચલ હોય છે. આખું સિનેમાગૃહ ભરાઈ ગયું હોય એમ લાગ્યું. છતાં ઊંચામાં ઊંચી શ્રેણીમાં કુમારે અને પરાશરે સ્થાન ખરીદ્યું હોવાથી તેમને ઠીક ઠીક જગા તો મળી. કેટલાંક બેઠેલાં પ્રેક્ષકો અને પ્રેક્ષિકાઓના ઘૂંટણે ઘસડાઈને તેમના કચવાટ વચ્ચે બંને મિત્રોએ જગા લીધી.

દૃશ્ય શરૂ થઈ ગયું હતું એટલે અંધકારમાં પ્રથમ તો ચિત્ર જ સ્પષ્ટ દેખાયું; આજુબાજુ અંધકારમાં ભૂતાવળ બેઠી હોય એમ માણસોના માત્ર પડછાયા જ દેખી શકાયા.

ચિત્ર ઘણું જ સરસ હતું એમ ડૉક્ટરે કહ્યું. વર્તમાનપત્રોમાં એ ચિત્ર વિષે ઘણા જ વખાણ આવ્યાં હતાં, અને નટનટીઓની છબીઓ પણ ઘણા વખતથી પત્રોમાં આવ્યા કરતી હતી. કૉલેજના યુવકયુવતીઓ ઈતિહાસનાં પાત્રોમાં નામ કરતાં સિનેમાનાં પાત્રોનાં નામ વધારે મમતાથી યાદ રાખતાં હતાં; એટલું જ નહિ પણ એ પાત્રોનાં જીવનનો ઈતિહાસ પણ વધારે વિગતપૂર્વક જાણતાં હતાં. ચંગીઝખાન કરતાં ચાર્લી ચેપલીન, નેપોલિયન કરતાં પોલમુની, શિવાજી કરતાં સાયગલ, અને સીતા કરતાં શેરરને વર્તમાન યુગ વધારે ઓળખી ગયેલા લાગે છે.

ચિત્ર હોલીવુડમાં તૈયાર થયેલું હતું એટલે તે હિંદમાં તૈયાર થયેલા કોઈ પણ ચિત્ર કરતાં સારું હોવાનું જ. દેશી માલની માફક દેશી ચિત્રોથી પણ કચવાતો રહેતો એક ઊંચી ભમ્મરવાળો* સ્ત્રીપુરુષનો વર્ગ પરદેશી ચિત્રોમાં બહુ જ ઉત્સાહ બતાવવાની ટેવવાળો હોય છે. મોટો વર્ગ બધા જ ચિત્રોને પસંદ કરે છે - ભાષા સમજાય તો. કલાને બહાને, આનંદને નામે, પ્રમાણિક શોખને કારણે અગર રૂપાળાં મુખ અને દેહ જોવાની ખુલ્લી લાલસા સાથે ચિત્રો જોવા આવનાર વર્ગ પોતાની શ્રેણી મુજબ દૃશ્યોનાં વખાણ કરવાની તક લે છે.

મુખ્ય નટ અને મુખ્ય નટી સર્વ વર્ગનાં માનીતાં હતાં. એમણે ચિત્રપટ

* Eyelrow

ઉપરથી કૈંક જીવનોને માર્ગદર્શન કરાવ્યાં હતાં. પ્રેમની પ્રક્રિયા, દેહદર્શનની કલા, હાલચાલ અને બોલવાની છટા, રુદનની કલા અને જીવનમાં પડદા પાછળ રહેલાં સૂચનોનું પ્રદર્શન તેઓ જગતભરને શીખવી રહ્યાં હતાં, અને યુવકયુવતીઓને ખાસ કરી અણમોલ પદાર્થપાઠ આપી રહ્યાં હતાં. હિંદનાં યુવકયુવતીનાં હલનચલન, અંગમરોડ, વસ્ત્રાભૂષણવિધાન અને ભાવનાઓમાં ચિત્રપટોએ મહત્ત્વનો ભાવ ભજવવા માંડ્યો છે, એટલે તેમને વર્તમાન જીવનનું એક મહાન બલ કહેવામાં જરાય વાંધો નથી.

એ મહાન બલની પ્રેરક નટી વિષે અજ્ઞાન પરાશરે પૂછ્યું :

'તેં શું કહ્યું ? આણે ચાર વાર પ્રેમ કર્યો ?'

'પ્રેમ નહિ, પ્રેમ તો અનેક વાર કર્યો; લગ્ન ચાર વખત કર્યાં. અને તે નટીએ નહિ પણ નટે.' ડૉક્ટરે ધીમે રહીને કહ્યું.

'તો પછી નટીએ કેટલી વાર લગ્ન કર્યું ?'

'છ વાર.'

આસપાસનાં મનુષ્યો સભ્ય હતાં એટલે કોઈએ બૂમ પાડી મિત્રોને વાત કરતા રોક્યા નહિ; પરંતુ તેમણે પોતાની નાપસંદગી સ્પષ્ટ રીતે આંખથી જાહેર કરી દીધી. અંધારામાં પાડોશીઓનાં મુખ દેખાય એટલી આંખ હવે ટેવાઈ ગઈ હતી.

કામશાસ્ત્ર અને અલંકારશાસ્ત્ર જેટલા જેટલા ભાવ, અનુભાવ, શૃંગાર, અંગદર્શન, સૌંદર્યદર્શન, ચેષ્ટા અને નાયિકાભેદ શબ્દોમાં બતાવે છે તે સઘળા - કદાચ તે કરતાં પણ વધી જાય એટલે - ચિત્ર અત્યંત વિગતથી સુરેખપણે પડદા ઉપર પ્રગટ કરી શકે છે. છેક નીચી કક્ષાની ટિકિટ ખરીદનાર વર્ગની બૂમાબૂમ, ખુશાલી અને તેના પ્રામાણિક પ્રદર્શનથી કંટાળી ગયેલા દેખાતા ઊંચા વર્ગમાં પણ ચિત્રની અસર થયા વગર રહેતી નહિ એ પરાશરે જોયું. પરાશર અને ડૉક્ટરની આગળ બેઠેલા એક પારસી યુગલે હાથમાં હાથ મેળવી દીધા; બાજુએ બેઠેલા એક ખાદીધારી યુવકે તેમની પાસે બેઠેલી યુવતીની ખુરશીને બીજે છેડે પહોંચે એમ હાથ લંબાવ્યો; એક મધ્યમવયી ગૃહસ્થ પોતાની ખુરશીની એક બાજુએ ઢળી પડી પોતાનું મસ્તક અને ખભો એક મધ્યમવયી પણ હસમુખાં બાઈના દેહ ઉપર ગોઠવી રહ્યા હતા.

'જોયું ?' ડૉક્ટર કુમારે સહજ મોજથી કહ્યું.

'હા.'

'ન ગમ્યું, ખરું ?'

'બહુ રુચ્યું, નહિ - જોકે હું પ્રત્યાઘાતી બની ગયો હોઈશ.'

'જે છે તે એ છે.'

પાસેના એક યુવકે પાછળ ફરી કહ્યું :

'મહેરબાન ! તમે બહુ વાતો કરો છો.'

'મારા કરતાં આ સામેનો પડદો વધારે બોલે છે.' ડૉક્ટર કુમારે કહ્યું.

અને એકાએક પ્રકાશ ઝબકી નીકળ્યો. ચિત્રે થોડી વાર વિશ્રાંતિ લીધી અને આપી; પરંતુ ચિત્રની સુંવાળી અસરો ઘેરી બનાવતા અંધકારને ચીરતો આકસ્મિક પ્રકાશ, અને સીંગ, કાજુ, લેમન વેચતા છોકરાઓની શાંતિ ભેદતી ચીસ, સ્વપ્નમાંથી જાગ્રત અવસ્થામાં એકાએક લાવતા ઓથાર સરખાં સહુને લાગ્યાં. હજી પેલું પારસી જોડેલું હાથમાંથી હાથ છૂટા કરી શક્યું ન હતું, ખાદીધારી યુવક ખુરશી ઉપર સ્થિર રહેલા એક સુંવાળાં સ્ત્રીહસ્ત ઉપર હાથ ફેરવતા અટકી શક્યા ન હતા, અને પેલા મધ્યવયી ગૃહસ્થનું ગોઠવાયલું મસ્તક તેમનાં ઘણું કરીને પત્ની ઝડપથી ઊંચકાવી લેતાં હતાં. એટલામાં તો અજવાળું અજવાળું થઈ ગયું, અને પરાશરે જોયું કે ચિત્રની દુનિયા કરતાં વિવિધતામાં જરાય ઊતરે નહિ એવી દુનિયાની વચમાં તે બેઠો હતો. રંગપંચમીને દીપાવે એવાં વિવિધરંગી વસ્ત્રો ધારણ કરતી, હાથ અને કાનનાં ઘરેણાંથી પ્રકાશનાં પ્રતિબિંબ ચારે પાસ ફેંકતી, પાઉડર અને રંગથી ગોરપણ અને લાલાશ વધારી રહેલી હિંદની સ્ત્રીજનતા જે દૃશ્ય ઊભું કરતી હતી, તે હોલીવુડની વખણાતી નટીઓ દ્વારા ઊભા થતા દૃશ્ય કરતાં ઓછું સુંદર કે ઓછું ઝાકઝમાળ ભાગ્યે જ લાગે. પુરુષોની દૃષ્ટિ ચારે પાસ ફરવા લાગી. સહુએ વાત, સ્મિત કે હાસ્ય કરવા મા ચા. નાટ્યગૃહમાં પોતાના કરતાં કોઈએ વધારે વિશિષ્ટતાભર્યાં વસ્ત્રાલંકારો પહેર્યાં હતાં કે નહિ તેની સ્ત્રીવર્ગે એક નજરમાં ખાતરી કરી લીધી. પોતાની પાસે બેઠેલી સ્ત્રી બીજી કોઈ પણ સ્ત્રી કરતાં વધારે દેખાવડી હતી કે નહીં તેની પુરુષવર્ગે - એકી નજરે તો નહીં - ખાતરી કરી લીધી.

પરાશરના ખભા ઉપર કોઈએ હાથ મૂક્યો, અને ચમકીને તેણે પાછું જોયું. રંભા હસતી હસતી પરાશરને પૂછવા લાગી :

'તમે પણ સિનેમા જોવા આવ્યા છો શું ? મને ખબર પણ ન આપી ?'

'હું અકસ્માત આવી ચઢ્યો.'

'સારું થયું, તમારી ઓરડીમાંથી ઘડી છૂટ્યા તે.'

'કેમ ?'

'દિનચર્યાનો સારામાં સારો અંત કયો ?'

'તમે જ કહો.'

'એક સરસ ચિત્ર જોઈ સૂઈ જવું તે.'

'હશે.'

'ચાલો, મારી સાથે બેસો; હું ખાતરી કરી આપું.'

'મારા મિત્ર મારી સાથે છે, ડૉક્ટર કુમાર.'

'તે ભલે ને આવે, ચાલો.' કહી રંભાએ પરાશરનો હાથ પકડ્યો. પરાશરને લાગ્યું કે પ્રેક્ષકો ચિત્રને બદલે તેને જોતા થાય તે પહેલાં તેણે રંભાના આગ્રહનો સ્વીકાર કરી લેવો એ જ સલામતીભરેલું હતું.

'ચાલ, કુમાર ! ત્યાં બેસીએ.' પરાશરે કહ્યું.

'તું દોરીશ ત્યાં મોજ જ હશે.' કુમારે હસીને ધીમેથી જવાબ આપ્યો. બંને જણે ઊઠી ખુરશીઓની વચગાળે રહેલી જગામાં થઈ જવા માંડ્યું.

'મૉજ તો નહિ જ, જીવનનાં વમળો કદાચ હશે.' પરાશરે સામો જવાબ આપ્યો.

'મૉજના ધરા કરતાં શું ખોટું ?'

જીવનનાં વમળો માનવીને શોષી ખેંચી મોતનાં ધરામાં પણ ઉતારી દે છે એ સત્ય પરાશરે આજે જોયું હતું. ડૉક્ટરનું તે તરફ ધ્યાન તેણે ખેંચ્યું નહિ; પરંતુ એકાએક તેને પોતાને જ કોઈ વમળ ખેંચતું હોય એમ લાગ્યું.

ભાસ્કર અને શોભના સાથે સાથે ખુરશીઓ ઉપર બેસી સ્મિતપૂર્વક વાતો કરતાં હતાં !

રંભા તેને તે બાજુએ જ દોરી જતી હતી. વિની અને તારિકા પણ તે જ હારમાં પાસે બેઠાં હતાં. સ્મિત પૂરું થતાં પહેલાં જ શોભનાએ પરાશર અને રંભાને નિહાળ્યાં. તે સહજ સ્થિર બની; તેણે નજર ફેરવી નાખી; અને તે ભાસ્કર સાથે વાતોએ વળગી; પરંતુ ભાસ્કરે પણ પરાશરને અને કુમારને જોયા હતા. રંભા એ બંનેને પોતાની પાસે જ લાવતી હતી, એ તેની નજર બહાર ન રહ્યું. તેણે હસીને કહ્યું :

'ડૉક્ટર તો આવે; પણ આ ગરીબનો બેલી અહીં ક્યાંથી ?'

'તમારા અને ગરીબોના દિનાન્તની સરખામણી કરવા.' પરાશરે પણ હસીને જવાબ આપ્યો. તેનું હાસ્ય અને તેનો જવાબ કેટલાક સમયથી ધારદાર હથિયાર સરખાં બની ગયાં હતાં; પરંતુ ભાસ્કરની મૈત્રીઉદારતા ઘણું ઘણું સહન કરી લેતી હતી.

'હવે ચાલ, બેસી જા. ઘંટડી થઈ.' ભાસ્કરે કહ્યું

'જુઓ. તમે શોભના સાથે વાત કરો છો. હું એકલી પડતી હતી તે પરાશરને ખેંચી લાવી. અમે બે સાથે બેસીશું. અને આ ડૉક્ટરને વિની અને તારિકાની વચ્ચે બેસાડીએ તો કેવું ?' રંભા ખડખડ હસી પડી; એ હાસ્યમાં સત્ય હતું; વિની અને તારિકાએ ડૉક્ટર કુમારને પોતાની વચમાં બેસાડવા જરા પણ નાખુશી બતાવી નહિ. અને અંધારું પાછું થઈ ગયું હોવાથી રંભા અને પરાશર સાથે સાથે ઝડપથી બેસી જાય અને પ્રેક્ષકોને હરકત ન કરે એમાં જ સારી રીતભાત રહેલી હતી.

દૃશ્યનો બીજો ભાગ શરૂ થયો. પ્રથમ વિભાગ કરતાં એ વધારે રસપ્રદ હતો - સ્વાભાવિક રીતે જ. એમાં સમુદ્રસ્નાનનાં દૃશ્યો આવતાં હતાં, બગીચામાં ચંદ્રપ્રકાશનાં દૃશ્યો આવતાં હતાં. સ્નેહ કરવો કે ન કરવો તેની ગૂંચવણમાં પડેલાં નાયકનાયિકાની થોડી ગૂંચવણ ઊકલતી હતી અને થોડી ગૂંચવણ વધતી હતી, એટલે ગૂંચવણ ઊકલતાં તેઓ પરસ્પર પ્રેમ કરતાં હતાં, અને ગૂંચવણ વધતાં તેઓ બીજાની સાથે પ્રેમ કરતાં હતા! દૃશ્યનો 'ટેમ્પો' આમ વધ્યે જ જતો હતો.

એકાએક પરાશરના હાથ ઉપર રંભાનો હાથ ઊતરી આવ્યો. સ્ત્રીના હાથ ઉપર પુરુષ હાથ મૂકે તો સ્ત્રી બૂમ પાડે, ધોલ મારે અગર ચંપલ પણ ફટકાવે; પરંતુ પુરુષના હાથ ઉપર સ્ત્રી હાથ મૂકે તો શું કરવું તેની વ્યૂહરચના હજી જાહેર થઈ નથી. પરાશરથી રંભાનો હાથ તરછોડાય એમ ન હતું. એવો અતિ પવિત્રતાનો દેખાવ કરવા જેટલો નીતિઘમંડ હજી તેનામાં જામ્યો ન હતો. અને... અને સ્ત્રીનું સાન્નિધ્ય અને સ્ત્રીનો સ્પર્શ તેને અણગમતાં લાગ્યાં ન હતાં !

'આ શોભના ! જોઈને ?' બહુ જ ધીમેથી રંભાએ પરાશરને કહ્યું.

'હા, કેમ ?'

'જ્યારે જોઈએ ત્યારે ભાસ્કરની સોડમાં જ; લોકો વાતો કરવા માંડશે.' નવીન યુગની સુશિક્ષિત યુવતી રંભા-નવીન નીતિનો આદર્શ સેવતી રંભા-જાતે જ પરાશરનો હાથ પકડી રહી હતી, છતાં શોભનાની નીતિ-જુનવાણી નીતિ સાચવવાની તે ચિંતા કરતી હતી !

એ ચિંતા કરતી હતી કે તેને ઈર્ષા થતી હતી ? કદાચ પરાશરની પાસે બેસી સ્પર્શની ચેષ્ટા ચાલુ રાખવા માટે તેણે બાહ્ય દૃશ્ય તરીકે પણ આ વાત શરૂ કરી હોય.

'તમને લોકોની વાતનો આટલો બધો ભય છે ?' પરાશરે પૂછ્યું. રંભાને લાગ્યું કે પરાશર તરફનું આ ઉત્તેજન છે - લોકભયનો ત્યાગ કરવાના કહેણ નીચેનું આમંત્રણ છે.

'એમ નહિ, હું તો સહજ કહું છું.'

'હું નિંદાસ્તુતિમાં માનતો જ નથી.'

રંભાને એ કથન ગમ્યું. તેણે પરાશરના હાથને વધારે સ્પષ્ટતાથી - વધારે સરળતાથી પોતાના હાથમાં લીધો. જરા રહીને તેણે પૂછ્યું :

'હું તમને તું કહીને બોલાવું તો હરકત છે ?'

'જરાય નહિ. ક્વેકર્સ* એમ જ કરે છે. આપણે ત્યાં તો એ માન્ય પ્રથા છે. બહુવચન અંગ્રેજો સાથે વધારે પ્રમાણમાં આવ્યું. કોમરેડ્ઝ+ એક-વચનનો ઉપયોગ કરે તો એકબીજાની વધારે નજીક આવે.'

'અત્યારથી જ હું તને તું કહીશ.'

'વારુ.'

'અને તું મને શું કહીશ ?'

'રંભાગૌરી !'

'હટ્ !' કહી રંભાએ છૂપું છૂપું છણકાઈને પરાશરનો હાથ છોડી દીધો, અને વળી પાછો પ્રકાશ નાટ્યગૃહમાં ફેલાયો. ચિત્ર અટક્યું અને વેચનારાઓના પોકારોએ ચિત્રને ચૂંથી નાંખ્યું.

ઈન્ટરવલમાં આઈસક્રીમ લેવું, લેમન લેવું કે ખારીશીંગ અને પિસ્તાં, એ જેના તેના સંસ્કાર ઉપર આધાર રાખે છે. આઈસક્રીમ એ ઊંચામાં ઊંચા સરકારની નિશાની છે, લેમોનેડ એ મધ્યમ સંસ્કારનું પ્રતીક છે, અને શીંગ તો દરિદ્રી પ્રથાની સૂચક ગણાય છે. જોકે ઘણી વખત પ્રત્યેક વર્ગના સંસ્કાર સાથે સહાનુભૂતિ બતાવવા પ્રત્યેક વસ્તુની ખરીદી થાય છે.

વળી પહેલાં ઈન્ટરવલમાં સ્વાદેન્દ્રિયને બહેકવા દેવી કે બીજા ઈન્ટર-વલમાં એ એક નાજુકીભર્યો પ્રશ્ન છે. વસ્તુ ભાવે છતાં તેના તરફ ઉદાસીન દેખાવું એ લઢણ સમૂહમાં માન્ય થઈ પડી છે, એટલે સારા માણસો પહેલાને બદલે બીજા ઈન્ટરવલ સુધી ખામોશ રાખી આઈસ્ક્રીમ ખાતા નથી-જોકે એકલ અગર રીઢા વિસ્તારી ગૃહસ્થો અંધારામાં કાંઈ કરવાનું ન હોવાથી દૃશ્ય જોતાં જોતાં શીંગ કે પિસ્તાં ખાવાની ધૃષ્ટતા કરે પણ છે. છોકરીઓ ઘણી વાર ચૉકલેટ પણ પસંદ કરે છે.

ધનિક ભાસ્કરે પોતાની પરિચિત મંડળીમાં આઈસક્રીમ વહેંચાવ્યું. ધનિક ન હોવા છતાં ધનિક દેખાવાની બહુ જ આકાંક્ષા એક વખત રાખતા

* ખ્રિસ્તી ધર્મનો એક પંથ.

\+ સાથીદારો; મિત્રો; સામ્યવાદીઓ માટે વિશિષ્ટતા ધારણ કરતો શબ્દ.

ડૉક્ટર કુમારે સહુમાં ચૉકલેટ, શીંગ અને પિસ્તાંનાં પડીકાં વેર્યાં. પરાશરે આઈસક્રીમ લેવાની ના પાડી. ભાસ્કરને સહજ બૂમ મારી રંભાએ કહ્યું :

'આ પરાશર આઈસક્રીમ લેતો નથી.'

'અહીં આ શોભના આઈસક્રીમની ના પાડે છે.' ભાસ્કરે કહ્યું.

'તો પછી એ બંનેને સાથે બેસાડો.' ડૉક્ટર કુમારે ચમકતી મજાક કરી.

સહુ હસી પડ્યાં. પરાશર ઓછું હસ્યો, તે રંભાએ જોયું. શોભના બિલકુલ ન હસી તે ભાસ્કરે પણ જોયું. શોભના ઉપર તેની ત્રણે બહેન-પણીઓની આંખ ચોકી કર્યા કરતી હતી, તેની કોઈને ભાગ્યે જ ખબર પડી હશે. શોભના બહુ હસતી નહિ; તેને હસાવવાના પ્રયત્નો ઘણીવાર નિષ્ફળ નીવડતા; પરંતુ અત્યારની તેના મુખ ઉપરની સખ્તાઈ તેની બહેન-પણીઓને જરા વધારે પડતી લાગી.

પાછું અંધારું થયું અને સહુ પડદા તરફ જોવા લાગ્યાં. દૃશ્યનો આ છેલ્લો ભાગ હતો એટલે તેમાં હૃદયમંથનો વધારે આવે. આંસુ અને વિશ્વાસ ઘડી ઘડી દેખાય અને સંભળાય, અને પ્રેમ જડ શરીરને છોડી હૃદયની ભૂમિએ ઊંચકાય એ સંભવિત હતું. ખરી હૃદયદ્રાવક ક્ષણે રંભા અને પરાશરે ભાસ્કરનો ધીમો અવાજ સાંભળ્યો :

'ક્યાં જઈશ, શોભના ?'

'બહાર.' શોભનાએ કહ્યું.

'કેમ ?'

'મને રૂંધામણ થાય છે.'

'હું સાથે આવું છું.'

'ના, હું એકલી જઈશ.'

ઝડપથી શોભના ચાલી. વિની, કુમાર ને તારિકાને પગે અથડાતી શોભનાને જતી નિહાળી પરાશરે પગ ખુરશી નીચે ખેંચી લીધા, પરંતુ શોભનાને તમર આવ્યાં લાગ્યાં. તે પરાશરનો પગ અડકતાં હાલી ગઈ, લગભગ પડી ગઈ. તેનો એક હાથ પરાશર ઉપર ટેકાયો. પરાશરે તેને ઝીલી લીધી, અને પોતે ઊઠી પોતાને સ્થાને તેને બેસાડવા લાગ્યો.

'મારે બેસવું નથી.' શોભનાએ કહ્યું.

પરાશરે શોભનાનો હાથ ઝાલી રાખ્યો અને પ્રેક્ષકોને ખરે વખતે ત્રાસ આપી તેણે શોભનાને ખુરશીઓની હાર વચ્ચેથી આગળ કરી

બહારના છજાની ખુલ્લી હવામાં એક ખુરશી ઉપર બેસાડી.

શોભના ખરેખર પરાશરની સહાય વગર પડી હોત, કદાચ મૂર્છિત પણ બની ગઈ હોત. ખુરશી ઉપર બેસી તેણે પરાશર સામે એક નજર કરી અને તત્કાળ તેણે આંખો મીંચી દીધી. પરાશર પાસે ઊભો રહ્યો. શોભનાના હાથમાં રહેલો રૂમાલ ખેંચી તેણે પવન નાખવો શરૂ કર્યો.

'જરૂર નથી.' આંખો બંધ રાખી શોભના બોલી.

પરાશરે રૂમાલ પાછો સોંપ્યો. શોભનાએ જરા રહી આંખો ઉઘાડી. પરાશર સામે ઊભો હતો.

'મારી પાસે કોઈની જરૂર નથી.' શોભનાએ કહ્યું.

પરાશર શોભનાને મૂકી થોડે દૂર ગયો, અને શોભના તરફ જ જોવા લાગ્યો. જરા વારમાં ડૉક્ટર કુમાર અને ભાસ્કર બંને બહાર આવ્યા. અને શોભનાની સારવાર માટે તેની આસપાસ ફરી વળ્યા.

'મને કશાની જરૂર નથી; હવે મને સારું છે.' શોભનાએ કહ્યું.

'પણ થયું શું ?' કુમારે પૂછ્યું.

'મને ફેર આવી ગયા.'

'શાથી ?'

'કોણ જાણે; પણ હવે તમે અંદર જઈ બાકીનું ચિત્ર જુઓ.' શોભનાએ કહ્યું.

'તમારા વગર ?' ભાસ્કરે પૂછ્યું.

'હું પણ આવું, ચાલો.' શોભના બોલી. જો કે તે જાણતી હતી કે દૃશ્ય ઘણું લાંબું બાકી રહ્યું ન હતું.

'હાથ ઝાલી લઉં ?' ભાસ્કરે કહ્યું.

'ના, ચાલશે.' શોભનાએ જવાબ આપ્યો.

બધાં અંદર ગયાં; પણ પરાશર ઊભો રહ્યો. એને ચિત્ર ગમ્યું, કે ન ગમ્યું તે એના મુખ ઉપરથી સમજાતું ન હતું. આસપાસ લટકાવેલાં નાનાં ચિત્રો અને છબીઓ તથા કલામય ઢબે આયનાઓ સામે મુકાયલાં પ્રસિદ્ધિચિત્રો- Postersની સામે જોતો હોવા છતાં તેની દૃષ્ટિ બાહ્ય જગતને જોતી જ ન હોય એવી ઊંડી ઊતરી ગઈ હતી. રંભા પાસે આવી ઊભી રહી પણ એને ખબર ન રહી.

'છેલ્લો ભાગ ઘણો સરસ છે. તારે નથી જોવો ?' રંભાએ પૂછ્યું. નિદ્રામાંથી જાગી ગયા જેવી સ્થિતિ અનુભવતા પરાશરે કહ્યું :

'ના.'

'ખોટું લાગ્યું ?'

'કોના ઉપર ?'

'મારે યે અંદર નથી જવું.'

'કેમ ?'

'પેલો ભાસ્કર ! કેવું બોલી ગયો ?'

'શું બોલી ગયો ? તમને કાંઈ કહ્યું ?'

'મને કહે તો હું માથું ન ફોડી નાખું ? એ તો શોભનાની ખુશામત કરવામાં તારું ભૂંડું બોલતો હતો.'

'એમ ?'

'કહ્યું કે પરાશરના બરછટ હાથ શોભનાને લાગ્યા હશે ! જાણે બધી સુંવાળાશ એ બેમાં જ ભરી ન હોય !'

'વાત ખરી છે. મારા હાથમાં આંટણ પડ્યાં છે, અને મારી આંગળીઓ દીવાની જ્યોત જેવી tapering-અણિયાળી નથી.'

'બંનેને રૂપનું કેવું અભિમાન છે; જાણું છું.'

'અને એ અભિમાન વાસ્તવિક છે. ભાસ્કર જેવું રૂપ આખા થિયેટરમાં મેં ન જોયું, અને શોભના... સામે... જોવું ગમે એમ છે, નહિ ?'

'તું ચીડવને મને !'

ચિત્ર બંધ પડ્યું, અને સમાપ્તિદર્શક કોલાહલ શરૂ થઈ પ્રેક્ષકનાં ટોળાંએ બહાર આવવા માંડ્યું. ભાસ્કર, કુમાર અને ત્રણ સહિયરો પણ ધીમે ધીમે બહાર આવી ગયાં હતાં.

'ક્યાં ગઈ હતી, રંભા ?' વિનીએ પોતાના "બૉબ્ડ" વાળને આછો કલામય ઝોલો આપી પૂછ્યું.

'પરાશરની પાછળ, બીજે ક્યાં ?' તારિકાએ ધીમેથી કહ્યું અને સહુ હસી પડ્યાં.

'ચાલો, હું જેને તેને ઘેર પહોંચાડી દઉં.' ભાસ્કરે કહ્યું.

'હું અને ડૉક્ટર ચાલી નાખીશું.' પરાશરે કહ્યું.

'ડૉક્ટરને ત્યાં રહેવું છે ?'

'ના; એ મારે ત્યાં આવે છે.'

'તારે ત્યાં ડૉક્ટર ? એમને ફાવશે ?'

'શા માટે નહિ ? હું તો ઇચ્છું કે તું પણ મારે ત્યાં આવે.'

'તારે ત્યાં તો નહિ પણ તારા ઘર સુધી તો આવીશ. બધાં ગમે તેમ કરી સમાઈ જઈશું.'

ભાસ્કરની કારમાં પાછું નાનું વર્તમાન જગત ભેગું થયું, અને આગળ વધ્યું.

# ૬

'આ મારી ઓરડી.' પરાશરે કહ્યું.

'તને ફાવે છે ?' ડૉક્ટર કુમારે પૂછ્યું.

'હિંદીઓને પસંદગીના હક્ક છે ખરા ? હિંદનો મોટો ભાગ આથીયે ખરાબ ઓરડીઓમાં રહે છે; અરે કૈંકને તો ઝૂંપડી પણ મળતી નથી !'

'માટે આપણે આવામાં રહેવું ?'

'હા, નહિ તો શોષિતોનો વર્ગ એ કલ્પના જ બની રહે છે. આ ઓરડીઓને ઓળખવી હોય તો મહેલ અને બંગલામાં બેઠે બેઠે ન બને.'

'આજની રાત રહી જાઉં.'

'મારો ખાટલો મચ્છરદાનીવાળો છે; તેમાં તને કદાચ ઊંઘ આવશે.'

'તું શું કરીશ ?'

'હું હજી થોડું લખીશ અને પછી સાદડી ઉપર સૂઈ જઈશ.'

'લખવું છે ? તારા પત્ર માટે ?'

'ના; મારા પત્રનું કામ પૂરું કરીને જ હું નીકળ્યો હતો; પરંતુ હું નવરાશ કાઢી બીજું કૈંક લખું છું.'

રતને ઓરડીમાં બીતે બીતે પ્રવેશ કર્યો. અત્યાર સુધી પરાશર પાસે છોકરીઓ આવી જતી; આજે કોઈ સફાઈદાર યુવાન તેની જોડે આવ્યો હતો. રતનને આવી ન સમજાતી ચર્યાવાળા પરાશરની ઓરડીમાં આવતા સ્વાભાવિક સંકોચ થાય જ.

'કેમ રતન ! અંદર આવ. આપણે એક ડૉક્ટર મેળવ્યા.' પરાશરે કહ્યું.

'ડૉક્ટર ? આપણી દવા માટે ?' રતને પૂછ્યું.

'હા.'

'બહુ જણ માંદાં પડે છે; છોકરાં તો રોજ માંદાં. ડૉક્ટરસાહેબ અહીં જ રહેશે ?'

'આજથી અહીં રહેવાની ટેવ પાડે છે.'

'માંદાંને તો વૈદ-ડૉક્ટર એટલે પરમેશ્વર ! બહુ સારું થયું. એ અહીં જ રહે તો અંબામાને ઘીનો દીવો કરું !'

'પણ અંબામા ડૉક્ટરની ફી આપશે ખરાં ?'

'મારા મનમાં કે તમે જેમ ભણાવવા આવ્યા છો, તેમ ડૉક્ટર બધાંની દવા કરવા આવ્યા છે.' રતને જવાબ આપ્યો.

'છે તો એમ જ; પણ તેં કાંઈ લખ્યું ?'

'હા, આ રહ્યું.' કહી શરમાતી રતને એક તૂટેલી સ્લેટ પરાશરને બતાવી. પરાશર રતનનો પ્રયાસ જોઈ રાજી થયો. તેને લાગ્યું કે રતનને અપાયેલું શિક્ષણ - એક જ દિવસનું શિક્ષણ નિષ્ફળ જાય એમ નથી. તેણે કહ્યું :

'વાહ, આમ કરીશ તો એક અઠવાડિયામાં છાપું વાંચતી થઈ જઈશ.'

'બીજી બેત્રણ બાઈઓને મેં ઊભી કરી છે, એ પણ શીખશે.'

'એ તો બહુ જ સારું કર્યું. હું તમને બધાંને છાપાં વાંચતાં કરીને પછી અહીંથી જવાનો.'

'ક્યાં જવાના ?'

'બીજી ચાલીઓમાં.'

'મને આગળ લખી આપો.' રતને માગણી કરી.

પરાશરે આગળ બારાક્ષરી લખી આપી. રતનનું પોતાનું નામ લખાવ્યું અને એક ગુજરાતી વર્તમાનપત્રનાં મોટા અક્ષરવાળાં મથાળાં વંચાવવા પ્રયત્ન કર્યો. રતન બહુ જ આજ્ઞાધારી શિષ્યા લાગી.

'બસ, આજ પૂરતું ભણી. આવતી કાલે તને એક બીજી બહેનોને શીખવીશ - સવારમાં.'

'હા; બધા મરદો મજૂરીએ જાય એટલે અમને ફાવશે. હવે તમને પણ હું સૂવા દઉં.'

'તારી પણ રાહ જોવાતી હશે !' સિનેમાની અસર હજી ભૂંસાઈ ન હતી એટલે પરાશરે કહ્યું.

'મારી તો કોઈયે રાહ જોતું નથી ! પીઈને બધા પડ્યા છે તે જોયા નહિ ?'

દારૂને બેભાનીનું સુખ પૂરતું મળે છે. દારૂને જોઈતી વાસનાતૃપ્તિ પણ ભેદભાવ રહિત હોય છે. શરાબીને કલા, સંસ્કાર કે સગપણની છોછ રહેતી નથી.

રતન ચાલી ગઈ. કુમાર વગરબોલ્યે ખાટલામાં સૂઈ રહ્યો હતો. તેને નિદ્રા આવી હતી કે નહિ તેની પરાશરને ખાતરી ન હતી. તે જાતે ફાનસ હળવું કરી સાદડી ઉપર સૂતો. રોજ તો તે ફાનસ હોલવી નાખતો; પરંતુ

આજ કુમાર મહેમાન બન્યો હતો એટલે તેની સગવડ ખાતર દીવો બળતો રાખી તે સૂતો.

સૂતે સૂતે રતનના મુખમાં અને સિનેમાની યુરોપિયન નાયિકાના મુખમાં કંઈ સામ્ય દેખાયું. રતનને પણ સારાં કપડાં મળે, મુખશૃંગારનાં સાધનો મળે, શિક્ષણ અને કલાનો સાથ મળે તો તે પણ સિનેમાની કોઈ અદ્‌ભુત નાયિકા બની અનેક પુરુષોનાં હૃદય ઉપર સામ્રાજ્ય ભોગવી શકે !

થિયેટરમાં તેણે કૈંક સજીવ દૃશ્યો જોયાં હતાં; કૈંક અપ્રેમીઓ પ્રેમી બનતાં હતાં, કૈંક પ્રેમીઓના પ્રેમ ઉગ્ર બનતા હતા, અને કૈંક નવા પ્રેમ બંધાતા હતા. તેને પ્રેમીનો વિરોધ ન હતો; પ્રેમીઓનો પ્રેમ પ્રત્યે તેને ઉપહાસવૃત્તિ ન હતી. એ આવશ્યક મનોભાવને અતિશય બંધનમાં બાંધવાથી તેનાં ભૂતાવળ સરખાં સ્થૂળ સ્વરૂપો સંસારમાં ક્ષણે ક્ષણે ઘૂમરી લીધા કરતાં હતાં, તેની એને અસર હતી. એટલે પ્રેમ અને પ્રેમી યુગલો તરફ એ ઉદાર બની શકતો હતો; પરંતુ આ પ્રેમ - આ ઊભરાતો પ્રેમ - અનેક વિચિત્ર આકૃતિઓ ધારણ કરી રહેલો કામ - પ્રજાજીવનને, બળવાન યૌવનને કયે માર્ગે દોરી રહ્યો હતો ?

હિંદનો યુવક અને હિંદની યુવતી જાણે છે કે હિંદ પરાધીન છે. પરાધીનતામાં પ્રેમ થઈ શકે ? બેડીબાંધ્યા દેહ તરફ બેડી તૂટતા પહેલાં આકર્ષણ થાય ખરું ! અને તેમ થાય તો બેડી તોડવાનું બળ ઘટતું ન જાય?

અગ્નિશિખા સરખો ક્રાંતિકારી યુવક ભાસ્કર સહેલાણી જ નહિ પણ યુવતીઓની જ સોડ તથા સાડી ઝંખતો વિષયી બની જઈ ક્રાંતિને બેવફા બનતો જાય એ આ પ્રેમના જ પ્રતાપ, નહિ ? ધ્યેય ચુકાવે એ પ્રેમ પ્રગતિનો રોધક જ ગણાવો જોઈએ. કેટકેટલા યુવકો અને યુવતીઓ આશા આપી અંતે પ્રેમ, કામ કે મોહમાં પડી આશાનો અવરોધ કરતા - અરે ધ્યેયને જ પાછું હઠાવતા પ્રવાહમાં સામેલ થઈ ગયા ? પરાધીન હિંદના યુવાનને પ્રેમવાસના એ શરમરૂપ નથી શું ?

યુવતીઓ પણ પોતાના દેહ અને મનને સજી-સજાવી દેહના અંતિમ સમાગમસુખને જ જાણે શોધ્યા કરતી હોય એમ શું લાગતું ન હતું ? રંભા સરખી સંસ્કારી યુવતી પરાશર સરખા અનાકર્ષક બની ગયેલા ઊર્મિજડ યુવકનું સાન્નિધ્ય શોધતી હતી, એમાં પણ પરાશરને વર્તમાન યુગની વિવિધમુખી લાલસાનાં જ દર્શન થયાં. અને શોભનાની આછી મૂર્છા...

શોભના યાદ આવતા પરાશર બેઠો થઈ ગયો. વારંવાર ભાસ્કર અને શોભનાને જોડાજોડ રહેતાં તેણે નિહાળ્યાં. ભાસ્કર પ્રત્યેનો વધતો

જતો અભાવ પરાશર પ્રત્યેની ઈર્ષાનું તો પરિણામ નહિ હોય ?

શોભનાએ તેની સામે જોયું હતું; શોભનાએ તેની સામેથી આંખ ખસેડી લીધી હતી; શોભના તેની સાથે બોલતી નહિ, છતાં તેની આંખ અને મુખ કાંઈ કાંઈ બોલતાં જ હતાં, એમ કેમ લાગ્યા કરતું હતું ? સિનેમામાં તેને ફેર કેમ આવ્યા ? ફેર આવ્યા તો તે પરાશરની પાસે જ આવતાં કેમ પડવા સરખી થઈ ગઈ ? અને શોભનાએ પોતાનો દેહ પરાશરને હાથે દોરાવા દીધો, એ શું ?

એ કેટલી બદલાઈ ગઈ હતી ? ચાર-પાંચ વર્ષ પહેલાં તેને જોઈ હતી; પછી પણ ક્વચિત્ એની ઝાંખી થઈ જતી. તે વખતે પણ શોભના સુંદર અને ગમે એવી હતી; પરંતુ અત્યારે તો શોભના રૂપ રૂપનો અંબાર બની ગઈ હતી ! સ્વાતંત્ર્યનું ધ્યેય જતું કરીએ તો પછી જીવનમાં સૌંદર્ય જ રહે ને ? અને શોભના સરખું સૌંદર્ય કદાચ સ્વાતંત્ર્યને પણ કદરૂપું બનાવે તો તેમાં આશ્ચર્ય નહિ.

એ સૌંદર્ય શોભનાના રંગમાં હતું ? મુખમાં હતું ? આંખના ચમકારામાં હતું ? કદી કદી સંભળાતી કંઠમાધુરીમાં હતું ? તેની છટામાં હતું કે તેનાં વસ્ત્રોની ગોઠવણમાં ?

'...છટ્..... !' પરાશરથી બોલાઈ ગયું.

'કેમ શું થયું ?' કુમારે પૂછ્યું.

'કાંઈ નહિ; પણ તું જાગે છે ?'

'આટલો મોટો છટકાર કર્યો એટલે ગમે તેવી ઊંઘ હોય તોય ઊડી જાય.'

'હું બહુ દિલગીર છું, કુમાર ! મને એટલા જોરથી મચ્છર કરડ્યા કે મારાથી એમ બોલાઈ ગયું.'

'તો તું હવે મચ્છરદાનીમાં સૂઈ જા; હું થોડી વાર તારી જગા લઉં.'

'અંહં. હું મારી જગા કોઈને આપતો નથી.' કહી પરાશર પાછો આડો પડ્યો.

'હં.' હસીને કુમારે પાસું બદલ્યું.

કુમારના હાસ્યનું હાસ્ય તે સમજ્યો. તેના પોતાના જ ખાટલામાં તેણે અત્યારે જ કુમારને સૂવા દીધો હતો !

અને... અને... શોભનાને ભાસ્કર તરફ પણ તેણે આકર્ષાવા દીધી હતી ! પરાશરે આંખ મીંચી દીધી. તેની મીંચેલી આંખ વીંધીને શોભના તેની સામે આવીને ઊભી રહી ! પરાશરે પાસું બદલ્યું; પરંતુ પાસું

બદલવાથી મન બદલતું નથી. શોભના બીજી પાસ આવીને ઊભી રહી. ઘણી વાર ખુલ્લી આંખ કરતાં મીંચેલી આંખ વધારે દર્શનશક્તિ ધરાવે છે. પરાશરે આંખો ઉઘાડી નાખી.

ઝાંખા દીવાએ ઓરડીની સખ્ત સાદાઈનું ગંભીરતાથી પ્રદર્શન કર્યું. ક્યાં આ ઓરડી ? અને ક્યાં સ્ત્રીસૌંદર્યના ખ્યાલ ? ચાલીની મલિનતા અને ઓરડીની કઠોરતા સુંવાળી ઊર્મિઓને આવવા દે એવાં ન હતાં; છતાં એ ઊર્મિઓ સહજ ઊછળી ગઈ !

સહજ ? હૃદય ધબકી ઊઠ્યું હતું ! દેહમાં વીજળી ઝબકી ગઈ હતી! સ્ત્રીની હાજરીમાં જે ભાવ ન આવે તે ભાવ માત્ર સ્ત્રીના સ્મરણે જાગી ઊઠ્યા હતા !

મલિન ચાલીનો એ દોષ કે નાનકડી ઓરડીનાં એ પાપ ? જેમ સ્વચ્છતા વિલાસપ્રેરક બને છે, તેમ મલિનતા પણ વિલાસપ્રેરક બને છે !

કે રંભાની વધતી જતી મૈત્રી એ માટે જવાબદાર હતી ? રંભાને પરાશરમાં શું આકર્ષણ દેખાયું હશે તેની પરાશરને સમજણ પડતી ન હતી. છતાં રંભાનાં આહ્વાન બહુ જ સ્પષ્ટ હતાં એ સમજવા જેટલી રસિકતા પરાશરમાં રહી હતી. સ્ત્રીપુરુષના અતિ સહવાસનું એ પરિણામ હોય !

પણ એ જે હોય તે ખરું. સહવાસનાં જે પરિણામ આવે તે ખરાં ! સ્ત્રીપુરુષને આમ સહશિક્ષણ, મૈત્રી અને સહચાર વગર ચાલે એમ નથી. કુટુંબ છોડી સ્ત્રી સમાજમાં પ્રવેશી ચૂકી છે; ગૃહ છોડી સ્ત્રી સમૂહમાં આવી ચૂકી છે. સમાજમાં પુરુષ-સ્ત્રી બન્ને હોય ! નવીન સ્વાતંત્ર્ય વધારે ચાંચલ્ય આપે; પણ હવે સ્ત્રી-પુરુષના સહકાર પાછા વળી ન જ જાય !

કદાચ સિનેમાનું દૃશ્ય આવી ઊર્મિઓ માટે જવાબદાર હોય ! સ્વતંત્ર પ્રજાઓને વિલાસ-વૈભવનો અધિકાર છે; સ્વતંત્ર પ્રજાઓને પ્રેમના પ્રયોગો કરવાની છૂટ છે; સ્વતંત્ર પ્રજાઓને લગ્ન કે અલગ્ન જીવનના અખતરાઓમાં ઊતરવાની નવરાશ છે; સ્વતંત્ર પ્રજાઓ વિલાસ, વૈભવ, વાસના ને બંધનરહિત સહચારના પ્રયોગો માટે ઉદાર દૃષ્ટિ ખીલવી શકે અને સામાજિક પુનર્ઘટના અર્થે પ્રયોગશીલ વ્યક્તિઓનાં કહેવાતાં સ્ખલનો પ્રત્યે ઉપેક્ષા, ઉદાસીનતા કે રસવૃત્તિ કેળવી શકે; પરંતુ હિંદવાસીઓ સ્વતંત્ર પ્રજાઓના અનુકરણમાં - સ્વતંત્ર પ્રજાની પ્રયોગશીલતાના વખાણમાં એક મહત્ત્વની વાત કેમ ભૂલી જાય છે? એ પ્રજાઓ સ્વતંત્રતાના વજ્રશિખરે બેસીને આ બધું કરે છે ? હિંદવાસીના માથા ઉપર તો મુગટને બદલે પગ મુકાયલો છે ! એને આ વિલાસ શા ? એને આ વાસના શી ?

પરાશરે એક જ ધ્યેય સ્વીકાર્યું હતું : હિંદને સ્વતંત્ર બનાવવું. એ ધ્યેયની સિદ્ધિ અર્થે એમણે અભ્યાસ આગળ ન વધાર્યો; એ અર્થે તેણે સરકારી નોકરી ન સ્વીકારી; એ અર્થે તેણે પોતાનું સાધનસંપન્ન ઘર-કુટુંબ ત્યજી દીધાં. ચારપાંચ વર્ષ ઉપર તેને વિલાયત મોકલવાની સઘળી તૈયારી થઈ હતી. વિલાયત જઈ તે સિવિલ સર્વિસમાં જોડાય એવી તેના પિતાની તીવ્ર ઈચ્છા હતી. પરાશરને વિલાયત જવાનું તો બહુ જ મન હતું. ત્યાંના આગેવાનોને મળાય, મજૂરવર્ગના કાર્યક્રમનો અભ્યાસ થાય, સમાજવાદી અને સામ્યવાદી સાહિત્યકારો અને વિચારકો પાસેથી પ્રેરણા મેળવાય, રશિયા જઈ ક્રાંતિને સગી આંખે નિહાળી શકાય, એવાં એવાં સ્વપ્ન તેને આવતાં હતાં. બ્રિટનના શાહીવાદી લોખંડી યંત્રના વિભાગ બનાવાનું તો તે કબૂલ રાખે એમ હતું જ નહિ; પરંતુ તેના પિતા તેના ઉદ્દામ વિચારોને પોષવા માટે વિલાયત મોકલવાનું કબૂલ કરે એ અશક્ય હતું. તેના પિતા તો મહાસભાથી પણ ભડકતા રહેતા, એટલે પરાશરના વાચન અને મનને ઘડેલું તેનું માનસ પિતા આગળ પ્રગટ થયું ન હતું. વળી વિલાયત મોકલતા પહેલાં યુવકોને પરણાવી જ દેવા જોઈએ એવી માન્યતાવાળા પરાશરનાં પિતાએ તેના વિવાહ ને લગ્ન નક્કી કરી દીધાં. વિલાયત જવાના ઉત્સાહમાં તેણે લગ્નને બહુ મહત્ત્વ આપ્યું નહિ. અલબત્ત લગ્નમાં પોતાની પસંદગી હોવી જોઈએ એમ માનતા પરાશરે પ્રથમ તો લગ્નનો વિરોધ કર્યો; પરંતુ તેના પિતાનો કડક આગ્રહ એમાં વિજયી નીવડ્યો અને કન્યાને દૂરથી જોતાં - તેની છબી નિહાળતાં, તેનાં અભ્યાસની વિગત જાણતાં પરાશરનો અણગમો ઓગળી ગયો. સુખ - આર્થિક સુખ અને અભ્યાસના સંસ્કાર તેને પણ રસિકતા તરફ દોરી રહ્યા હતા. તેને સ્ત્રી જોઈતી હતી, અને સ્ત્રી મેળવવાનો સહેલામાં સહેલો અને સુયોગ્ય રસ્તો લગ્ન હોવાથી તેણે લગ્નનો જબરજસ્ત વિરોધ ન કર્યો. તેણે પોતાનું લગ્ન થવા દીધું - પરંતુ અત્યંત ચૂપકીથી. તેને ઊંડી ઊંડી આશા પણ હતી કે તેની પત્ની સંસ્કારસમૃદ્ધ હશે તો તેના કાર્યને વધારે સારી રીતે સમજશે.

## ૭

લગ્ન થતાં બરોબર તેને વિલાયત જવાનું હતું. તેની પત્નીને તેણે પ્રેમપત્ર લખ્યો. ધારેલા દિવસે પત્નીનો ઉત્તર મળ્યો નહિ. ધાર્યું ન થાય, અને તે જીવનના ઊર્મિવિભાગમાં તો યૌવનમાં પ્રવેશતા યુવકને કેટલો અણગમો થાય, કેટલી અસ્થિરતા થાય એ યુવાનો જ જાણી શકે.

તે દિવસે તેની નિદ્રા ચાલી ગઈ. ઉજાગરાથી વ્યગ્ર બનેલા પરાશરે રાતમાં એક બાળનોકરને ઉઠાડી ચા બનાવવા આજ્ઞા કરી. સુખી સામ્યવાદી યુવકો બાળનોકરોને આજ્ઞા કરતાં પાછું જોતા નથી. એમની દયા વર્ગ પ્રત્યે હોય છે, વ્યક્તિ પ્રત્યે નહિ. આ બાળનોકરને ભણતરના વિચાર કરવાના ન હતા, તેને હજી પ્રેમમાં પડવાની વાર હતી. આરામ જેવી કોઈ ભાવના, જીવનમાં હોય કે નહિ તેનો ખ્યાલ નોકરના માલિકો તેને ક્ષણભર પણ આવવા દેતા ન હતા. ઘરનાં બાળક, યુવક અને વૃદ્ધ સ્ત્રીપુરુષોની નાની મોટી આજ્ઞાપરંપરા પ્રમાણે નાચતું આ બાલપૂતળું હુકમ, ધમકી, ગાળ અને ક્વચિત્ મારનાં મોજાંમાં તરતું, ડૂબકાં ખાતું જમીનદારી ગૃહસાગરમાં વહ્યે જતું હતું.

રાતના અગિયાર વાગ્યે સૂતેલા બાળકને પ્રેમની નિરાશા અનુભવતા સંસ્કારી સામ્યવાદી યુવક પરાશરે રાતના એક વાગ્યે જગાડ્યું:

'સોમલા ! એ સોમલા !'

સોમો - અગર નોકર પ્રત્યેની ઉદાર અને 'આત્મીય' વાણી વડે ઓળખાતો સોમલો - ઊભો થઈ ગયો. તેણે આંખો ચોળી અને સહજ અરબડિયું ખાધું.

'જરા ચા બનાવી લાવ.' પરાશરે કહ્યું.

'હા જી.'

'કીટલીમાં, હોં.'

'વારુ સાહેબ !'

કહી સોમો ગુલાંટ ખાઈ પાછો એના કોથળા ઉપર પડ્યો. મહાસભાવાદીઓ અને સામ્યવાદીઓ હજી પોતાના નોકરોને કોથળા સિવાયની પથારી આપવાની જરૂર જોતા નથી કારણ કે કિસાનો, મજદૂરો

અને ગ્રામવાસીઓના ઉદ્ધારની ભવ્ય યોજનામાં પોતાની પાસે જ ફરતા કિસાન કે મજદૂરને દાખલ કરવાની ટૂંકી વ્યક્તિગત વાત તેમની દીર્ઘ દૃષ્ટિમાં નથી આવી શકતી. સોમાને લાગ્યું કે તેને સ્વપ્ન આવ્યું હતું. નોકરને સ્વપ્ન પણ બીજાં શાનાં આવે ?

પાંચેક મિનિટ સુધી પ્રેમનિશ્વાસ નાખીને થાકેલા પરાશરે જોયું કે હજી સ્ટવનો સુસવાટ આવતો ન હતો. દુષ્ટ નોકરો ઝડપથી હુકમ પાળતા જ નથી ! અને શોષિત વર્ગની સરમુખત્યારી આવતાં અનેક drives-shocks-વંટોળ સરખા ઝડપી અને જોરદાર સમૂહધક્કા સમાજને આપવા પડશે ! શિસ્તમાં દયા ન હોય.

'પાછો ઊંઘી ગયો લાગે છે; લાત ખાધા વગર એ જાગવાનો નથી.' એમ મનમાં બોલી પરાશરે સોમાની પાસે જઈ - લાત તો ન મારી; પરંતુ તેને પગથી ઢંઢોળ્યો.

'સોમા ! સોમલા !'

'હા જી, સાહેબ ! ઊઠ્યો.' સોમો ફરી બેઠો થઈ ગયો.

'ક્યારનો જગાડું છું ને, સુવ્વર ! હજી ઊઠતો નથી ? ચાલ, ઊભો થઈ જા !'

'હાજી, સાહેબ ! ઊઠ્યો.' ઝબકીને બાર-ચૌદ વર્ષનો નોકર સોમો બેઠો થઈ ગયો. તે નિદ્રાના ભારણમાં ન હોત તો ઊઠીને તેણે દોડવા માંડ્યું હોત.

'ચાલ, જાગ્રત થઈ જા અને ચા બનાવી લાવ.' પરાશરે કહ્યું.

'ચા.... આપને નથી... આપ્યો ?' સોમાએ પૂછ્યું. સોમાએ સ્વપ્નમાં ચા તૈયાર કરી માલિકને સંતોષ્યો હતો.

'ના, તારા જેવા ઊંઘણશીથી ઉઠાય છે ક્યાં ?'

'હા જી, સાહેબ !' નોકરોએ ગાળને કબૂલી લેવી જોઈએ.

'જો, પાછો ઊંઘતો નહિ. કીટલી ટ્રૅમાં લાવજે. ચાલ, સામું જોયા ન કર.'

'હા જી, સાહેબ !' કહી સોમો ટટાર થયો. ઊંઘમાં ઢગલામાંથી પોતાના મનને ખેંચી બહાર કાઢતા સોમાના મુખ ઉપર સહજ સમજણનો પ્રવેશ થયો, અને તેણે પાસેની ઓરડીમાં જઈ સ્ટવ સળગાવ્યો. ભણતાગણતા કુટુંબની ઊજળાશ સરખા પરાશરને તેના સુખી કુટુંબે એકાંત દીવાનખાનું, ઉપહારનાં સાધનો અને ઘરના સઘળા નોકરો ઉપરની માલિકી કૈંક સમયથી આપી રાખ્યાં હતાં.

પરાશર આવીને આરામખુરશી ઉપર બેઠો. એક ઊંચી જાતની સિગારેટ સળગાવી તેણે પીવા માંડી, અને લગ્નમાં ન મળતી સગવડ અલગ્ન અવસ્થામાં ભોગવી શકાય કે નહિ તે વિષે બર્ટ્રાંડ રસેલના વિચારો અને પ્રયોગોનું તેણે મનન કરવા માંડ્યું.

આછી ચીસ સાંભળતાં તે સહજ હાલી ઊઠ્યો; પરંતુ એ ચીસ કદાચ બુઝાતા સ્ટવની પણ હોય ! કે પછી સુંદર સુંદર વાસનાઓથી પ્રફુલ્લ બનેલા હૃદયે બળતાં પાડેલી અંગારમય આહ પણ હોય !

ટ્રે, કીટલી, પ્યાલા, રકાબી, ગરણી લેઈ સોમો પરાશરની ઓરડીમાં આવ્યો. એક હાથ અને બીજા હાથની કોણીના ટેકા વડે ટીપૉઈ ઉપર ચાનો સામાન મૂકતા સોમાના હાથ અને મુખ તરફ પરાશરે જોયું.

'સોમા ! શું થયું હાથે ?' પરાશરે પૂછ્યું.

'કાંઈ નહિ, સાહેબ !' કહ્યા છતાં સોમાની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી.

'અલ્યા દાઝ્યો ?' પરાશર ઊભો થઈ ગયો. ખરેખર સોમાનો હાથ બળી ગયો હતો. સોમાએ જવાબ ન આપ્યો. તેનાં અશ્રુ હજી ખળાયાં ન હતાં.

'લાવ, હું કાંઈ દવા લગાડું.' પરાશરે કહ્યું

'ના, સાહેબ ! એ તો...મટી...જાશે.' ડૂસકાં ખાતાં સોમાએ કહ્યું.

'પણ દાઝ્યો શાથી ?'

'સાહેબ ! જરા ઝોકું આવ્યું... અને... હાથ ઉપર... ગરમ પાણી પડ્યું.'

પરાશરની આંખ સહજ વિસ્તૃત થઈ. રાતના એકબે વાગ્યે નાનકડા નોકરને જગાડી ચા બનાવવાની આજ્ઞા આપતી માલિકોની જુલમજહાંગીરીનું એક ભયાનક પરિણામ તેણે નજરે નિહાળ્યું. કર્મની સંભાવનામાં કોનું કર્મ ? બિચારા નોકરનું કે સુખઆરામ માગતા પાપી માલિકનું ? અને પરિણામ ભોગવ્યું કોણે ? બચપણથી ઢોર સરખું જીવન ગાળી રહેલા સોમાએ !

અને આપણે કહીએ છીએ કે હવે જગતમાંથી ગુલામગીરી અદૃશ્ય થઈ ગઈ !

પરાશરના હૃદયમાં વિચારઊર્મિ ઊંચકાઈ આવી. પરાશરે ચાને બાજુએ રાખી સોમાના હાથ ઉપર ઊંચામાં ઊંચી ક્રીમ લગાડી, આવડતો હતો તેવો પાટો બાંધ્યો, અને રડતા સોમાને છાનો રાખવાના બોલ

ઉચ્ચાર્યા; પરંતુ તેને લાગ્યું કે એ ત્રણેમાંથી કશું જ તેને આવડતું ન હતું. મુખ ઉપર તે ક્રીમ ચોપડી શક્યો હોત; ઘા ઉપર મલમ કેમ ચોપડવો તેની તેને ખબર ન હતી. પાટો બાંધવામાં કપડું ઉપર રાખવું કે રૂ તેની પણ પરાશરને શોધખોળ કરવી પડી. અને એમ કરતાં જ્યારે પાટો બાંધ્યો ત્યારે એને જણાયું કે બિચારા બાળકના હાથ ઉપર તેણે ભૂંગળું રચ્યું હતું. શબ્દો તો તે કયા વાપરે ? સોમો નોકર હતો. એને ભાઈ, બાપુ, બચ્ચા જેવા શબ્દોથી શી રીતે સંબોધી શકાય ? દુનિયાભરના શોષિતો માટે હૃદય પીંખાઈ ગયાને ચાળો કરનાર પરાશરને લાગ્યું કે તેની બિરાદરીની ભાવના હજી બહુ જ અપક્વ હતી. સોમાને 'ભાઈ' કહેતાં તેની જીભ અટકી જતી હતી, અને તેને જગતના મજદૂરોનું બંધુત્વ જોઈતું હતું !

'સોમા ! હવે કેમ છે ?' પરાશરે પૂછ્યું.

'સારું છે, સાહેબ ! હવે તમે ચા પીઓ. ટાઢી પડશે.'

પરાશરે સોમાને પાથરેલી જાજમ ઉપર બેસાડી રાખ્યો, અને તેણે ચાનો એક પ્યાલો તૈયાર કર્યો. સોમો હાથને દાબતો, દુઃખની સિસકારીઓ મારતો અસ્વસ્થ બેઠો હતો. સાહેબ જલદી ચા પીઈ લે તો તેનાથી જરા સુવાય એમ તેની ઇચ્છા હતી. ચા પીતા સાહેબ તરફ જોવાની અમર્યાદા ન થાય એની કાળજી રાખતા સોમાના મુખ આગળ સાહેબનો જ પ્યાલો આવીને ઊભો અને તે ચમક્યો.

'સોમા ! લે. આ ચા તું પી.' આશ્ચર્યચકિત સોમાએ પરાશરને પોતાની પાસે બેસી ચાનો પ્યાલો ધરી આગ્રહ કરતો સાંભળ્યો. એને લાગ્યું કે પરાશરના મગજમાં કંઈ વિકૃતિ થઈ છે.

'ના ના, સાહેબ ! એમ તે હોય ? અમને સવારે મળે જ છે ને ?' સોમાએ કહ્યું.

'હું કહું તેમ કર.' પરાશરે કહ્યું અને રકાબીમાં ચા કાઢી તેણે સોમાના મુખ સામે ધરી.

'ભાઈસાહેબ ! એમ ન થાય. એ તો આપના પ્યાલારકાબી છે; અમે પીએ તો અમને મારી નાખે.' સોમાએ કહ્યું.

માલિકો અને નોકરો વચ્ચેના ચામાં તફાવત, અને એ ચા પીવાનાં વાસણોમાં પણ તફાવત ! અલબત્ત, ચોખ્ખાઈની ચટ સમજી શકાય; પરંતુ આ તફાવત ચોખ્ખાઈને વળગી રહ્યો છે કે ઉચ્ચનીચની ભાવનાને ? ઉચ્ચ કુટુંબમાં ઘડાતો નોકર શા માટે એક કુટુંબી સરખો સ્વચ્છ ન બને ? નોકરનો દોષ કાઢતા સાહેબો અને બાઈસાહેબો ભાષણ કરી આવ્યા પછી કેમ નોંધ

રાખતાં નથી કે તેમણે તેમનાં સંસર્ગમાં આવેલા અમુક નોકરપશુઓને માણસ બનાવ્યા ? પરંતુ નોકરો પ્રત્યેના વર્તનમાં માણસાઈ હોય છે જ ક્યાં?

'કોઈ નહિ મારે. પી જા. તને દરદ થાય છે તેમાં ચા સારી પડશે.' પરાશરે કહ્યું, અને રકાબી લગભગ સોમાના મુખમાં ખોસી દીધી. સોમો આ જુલમને વશ થયો. એકબે રકાબી સોમાને પાયા પછી પરાશર જરા ઊઠ્યો અને કેકરનો ડબો લેઈ આવ્યો. સોમાએ કોઈ વાર સાહેબની રકાબીમાં વધેલું બિસ્કિટ ખાધું હશે. અને કદાચ એકબે બિસ્કિટ ચોર્યાં પણ હશે; પરંતુ તેમ કરતાં તે કદી પકડાયો ન હતો. છતાં બિસ્કિટ ખાવાનું મન તો તેને વારંવાર રહ્યા કરતું હતું; પરંતુ પરાશરે બિસ્કિટ ખાવાનું કહ્યું ત્યારે તેની જીભનો સ્વાદ ઊડી પણ ગયો. કરગરીને તેણે કહ્યું :

'સાહેબ ! આ બધું મારે નથી જોઈતું.'

પરાશરને ખ્યાલ આવ્યો કે રિવાજના ભારણમાં દબાઈ રહેલા આ બાળગુલામને માલિકની હાજરીમાં જમવું પણ ભારે થઈ પડે છે. મહા મુશ્કેલીએ એકબે બિસ્કિટ સોમાને તેણે ખવરાવ્યાં, અને પોતાને માટે તૈયાર થયેલી ચા તેને પાઈ દીધી.

'પણ સાહેબ ! તમે શું કરશો ?' સોમાએ પૂછ્યું.

'હું હાથે બનાવી લઈશ.' પરાશરે જવાબ આપ્યો.

'આપને સ્ટવ સળગાવતાં તો આવડતો નથી !' જગત ઉદ્ધારના કાર્યમાં ઝુકાવવાનાં રમણીય સ્વપ્ન સેવતા શિક્ષિત યુવકની સામગ્રી ઉપર આ નોકરવર્ગનો કટાક્ષ ન હતો. નોકરવર્ગને માલિકોની પરાધીનતાનું ભાન થશે તે ક્ષણે નોકરો નોકરી કરતા નહિ હોય; માલિકોના તે ભાગીદાર હશે છતાં પરાશરને આ વાક્ય તેની ખામીની પૂરી સૂચના ગંભીરતાપૂર્વક આપી શક્યું.

'તેની હરકત નહિ, ચાલ, હવે તું જા.' પરાશરે કહ્યું.

સોમો ઊઠવા ગયો; પરંતુ તેનાથી ઊઠી શકાયું નહિ. તેનો બળેલો હાથ તેને બહુ જ કમજોર બનાવી રહ્યો હતો. પરાશરે તેની અશક્તિ નિહાળી, અને એકાએક તેણે સોમાને ઊંચકી લીધો. 'અરે, અરે, ભાઈ, ભાઈસાહેબ !' કહેતા સોમાને ઊંચકી તેની પથારીમાં પરાશરે તેને બેસાડી દીધો.

પણ એ શું સોમાની પથારી હતી ? પાળેલાં જાનવર માટે સ્વચ્છ ઘાસ પાથરી ખેડૂતો તેમને માટે પથારી કરે છે ! પણ સોમાની પથારી તો એ

શબ્દને લજાવતી હતી. આમલી, મીઠું, દાળ કે ચોખા ભરાઈને આવેલા કોથળાના ઘસાઈ ગયેલા એકબે ટુકડા ઉપર તે નિત્ય સૂતો હતો. પરાશરના શરીરે એ કોથળો ખૂંચી ઊઠ્યો - જાણે તે તેના ઉપર સૂતો ન હોય ! મજૂરનું જીવન સુખી કરવા ઈચ્છતા યુવકની જ નજર સામે તેના જ ઘરના એક બાળમજૂરને ચીંથરાંની ગોદડી પણ સૂવા મળતી ન હતી ! અને ઘરમાં તો ગોદડાંની થપ્પી પડી રહેલી હતી. કોને માટે ? સારા, સભ્ય, સ્થિતિપાત્ર મહેમાનો આવે તેમને માટે ? અને તે રોજ તો આવતા નહિ. લક્ષ્મીના ઢગલા એક બાજુએ થતા જતા હતા, ને બીજી પાસ ગરીબીનો વિસ્તાર વધતો જતો હતો, એમ ઘણી વખત પરાશરે પોતાનાં સ્વાધ્યાયમંડળોમાં કહ્યું હતું. આજે તેનો પ્રત્યક્ષ દાખલો પોતાના જ ઘરમાં નિહાળ્યો. ગોદડાંનો ગંજ હતો, અને ઘરનું છત્ર સ્વીકારી બેઠેલું બાળક કોથળે સૂતું હતું.

ધનવાન અને મધ્યમ વર્ગની આ નીચ હલકટ ભેદભાવનાના પરિણામે તેમનું ખેદાનમેદાન કરી નાખવા શ્રમજીવીઓ ઉશ્કેરાય તો તેમાં નવાઈ શાની ? અને તેમ કરે ત્યારે શ્રમજીવીઓની ભયાનક ક્રૂરતાને બુદ્ધિશાળીઓ વખોડવા બેસે છે ! ધનિકો અને મધ્યમવર્ગીઓની ઠંડી, દીર્ઘકાલીન, નફ્ફટ ક્રૂરતાઓના ઢગલા અને ભેદભાવનાના થરના થરનો વિચાર આવતાં ફ્રેન્ચ કે રશિયન ક્રાંતિની ક્રૂરતા ટાંકણીના માથા જેટલી પણ ન લાગવી જોઈએ !

'ભાઈસાહેબ ! મને અહીં જ સૂઈ રહેવા દેજો; બીજે મને ઊંઘ નહિ આવે.' સોમાએ પરાશરના મનમાં ચાલતા વિચાર આછા આછા વાંચ્યા અને પોતાની મુશ્કેલી તેણે રજૂ કરી. પરાશરને પોતાનાં વસ્ત્રો ઉપર, પોતાનાં સાધનો ઉપર અને પોતાની જાત ઉપર તિરસ્કાર આવી ગયો.

'સારી જગા સૂવાને આપીએ તે પણ તેને ખૂંચે એવું નોકરમાનસ આપણે બનાવી દીધું છે !' તેના મનમાં સોમાના વાક્યે વિચાર પ્રેર્યો. પાપ ને શોષણની વચ્ચે વહેતો માનવી શેખી કરે છે કે સહુને તારવા માટે તે તરે છે!

'સારું, અહીં સૂઈ રહેજે; પણ તને દરદ થાય તો બૂમ પાડજે.' પરાશરે કહ્યું.

દરદ થતાં બૂમ પાડવાની છૂટ નોકરને હોય છે ખરી ?

'હા જી, સાહેબ ! આપ સૂઈ જાઓ સાહેબ !' સોમાએ માલિક તરફ તેની સાહેબી ફેંકવા માંડી.

પરાશર પોતાના ઓરડામાં ગયો. સોમાએ પીધેલાં ચાનાં પ્યાલારકાબી ધોઈ નાખવાની તેને ઈચ્છા થઈ; તેણે તે પ્રયત્ન કર્યો અને

તેના હાથમાંથી રકાબી પડી ફૂટી ગઈ. પરાશરે પ્યાલાને પણ પછાડી ફોડી નાખ્યો. ખખડાટ થતાં સોમો આવશે એમ ધારી તે સોમાની બાજુમાં ગયો. આંખ લૂછતો સોમો ઊઠતો જ હતો.

'ખબરદાર, જો તું રાતમાં ઊઠ્યો છે તો ! આટલું દાઝ્યો છે ખબર નથી ? સૂઈ રહે.' પરાશરે કહ્યું.

ડૂસકું ખાઈ સોમો સૂતો. એના ઉપર વરસેલી કૃપા એનાથી સહન પણ ન થઈ શકી. કોઈ અવનવો ભાર સોમાની આંખને ભીની કર્યા કરતો હતો.

પરાશરની આંખ ભીની ન થઈ. તેના સુંવાળા મોજી હૃદયે વળ લીધો, અને તે એકાએક નિશ્ચય કરી બેઠો. એણે પત્નીનો વિચાર બાજુએ મૂક્યો. સુખનો વિચાર બાજુએ મૂક્યો. અભ્યાસનો વિચાર બાજુએ મૂક્યો અને સવારમાં જ પિતાને જાહેર કરી દીધું :

'મારે વિલાયત નથી જવું.'

'એ શું ? બધું નક્કી થઈ ગયું છે ને ?'

'મને નહિ ફાવે.'

'તારા ફાવવા ઉપર જવાનું છે કે મારા ?'

'ભણવું મારે છે ને ? મારાથી ભણી નહિ શકાય.'

પિતાને સહજ આશ્ચર્ય લાગ્યું. માનીતો છતાં કદી સામો જવાબ ન આપનાર પુત્ર ભણવાની ના પાડે એ વિચિત્રતા તેમનાથી વેઠાઈ નહિ.

'ભણીશ નહિ તો શું ભીખ માગીશ ?'

'ભણીને પણ ભીખ જ માગવાની છે ને ? અહીંનું ભણતર તો પૂરું કર્યું; હવે વિલાયત જઈને ભારે ભિખારી થઈ આવું એટલું બાકી છે !'

'તુ શું બોલે છે તેની મને સમજ પડતી નથી. મારી મિલકત હું તને ન આપું તો તારું શું થાય ?'

'આપની મિલકત મારે લેવી જ નથી. અને મારું શું થાય છે તે મારે જાતે જ જોવું છે.'

'અસહકારી બનવું છે ? તારો ડોળ અને તારું વાચન તો એવાં જ લાગે છે.'

'એથી પણ આગળ વધવું છે. રાજાઓ, જમીનદારો અને ધનિકોને મારે નાબૂદ કરવા છે.'

'શો પવન વાઈ રહ્યો છે ! મારા ઘરમાં રહીને એ નહિ બને.'

'એ હું જાણું છું, અને પહેલી જ તકે આ ધનના ગ્રહણવાળા ઘરને

છોડવાનો છું.'

'મારી સાથે વાત કરવી બંધ રાખ, અને આમ કહેવું હોય તો તારું મોં બતાવીશ નહિ.'

'ઠીક.' કહી પરાશર ત્યાંથી ઊઠી ગયો, અને પિતાને તેણે પોતાનું મુખ બતાવ્યું નહિ. ઘર છોડી તે ગામડાંમાં ભટક્યો. ગામડિયાઓને તેની બે વાતમાં સમજ ન પડી. તેણે ગામડાંને પૂછ્યું :

'તમે જમીનદારો સામે, શાહુકારો સામે અને સરકાર સામે બંડ ઉઠાવશો ?'

'બંડ ? ના રે, ભાઈ ! અમે શા માટે બંડ ઉઠાવીએ ?' ગામડિયાઓનો જવાબ મળતો.

'જમીનદાર, શાહુકાર અને સરકાર તમારું શોષણ કરે છે, ખરું કે નહિ ?'

'એ તો જેમ ચાલતું આવ્યું હોય તેમ ચાલે.'

'તમારી ફરજ છે કે તમારે બંડ ઉઠાવવું જોઈએ.'

ડોકું ધુણાવી ગામડિયાઓ ચાલ્યા જતા.

તેણે ફરીને ભાષણો કરવાને બદલે એક ગામડે થાણું નાખ્યું. શંકાની નજરથી ચારે પાસ ઘેરાયેલા પરાશરે મહાસભાવાદી વ્યૂહરચનાનો આશ્રય લીધો; અને ખાદી ધારણ કરી ધર્મ અને ઈશ્વરનો વિરોધ હોવા છતાં શિવાલયની ધર્મશાળામાં શિક્ષણ, કવાયત અને પ્રાર્થના જેવા લાગતા સમૂહસંગીતનો કાર્યક્રમ શરૂ કર્યો. સૂતેલા હિંદને જગાડવાની યોજનામાં એક માણસ એથી વધારે શું કરી શકે ?

મહાસભાની છાપવાળો કાર્યકર્તા ન હોય તો મહાસભાવાદી કાર્યકર્તાઓ પણ તેના તરફ સભ્યતાભરી ઉપેક્ષા અગર નમસ્કારસંપુટમાં સંતાડેલો તિરસ્કાર બતાવી શકે છે. પરાશર ગાંધીવાદી નહોતો. અહિંસા અને હૃદયપલટામાં તેને શ્રદ્ધા ન હતી; કાંતવાપીંજવાની ક્રિયા તેને નિરુપયોગી લાગતી. એ કાર્યક્રમ બલહીન, ક્રાંતિ ઉપજાવામાં અસમર્થ અને લડાયક માનસને બદલે રોતાં ભગતડાં ઉત્પન્ન કરનાર ધર્મપંથ સરખો તેન લાગ્યા કરતો હતો. એટલે તેની વાતમાં, તેના શિક્ષણમાં અને તેનાં ભજનોમાં જુદી જ ઢબ હતી.

ગામડિયાઓને તો બધી જ નવીનતા ગમતી; પરંતુ પરાશરનું વર્ચસ્વ એ વિસ્તારમાં જાણે એટલામાં તેણે પોતાના સામ્યવાદી મિત્રોને ગામડે ગામડે કામ કરવા આમંત્રણ આપ્યું. મિત્રો એકલા પુરુષો ન હતા,

સ્ત્રીઓ પણ સાથે હતી. એ સઘળું ટોળું સામ્યવાદના સિદ્ધાંતોથી ઝગમગતું, અને એલીસ, ફ્રુડ, જંગ વગેરે કામશાસ્ત્રીઓના વિસ્તૃત વાચનથી ઘડાતી નવીન નીતિના પ્રતીક સરખું હતું. યુવકયુવતી સાથે ફરે, એકલાં ફરે, હાથ ઝાલીને ફરે, ગળે હાથ નાખીને ફરે એમાં તો તેમને હરકત હોઈ શકે જ નહિ; તેઓ જાતીય સંબંધની સરળતાભરી વાતોથી ન અટકતાં, પ્રયોગાત્મક જીવનનો અનુભવ કરે એવી સાહસવૃત્તિ ધરાવતાં હતાં.

શહેરી ઉદ્ધારકોને ગળે હાથ ભેરવી ફરતાં જોતા ગામડિયાઓને તેમની જુનવાણી મૂર્ખાઈએ સૂચવ્યું કે આમ ફાટ્યાં ફરનારથી ઉદ્ધાર થાય એમ નથી.

'આવાં માણસ ગામમાં ન જોઈએ.'

## ૮

ગામડિયાઓ વધારે નીતિવાન હોય છે એમ નહિ; પરંતુ જાતીય સંબંધની પ્રયોગશીલતા અજમાવવા જેટલું છૂટાપણું તેમની સમજમાં ઊતરે એવું ન હતું, પરાશર અને તેનો આશ્રમ - તેનું થાણું - નીતિના પ્રશ્ન ઉપર ગામડાંને નિરર્થક લાગ્યાં.

ગામડિયાઓને બંડ કરવું ન હતું; તેમની જુનવાણી સમાજરચના ભાંગવી ન હતી. પરાશર શહેરના વધારે કેળવાયેલા વાતાવરણમાં ગયો. કારખાનાંના મજૂરો શહેરસંપર્કને લીધે વધારે સમજવાળા, વધારે સંગઠિત અને વધારે ઉદાર બની શકે એવો તેને ભાસ થયો. તેણે એક મિલની પાસે આવેલી ચાલીમાં જગા લીધી, અને ત્યાં રહી મજૂરોમાં જાગૃતિ લાવવા માંડી. મિલમાલિક એક સ્વદેશીની છાપ પામેલી મહાસભાએ સ્વીકારેલી કંપનીના વડા કાર્યકર્તા હતા. નિયમ વિરુદ્ધ સમય ઉપરાંત માણસો પાસે કામ લેવાનો ઝઘડો પરાશરના ગયા પછી એકબે વાર ઊભો થયો; બાળમજૂરોને કામ આપવા વિષે પણ ફરિયાદો ઊભી થઈ, મુકાદમોના જુલમ વિરુદ્ધ એક હડતાલ પણ પડી, અને સમાજવાદી યુવાન કાર્યકરોની ત્યાં અવરજવર વધી. પૈસા મળ્યે રાજાઓ ફૂટે છે, પ્રધાનો ફૂટે છે, રાજ-વિષ્ટિકારો ફૂટે છે. ગરીબ હડતાલિયાઓના આગેવાનોને બાવીસના પચીસ રૂપિયા કરી આપતાં તેઓ હડતાલને વિખેરી નાખે એમાં શી નવાઈ? પરાશરે પડાવેલી હડતાલ શમી ગઈ; એટલું જ નહિ, પણ તેને એ ચાલીમાંથી નીકળી જવા માટે સૂચના મળી.

પરાશરે એક ચાલી છોડી બીજી ચાલીમાં રહેવા માંડ્યું. છૂપાં મંડળો અને ખુલ્લાં મંડળો તેણે સ્થાપવા માંડ્યાં હતાં, તે મંડળોને હાથ કરવા મથન કર્યું. અને જોકે ગુપ્ત પત્રિકાઓ તે બહાર પાડતો, છતાં ગુજરાનને માટે તેણે એક મહાસભાવાદી પત્ર સાથે સંબંધ બાંધ્યો.

આ સર્વ કઠણ તપશ્ચર્યામાં તેને સ્ત્રી જાતિ સતાવ્યા કરતી હતી. પરાશરને સ્ત્રી ગમતી, જોકે સદાય યુવતીવર્ગની સામે નીચી આંખ કરીને જ એ રહેતો. એને સ્ત્રીકંઠ સાંભળવો ગમતો, જોકે એ બનતાં સુધી ગરબા અને નૃત્યના કાર્યક્રમોથી વેગળો જ રહેતો. ઘણી વખત યોજનાઓ ઘડતાં ઘડતાં એ સ્ત્રીઓના રૂપને કલ્પનામાં ઘડી કાઢતો અને અત્યંત થાકમાં પણ ઘણી વાર કોઈ યુવતીની આંખ, કોઈ યુવતીના હોઠ, કોઈ યુવતીનો

કેશકલાપ કે કોઈ યુવતીની ચાલનાં સ્મરણોમાં ઊતરી પડતો. સ્ત્રીઓની સાથે કામ કરવાનો પ્રસંગ આવતાં તે રાજી થતો, અને સ્વપ્નમાં કદી કદી પોતાને યુવતીઓ સાથે ચર્ચા કરતો નિહાળતો. એ સર્વમાં તેને તેની પત્ની - થોડા જ સમય માટે નિહાળેલી પત્ની વારંવાર યાદ આવ્યા કરતી હતી. સ્ત્રી એ તેની માનસસૃષ્ટિમાં મહત્ત્વનું અને મૂંઝવતું તત્ત્વ બન્યે જતી હતી, અને જેમ જેમ એ મૂંઝવણથી દૂર થવા મથતો તેમ તેમ એને સ્ત્રીનાં વધારે વધારે સ્વપ્ન આવ્યે જતાં. પછી એ દિવાસ્વપ્ન પણ હોય અને નિશાસ્વપ્ન પણ હોય.

કઠણાશ તરફ, સાદાઈ તરફ, પરિશ્રમ તરફ સતત વહ્યા જતા પરાશરને આ એક સ્ત્રીતત્ત્વ સુંવાળાશ, કુમળાશ, લાલિત્ય સાથે બાંધી રાખતું. અને તેને એથી ભયંકર મૂંઝવણ થતી હતી. છતાં તે હજી સુધી માનસ બ્રહ્મચર્ય સાચવી શક્યો ન હતો.

પરાશર ખાસ બ્રહ્મચર્યનો હિમાયતી પણ ન હતો, સ્ત્રીસંબંધમાં પાપ માની બેસવા જેટલો પ્રત્યાઘાતી ન હતો; પરંતુ તેને એટલું તો લાગ્યું કે સમાજસેવા-ગ્રામસેવા-દલિતસેવા કરવી હોય તો વસ્ત્રના ધોરણની માફક ચારિત્ર્યનાં ધોરણ પણ જનતાને ગમે એવાં જ રાખવાં જોઈએ. રસવૃત્તિ તરફ દોડતું ગુજરાતનું યૌવન કેટલું નિરર્થક બની ગયું છે એનો તેને પૂરો ખ્યાલ હતો. સંબંધસ્વાતંત્ર્યને બહાને સ્ત્રીભૂખ્યું પુરુષયૌવન નિર્બળ, નિર્માલ્ય, નિરુપયોગી, આછકલું અને પ્રત્યાઘાતી બની જાય છે, એ તેણે પોતાના અનેક મિત્રોનાં દૃષ્ટાંતોમાં જોયું હતું. પ્રેમ પ્રેમ કરતાં પ્રેમીઓ જોતજોતામાં બાલકોની ઝાંઝરમાં ઘેરાઈ નિઃસત્ત્વ, સૌંદર્યવિહીન બની ગયેલાં તેણે નજરે નિહાળ્યાં હતાં. તેજસ્વી વિચારો, તેજસ્વી દેહ અને તેજસ્વી ભાવિને કહેવાતા પ્રેમમાં ભસ્મ થતાં જોઈ પરાશર ભય પામતો અને સ્ત્રી એ કોઈ વિચિત્ર સુખતત્ત્વ હોવા છતાં એ તત્ત્વને સર્વસ્વ સોંપતાં તે સદાય પાછો હઠતો. ઘણી વાર તેનું મન મૂંઝવણમાં પડી જતું અને સ્ત્રી કે સ્વાતંત્ર્ય એ બેમાંથી એકનો ભોગ આપ્યે જ બીજું મળે એમ તેની માન્યતા થતી. છતાં જેમ જેમ તે પોતાના કાર્યમાં વધારે ગૂંથાતો ગયો તેમ તેમ તેને સ્ત્રીનાં વધારે આકર્ષણ થતાં ગયાં. જેમ જેમ તે સ્ત્રીથી વધારે દૂર ભાગવા લાગ્યો તેમ તેમ તેની વિચારસૃષ્ટિમાં સ્ત્રીતત્ત્વ વધારે પ્રવેશ પામતું ગયું.

કદાચ સ્ત્રીનું જ આકર્ષણ તેને શહેરમાં તો નહિ ખેંચી આવ્યું હોય ? તેની પત્નીને નિહાળવાની કદી કદી તક મળ્યા કરે એવા કોઈ છૂપા ચોર-ભાવે તો તેને આ માર્ગ નહિ લેવરાવ્યો હોય ? તેની પત્ની શહેરમાં જ હતી.

તેનું સ્વરૂપ વધારે આકર્ષક બની ગયું હતું. મનને સંતોષ મળે તો વધારે સ્થિરતાથી કામ ન થાય ?

આવા આવા વિચારો અને પૂર્વસ્મરણોની જાળમાં ગૂંચવાયલા પરાશરને મનસંતોષની ભાવનાએ એકદમ સાવધ બનાવ્યો. તે પોતાની સાદડી ઉપર બેઠો થઈ ગયો. કુમાર શાંત હતો; પરાશરનું માનસ શાંત ન હતું. ટમટમ થતા ફાનસની જ્યોતે ઓરડીને પણ નવાનવા રંગો આપ્યા. એના મનની ખોલી પણ અત્યારે ચિત્રવિચિત્ર રંગોથી રંગાઈ ગઈ હતી. તેનાથી બેઠાં પણ ન રહેવાયું; તેણે ઊઠી ચાલીની લાંબી ઓસરીમાં પગ મૂક્યો. ચારે પાસ સૂનકાર વ્યાપી રહ્યો હતો. આ શૂન્યમાં સૃષ્ટિ ધબકી રહી હતી. તંદ્રામાં-નિદ્રામાં પણ સૃષ્ટિના ધબકાર સંભળાતા હતા; કદાચ તેના હૃદયના જ એ થડકાર હતા. શૂન્યમાંથી સૃષ્ટિ નિપજાવવી જૂની આર્ય ફિલસૂફીના પડઘા હજી પરાશર જેવાના સુધરેલા માનસમાં પણ પડી જતા હતા, અને કોઈનો સ્પર્શ થતાં ખરે એનું હૃદય શૂન્યમાં પણ વેગ ધારણ કરી રહ્યું !

'ઊંઘ નથી આવતી ?' પરાશરે ધીમો સ્ત્રીઅવાજ સાંભળ્યો.

'રતન ! તુંયે જાગે છે ?' પરાશરે સ્ત્રીનો કંઠ પારખી પૂછ્યું.

'હા, મને લાગ્યું કે તમે જાગતા જ હશો.'

'શાથી એમ થયું ?'

'કોણ જાણે. અને હું ધારતી પણ હતી કે તમે બહાર આવશો.'

'તું મને આ ચાલીમાંથી કઢાવી મૂકવાની છે ?'

'કેમ ?'

'કોણ જાણે ! પણ...'

'આપણને ભેળાં જુએ એથી વાત થાય, એમ ને ?'

'હા.'

'આવો, કોણ કોની સાથે પડ્યું છે તે હું અબઘડી બતાવું. આપણી વાત કરતાં પહેલાં એ પોતાની જાત તરફ તો જોશે ને ?'

'જેને જે ઠીક લાગે તે કરે. આપણે જોઈને શું કામ છે ?'

'પણ મને એમ થાય છે કે તમે આમ વખાના માર્યા ફરો છો એના કરતાં તમારી વહુને સાથે રાખો તો કેવું ?' રતને પૂછ્યું.

રતન શું પરાશરનું માનસ વાંચતી હતી - એ અભણ અસંસ્કારી મજૂરણ ?'

'તને કોણે કહ્યું કે હું પરણેલો છું ?'

'ગમે તેણે કહ્યું; પણ તમારે અને વહુને અણરાગ તો નથી ને ?'

'શું તુંયે ઘેલી વાત કરે છે ?'

'એમાં ઘેલી વાત શી છે ? અણરાગ હોય તો હું મનાવી લાવું.'

'તું ?'

'હા વળી. આમ દુઃખ ક્યાં સુધી ખમાય ?'

'મને કાંઈ દુઃખ નથી.'

'હું જાણું ને આ ઉમરે શું થાય તે !'

'અમે ભણેલા જુદા કહેવાઈએ.'

'જાણ્યા હવે તમને ભણેલાને ! બધા માનવી તો ખરા ને ?'

મજૂરણ રતન કોઈ સત્ય ભાખતી હતી, નહિ ? ભણતર, સંસ્કાર, ઓપ, કેળવણી સહુ આપણા જીવનભાવોને રંગ ચઢાવતાં હશે. એ ભાવોનો નાશ કરવાની, એ ભાવોને બદલવાની, એ ભાવોને ભિન્ન સ્વરૂપ આપવાની કેટલી ઓછી શક્તિ એમાં રહી છે ?

છતાંય સંસ્કાર, ઓપ અને કેળવણી ધીમે ધીમે - અત્યંત ધીમે - એ પ્રાથમિક ભાવોને જરા જરા વાળતાં ન હોય એમ પણ છેક કેમ કહેવાય ?

'ત્યારે જો, હું તને કહું. મારી પત્નીને હું ગમતો નહિ હોઉં.' પરાશરે કહ્યું.

'તમે ના ગમો ?'

'હું જોઈએ એટલો રૂપાળો નથી.'

'હં. જાણે રૂપમાં જ બધું આવી ગયું.'

'કદાચ એને જોઈએ એટલું સુખ હું ન આપી શકું.'

'રાજપાટ તો એ રાણીને નથી જોઈતાં ને ?'

'ના; પણ ધણીનું ધણીપણું ભણેલી છોકરીઓને ન ફાવે.'

'તે તમારી પાછળ તો કૈંક ભમે છે !'

'પણ મારી વહુ નથી ભમતી ને ?'

'એક વખત બોલાવો તો ખરા ?'

'એને ન આવવું હોય તો કેમ કરી બોલાવાય ?'

'તમે તે મરદ છો કે બૈરી ? ઘસડી લાવો.'

પરાશર હસ્યો. ખુદ સ્ત્રી જ સ્ત્રી સામે જુલમ કરવા પુરુષને ઉશ્કેરે છે ! પોતાના ઉપર જુલમ થાય એ સ્ત્રીને ગમતું તો નહિ હોય ? પુરુષની ક્રૂરતા માણવાની કળા સ્ત્રીજાતિએ યુગયુગના અભ્યાસથી કેળવી છે એમ

કહેતા માનસવિજ્ઞાનીઓ છેક ખોટા તો કેમ હોય ?

'શું હસો છો ? અને એ ન આવે તો બીજી પરણો વળી !' રતને માર્ગ બતાવ્યો.

'અરે, એક જ સ્ત્રી ભારે પડે ત્યાં બીજીની વાત શી ?'

'તો આમ ને આમ સોરાયા કરશો ક્યાં લગી ?'

'હું સોરાતો જ નથી. મારે મારું કામ કેટલું પડ્યું છે ? એમાં સ્ત્રીનો વિચાર કરવાની પણ ફુરસદ મળતી નથી.'

'હું માનું નહિ તો. મરદ બૈરીને એકબીજાં વગર ચાલે જ નહિ.'

'જો, મારી પત્નીને મારે ત્યાં આવવું નથી; મારે બીજી સ્ત્રી સાથે પરણવું નથી. પછી શું કરવું ?'

'તમે તો બહુ ભલાભોળા ! બિચારા !' કહી રતને પરાશરનો હાથ ઝાલ્યો અને તેની સામે જોઈ રહી.

'ચાલીના આછા આકાશમાં થોડા તારા ઝબકતા હતા. આકાશનો ચંદ્ર વિકારપ્રેરક હોય; પરંતુ અક્ષય તારાઓ કુમળા ક્ષણજીવી ભાવો ઉપજાવતા નથી. રતનની આંખોમાં વિકાર ન હતો, અને છતાંય પરાશરનો હસ્ત પકડી તેની સામે નિહાળી તે કોઈ અગમ્ય આહ્વાન કરતી હતી.

જેના જીવનની દયા ખાઈ, જેના જીવનને સુધારવા પરાશર અહીં આવ્યો હતો, તેના જ જીવનમાં દયાના ભંડાર શું એટલા બધા ભર્યા હતા કે દેહસહ સર્વસ્વ આપવા માટેની તૈયારીમાં હોય ? રતનના હૃદયમાં પરાશરના જીવન પ્રત્યે આ સખીભાવ - આ સદ્ભાવ એટલો બધો ક્યાંથી જાગ્યો કે પરાશરને સ્વસ્થ નિદ્રિત જોવા તે પરાશરને દેહ પણ આપી દેતી હતી ? આ વિકાર હતો ? રતનને આ ચાલીમાં વિકાર પોષવાના ઘણાય માર્ગ હતા. દેહવેચાણ આ વર્ગમાં અજાણ્યું ન હતું. રતને દેહ વેચાતો અટકાવનારને દેહ આપવા માગણી પણ કરી હતી. અત્યારનો ભાવ જુદો જ હતો. પરાશરને સુખી જોવા. સુખમય નિદ્રા ભોગવતો જોવા રતન એટલી બધી આતુર બની હતી કે જગતના નીતિમાનોથી પાપ મનાયલો પ્રયોગ કરી જોવાની પણ તેનામાં ઉદારતા ઊભરાઈ આવી હતી.

અને એ પાપ માલિકીની ભાવનાથી જ ઉદ્ભવ પામ્યું ને ?

પરાશરને રતનની ભવ્ય ઉદારતા, રતનનો તીવ્ર સ્વાર્થત્યાગ, રતનની અટપટી પ્રામાણિકતા પ્રત્યે બહુમાન ઉત્પન્ન થયું. પૂજ્યભાવ વિકારપોષક નથી. સ્ત્રીની ઝંખનામાં જાગ્રત બની રહેલા પરાશરના જ્ઞાનતંતુઓ આ ભવ્ય ઉદારતાનાં દર્શને અતિ શાંત બની ગયા. રતનને

પગે લાગવાનું પરાશરને મન થયું.

અંધારામાં કોઈનાં પગલાં વાગ્યાં. બહારથી અંદર આવતાં એ પગલાં સાંભળી રતન પરાશરનો હાથ છોડી અંધારામાં અલોપ થઈ ગઈ. પરાશરની ઓરડી ભણી એક મનુષ્ય આવતો હતો.

'કોણ હશે ?' પરાશરે પૂછ્યું.

'પરાશર ?' આવનાર માણસે સામું પૂછ્યું.

'હા; કેમ ?'

'હડતાલ નક્કી કરી છે.'

'એમ ?'

'હા.'

'ક્યારથી ?'

'આવતા અઠવાડિયાથી.'

પૈસાનું શું ?'

'એ હું તમને કહું; પણ અંદર આવો.'

પરાશર નવીન માણસને લઈ ઓરડીમાં ગયો.

# ભસ્મની ઉષ્મા

## ૧

શોભનાએ શાળામાં પ્રવેશ કર્યો, અને વિદ્યાર્થીઓનું ગુરુપદ સ્વીકાર્યું. વિદ્યાર્થી અવસ્થામાંથી એકાએક ગુરુપદ મેળવવું એ અવનવો અનુભવ છે. શાળા અત્યંત નવીન પદ્ધતિએ ચાલતી હતી. બાળકો અને બાળકીઓને સ્વચ્છ, સુઘડ, ચબરાક તથા આનંદી રાખવાં એ આ શાળાનું મુખ્ય કર્તવ્ય હતું. જુનવાણી શિક્ષણપદ્ધતિનો અત્રે બહિષ્કાર થયેલો દેખાતો હતો. હારમોનિયમ, દિલરુબા, ખંજરી, દાંડિયા, ચિત્રો એ બધાં નવીન શિક્ષણનાં સૂચક સાધનો અહીં દેખાઈ આવતાં હતાં. શિક્ષકો અને શિક્ષિકાઓ પણ વાજિંત્ર જેવાં સ્વચ્છ, રૂપાળાં અને સુઘડ લાગતાં હતાં. ગાંધીવાદી સાદાઈમાં કલાનો ઉમેરો કરતાં વસ્ત્રો અને ઑક્સ્ફર્ડ શૈલીને પણ આદર્શ આપે એવાં યુરોપીય ઢબનાં વસ્ત્રોનું શિક્ષક-શિક્ષિકાઓમાં સુલભ મિશ્રણ થતું લાગતું હતું.

મુખ્ય શિક્ષક, મોટા માસ્તર કે હેડમાસ્તર જેવા ઓગણીસમી સદીના પ્રચલિત નામનો તિરસ્કાર આવતાં વીસમી સદીએ એ સ્થાનના અધિકારીને 'પ્રિન્સિપાલ' - મુખ્ય આચાર્યના નામથી વિભૂષિત કરી તેને મહત્તા અર્પી છે. શોભનાને પ્રિન્સિપાલના દીવાનખાનામાં દાખલ કરવામાં આવી. શિક્ષણનાં સાધનોના નાનકડા પ્રદર્શન સરખા દીવાનખાનામાં બિરાજેલા યુવાન દેખાવા મથતા પ્રિન્સિપાલ પણ એક સુશોભિત સાધન સરખા જ વાતાવરણમાં ભળી જતા હતા. તેઓ ફરતી ખુરશી ઉપર બેસી જરા ખુરશીને હલાવતા એક અંગ્રેજી વર્તમાનપત્ર વાંચતા હતા. શોભના સંકોચ સહ તેમની સામે ઊભી રહી. અમલદારી માત્ર ઘમંડપ્રેરક હોય છે; પછી તે સરકારી હોય કે બિનસરકારી. અને આગળ વધતી વીસમી સદીમાં સરકારી અમલદારોના પ્રતિસ્પર્ધી સરખો બિનસરકારી સંસ્થાઓના અમલદારોનો પણ એક વર્ગ ઊભો થતો જાય છે; અને ઘમંડ,

તોછડાઈ, અવિવેક તથા ક્રૂરતામાં સરકારી અમલદારોને પણ નમૂનારૂપ બની જાય એવી પૂરી આશા નિત્ય નિત્ય આપતો જાય છે. પોતાની સામે કોઈ આવ્યું છે એમ જાણ્યા છતાં, એકાગ્રતાની છાપ પાડવા અને પોતાની મહત્તાનું પ્રદર્શન કરવા પ્રિન્સિપાલે થોડી ક્ષણો સુધી વાંચન ચાલુ રાખ્યું, અને અંતે વર્તમાનપત્રનું પાનું ખસેડવાને બહાને શોભનાને દીઠાનો દેખાવ કર્યો.

'મિસ શોભના ?' શોભનાના નમસ્કારનો જવાબ આપતાં પ્રિન્સિપાલે પૂછ્યું.

'હા જી.'

'ઓ ! મને બહુ આનંદ થયો; તમારી હું રાહ જોતો હતો. તમે આવશો એવી ખબર મને પડી હતી.' પ્રિન્સિપાલે નમસ્કારથી ન રીઝતાં હસ્તધૂનન માટે હાથ લંબાવી શોભનાને પોતાનો હાથ આપવાની ફરજ પાડતાં કહ્યું. પશ્ચિમમાં સ્ત્રી પહેલો હાથ ધરે તો જ હસ્તધૂનન થઈ શકે; પરંતુ આપણી અનુકૂળતા પ્રમાણે પશ્ચિમના રિવાજમાં ફેરફાર કરવાની સરળતા આપણે હિંદવાસીઓએ મેળવી લીધી છે, એટલે આમાં અવિવેક ગણી શકાય એમ ન હતું.

'ચાલો, હું તમને આપણી સંસ્થા બતાવું. તમારે શું શીખવવું તેનો આપણે પછી વિચાર કરીશું.' પ્રિન્સિપાલે કહ્યું. અને પ્રિન્સિપાલપણું ખસી ન જાય એવી ઢબે ઊઠી તેમણે શોભનાને સાથે લીધી.

એક વર્ગમાં નાનાં બાળકોને ગમ્મત સાથે જ્ઞાન આપતા એક શિક્ષક જાતે ગોઠીમડાં ખાઈ બાળકોને પણ એ સત્કાર્યમાં પ્રેરતા હતા. એ વિષયમાં બાળકોનું જ્ઞાન શિક્ષક કરતાં વધી ગયેલું હતું. એટલે બાળકોને એવો જ કોઈ બીજો પદાર્થપાઠ આપવા ઈચ્છતા શિક્ષક, બાળકોને રોકવા નિષ્ફળ પ્રયત્ન કરતાં જૂની સોટીનું સ્મરણ કરી ઝૂરતા અને ઝઝૂમતા હતા.

'તમે જાણો છો કે બાળકોના શિક્ષણની સ્વાભાવિકતાથી જ શરૂઆત થવી જોઈએ. આનંદ એ શિક્ષણનું મુખ્ય તત્ત્વ છે.' પ્રિન્સિપાલે નવું શિક્ષણશાસ્ત્ર સમજાવ્યું, અને ગુલાંટો સાથે ઝેર ખાવા ઈચ્છતા બેજાર શિક્ષક અને આનંદભર્યા બાળકો વચ્ચેના સંબંધનું રહસ્ય ઉકેલ્યું.

બીજા વર્ગમાં એક શિક્ષિકા વચમાં બેસી બાળકબાળકીઓની પાસે એક ગીત ગવરાવતાં હતાં. એ વર્ગનું શિક્ષણ ગીતમાં અપાતું હતું એ ખાતરીપૂર્વક સમજવા માટે થોડી ક્ષણો ત્યાં વિતાવવી પડે એમ હતું. વાંદરાં અને ચકલીઓનાં સંવાદનું એક બાળગીત વર્ગમાં ગવાઈ રહ્યું હતું. સ્વાભાવિક રીતે શિક્ષકોએ પાત્રોનું વર્ગીકરણ કર્યું હતું. બાળકોને વાનર

બનવાનું હતું; બાળકીઓને ચકલી બનવાનું હતું; શિક્ષિકાને બંને બનવું પડતું હતું. સાહિત્યની સાથે શિક્ષણમાં પણ વાસ્તવવાદ વેગપૂર્વક પ્રવેશી ચૂક્યો છે. એટલે જોકે ખરેખરી ચકલીઓ ભેગી કરી શિક્ષણ આપવા જેટલી પ્રગતિ હજી શિક્ષણશાસ્ત્રે નથી કરી, છતાં તેમની છેક ખોટ ન જણાય એવી કાળજી તો રાખવામાં આવી જ હતી.

માનવીની ભાષામાં રચાયલા આ બાળગીતને વાસ્તવતામાં ફેરવી નાખવા માટે દરેક કડીને છેડે 'હુપ હુપ' અને 'ચીં ચીં' જેવા ઉચ્ચારણો કવિએ નક્કી કરી રાખ્યાં હતાં, અને તેના પરિણામે જે તે પ્રાણીસૂચક ઉચ્ચારણો ઉપર ભાર મૂકી બાળકો અને બાળકીઓ તાદૃશ્ય વાતાવરણો ઉપજાવી વર્ગને વૃક્ષનું સ્વરૂપ આપી દેતાં હતાં. સહુ આનંદમગ્ન હતાં. બાળકો અને શિક્ષિકા જોડે પ્રિન્સિપાલે સહુને ઉત્સાહ વધારવા - આખી સંસ્થા સાથે પોતાની એકરૂપતા દર્શાવવા 'હુપ હુપ', 'ચીં ચીં'માં પોતાનો ઓળખાઈ આવતો સૂર પૂર્યો પણ ખરો, અને ત્યાંથી ત્રીજા વર્ગમાં જતે જતે તેમણે શોભનાના મન ઉપર પ્રકાશ પાડ્યો કે :

'પ્રાણીશાસ્ત્ર આમ સચોટ શીખવી શકાય.'

શોભનાને સચોટપણાની ખાતરી થઈ; પરંતુ આખું પ્રાણીશાસ્ત્ર બાળકોને આમ જ શીખવવાનું હોય તો પોતાને ભાગે કયાં પ્રાણીઓનું શિક્ષણ ન આવે તેનો એ વિચાર કરવા લાગી.

ત્રીજા વર્ગમાં 'સીધી શૈલી'- Direct Method દ્વારા અંગ્રેજી શિક્ષણ આપવામાં આવતું. વી V અને ડબલ્યુ Wના ઉચ્ચારમાં હોઠને કેટણો ગોળ કે લંબગોળ બનાવવો એવી કવાયતમાં પડેલો આખો વર્ગ દૂરથી જોનારને ચુંબનમીમાંસાના વર્ગ જેવો લાગે એમાં નવાઈ નહિ; પરંતુ શિક્ષણશાસ્ત્ર એવા ભ્રમથી ભય પામતું નથી. અને કોણે જાણ્યું કે ચુંબન પણ શિક્ષણશાસ્ત્રનો વિષય ન બની શકે ? જાતીય વિજ્ઞાન શિક્ષણને અભાવે જ અનિયમિત અંધેર બની ગયું છે !

ચોથા વર્ગમાં બાળકબાળકીઓ પોતાનું શરીર સુધારવા હાથ, પગ અને શરીર ઊંચાંનીચાં કરી કવાયતની ઢબવાળી, જોનારને રમૂજ પડે એવી કસરત કરતાં હતાં.

પાંચમા વર્ગમાં એક નાટ્યપ્રયોગ માટે નૃત્ય, ગરબા અને સંવાદોની ગોઠવણી થતી હતી.

'આપણી શાળા બહુ જ આગળ પડતી ગણાય છે એનું કારણ તમે સમજ્યાં ?' પ્રિન્સિપાલે શોભનાને પૂછ્યું.

શાળા કયી રીતે આગળ પડતી ગણાઈ તેનાં કારણો શોભનાને જડ્યાં નહિ. એકે વર્ગમાં રીતસરનું ભણતર - જૂની ઢબનું Orthodox ભણતર - તેના જોવામાં આવ્યું નહિ. નવા શિક્ષણશાસ્ત્રનો શોભનાને અંગત અનુભવ ન હતો. તે જુદે જુદે સ્થળે ભણી હતી અને તેમાં આ આગળ પડતી શાળાનું મુખ્ય અંગ વાર્ષિક મેળાવડા સિવાય ભાગ્યે આગળ તરી આવતું. અહીં તો પરીક્ષા કરતાં નાટ્ય અને નાચપ્રયોગ બહુ વધારે મહત્ત્વ ભોગવતા લાગ્યા. હમણાં જ પરીક્ષાની જંજાળમાંથી છૂટી થયેલી શોભનાને પરીક્ષા પ્રત્યે ખાસ સદ્ભાવ તો ન હતો. તેણે જવાબ આપ્યો :

'હા જી.'

'સંગીત, નૃત્ય, કવાયત અને પ્રત્યક્ષ શિક્ષણ એ અમારા સિદ્ધાન્તો છે. એથી શિક્ષક અને શિષ્ય બંનેનું કામ સરળ અને આનંદભર્યું બને છે. તમને હું શિક્ષણશાસ્ત્રનાં પુસ્તકો આપીશ; વાંચી જજો.'

'જી.'

'અને બાળકોને હવે હલકો ખોરાક આપ્યા પછી સહુને મેદાન ઉપર લઈ જઈશું.'

બાળકોને ખોરાક ! અને પછી મેદાન ! હિંદ દેશ ગરીબ છે એમ સહુ કોઈ કહ્યા કરે છે. આ શાળામાં ભણતાં-નાચતાં - બાળક-બાળકીઓને હજી ખોરાક આપવાનો હતો ! હિંદની ગરીબીનો આછોપાતળો પડછાયો પણ આ બાળકો ઉપર પડતો ન હતો ! અહીં ભણતાં બાળકો ગરીબીને કદી પણ ઓળખશે ખરાં ? ગરીબીને ન ઓળખનાર પ્રજા ગરીબોને કામ પણ શું લાગશે ?

શોભનાને પરાશર યાદ આવ્યો, અને તેની યાદ આવતા બરોબર તેના હૃદયમાં ઊંડું દર્દ થઈ આવ્યું.

'તમે જરા પણ ઊંચો જીવ ન રાખશો. શરૂઆતમાં બધું જ વિચિત્ર લાગે; પરંતુ તમને જોતજોતામાં બધું ફાવી જશે. અને ભાસ્કરભાઈએ તમારે માટે મને મજબૂત ભલામણ કરી છે.' શોભનાના મનોભાવને જુદી રીતે વાંચતા પ્રિન્સિપાલે શોભનાને હિંમત આપી.

નવીનતાને ઘટે એવી છૂટ અહીં એકલા શિષ્યશિષ્યાઓમાં જ હતી એમ નહિ. શિક્ષકો અને શિક્ષિકાઓ પણ નવીનતાને દીપાવતી સ્વતંત્રતા અનુભવતાં હતાં. ચબરાકીથી વાત કરવી, ઝટપટ હસી પડવું, ચટપટ ચાલવું, અંગને કલામય વળોટ આપવો, મુખ ઉપર ભોળપણ અને સ્વભા-

વિકતાના ભાવ પાથરી દેવા, વાળને બેદરકારીભર્યા ઝોક આપવા, અને વસ્ત્રોના સઢ ઉરાડવા એ વર્તમાન સ્ત્રીજીવનની રમણીયતાનાં અંગો આ આગળ પડતી શાળામાં સારી રીતે ખીલતાં દેખાતાં હતાં. ક્રીમ ઘસી ઘસી મુખમંથનથી ઉપજાવેલી ગોરાશ અને રતાશ, વ્યવસ્થિત કેશવિભાગ, છેલ્લી ઢબના સૂટ અગર છેલ્લી ઢબની સાદાઈ - જેમાં એવી કડકડતી સફાઈ હોય છે કે જે સાદાઈને પણ શણગાર બનાવી દે છે તે, સ્મિત વેરતી સભ્યતા અને સંસ્કારના અતિ ભારથી આવી જતી લચક, એ સઘળાં વર્તમાન પુરુષજીવનનાં સુશોભિત અંગ શિક્ષકોએ પણ સારી રીતે ખીલવ્યાં હતાં. નવીન આવનાર યુવતીને  અજાણ્યું ન લાગે એવું વાતાવરણ રચાયલું શોભનાએ અનુભવ્યું, અને પ્રથમ દિવસે જ પ્રાથમિક સંકોચ અનુભવી રહેલી શોભનાને થોડા કલાકમાં તો શાળાના એક સ્વાભાવિક વિભાગ જેવી સહુએ બનાવી દીધી - જોકે શાળાનો સમય પૂરો થતાં ભાસ્કરે આવી શોભનાને પોતાની સાથે કારમાં બેસાડી દીધી, એટલે સ્વાભાવિકતાનો વેશ ધારણ કરતી હલ્લડ શિક્ષિકાઓ અને સ્ત્રીશોભન સૌંદર્ય તરફ વળતા શિક્ષકોની આંખમાં કાંઈક જ્ઞાનની ચમક ચમકી ઊઠી.

'લોકો આપણી વાત કરશે.' શોભનાએ ભાસ્કરને કહ્યું.

'કરવા દે; આપણે નહિ તો બીજું કોઈ. લોકોને તો વાત કરવા માટે જોઈશે જ ને ?' ભાસ્કરે કહ્યું.

'પણ મારે તો નોકરી કરવી રહી.'

'તારે નોકરીની જરૂર ન રહે એમ કરીએ તો ?'

'કેવી રીતે ?'

'પછી કહીશ.'

'ના, આજે જ કહે.' શોભના અને ભાસ્કર પરસ્પરને એકવચનમાં જ સંબોધન કરવા જેટલી નિકટતાએ ઝડપથી પહોંચી ગયાં હતાં.

'તેં નોકરી માટે વધારે ઉતાવળ કરી.'

'મારે જોઈતી જ હતી; હું સ્વાવલંબનમાં માનું છું.'

'હજી પણ મોડું થતું નથી.' ભાસ્કરે શોભનાના જવાબને ન સાંભળતાં કહ્યું.

'એટલે ?'

'હું એક વર્તમાનપત્ર હાથ કરવા ધારું છું.'

'તેથી શું ?'

'મારે એક સ્ટેનોગ્રાફર જોઈએ. તું જો મિતાક્ષરી* શીખી લે તો...'

'તો શું ?'

'હું તને મારી સેક્રેટરી તરીકે લઈ લઉં.'

'પછી ?'

'તું સતત મારી સાથે રહી શકશે.'

'મને ન સમજાયું.'

'પછી તને નોકરીની જરૂર રહેશે નહિ.'

'કેમ ?'

ભાસ્કરે શોભના સામે જોયું અને એક મીઠું સ્મિત કર્યું. શોભના ભાસ્કરના સ્મિતનો અર્થ સમજી.

સ્વાવલંબન માગતી સ્ત્રીજાતિને - નોકરી, ઉદ્યોગ કે શ્રમ કરી સ્વતંત્ર જીવન માગતી સ્ત્રીજાતિને પણ આમ પુરુષો રોધતા જ રહેશે ?

પરંતુ એ રોધન છે ?

પુરુષ સ્ત્રીને ગમે છે ખરો. એ ગમતા પુરુષની કેદ અળખામણી જ થઈ પડે; પરંતુ ભાસ્કર પણ ક્યાં બંધનમાં નાખવાનું કહેતો હતો ?

વગરબંધને સ્ત્રીજીવન જિવાય નહિ ?

એક રમત કરતા બેદરકાર બાળકની બેદરકારીએ મોટરકારની ઝડપ એકાએક અટકાવી દીધી.

બાળક મુક્ત હતું, હસતું હતું, તેની લગોલગ આવી પહોંચેલી કારને એક ગમ્મત તરીકે નિહાળી દોડતું હતું. કારમાં એને કચરી નાખવાની - એને ઉથલાવીને આગળ વધ્યે જવાબની શક્તિ હતી, છતાં તે અટકી.

શોભનાએ કારને અટકાવતા નાના બાળકન બાજુએ થઈ દોડી જતું નિહાળ્યું.

બાળક પણ સ્ત્રીસ્વાતંત્ર્યને મર્યાદિત કરતું બળ નહિ ?

કુદરત પણ સ્ત્રીવિરોધી ! સ્ત્રીને બાળકનો ભય ક્યાં નહિ રોધી રાખતો હોય ?

'શોભના !' ભાસ્કરે કાર આગળ વધતાં કહ્યું.

'હં.'

'તેં સંતતિનિયમન વિષે કશું વાંચ્યું છે ?'

'હા. સ્ટોપ્સ, સેંગર વગેરે જોયાં છે.'

'હું ધારતો જ હતો; તારું વાચન વિશાળ છે.'

---

*Short-hand

'પણ એ કેમ પૂછવું પડ્યું ?'

'અમસ્તું જ.' ભાસ્કરે કહ્યું.

ભાસ્કર અમસ્તું નહોતો કહેતો. ભાસ્કરનો ઉદ્દેશ શોભનાની ધ્યાન બહાર ન હતો. બાળકના વિચારમાંથી એ સંતતિનિયમન ઉપર જ આવતી હતી. એ જ્ઞાનની કોને જરૂર ન હોય ? કુમારિકાઓ, વિધવાઓ, ત્યક્તાઓ, અરે, સ્વાધીનપતિકાઓ પણ આ જ્ઞાનને શું ઈચ્છતી નહિ હોય ?

શોભનામાં ચાંપલાશ હોત કે દેખાવ કરવાની માત્ર વૃત્તિ હોત અગર નીતિઘમંડ હોત કે પતિનું તેને આકર્ષણ હોત તો તે ભાસ્કરને આ પ્રશ્ન ઉપર તરછોડી કાઢત; પરંતુ સ્ત્રીને પણ પુરુષ ગમે છે, અને બધા જ પરપુરુષોને ધોલ કે ચંપલ મારવાની ઈચ્છા થતી નથી, એ શું ? તેમનાં સૂચન અને ઈશારા અનિયંત્રિત હોય તોય ?

કાર ફરી અટકી.

'તું જરા અહીં બેસીશ ?'

'કેમ ?'

'હું દસેક મિનિટમાં આવું છું. મારા એક મિત્રને મળી લઉં.'

'તારો મિત્ર ? અહીં રહે છે ?'

'તેં પેલા પરાશરને જોયો ને ? એ કેવી જગાએ રહે છે ? મારે ઘણા મિત્રો એવા છે. મેં તને કહ્યું જ હતું ને કે હું ક્રાંતિમાં માનનારો સામ્યવાદી છું ?'

'જઈ આવ.'

ભાસ્કર કારમાંથી નીચે ઊતર્યો. અને પાસેના મકાનની એક અતિ સામાન્ય દેખાતી ઓરડીમાં અદૃશ્ય થઈ ગયો.

## ૨

દસ મિનિટ થઈ, પા કલાક થયો, વીસ મિનિટ થઈ છતાં ભાસ્કર પાછો ન આવ્યો; એટલે શોભના હિંમત કરી નીચે ઊતરી, અને ભાસ્કર જે ઓરડીમાં ગયો હતો તે ઓરડી આગળ જઈ ઊભી રહી. તેણે બંધ બારણાને બેત્રણ ટકોરા માર્યા, ધીમે રહી બારણું ઊઘડ્યું અને બારણાની પાછળ પરાશરને ઊભેલો જોઈ તે ચમકી.

'અંદર આવશો ?' પરાશરે પૂછ્યું.

'હું ભાસ્કરને જોવા આવી છું.' શોભનાએ કહ્યું.

'એ અહીં જ છે, આવો.' કહી પરાશરે શોભનાને ઓરડીમાં બોલાવી બારણું બંધ કર્યું.

ગરીબોનાં ઘર મધ્યમ વર્ગ અને ઉચ્ચ વર્ગના સ્ત્રીપુરુષોને ગુંડાઓનાં, ચોરનાં, જુગારીઓનાં ઘર જેવાં લાગે છે. શોભનાને પણ પ્રવેશ રુચ્યો નહિ. આછા અંધકારમાં શોભના જોઈ શકી કે એક ગોદડી ઉપર પ્રચંડ પુરુષ સૂતો છે, અને તેની આસપાસ એક સ્ત્રી, ભાસ્કર અને ડૉક્ટર કુમાર બેઠા છે. શોભના અને પરાશર પાસે ગયાં અને જમીન ઉપર બેસી ગયાં. સ્ત્રી રડતી હતી.

સ્ત્રીને સઘળા સંજોગોમાં રડવાનું ?

સૂતેલા પુરુષે આંખ ઉઘાડી અને સ્ત્રી તરફ જોયું.

'રડે છે ?' પુરુષે પૂછ્યું.

'ના.' કહી સ્ત્રીએ મુખ ફેરવી નવાં ઊભરાઈ આવતાં અશ્રુ લૂછી નાખ્યાં.

'હું જરા બેસું ? પરાશર ! ભાસ્કરભાઈ ! તમે ક્યાંથી ?' પુરુષે પૂછ્યું.

'તું બોલીશ નહિ; ડૉક્ટર ના પાડે છે.' પરાશરે કહ્યું.

'હું ન બોલું ? હું નહિ બોલું તો રુંધાઈ જઈશ, ગૂંગળાઈ જઈશ. એ કારખાનાએ મને અપંગ કર્યો; એ કારખાનાએ મારી વહુને આવી હાડપિંજર બનાવી દીધી; એટલેથી ન સર્યું તે, કારખાનાના માલિકોએ મને માર મરાવ્યો. આ પરાશર હોય નહિ અને હું બચું નહિ; પણ મને અપંગને બચાવી શું કામ લીધો ?'

શોભના ચમકી; એક દિવસ ચંચળને તેણે રડતી જોઈ હતી.

ચંચળના ભાઈને કારખાનામાં અકસ્માત થયો હતો અને તેનો એક પગ કપાઈ ગયો હતો. ભાઈને અકસ્માત થયો તેનું દુઃખ અને છતાં ભાઈ જીવતો રહ્યો એનો આનંદ ચંચળને અવ્યવસ્થિત, અનિયમિત અને વ્યગ્ર તથા જયાગૌરીના અનેક ઠપકા પ્રત્યે તેને બેદરકાર બનાવી રહ્યાં હતાં.

'જરા શાંતિથી સૂઈ જા.' ભાસ્કરે કહ્યું.

'એ કારખાનાને કોઈ ભાંગે, તોડે, ફોડે અને બાળી મૂકે ત્યારે મને શાંતિ વળે.'

'તે પણ થશે. તું જરા સાજો થા ને ?' ભાસ્કરે કહ્યું. પરાશરે ભાસ્કર સામે જોયું.

'હડતાલ પડવાની એ ચોક્કસ છે, અને મને માર્યો એમ લોકો જાણશે તો તે પળે જ હડતાલ ઉપર ઊતરી જશે. ભાસ્કરભાઈ ! થોડાં ચોપાનિયાં વહેંચાવો.'

'જયરામ ! હવે સૂઈ જાય છે કે ઘેનની દવા આપું ?' પરાશરે ધમકાવીને કહ્યું.

'મને તો મરવાની દવા આપો. હું અપંગ ! મારી બૈરીની આ દશા ! તેમાં હવે કારખાનામાં એને ઊભી કોણ રાખશે ? હું જીવતો રહીને શું કરીશ ? મરું તો આ બાપડી મારાથી છૂટે !'

જયરામની સ્ત્રી ઊઠીને એક ખૂણા પાસે બેઠી. તેણે મુખ ઉપર લૂગડું ઢાંક્યું, અને પતિની સ્થિતિથી હાલી ગયેલા હૃદયને એના બોલે વેગ આપી વહેવરાવ્યું. એના મુખ ઉપરનું વસ્ત્ર ભીનું બની ગયું.

'અમે કહીએ તે પ્રમાણે તું કર્યે જા ને ? તને પૈસાની કશી જ અગવડ નહિ પડે, લે.' કહી ભાસ્કરે એક નોટ ગોદડી નીચે દવાબી દીધી.

પૈસાદારો કહે તે પ્રમાણે ગરીબો કર્યે જાય તો જ તેમને પૈસાની અગવડ ન પડે, ખરું ? પરાશરના મનમાં પ્રશ્ન થયો. ભાસ્કરની ઉદારતા પ્રત્યે તેને ભયંકર અણગમો આવ્યો. કેટલાયે વખતથી ભાસ્કર પ્રત્યે તેને એક પ્રકારનો અભાવ આવ્યા કરતો હતો. આજે લગભગ તેને વેરવૃત્તિ થઈ આવી. કારણ ? ધનિકતાની અશક્તિ ! બુદ્ધિમાનની મોટાઈ ! સુખી માબાપના ઘરમાં જન્મ પામ્યાના અકસ્માતમાંથી ઉત્પન્ન થતી ઘમંડી ઉદારતા !

શોભના પરાશર સામે જોઈ રહી હતી, એ પરાશરે પરખ્યું.

કે પછી ભાસ્કર સામેની વેરવૃત્તિનું બીજું કશું કારણ પણ હોય ?

જયરામને એ પૈસા જોતાં સહજ શાંતિ વળી. મજૂરોમાં આગેવાન

ગણાતા આ મજૂરમાં તોફાન કરવા કરાવવાની ભારે શક્તિ હતી એમ મનાતું. જરાજરામાં તે ઉપરીઓ સાથે લડતો, ખોટું લગાડતો, અને બીજાના ઝઘડા પણ વહોરી લઈ તેમને મોટું અને વ્યવસ્થિત સ્વરૂપ આપી દેતો. તે જાતે ઘણો મજબૂત હતો, અને પોષણનાં રુક્ષ સાધનો છતાં પોતાનાં દેહને કસેલો રાખી શકતો હતો. ટમાટાં, ઘઉંનાં છાલાં, મલાઈ અને કેળાંમાં રહેલાં પ્રજીવકો - વીટેમીન્સ - તેને મળતાં ન હતાં, છતાં પ્રત્યેક જાતના પ્રજીવકોને એક અગર બીજે સ્વરૂપે દેહમાં ઉમેર્યે જતાં કૈંક ધનિકોના નિરર્થક દ્રવ્યવાળાં શરીરો કરતાં જયરામનું શરીર વધારે ઘાટીલું હતું. મિલમાં સમાજસેવાની ઝુંબેશ ઉઠાવનાર ઉત્સાહી જુવાનિયાઓની સામે મિલના ભારે પગારવાળા વ્યવસ્થાપકો તેમની ઝુંબેશના જવાબમાં જયરામને આગળ કરતા અને પૂછતા.

'આ તમને ભૂખે મરતો દુઃખી મજૂર લાગે છે ?'

જોકે જયરામનો દેહ ઘડવામાં મિલના કામે - નહિ કે મિલના પૈસાએ - થોડો ઘણો ભાગ ભજવ્યો હતો ખરો.

પરંતુ મિલમાલિકો અને વ્યવસ્થાપકો જયરામને દુશ્મન તરીકે લેખતા. તેને એક અકસ્માત થયો, અને તેનો પગ કાપી નાખવો પડ્યો. તેને તેના સાથીદારને ધક્કો અજાણતા લાગ્યો. અને સંચામાં તે ભરાઈ ગયો. તેનાં બળ અને કળને લીધે તે મરતાં બચી ગયો; અને જોકે તેનો પગ ગયો છતાં તે જીવતો રહ્યો. તેને જાણી જોઈને ધક્કો મારવામાં આવ્યો હતો એવી વાતને તેણે ગણકારી નહિ; પરંતુ તેની રોજીનો પ્રશ્ન ઊભો થયો. અપંગ માણસની દુનિયાને જરૂર નથી. દેખાવ પૂરતા દવાના અને પોષણના પૈસા આપી કૃતાર્થ થયા એમ માનતા વ્યવસ્થાપકોને લાગ્યું કે કારખાનામાંથી એક પાપ ગયું. પણ એ પાપ એમ ઝડપથી જાય એવું ન હતું. તેની પત્ની ત્યાં નોકરી કરતી જ હતી. અને જયરામની બેદરકારીએ જયરામને ઉગ્ર અસંતોષ અને વૈર આપ્યાં. કારખાનાની અંદર અને બહાર ફરી તે ખામીઓ શોધી કાઢતો, અને એવી ખામીઓને ઉપયોગ કરવા તલપી રહેલા ખબરપત્રીઓ, સમાજસેવકો અને સામ્યવાદી ચળવળિયાઓને તે પૂરી પાડતો.

આમાંથી તેને પરાશરનો તથા ભાસ્કરનો પરિચય થયો. કારખાનાના માલિકો દુષ્ટ જ હોય એવી ખાતરીથી આગળ ચાલનારા સામ્યવાદીઓ તેમની વિરુદ્ધ ચળવળ કરવાનાં ઘણાં કારણો મેળવી શકે છે. પરાશરની ટોળીએ જયરામ દ્વારા માલિકો વિરુદ્ધ લડત ઉપાડી હતી, અને તેમાં તેમને મહાસભાવાદી વિજયરાય અને તેમના પુત્ર ભાસ્કરનો

ટેકો મળ્યો હતો, એટલે આખા કારખાનામાં હડતાલ પાડવાની યોજના ઘડાઈ ચૂકી હતી.

માલિકો પણ છેક અજાણ રહ્યા ન હતા. સામ, દામ, ભેદ અને દંડની રાજનીતિનો ઉપયોગ રાજકારણમાં જ અટકાવી રાખવાનો હોતો નથી. મોટા વ્યાપારી વ્યવસાયો, કારખાનાના વહીવટ, રાજદ્વારી મંડળો, સમાજસુધારણની સંસ્થાઓ અને દાનધર્મના કારભારમાં પણ આ નીતિનો ઉપયોગ સારી રીતે કરવામાં આવે છે. જયરામ તથા પરાશરને પહોંચી વળવાની આવડત માલિકોમાં હતી - જોકે માલિકો મહાસભાવાદી છાપવાળા હતા, અને એ આવડતના એક પ્રયોગ તરીકે કારખાનાના ગુંડાઓ દ્વારા જયરામને ખૂબ માર મરાવ્યો. માલિકોનો જરા પણ દોષ ન નીકળે, તેમને અને મારનારાઓને કશો જ સંબંધ ન હતો એમ સાબિત થાય, તેમના હૃદયને રીઝવી શકાય એટલી નિર્લેપતા આવા કામે રહી શકે, અને જરૂર પડ્યે મારનારને પોલીસમાં મોકલી અપાય તથા વાગનારને સારવાર કરવાની ઉદાર તત્પરતા અને ન્યાયપરાયણતા સહુની આંખે ચડે એવી બધી જ ગોઠવણ પૈસાને જોરે બની શકે છે. એવી વ્યવસ્થા થઈ અને જયરામને ખૂબ માર પડ્યો. કદાચ પરાશરની અકસ્માત હાજરી હુલ્લડના છેલ્લા ભાગમાં ન હોત તો જયરામ જીવતો પણ ન રહ્યો હોત.

એ જયરામની સારવારમાં પરાશર અને કુમાર આખો વખત જયરામને ત્યાં હતા. આવાં યોજનાબદ્ધ યુદ્ધોની ખબર પણ ઝડપથી પડી જાય છે. વિજયરાયને તેની ખબર પડી એટલે એક ગરીબ માણસની ખબર જોવાના શુભ હેતુને આગળ  કરી તેમણે ભાસ્કરને મોકલ્યો. ભાસ્કરે શોભનાને મળવાનું નક્કી કર્યું જ હતું. એટલે એક કાંકરે બે પક્ષી પાડવાની જૂની રીત પ્રમાણે તેણે શાળામાંથી શોભનાને લીધી અને વિરોધી કારખાનાદારે ઘાયલ કરેલા ગરીબ માણસની શુશ્રૂષા કરવાનો પણ લાભ લીધો.

'આ બંને જણ બેઠા છે; હું જાઉં તો હરકત છે !' ભાસ્કરે જયરામને પૂછ્યું.

'બાપજી ! આવો એ જ મોટી વાત છે. આવી અમારી કાળજી કોણ કરે ? પધારો.' જયરામની પત્નીએ કહ્યું.

સ્વાર્થને અંગે પણ જો ગરીબો પ્રત્યે દિલસોજી દર્શાવાય તો ગરીબોને સ્વર્ગ મળ્યા જેટલું સુખ થાય છે. અને દિલસોજીના ઘણા પ્રકાર સ્વાર્થમાંથી જ ઉદ્ભવેલા હોય છે. અને ખરી દિલસોજી તો સઘળું છોડી ગરીબોની ગરીબી સાથે ભળી જવામાં રહેલી છે; પણ એની સગવડ જગતના મોટા

ભાગને હોતી નથી.

'મારે બેસવાની જરૂર છે ?' શોભનાએ પૂછ્યું.

પરાશર શોભનાની સામે જોઈ રહ્યો. ભાસ્કર હસ્યો અને બોલ્યો :

'મારી સાથે ફરીશ તો આવાં કૈંક કામ કરવાં પડશે; પણ અત્યારે તો મારે તને ઘેર પહોંચાડવી જોઈએ. ચાલ.'

ભાસ્કર અને શોભના બંને બહાર આવી મોટરકારમાં બેસી ગયાં. શોભનાએ પૂછ્યું :

'એ કોણ હતો ?'

'એક કામદાર; મજૂર જ કહોને ! કારખાનાનો મોટો કામદાર.'

'શું થયું એને ?'

'એનો પગ કપાયો છતાં માલિકોએ એને કશો બદલો ન આપ્યો. એની સ્ત્રી મજૂરી કરે છે, તેને પણ હેરાન કરે છે. જયરામે એ માટે જરા ધાંધળ કર્યું એટલે એને મરણતોલ માર માર્યો. છેક હમણાં એને ભાન આવ્યું.'

'એની મદદમાં કોઈ ન હતું ?'

'કેમ ? એણે જ કહ્યું ને ! પરાશર ન હોત તો એ બચત પણ નહિ. કારખાનાના માલિકોની ક્રૂરતાનો પાર નથી. અને પાછા કૉંગ્રેસના પ્લૅટફૉર્મ ઉપર બેસનારા, હં !' ભાસ્કરે જવાબ આપ્યો.

'પરાશર કેવો લાગે છે ?'

'એટલે ?' ભાસ્કરે જરા માનસિક આળસ છોડી કહ્યું. મોટરકારમાં બેસનારનાં મન ઘણું ખરું ઊંઘરેટાં બની જાય છે.

'સાધારણ પૂછું છું. ઘણી વખત તારી જોડે જ જોઉં છું.'

'મારો સહકાર્યકર છે. હું ધનની સહાય આપું છું, અને એ મજૂર-વર્ગમાં કામ કરે છે.'

'એ તો મજૂરોની ચાલીમાં રહે છે, નહિ ?'

'રહેવું જ પડે ને - કામ કરવું હોય તો.'

'એની પાછળ કેટલું ધન ખર્ચ કરવું પડે છે ?'

'ત્રીસ રૂપિયામાં એ ચલાવે છે !'

'તું આપે છે ?'

'ના રે. એ તો એટલો માને છે કે મારી પાસેથી પોતાની જાત માટે લે જ નહિ.'

'તો ક્યાંથી ખર્ચ મેળવે છે ?'

'એક પત્રમાં નોકરી કરે છે. કહીશ તો હું તારો વધારે પરિચય કરાવી આપીશ. બહુ જ આગ્રહી છે. મને પણ ફાવે તેમ કહેવામાં ચૂકતો નથી.'

'શું ?'

'જે ફાવે તે. મારી સાથે ખાસ તકરાર તો એની એ છે કે મારે પણ ત્રીસ રૂપિયામાં મારું ગુજરાન ચલાવવું.' હસીને ભાસ્કરે કહ્યું.

ધનવાનો ધનના માલિક નહિ પણ જુમ્મેદાર રક્ષક છે એમ મહાસભાનો આત્મા પોકારી રહ્યા છે. એ આત્માની ઓથે ધનના ઢગલા કરનાર રક્ષકો જાત માટે અઢળક ધન વાપરતાં પોતાની જુમ્મેદારીનો ખ્યાલ રાખે છે ખરા ? શોભનાએ તે તરફ હસીને ભાસ્કરનું લક્ષ દોર્યું :

'ધનની તો તમારી માત્ર જુમ્મેદારી જ ને ? પરાશર શું ખોટું કહે છે ?'

'હું મારા જુમ્માને બરાબર અદા કરું છું.'

'કેવી રીતે ?'

'આ કારમાં જે લાયક હોય તેને બેસાડીને.' ભાસ્કરે હસીને જવાબ આપ્યો, અને શોભનાના એક હાથને પોતાના હાથમાં લીધો.

શોભનાએ પોતાના હાથને ભાસ્કરના હાથમાં રહેવા દઈ બારીમાંથી બહાર જોવા માંડ્યું. ભાસ્કરનો હાથ રેશમ જેવો સુંવાળો લાગ્યો.

પણ એ સુંવાળાશ અત્યારે એને કેમ ન ગમી ?

શોભનાનું ઘર આવી ગયું. અને તે કારમાંથી ઊતરી ગઈ. ભાસ્કરે પોતાની બાજુમાંથી એક સફાઈથી બાંધેલું મોટું પડીકું શોભનાને આપ્યું.

'શું છે ?' શોભનાએ પૂછ્યું.

'મારા તરફની ભેટ છે.' ભાસ્કરે કહ્યું.

'હું એમ ભેટ લેતી નથી. તમે તમારા ધનના જુમ્મેદાર છો એ હું નહિ ભૂલું.'

'અરે કશી કિંમતી વસ્તુ નથી; એક પુસ્તક છે.'

'સંતતિનિયમન ઉપર ?' જરા તીવ્ર આંખ કરી શોભનાએ પૂછ્યું.

'નહિ નહિ, એ તો એક સરસ ચિત્રસંગ્રહ છે.'

શોભનાએ તે ભેટ સ્વીકારી. એને ચિત્રો ઘણાં ગમતા હતાં.

# ૩

'કેમ બહેન ! જઈ આવી ?' જયાગૌરીએ પુત્રીને પૂછ્યું.

'હા.' શોભનાએ જવાબ આપ્યો.

'તને ફાવશે ખરું ?'

'શા માટે નહિ ?'

'એ ભણાવવાની જંજાળ; છોકરાં સમજે નહિ; અને દિવસભર જીવઉકાળો કરવાનો ! જયાગૌરીએ શિક્ષકની પરિસ્થિતિનો ખ્યાલ પોતાને હતો તેવો આપ્યો.

'ના રે, એમાં તો મજા પડે એમ લાગે છે.'

'તારા બાપને પૂછી જો; કેટલા કંટાળે છે ?'

'આવી ગયા છે ?'

'ક્યારનાયે. જરા સૂતા છે.'

'હવે એ થોડી રજા લે તો કેવું ?'

'કેમ ?'

'એમને આરામ મળે.'

'આરામ તો હવે આવતે જન્મે મળે ત્યારે !' જયાગૌરી એમ જ માનતાં કે દુનિયાનાં ચક્રો ચલાવવામાં તેમને જ રાતદિવસ રોકવામાં આવે છે. તેમની તબિયત સારી રહેતી નહિ એવી તેમની માન્યતા અમુક અંશે ખરી હતી. વિલાસી જીવનમાં જ દિનરાત રહેવાની સગવડ ભોગવનાર શરીરને ઘસારો ઝડપથી જ લાગે. જોકે એને આગળ કરવાની કોઈ સ્ત્રીપુરુષની તૈયારી હોતી નથી. દેશાભિમાની કનકપ્રસાદ રસિક પણ હતા. ક્રાંતિકારી કનકપ્રસાદ સ્ત્રીના સહચારમાં પણ ક્રાંતિનાં વમળો અનુભવી શકતા. જયાગૌરીને પણ પતિનો સતત પ્યાર જોઈતો હતો; તેમને વૈભવ પણ જોઈતો હતો. એટલે કનકપ્રસાદે વિલાસમાં અને વૈભવની ઝનૂનભરી શોધમાં પોતાનાં તન અને મનને ઘસી નાખી નિરર્થક બનાવી દીધાં હતાં. બંગાળના ભાગલા વખતનું ઊકળેલું રુધિર આજ ઠંડું પડી ગયું હતું. બાલ, પાલ અને લાલથી ઉત્તેજિત બનેલા જ્ઞાનતંતુઓ હવે ઝડપથી ઝણઝણતા ન હતા. જલિયાંવાળા બાગ વખતે સીધી રહેલી કરોડ હવે તકિયાનાં ટેકણ માગતી હતી. જૂનાં સ્મરણો અને જયાગૌરી સાથે એકાંત

કદી જીવનમાં ચમકારા લાવતાં; પરંતુ કનકપ્રસાદ જગતથી હારી ગયેલા લાગતા હતા; સામે થવાનું સામર્થ્ય તેમનામાં રહ્યું ન હતું. જ્વલંત ભભૂકતી જ્યોત ઝાંખી, હાલતી, હોલાવાની રાહ જોતી બની ગઈ હતી. હિંદના સંજોગોએ આવી કેટકેટલી પ્રતિભાને ભસ્મ બનાવી હશે ? જયાગૌરી પણ પતિના સુખદુઃખ, થાક અને આરામમાં બરોબર હિસ્સો માગી મેળવી રહ્યાં હતાં.

'હવે તો હું કમાઈશ ને !' શોભનાએ કહ્યું.

'તું તે કેટલું કમાઈશ ? અને તને આમ કમાવા મોકલવી એ મને જરાયે ગોઠતું નથી.'

'તો હું બીજું શું કરું ?'

જયાગૌરીએ પુત્રી સામે જોઈ નિઃશ્વાસ નાખ્યો.

'શું છે તારા હાથમાં ?' માતાએ પૂછ્યું.

'ચિત્રસંગ્રહ છે.'

'જોઉં; કોણે આપ્યો ?'

'ભાસ્કરે.'

જયાગૌરીએ ફરી નિશ્વાસ નાખી પૂછ્યું :

'એ પરણેલો છે કે નહિ ?'

'મેં હજી પૂછ્યું નથી.'

'કુંવારો તો ન જ હોય.'

'તોય શું ?' શોભનાએ કહ્યું અને તે છતાં તેને એવા જ કોઈ વાક્યના પડઘા સંભળાયા.

માતાને ચિત્ર જોવાની તક આપવા તે પોતાના ખંડમાં ચાલી ગઈ. ચંચળ આવી દેખાતી ન હતી, એટલે તેણે પોતે ચા તૈયાર કરી માતાપિતાને નોકરની ખોટ જણાવા ન દીધી. શોભનાના માનસમાં આજે ઉત્સાહ ફરકી રહ્યો હતો.

કારણ !

બહુ દિવસથી જે સ્વપ્ન તે સેવતી હતી તે આજે ખરું પડ્યું. તે ભણી રહી અને સ્વતંત્ર આજીવિકા મેળવવા શક્તિમાન બની. પુરુષોની સરખામણીમાં તે ખાસ ઊતરતી લાગી નહિ.

પરીક્ષાની જંજાળમાંથી તે છૂટી - જોકે બી. ટી. થવાની આફત માથે આવશે એમ પ્રિન્સિપાલના સહજ સૂચન ઉપરથી તેને લાગ્યું. આવવાની આફતથી આજનો આનંદ જતો કરવાની શોભનાની મરજી ન હતી.

તેને સ્વતંત્ર આજીવિકા પણ મળી - જોકે માસિક પંચોતેર રૂપિયા તેને મળશે કે સો તે હજી નક્કી થયું ન હતું. એકસામટા પંચોતેર રૂપિયા તેના હાથમાં આવીને પડે એવો અનુભવ તેને પહેલો જ થવાનો હતો. બે વધારાની ઓરડીઓ ભાડે લઈ શકાશે, થોડાં સારાં ચિત્રો વસાવી શકાશે. કપડાંમાં પણ સહજ વિવિધતા લાવી શકાશે. અને માતાપિતાને માથેથી ભારણ જતાં તેમને થોડીઘણી સહાય કરવા જેવી પણ સ્થિતિ ઊભી થશે. મોટરકાર કે ગાડી રાખવાનાં સ્વપ્ન પાપભર્યાં ગણાય; પરંતુ હવે ભાડાની ગાડી કે બસની મુસાફરી કરતાં મનને પ્રથમ થતો તેવો સંકોચ તો નહિ જ થાય.

વિદ્યાર્થીઓમાં પ્રિય થવાય અને શિક્ષણ સરસ અપાય તો પગાર જલદી વધે પણ ખરો, અને સમય જતાં પ્રિન્સિપાલની ખુરશી ઉપર પણ બેસવાની તેને તક શા માટે ન મળે ? જો એ તક મળે તો આખી શાળાને સ્વર્ગીય બનાવી દેવાની વાંચ્છના તેને થઈ આવી.

તેને ગાવાનો શોખ ન હતો છતાં તેનાથી ગવાઈ જવાયું.

બહારથી માતાનું હાસ્ય સંભળાયું. બરાબર રાગઢાળ સાથે ન ગાઈ શકતી પોતાની પુત્રીના ગીત પ્રયત્નોને જયાગૌરી સદાય હસી કાઢતાં હતાં. પોતાની પૂર્વઆવડત હજી એવી ને એવી જ છે એમ જયાગૌરી માનતાં.

શોભનાએ ગીત બંધ રાખ્યું ત્યારે વગરગવાયે બોલાતી અંગ્રેજી કવિતાઓની કડીઓ તેના હૃદયમાં ઊભરાવા લાગી. હૃદય અને જિહ્વા વચ્ચે ક્યાં વધારે છેટું હોય છે ? શોભના કવિતાના ટુકડા ઉચ્ચારવા લાગી.

કૈંક નવીન સ્ફૂર્તિ તેના દેહમાં અને તેના જીવનમાં ચમકી રહી હતી.

હવે અભ્યાસનાં પુસ્તકોમાં ગૂંથાઈ રહેવાને બદલે તે મનગમતાં પુસ્તકો વાંચી શકશે; કેટલાંક ખરીદી પણ શકશે. ઉત્તમ પુસ્તકો પાસે હોય એના જેવો આનંદ બીજો કયો હોઈ શકે ?

'શાં આ તમારાં ચિત્રો છે ? હવેની દુનિયામાં લાજ કે શરમ રહ્યાં જ નથી.' જયાગૌરીએ શોભનાની ઓરડીમાં આવી શોભનાના મેજ ઉપર નવા ચિત્રસંગ્રહને મૂકતાં કહ્યું. જયાગૌરીએ પણ અણગમો દેખાડ્યો છતાં ચિત્રો ધારી ધારીને જોયાં ન હતાં એમ કહી શકાય નહિ. તેઓ છેક જૂના જમાનાની ધર્મઘેલછાવાળાં ન હતાં, એટલે તેમને એમ કહેવાય એવું ન હતું કે ગોપીનાં વસ્ત્રહરણનું દૃશ્ય ચિત્રોમાં ક્યારનું ઊતરી ગયું હતું, અને જગન્નાથપુરીના વૈષ્ણવ દેવાલય કે નેપાળમાં પશુપતિના શિવાલય ઉપરનાં કોતરકામમાં ચિરંજીવી બનેલાં મિથુનદૃશ્યો જેટલી હદે આ ચિત્રો ગયેલાં

ન હતાં. જયાગૌરી સુધરેલાં હતાં - સુધારા યુગનાં સન્નારી હતાં. પરંતુ એ સુધારાની નીતિમર્યાદા લગ્નમાં જ સમાયલી હોવાથી લગ્નથી જોડાયલાં સ્ત્રીપુરુષોની પરસ્પર લોલુપતાને તે અનીતિ ગણવા તૈયાર થાય નહિ - પછી ભલે એ લોલુપતામાં વ્યભિચાર કરતાં વધારે અસંકોચ અને અમર્યાદા સમાયલાં હોય. લગ્ને છાવરેલી અનીતિ તેમને માન્ય હતી; પરંતુ નવા યુગની નવીન-અલગ્ન અનીતિનો પડછાયો પણ તેમને ખપે એમ ન હતો. ધર્મને નામે અનીતિ ગ્રાહ્ય થાય; લગ્નને નામે અનીતિ ગ્રાહ્ય થાય; પરંતુ એ જ અનીતિ અલગ્ન અવસ્થામાં ભયાનક અપરાધ બની જાય છે.

અર્ધનગ્ન ચિત્રો ચલાવી લેવાય એટલે સુધી આગળ વધેલા જયાગૌરીને, આ સંગ્રહમાં ક્યાં વાંધો પડ્યો હશે તે શોભના સમજી નહિ. સમજી તો ખરી; પરંતુ એણે ચિત્રો જોયાં જ ન હતાં એટલે તેણે કશો જવાબ ન આપ્યો.

વાંધો લેવા છતાં સંગ્રહ શોભનાને જોવા માટે મૂકી જનાર માતાનો ઉદ્દેશ ગમે તે હોય, તોપણ શોભનાએ તત્કાળ એ સંગ્રહને હાથ અડાડ્યો નહિ. માતાએ જતે જતે કહ્યું :

'શોભના !'

'હં.'

'હવે તારું ભણતર પૂરું થયું.'

'લગભગ.'

'કશો વિચાર હવે કરવાનો છે કે નહિ ?'

'શેનો ?'

'તેં કહ્યું હતું ને ? કે ભણી રહું એટલે વાત કરજો.'

શોભના કાંઈ બોલી નહિ. માતાએ તેની સામે ધારી ધારીને જોયું. સોહામણી પુત્રી હજી કપાળે ચાંદલો કરતી ન હતી; ચાંદલાનો પૂરો હક્ક હોવા છતાં.

'પાછી છણછણાવટ ન કરીશ. તારા બાપ મોં ચઢાવશે, પણ હવે હદ થાય છે.'

'બા ! હજી હમણાં જ પરીક્ષા પસાર કરી. આજ નોકરી મળી; જરાક તો થોભી જા !' શોભનાએ કહ્યું.

'પરણ્યે પાંચ વરસ વીતી ગયાં. હવે તે કેટલું થોભવાનું ?' જયાગૌરીએ કહ્યું અને કનકપ્રસાદનો જાગૃત સાદ સાંભળી તેઓ શોભના પાસેથી ચાલ્યાં ગયાં.

શોભના ચિત્રસંગ્રહને હજી અડકી શકી નહિ. તેના મુક્ત આનંદ-ભર્યા જીવનપ્રવાહને જાણે કોઈ પાળ અટકાવતી ન હોય એમ તેને લાગ્યું. શા માટે જયાગૌરીએ તેનો એક દિવસનો આનંદ પણ અસ્ખલિત રહેવા ન દીધો ?

તેણે ટાગોર, ગાંધી અને વેલેન્ટીનો સામે જોવા માંડ્યું. માર્ક્સ અને ટાગોરની દેહકલામાં છટાભર્યું ગાંભીર્ય લાવનાર તેમની શ્મશ્રુઓનું નિરીક્ષણ કર્યું. વેલેન્ટીનો કરતાં ટાગોરમુખ સૌંદર્યમાં જરા પણ ઊતરતું ન લાગ્યું. માર્ક્સની દાઢીએ માર્ક્સની પત્નીના પ્રેમમાં કશો ઘટાડો કર્યો હોય એવું કોઈ જગ્યાએ તેણે વાંચ્યું ન હતું.

તેણે નર્તકીની છબી તરફ જોયું. નર્તકીના નૃત્યમાં તેણે શું દીઠું ?

પુરુષને રીઝવવાનો પ્રયત્ન; નહિ ?

તેમ ન હોય તો નર્તકી નાચે શા માટે ? પોતાના જ આનંદ ખાતર નાચનારી કેટલી નર્તકીઓ હશે ?

પુરુષના હાથમાં પૈસો ! પુરુષના હાથમાં સત્તા ! સ્ત્રીએ સદાય તેની આસપાસ ગુલાંટો ખાધા કરવાની ! પાળેલું કૂતરું અને સ્ત્રી એ બેમાં કશો તફાવત હશે ખરો ? ચિત્રસંગ્રહ પ્રત્યે માતાએ અણગમો બતાવ્યો શા માટે ? ચિત્રસંગ્રહમાં નગ્ન કે અર્ધનગ્ન સુંદરીઓના અવયવદર્શન જ હોવાં જોઈએ. એ સાચા અવયવો જોવામાં પાપ લાગે; એ સાચા અવયવો દેખાય તોય પાપ લાગે !

અને લગ્ન થયું એટલે....?

'બહેન ! આજ તો મારે બહુ મોડું થઈ ગયું !' વિચારમાં પડેલી શોભનાને ચમકાવતી ચંચળ ઓરડીમાં આવી.

'હરકત નહિ.' શોભનાની તૂટેલી વિચારમાળાએ યંત્ર સરખો જવાબ તેની પાસે અપાવ્યો.

'મારો ભાઈ મરતો મરતો બચ્યો.' ચંચળે કહ્યું.

'કોણ જયરામ ?' શોભનાને થોડા કલાક ઉપરનો બનેલો ઈતિહાસ યાદ આવ્યો.

'બહેન ! તમે ક્યાંથી જાણ્યું ?'

'હું ત્યાં થઈને જ આવી.'

'એમ ? તમે મારા ભાઈને ઓળખો છો ?'

'ના, પણ મારા એક ઓળખીતાની સાથે હું તારા ભાઈને જોવા ગઈ હતી.'

'બહેન ! એ હવે બચી જવાનો. પરમેશ્વરે જ અવતાર લીધો અને એને રાક્ષસોથી છોડાવ્યો !'

'શું ?' જરા ચમકીને શોભના બોલી. એ પરમેશ્વર તથા રાક્ષસ બેમાંથી કોઈને માનતી ન હતી. આવો સીધો અવતાર લેનાર પરમેશ્વર તેના માનસને આંચકો આપી રહ્યો.

'તમે જોયા નહિ ? એ તો પગ ધોઈ પીએ તોય....'

'ડૉક્ટરની વાત કરે છે ?'

'દાક્તરે બહુ સારા; પણ એ દાક્તરને બોલાવી લાવવા એક માબાપ ન કરે એટલી ચાકરી કરવી; એ કોણ કરે ? આજ તો ભાઈ ભાઈ કપાઈ મરે છે, ત્યાં આ પારકું માનવી જીવતદાન આપે એ પરમેશ્વર નહિ તો બીજું કોણ?'

'જેમાં તેમાં પરમેશ્વર ! જયરામને પૈસા આપ્યા તેમની વાત તું કરે છે ?

'એ તો કાંઈ ખબર નથી; પણ ધોળી ખાદી પહેરેલી. અને બહેન ! શું કહું ? મારી રડતી ભોજાઈને રસોઈનાં લાકડાં પણ સળગાવી આપ્યાં !'

બહારથી જયાગૌરીનો સાદ આવ્યો :

'પાછી વાતોએ વળગી કે, ચંચળ ! મોડાં આવવું અને બહાનાં કાઢવાં! ચાલ, કામે લાગ.'

શોભનાને ચંચળ ગમતી હતી. તેની સાથે વાતચીત કરવામાં તેને સ્વાભાવિકતા લાગતી, પિતા અને માતાની સાથે તો શી વાત થાય ! ભણતર, સામાન્ય રાજકારણ, ચોપાનિયામાં આગળ આવતાં નામોની સહજ નિંદા કે સ્તુતિ એ સિવાય ભાગ્યે જ કાંઈ વાત હોઈ શકે. માતા પુત્રીના હૃદયને ઉઘાડી જોવા ક્વચિત્ મથે અને મૈત્રીની કક્ષા ઉપર કોઈ ક્ષણે ઊભી રહે; પરંતુ અભણ માતાપુત્રી વચ્ચે જેટલી નિકટતા રહે તેટલી નિકટતા એક ભણેલી, સંસ્કારી, આગળ પડતા સ્વતંત્ર વિચારો કરનારી પુત્રી અને આગળ વધતાં એકાએક જડ બની અટકી ગયેલી, રૂઢિને તોડ-વાનો ક્ષણિક આનંદ લઈ બીજી ક્ષણે રૂઢિને વળગી પડેલી માતા વચ્ચે ભાગ્યે જ જામે. અભણ માતા કાં તો પુત્રીને જીવ જેટલી જાળવે કે રૂઢિને. પુત્રીને માટે તે રૂઢિને તોડી ફેંકી દે, અગર રૂઢિવશ હોય તો રૂઢિ ખાતર પુત્રીને જીવતી બાળી મૂકતાં અચકાય નહિ. એટલે તેમના પ્રેમ અને ઝેરમાં ચોખ્ખાઈ જ જણાઈ આવે પરંતુ સંસ્કાર - ભણતર - પ્રગતિ નો પાસ લાગતાં પ્રેમના કાયદાકાનૂનો રચાય અને રૂઢિ રૂપાળી બની આંખો ઝંખવી

નાખે. એમાં ન પૂરો પ્રેમ જામે કે ન રૂઢિનું અંધ અનુસરણ થાય. એવા સંજોગમાં માતા અને પુત્રીની નિકટતા ઘટી જાય અને બંને ભેગાં થતાં દેખાય છતાં અળગાં અને અળગાં રહે. જયાગૌરી અને શોભનાના સંબંધ આમ વહાલભર્યા છતાં અધૂરા જ રહેતા.

અને ઉંમરનો તફાવત એ ન ઓળંગાય એવો પટ છે, સમાન ઉંમર સહજમાં ભળી એક બની જાય છે. શોભના અને ચંચળ બંનેના સંસ્કારમાં ભેદ હતો, છતાં સ્ત્રીના દેહતંત્ર અને ઉરતંત્રની સામ્યતા બંનેને બહુ પાસે લાવી મૂકતી. ઠપકા સાંભળીને પણ ચંચળ શોભના જોડે વાતે વળગતી. માતાનો અણગમો જાણ્યા છતાં શોભના ચંચળના હૃદયપટને ઓળખવા મથતી.

મા ન જાણે એમ ચંચળ પાસેથી તેણે ખાતરી કરાવી લીધી કે જેનાં તે વખાણ કરતી હતી તે પરાશર હતો.

શા માટે તે એની વાત કઢાવી રહી હતી ? પુરુષોથી દૂર રહેવા, પુરુષોથી ઊંચી કક્ષાએ જવા મથતી શોભનાને સૂતે સૂતે વિચાર આવ્યો : સૂતે સૂતે તેણે ચિત્રો જોયાં. તેણે ધાર્યું હતું એવાં જ તે ચિત્રો હતાં; સારાં હતાં, અણગમો આવે એવાં ન હતાં, કેટલાંક તો અત્યંત કલામય હતાં, છતાં ધ્વનિ તો એક જ : પુરુષોને ગમતું અંગ-પ્રદર્શન !

નદીમાં સ્નાન કરતી યુવતીનું ચિત્ર કે અર્ધ ખુલ્લા દેહને વાળવસ્ત્રથી ઢાંકતી - કે વાળવસ્ત્રથી અળગા કરતી યૌવનાનું ચિત્ર ! માથે બેડું લઈ મીઠું હસતી પનિહારીના અંગવળોટની રેખાઓ હોય કે વેલીઓના ચટાપટા પાછળ અંગ અંગ ખુલ્લાં રાખી રમતી મસ્તીખોર ફૂલબાળા હોય ! એ સર્વ ચિત્રોની પાછળ એક જ ભાવ : પુરુષને શું ગમશે ? નારીદેહ પુરુષને ગમે છે માટે તેને જુદી જુદી દેહમુદ્રાઓમાં આલેખવો.

પરંતુ નારીને પોતાનો જ દેહ ગમતો હોય તો ? જૂઠું ! પોતાનો દેહ ગમતો હોય તોય આવી કાળજી અને વૈવિધ્યથી આલેખાતો નારીદેહ આટલો બધો મુલાયમ - જેમ વાળીએ તેમ વળે એવો હોય ખરો ?

શોભનાએ પોતાના હાથ ઉપર હાથ ફેરવ્યો; ગાલ ઉપર હાથ ફેરવ્યો. તે સુંવાળી જરૂર હતી. તેનાં આંગળાં રૂપાળાં હતાં ખરાં. તેને પોતાને જ એ સુંવાળાશ અને આંગળીઓની નાજુકી ગમ્યાં. પરંતુ એમાં પુરુષને શું ? એ સુંવાળાશ માત્ર પુરુષોની આંખ અને હાથ આકર્ષવાને જાણે સર્જાઈ હોય એમ સ્ત્રીઓ કેમ માનતી હશે ? અગર પુરુષોની એવી માન્યતાનો વિરોધ કરવા ગાલને ફુલાવી ચિત્ર કદરૂપ કરાવી નાખવા કેમ મથતી નહિ હોય ? આ આંગળાં માત્ર વીંટીઓ જ પહેરે અગર હસ્તમુદ્રામાં

જ વપરાય એનું કંઈ કારણ ? પુરુષને ચૂંટી ભરી તેની ચામડી ઉખાડતી આંગળીઓ બતાવવામાં શી હરકત ?

'તે એકાએક ચમકી અને બેઠી થઈ; પુરુષો માગે એ માલ વ્યાપારીઓની માફક ચિત્રકારો પણ પૂરો પાડે છે. સ્ત્રીઓ જાતે તો પુરુષની માગ પ્રમાણે પોતાને નહિ ઘડતી હોય ?

શોભનાને સૌંદર્ય પ્રત્યે તિરસ્કાર આવી ગયો.

સૌંદર્ય ! સૌંદર્ય ! સૌંદર્ય !

પુરુષ કહે તેવું ! પુરુષ ઘડે તેવું ! પુરુષ માગે એવું !

છાતી ઉપર ઢાંકેલા વસ્ત્રને તેણે ખસેડી નાખ્યું, અને તેમ કરવાથી, જાણે પુરુષવર્ગની સામે કશું કદરૂપું દૃશ્ય રજૂ કરતી હોય તેમ બેફિકરાઈથી તેણે આગળ ચિત્રો જોવાં માંડ્યાં. તેને ખબર ન હતી કે કોઈ પુરુષ પાસેના મકાનની બારીમાંથી તેને ધારી ધારીને નિહાળતો હતો, અને જેને તે કદરૂપું દૃશ્ય માનતી હતી તે પુરુષમાનસનું એક અતિ રમ્ય સ્ત્રીદૃશ્ય હતું.

પરંતુ આ પુરુષનૃત્ય શાનું ? શિવના નૃત્યનું ચિત્ર ! શિવ પાર્વતીને રીઝવે છે ! કેટલું ધમકભર્યું દેહડોલન ! પગ, હાથ, ગ્રીવા, કમર, ભ્રૂ અને અંગુલિમાં કેટલું બળ વહેતું દેખાય છે ? શિવનું મુખ સુંદર હતું; પરંતુ કૃષ્ણ સરખું છોકરી જેવું નહિ. સ્નાયુઓ પણ કેવા ઘાટીલા ! પગની પિંડી કેટલી આગળ પડતી ? જંઘાના વિભાગો પણ કેવા ! કમરથી સ્કંધ સુધી જાણે કમાન વિકસાવી ન હોય ! છાતી કેટલી વિશાળ અને મજબૂત ! હાથના સ્નાયુઓ પ્રવાહી પોલાદ સરખા ગતિમાન !

પુરુષને સ્ત્રીસમાધાન માટે નૃત્ય કરવું પડે છે ! ઘડી ઘડી પાસે ખેંચાતો, હાથમાં હાથ ભરાવવા મથતો, આંગળી પંપાળવા ઉત્સુક રહેતો અગર પગને અજાણતાં અડક્યાનો દેખાવ કરતો ભાસ્કર આમ દૂર રહીને બળભર્યું નૃત્ય કરે તો વધારે સારો ન લાગે ?

તેણે નર્તકીના ચિત્ર તરફ જોયું અને શિવનૃત્યના ચિત્ર સાથે તેને સરખાવ્યું. તેના મનમાં સંતોષ તો થયો. પુરુષને રીઝવવા જેમ સ્ત્રી નૃત્ય કરે છે, તેમ સ્ત્રીને રીઝવવા પુરુષને પણ નૃત્ય કરવું પડે છે. સ્ત્રી બળવો કરે, પુરુષના સામું જુએ જ નહિ, પુરુષનો સહવાસ સેવે જ નહિ, સર્વ કામમાં અસહકાર કરે તો પુરુષે યે નૃત્ય કરી સ્ત્રીને રીઝવવી જ પડે ને ?

શોભનાએ પોતાની આસપાસ નૃત્ય કરતા, આર્જવભરી વિનંતીઓ કરતા, પ્રશંસા ગાતા દયાપાત્ર પુરુષનો સમૂહ ઊભરાતો નિહાળ્યો. તેણે અભિમાનથી હોઠ દાબ્યા અને લૂગડાને ઘસડાતું રાખી આયના તરફ

પોતાનું મુખ જોવાને ગઈ.

સામી બારીમાંથી કોઈ તેને જોયા કરતું હતું શું ?

જરાય સંકોચ વગર તેણે પોતાની બારીમાંથી સામી બારી તરફ જોયું.

તેને સહજ ચમક આવી ગઈ. સામેની બારીમાં પરાશર ઊભો રહ્યો હતો !

શા માટે ?

એને પૂછી ન જોવાય ? પણ આખી શેરી સાંભળે એવી રીતે વાતચીત કરવામાં અર્થ ન હતો !

અને હજી તે ખસતો ન હતો !

'મારા જીવનમાં શું એ પળે પળે વાગ્યા જ કરશે ?' શોભનાના મને પ્રશ્ન કર્યો.

તેણે અંગવસ્ત્ર સરખું કર્યું અને થોડી ક્ષણો સુધી તે પણ બારીએ ઊભી રહી. પરાશર તેની સામે કદી કદી જોતો હતો એમ લાગતું હતું. તે બારીમાંથી ખસી ગઈ અને દીવો બુઝાવી ખાટલા ઉપર સૂતી.

તેનું હૃદય ધડકતું હતું તે તેણે સાંભળ્યું. અભ્યાસથી છૂટી આજી-વિકા પ્રાપ્ત કરી તે સ્વતંત્ર બનતી હતી એનો તેને મહાઆનંદ ઊપજ્યો. તેને ઊછળવાની - તરવાની - હીંચકે ઝૂલવાની મોજ માણવાનો એક પાસથી ઉછાળો આવતો હતો; બીજી પાસથી તેના જીવનને કોઈ ખેંચી બાંધતું હોય એવો પણ ભાસ થયો. મોજની ઊર્મિમાં તેણે તકિયાને પોતાના દેહ સાથે દાબી ચૂંથી નાખ્યો. બીજી ક્ષણે તેણે તકિયાને લાત મારી નીચે ફેંકી દીધો.

સવારે ઊઠી ત્યારે તેને લાગ્યું તે ભાસ્કર અને પરાશર સાથે ફૂદડી ફરતાં ફરતાં પડી જતી હતી. ફેર આવી પડી જવાની ક્રિયા સાથે જ તે ભયભીત બની જાગ્રત થઈ. તેને ફેર આવતા હતા એ ખરું; પરંતુ તેનાથી પડી જવાય એમ તો હતું જ નહિ. તેનો દેહ ખાટલામાં લંબાયલો આરામથી પડ્યો હતો !

શું એ ખરેખર આરામ હતો ?

## ૪

શોભનાના હાથમાં પ્રથમ માસનો પગાર પણ આવી ગયો. એકસામટા પોતાની માલિકીના સો રૂપિયાની નોટ હાથમાં આવ્યે શું થાય એનો અનુભવ ધનિકો અને તેમનાં ઉડાઉ છોકરાંને ન સમજાય એવો છે. શોભનાએ ધાર્યા પ્રમાણે પાસેની જ બે ઓરડીઓ ભાડે લઈ સજાવી પણ દીધી. બહેનપણીઓને, મિત્રોને અને ઓળખીતાઓને તે આ ખંડમાં જ મળતી. બીજામાં તેણે વાચનગૃહ અને શયનગૃહ બનાવી દીધાં. તેણે ચિત્રોમાં પણ વધારો કર્યો. વેલેન્ટીનોની જોડમાં જ ભાસ્કરની એક છબી ટીંગાઈ ગઈ, નર્તકીના ચિત્રની જોડાજોડ શિવનૃત્યનું ચિત્ર પણ ગોઠવાઈ ગયું.

શાળામાં પણ એ માનીતી થઈ પડી. બાળકબાળકીઓને તે ખૂબ ગમતી - શિક્ષિકાઓ તેની મૈત્રી શોધવા મથતી. અને શિક્ષકો વચ્ચે તેના ઓળખાણની કક્ષા સંબંધી હરીફાઈ ચાલતી. એમાં પણ તેને એક વાત તો દેખાઈ આવી કે પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે પરાધીન અને વધારે દુઃખી હતી. શિક્ષિકા કોણ થાય ? વિધવા, ત્યક્તા કે વયે પહોંચેલી કુમારિકા. પરણીને વગે થઈ ગયેલી નિશ્ચિત સ્ત્રીઓના વિશાળ સમૂહમાં આ ત્રણે વર્ગ જુદી જ ભાત પાડતા હતા - પતિતાઓની જેમ એક અનોખી જ ભાત હોય છે તેમ.

અને પુરુષો ? એમાં ભાત જ નહિ; સહુ સરખા ! કુંવારા, પરણેલા અને વિધુર, ત્રણે !

છતાં તેને આ જીવનનો ખાસ અણગમો આવ્યો નહિ. સમજે એવા શિષ્યવૃંદ આગળ સરસ ભાષણ કરી છાપ પડાય, અને ન સમજે તેવી ઉમરના શિષ્યવૃંદને રીઝવી છાપ પાડી શકાય.

વચમાં વચમાં તે સ્ત્રીમંડળો સાથે ભળતી અને કદી વ્યાખ્યાન પણ આપતી. વાતો, કુથલી, આળસ અને મોટાઈનાં મોજાં ઉપર ઊછળતાં એ સ્ત્રીમંડળો ઉપર શોભનાએ સારી છાપ પાડી. તેની ઈચ્છા નહિ છતાં તેના ઓળખાણનો પરિઘ વિસ્તૃત બની ગયો.

જયાગૌરી અને કનકપ્રસાદને આગ્રહ કરી તે આજ સિનેમામાં લઈ જવાની હતી. કનકપ્રસાદે ખરેખરા કંટાળાથી અને જયાગૌરીએ નવીનતાનો વિરોધ કરવો જોઈએ એટલા જ કારણે પ્રથમ તો ના પાડી; પરંતુ

પુત્રીના આગ્રહે કનકપ્રસાદની ખરી ના અને જયાગૌરીની પરપોટા સરખી નાને હામાં ફેરવી નાખી. બની શકે તો માતાપિતાને ટૅકસીમાં લઈ જવાનો વિચાર કરતી શોભના વસ્ત્રો પહેરી સમય થવાની રાહ જોતી એક નવીન ચિત્રમાલા નિહાળતી રુઆબમાં બેઠી હતી અને ભાસ્કરના પગ ખખડ્યા.

વચ્ચે વચ્ચે બિલકુલ ન મળતો, મોટરકારમાં કદી કદી બેસાડવાનું ભૂલી જતો ભાસ્કર એવો દેખાવ કરવામાં શોભના પ્રત્યેનું પોતાનું આકર્ષણ જગતથી છુપાવવાની ચાલાકી રમતો હતો. તેનાં બૂટના ખખડાટને પારખી ગયેલી શોભનાને તેની મોટરનો ઉપયોગ કરવાની શક્યતાએ સહજ પ્રસન્ન બનાવી. ભાસ્કર આવી એક આરામખુરશી ઉપર બેઠો.

'કેમ, થાક્યો છે શું ?' શોભનાએ પૂછ્યું.

'કાંઈ વાત ન પૂછીશ ને ! આટલું આટલું કરવા છતાં સહુને મારા ધનની અદેખાઈ.' ભાસ્કરે કહ્યું.

'એમ કેમ ?'

'મને આનંદનો કે આરામનો હક્ક નહિ !'

'કોણ ના પાડે છે ?'

'પેલો એક મહાન સામ્યવાદી પાક્યો છે ને ?'

'કોણ ?'

'પરાશર ! બીજું કોણ ?'

શોભના ભાસ્કર સામે જોઈ રહી. પછી તેણે પૂછ્યું :

'થયું શું ?'

'આજે મારે સિનેમામાં જવું છે; બહુ કલામય ચિત્ર આવ્યું છે ! મેં પરાશરને સાથે આવવા કહ્યું ત્યારે એ મારા ઉપર ઊતરી પડ્યો !'

'શા માટે ?'

'સિનેમા જેટલી રકમ મારે હડતાલના ફાળામાં આપવી એમ તેનું કહેવું છે !'

'આપી દે એટલી રકમ !'

'અરે, અમે જેટલી રકમ આપી છે એટલી રકમ કોણ આપવાનું છે ? પણ આ તો કહે છે કે તું સિનેમા જોવા પણ ન જઈશ. કેટલી મૂર્ખાઈ ! અદેખાઈ ન કહું તો.'

'આજે તો હું પણ જોવા જવાની છું - અમે બધાં.'

'તો આપણે સાથે જ જઈશું.'

'જ્યારે અને ત્યારે તારી કાર વાપરવાની ?'

'કહે તો એ કાર તારી બનાવી દઉં.'

'ના રે ના. મને મારા પૈસા ન મળે ત્યાં સુધી હું સામ્યવાદી રહેવા માગું છું.'

'સામ્યવાદીને મારા-તારાનો ભેદ ન હોય.'

'હું તો સામ્યવાદી એટલે ગરીબ કહું છું. હાથે કરીને બનેલો ગરીબ - ગરીબીની સપાટી જાણી જોઈને જ તે શોધતો માનવી.'

'એ તને પરાશરમાં દેખાશે ! હં. પ્રત્યાઘાતી ! હિંદવાસીને ફકીર અને સાધુતા જ ગમે ! વીસમી સદીમાં પણ !'

'અરે, ભાસ્કર ! પરાશર કોઈ કોઈ વાર આ લત્તામાં ફરતો દેખાય છે - અને મારી સામેની બારીમાં હું એને કોઈ કોઈ વાર જોઉં છું. એમ કેમ ?'

'તું કોઈને કહીશ તો નહિ ને !'

'ના રે.'

'તો સાંભળ. અમારી ક્રાંતિવાદી ટોળીનાં જુદે જુદે સ્થળે કેન્દ્રો રાખ્યાં છે : ગરીબ, મધ્યમ તેમ જ તવંગર લત્તાઓમાં. ખરા કાર્યકર્તાઓ એ સ્થળો ઉપરથી સમાજ ઉપર હુમલા લઈ જઈ શકે છે. આ હડતાલના અંગે અમને ઘણો ટેકો મળ્યો અને આખા શહેરમાં અમારી છૂપી છાવણીઓ...' ભાસ્કર વાક્ય પૂરું કરે તે પહેલાં પાસેના ઓરડામાંથી બોલતાં બોલતાં જયાગૌરી આવી પહોંચ્યાં.

'હજી વાર છે શું ? આજનાં છોકરાંમાં ટાઢાશનો પાર જ નહિ. જવું હોયે તો... ઓહો ! ભાસ્કરભાઈ ! તમે છો કે ?'

'હા જી. હું આપને લઈ જવા કાર લાવ્યો ત્યારે શોભના મોંઘી થાય છે.' ભાસ્કરે કહ્યું.

'હાલતેચાલતે તમારી કાર શી રીતે વપરાય ?'

'આપની દીકરીને આપ ટેકો આપશો જ; પણ કનકપ્રસાદ મને ટેકો આપશે એવી મારી ખાતરી છે. ખાલી કાર લઈ જવા કરતાં તમે બધાં આવશો તો શી હરકત છે ? ચાલ, શોભના ! હવે બહુ વખત રહ્યો નથી.'

આવા આગ્રહ માન્ય જ રખાય છે. માબાપને ભાડાની ગાડીમાં કે બસમાં ઘસડી જવા કરતાં દમામ ભરેલી કારમાં લઈ જવાય તો વધારે સારું એમ શોભનાને સ્વાભાવિક રીતે જ લાગ્યું; પરંત કૈંક પુત્રપુત્રીઓનાં માતાપિતાને બસ કે ગાડી પણ મળતી નથી, એ કારમાં બેસતાં બેસતાં સહુએ નજરે જોયું તોપણ તે વિચારવાની કોઈને જરૂર ન લાગી. જયાગૌરી

પ્રફુલ્લ હતાં. કનકપ્રસાદ જરા ઝંખવાઈ ગયેલા જેવા અસ્થિર લાગતા હતા. અને શોભનાના હૃદયમાં આછો ગર્વ હતો. પાછળ બેઠેલી શોભનાના સામીપ્યથી ભાસ્કરની રસવૃત્તિ રીઝતી હતી.

રસ્તામાં કાર એકાએક અટકી ગઈ. સહુએ બહાર જોયું તો એક મોટું વ્યવસ્થિત ટોળું હાથમાં વાવટા, મુદ્રાલેખનાં તોરણો અને મોટાં મોટાં સૂત્રપાટિયાં લઈ બૂમો પાડતું આગળ આવતું હતું. જયાગૌરી જરા ભય પામ્યા. બીવું, ચમકવું, આંખે હાથ મૂકી દેવો, કલામય ચીસ પાડવી એ વર્તમાન યુવતીગુણો જયાગૌરીમાં પૂરા ખીલ્યા ન હતા કારણ એ પૂરી ખિલાવટ માટે તેઓ પંદરવીસ વર્ષ પહેલાં પડી ગયાં હતાં. એટલે તેમણે પૂછ્યું :

'હાય બાપ ! શું છે ? પાછું કાંઈ હુલ્લડ થવાનું ?'

'એ તો પેલા હડતાળિયાઓ લાગે છે. હું તને વર્તમાનપત્રોમાં નહોતો વાંચી સંભળાવતો ?' કનકપ્રસાદે કહ્યું.

'બહુ લાંબી વાત ચાલી. હજી હડતાળ શમી નથી ?'

'શમે શાની ? એમાં મોટા મોટા માણસોનો હાથ છે.' કનકપ્રસાદે હડતાળ લંબાયાનું કારણ આપ્યું.

'મોટા માણસો તો કોણ જાણે; પણ સાહેબ ! એમાં અમારા જેવા નાના માણસોનો હાથ ખરો.' ભાસ્કરે કહ્યું.

'મેં તમારી ચર્ચા વાંચી હતી અને તમારાં ભાષણો પણ વાંચ્યાં હતાં.'

'મારી વિરુદ્ધનું લખાણ પણ વાંચ્યું હશે, નહિ ?' હસીને ભાસ્કરે કહ્યું.

'હા; પણ તમારી બાજુ ખોટી લાગતી નથી.'

'હું તો કાલથી શોભનાને પણ અમારી સભાઓમાં લઈ જવાનો છું.'

'ના ભાઈ સાહેબ, અંહં ! એને તો એનું કામ કરવા દેજો. બૈરાંએ ધાંધળમાં પડીને શું કરવાનું ?' જયાગૌરીએ કહ્યું.

'જુઓ, આ ટોળામાં સ્ત્રીઓ પણ છે.' ભાસ્કરે કહ્યું, અને તે કારનું બારણું ઉઘાડી નીચે ઊતર્યો.

'ઇન્કિલાબ ઝિંદાબાદ !' ટોળાએ પોકાર કર્યો.

ભાસ્કરે અત્યંત લાલિત્યભરી છટાથી રૂમાલ ઉછાળી પડઘો પાડ્યો :

'ઇન્કિલાબ ઝિંદાબાદ !'

ટોળું ભાસ્કરને ઓળખતું લાગ્યું. ટોળાએ વધારે શોરથી પુકાર ઝીલી લીધો અને તેમાં થોડો ઉમેરો પણ કર્યો :

'ઈન્કિલાબ ઝિંદાબાદ ! મૂડીવાદ મુર્દાબાદ !'

ટોળું આગળ પસાર થયું. એના એક ભાગમાંથી પરાશર ઉગ્રતાભરી છટાથી ચાલતો દેખાયો. ભાસ્કરને જોઈ તેણે સ્થાન બદલ્યું અને ટોળામાં થઈને તે ભાસ્કર પાસે આવ્યો :

'હજી કહું છું કે સાથે ચાલ.' કારને અઢેલી રૂમાલ ઉરાડી ટોળાને ઉત્તેજિત કરતા ભાસ્કરને પરાશરે કહ્યું.

'હું આવીશ જ; પણ હમણાં નહિ, જરા રહીને.' ભાસ્કરે કહ્યું.

'લાઠીમાર આજે જરૂર થશે.'

'લોકોને શાંત રાખજે.'

'સહેલું નથી; પૂરતી ઉશ્કેરણી થઈ ચૂકી છે.'

'કેવી રીતે ?'

'સરઘસ ઉપર પથરા પડી ચૂક્યા, અને બીજું ટોળું સરઘસને રોકવા તૈયાર થઈ ઊભું છે.'

'સરઘસ શાંત નહિ રહે તો મારા પિતા એમાંથી અળગા થઈ જશે.'

'તે આપણે ઋષિમુનિઓનાં ટોળાં લઈ જઈએ છીએ ?'

'મહાસભાનો સહકાર જોઈએ તો એ જ માર્ગ છે.'

'મહાસભા નામર્દોનાં સરઘસ તો ઈચ્છતી નથી ને ?'

'હું મારા શબ્દ વાપરતો નથી.'

'તો તે વાપર, અને તારા પિતાને કહે કે સામેથી જરાય અડપલું થશે તો આ મજૂરો કારખાનાને ભાંગી-તોડી-બાળી ઉજ્જડ કરી મૂકશે. હવે ઘણું થયું.'

'પૈસા આપણા નહિ ને ?'

'વારુ, તું સિનેમા જોઈને આવ. તારા જેવા કલાપ્રિય યુવકને અમારાં મજૂરોનાં સરઘસ ન જ ગમે.' કહી પરાશરે આગળ ડગલું ભર્યું અને ઊછળીને ગર્જના કરી :

*'મજદૂરરાજ ઝિંદાબાદ !'*

શોભનાને શિવના નૃત્યનું ચિત્ર યાદ આવ્યું. પરાશરના મુખમાં અને દેહગતિમાં કોઈ દિલ કંપાવનારી ધમક દેખાઈ. હસીને ભાસ્કર કારમાં બેઠો. સરઘસ પસાર થઈ ગયું. જયાગૌરીના જીવમાં જીવ આવ્યો, અને કાર ઝડપથી ચિત્રગૃહ પાસે આવી પહોંચી.

શોભનાની જંત્રી બાર આના કે રૂપિયાની ટિકિટની મર્યાદા ઠરાવી રહી હતી; પરંતુ ધનિક યુવક શોભના અને તેનાં માતાપિતાને ટિકિટના

પૈસા ખર્ચવા દે એમ હતું જ નહિ. સારામાં સારી બૉક્સની ટિકિટો ભાસ્કરે ખરીદી અને સુંવાળી મખમલ ભરેલી ખુરશીઓવાળા ઊંચામાં ઊંચા એક ગોખમાં સહુએ સ્થાન લીધું. કનકપ્રસાદ જયાગૌરી અને શોભના સાથે સાથે બેસી ગયાં. ભાસ્કર જરા દૂર પાસે આવી શકાય એટલે દૂર બેઠો.

સિનેમા શરૂ થયું. જયાગૌરી અત્યંત હોંસથી ચિત્ર જોતાં અને સમજતાં હતાં. કનકપ્રસાદ પણ શાંતિથી છતાં નવીન ઉત્સાહથી ચિત્ર જોતા હતા. બંને પતિપત્ની ખાસ ચિત્રનાં શોખીન ન હતાં - પતિ તો નહિ જ. અને છતાં એમણે ચિત્રો છેક નહોતાં જોયાં એમ પણ ન કહેવાય. તથાપિ જે સ્થાને બેસી તેઓ ચિત્ર જોતાં હતાં તે તેમને તદ્દન અજાણ્યું હતું - ઘણા સમયથી છૂપી ઇચ્છાનો વિષય બની ગયું હતું. એટલે સામાન્ય સ્થાને બેસી ચિત્ર જોવા કરતાં આ સર્વશ્રેષ્ઠ સ્થાને બેસી જોવામાં તેમને નવીન અનુભવ તો થયો જ.

અંધારામાં ભાસ્કર પોતાની ખુરશી ક્યારનો શોભના કને લાવી ચૂક્યો હતો. તેનાં માતાપિતા ન દેખે એમ ભાસ્કરે શોભનાના હાથને પોતાનો હાથ અડકાડ્યો - સ્વાભાવિકતાથી; પરંતુ શોભનાએ પોતાનો હાથ ખુરશીના હાથ પરથી ખસેડી લીધો.

ભાસ્કરે પૂછ્યું :

'આજે આવી ટાઢી કેમ પડી ગઈ છે ?'

શોભનાએ કશો જવાબ ન આપ્યો. પુરુષની સમાનતા માગતી યુવતી આર્થિક દૃષ્ટિએ સ્વતંત્રતાની શરૂઆત કરી ચૂકી હતી. તેને પુરુષવર્ગ અણગમતો થઈ પડ્યો હતો, કારણ તેની દૃઢ માન્યતા હતી કે સ્ત્રીઓને પુરુષોએ જ બંધનમાં રાખી છે. આખો વર્ગ અળખામણો લાગતો હતો છતાં તેમાં અપવાદ તો હતો જ. બુદ્ધિજન્ય-ઊર્મિજન્ય શ્રેષ્ઠતા તેને ટાગોરમાં દેખાતી. રાજકીય-સામાજિક શ્રેષ્ઠતાનો વિચાર કરતાં તે ગાંધી કે માર્ક્સ તરફ દૃષ્ટિ કરતી, અણગમતા પુરુષમાં પણ શ્રેષ્ઠ રૂપ જોવું હોય તો તે રુડોલ્ફ વેલેન્ટીનોના ચિત્ર તરફ નજર કરતી, અને હવે તો ભાસ્કરનું ચિત્ર પણ તેની સાથે મુકાઈ ગયું હતું. સ્ત્રીને પુરુષ નથી ગમતો એમ તો એનાથી પ્રામાણિકપણે કહેવાય એવું રહ્યું નહિ.

ત્યારે એને શું નહોતું ગમતું ? બંધન લાદતો પુરુષ ?

એ બંધને બંધાઈ ચૂકી હતી. વારંવાર તે ભાસ્કરને ધમકી આપી રહી હતી :

'હું તો પરણેલી છું.'

એ બંધન ન હોત તો ? તે જરૂર ભાસ્કર સાથે વધારે છૂટથી વર્તી શકત; પરંતુ વધારે છૂટ એટલે ? દેહને અને મનને ગમે એવો પ્રેમ કરવો, નહિ ?

ભાસ્કર પણ એ જ માગતો હતો !

કદાચ લગ્નથી છુટાય, પણ પુરુષથી છુટાય કે નહિ ? શોભનાના હૃદયમાં કૈંક સમયથી - ભાસ્કરનો પ્રથમ પરિચય થયો ત્યારથી - પુરુષમાં રસ ઉત્પન્ન થતો જતો હતો; પરંતુ એ ભાવ તેને પુરુષની માલિક બનાવતો હતો કે તેને પુરુષની માલિકી બનાવતો હતો ? દેહ અને મનને ગમે એવી ઢબે પ્રેમ કર્યા પછી ?

પછી પુરુષનું પણ સ્ત્રીને વ્યસન ન પડી જાય ? ગમતો સંબંધ વધારે ગમતો બની પોતાને આગળ જતાં પુરુષાધીન નહિ કરે એની ખાતરી શી?

પરંતુ ભાવિના ભયથી અત્યારનું સુખ ખોવામાં ડહાપણ હતું કે નબળાઈ તેના વિચારમાં પડેલી શોભના ચિત્ર જોવા છતાં તે સમજી શકતી નહિ.

'Superb ! ભવ્ય !' ભાસ્કર ધીમે રહી બોલી ઊઠ્યો.

'શું ?' જરા જાગીને શોભનાએ પૂછ્યું.

'જોયું નહિ તેં ? કેવો ભવ્ય અભિનય !'

'સમજાયું નહિ. કાંઈ "કીસિંગ" જેવું લાગ્યું.'

'ઊર્મિના વમળમાં પડેલા આ મહાન શોધકને મિત્રની સ્ત્રીએ દેહ સમર્પ્યો ! કારણ એ ઊર્મિહૃદય દેહ દ્વારા સંતોષતું ન હોવાથી જડ બની જતું હતું. શોધકની શક્તિ નિરર્થક જતી આ સ્ત્રીથી ન જોવાઈ. એટલે...'

'હવે એ ખૂબ શોધ કરશે ?'

'એમાં જ હવે ચિત્રનો વિકાસ થાય છે.'

વળી બન્ને જણે શાંતિથી ચિત્ર નિહાળ્યું; પરંતુ બંનેના હૃદયમાં અશાંતિ હતી. ભાસ્કરે ધીમે રહી પૂછ્યું :

'શોભના ! મારો અણગમો આવે છે ?'

'ના.'

'તો... મને કેમ તરછોડે છે ?'

'મને સમજ પડતી નથી; હું પરણેલી છું.'

'એ તો તેં બહુ વખત કહ્યું. નૂતન દૃષ્ટિએ લગ્ન એ બંધન ન હોય.'

'હજી એ બંધન મને જકડી રાખે છે.'

'છૂટી થઈ જા.'

'કેવી રીતે ?'

'તું કોની સાથે પરણી છે ?'

'હું કહીશ તો તું ચમકી ઊઠીશ.'

'મને દુનિયામાં કશું જ ચમકાવતું નથી. હું માગું છું તે મને મળ્યે જ જાય છે, કહે.' એમ બોલી ભાસ્કરે શોભનાનો હાથ નાટ્યગૃહના અંધારાનો લાભ લઈ પાછો પોતાના હાથમાં રાખ્યો. શોભના કશું બોલી નહિ.

'નથી કહેવું ?'

'ન પૂછે તો સારું.'

'તારે કહેવું જ પડશે. કોની સાથે તારું લગ્ન થયું છે ?'

'પરાશર સાથે.' શોભનાએ સહજ અટકીને કહ્યું અને શોભનાનો હાથ તેને જાણે દઝાડતો હોય એમ ભાસ્કરને લાગ્યું. એણે હાથ છોડી દીધો. અને ચિત્ર વિભાગ અટક્યો. નાટ્યગૃહમાં અજવાળાં ઊભરાયાં.

કનકપ્રસાદ અને જયાગૌરી બંને ચિત્રો જોવામાં એટલાં તલ્લીન બની ગયાં હતાં કે શોભનાની અને ભાસ્કરની ઝીણી ઓષ્ટસ્થાની વાતો તરફ લક્ષ આપવાનો તેમને અવકાશ જ નહોતો. છૂટી ખુરશીઓ અનુકૂળતા પ્રમાણે ક્યારની પાસપાસે ખસેડાઈ પણ હતી.

આખું ચિત્ર પૂરું થયું ત્યાં સુધી શોભના અને ભાસ્કર એક અક્ષર પણ બોલ્યાં નહિ.

# ૫

ચિત્ર પૂરું થતાં બરોબર આખા નાટ્યગૃહમાં વાત ફેલાઈ કે શહેરમાં ફરી પાછું ખૂનખાર હુલ્લડ ફાટી નીકળ્યું છે. મજૂરોની હડતાળમાંથી હુલ્લડ જલદી ફાટી નીકળે એવી ભાસ્કરની માન્યતા તો હતી જ. અણવિકસિત મજૂરો જલદીથી લાગણીવશ થાય છે, અને ઉશ્કેરાઈને જોતજોતામાં ન કરવાનું કરી નાખે છે, પોલીસે લાઠીમાર માર્યો હોય, કે સરઘસ રોક્યું હોય તો હડતાલિયાઓ સહજ ઉશ્કેરાઈ જાય; અને આ જ તો હડતાલ વ્યવસ્થિત રીતે ચલાવી રહેલો પરાશર પણ ઉશ્કેરાઈ ગયો હતો. કાંઈ પણ નિર્ણય લાવવા ખાતર બળની-તોફાનની-અજમાયશ તેણે જરૂર થવા દીધી હોવી જોઈએ.

આમ ધારી રહેલા ભાસ્કરે શોભના, કનકપ્રસાદ અને જયાગૌરીને સલામત પહોંચાડવાની તજવીજ કરી. હિંદુઓની નામર્દી એકેએક કોમી તોફાનમાં સાબિત થાય એવી હોય છે, અને એથી આગળ વધતાં હુલ્લડનું નામ સાંભળી વીજળીની ઝડપથી બારીબારણાં બંધ કરી બેસનાર ગુર્જર-વીરોની અહિંસા ક્ષણ માટે પણ ઓસરતી નથી એ હુલ્લડોના ઈતિહાસલેખકનું પહેલું જ મંતવ્ય બની જાય છે. 'આગે લાત ઔર પીછે બાત'ની કીર્તિ કમાઈ ચૂકેલો ગુજરાતી હજી એ કીર્તિભંડાર સાચવી રહેલો - નહિ. એ ભંડારને વધારી રહ્યો છે એમાં જરાય શક નથી. તેમાં ગાંધીજીએ અહિંસાનો આશ્રય આપ્યો; એટલે કાબુલી, ઈરાની જેવા પરદેશીનું નામ તો કોઈ ગુજરાતી ન જ લે; પરંતુ કોઈ પુરભૈયા કે પંજાબીની પકડમાં તે આવ્યો હોય અગર કોઈ દક્ષિણી કે ગુરખાએ તેને ઝાલ્યો હોય તો મહાત્મા ગાંધીના બેનમૂન સ્મિત અને નમસ્કારનું અનુકરણ કરી, તે અહિંસાનો ફેલાવો કરવા પોતાની જિંદગી બચાવી લે છે. ઈતિહાસકારો તપાસ કરે તો તેમને જણાઈ આવશે કે હિંદુસ્તાને આપેલી ખંડણીનો મોટો ભાગ ગુજરાતે જ ભરેલો હશે. હજી પણ પડોશહક્કને બહાને, ધર્મને નામે, અપ્રાન્તીયતાનો યશ કમાવાના ઢાંકપિછોડા નીચે તે એક અગર બીજા રૂપમાં પર પ્રાંતોને ખંડણી આપ્યે જ જાય છે. ગુજરાતી જન્મે છે જ ખંડિયો!

અપવાદ નિયમને દૃઢ કરે છે. ભાસ્કર અહિંસામાં માનતો ન હતો, છતાં યુદ્ધમાં પણ માનતો ન હતો. તેને ભય લાગતો નહિ. મોટરકારની ઝડપ, તેનો અને તેના પિતાનો શહેરપરિચય અને પિતાનું અગ્રસ્થાન તેના

હૃદયને મજબૂતી આપે એવાં હતાં. હુલ્લડવાળા લત્તાઓને બાજુએ રાખી તેણે શોભના ને તેનાં માતાપિતાને ઘરભેગાં કર્યાં; પરંતુ શોભનાએ પોતાની અલગ ઓરડીમાં ચાલ્યા જવાને બદલે ભાસ્કરને પૂછ્યું :

'ભાસ્કર ! તું ક્યાં જઈશ ?'

'મારે હજી તોફાનવાળા લત્તામાં જવું પડશે.'

'હું સાથે આવું તો ?'

'નકામું જોખમ વહોરવા જેવું થશે.'

'હું તો આવીશ જ. પુરુષોના જોખમમાં સ્ત્રીઓ કેમ ભાગ ન લે ?'

'હું પરાશરની શોધમાં જ જાઉં છું : તને ખબર આપી જઈશ.'

'મારે તો આવવું જ છે તારી જોડે.'

'જયાગૌરી હા કહેશે ?'

'એમને પૂછવું જ નથી.'

બારણું બંધ કરી જયાગૌરી અને કનકપ્રસાદ શોભનાના એકાંત આવાસને એકલો જ રહેવા દેતાં હતાં. બંનેના ખંડમાં જવાનો માર્ગ એક જ હતો; પરંતુ ઓરડા વાસ્યા પછી એકબીજાની હિલચાલ ખાસ ધ્યાન વગર સમજાતી નહિ.

સિનેમા જોયા પછી જયાગૌરી અને કનકપ્રસાદ એકાંત વધાવી લેવા ઈચ્છતાં એકરંગ બની ગયાં હોય એ સંભવિત હતું. કજળી ગયેલા વિલાસની રાખને ફૂંકી ફૂંકી ઉરાડી મૂકી રહીસહી ચિનગારીઓ ચમકતી બનાવવાનું કામ પણ સિનેમા આ યુગમાં કરે છે એની સાબિતી ઘણા મધ્યવયી - માબાપ બનેલાં - યુગલો આપી શકે એમ છે.

શોભના પછી ભાસ્કરની સાથે મોટરકારમાં બેસી ગઈ. ભાસ્કર સાથેની વાતચીત શોભનાને અંતરાભિમુખ બનાવી રહી હતી. તે કોને માટે આ સહાય કરતી હતી ? પરાશરને સલામત જોવા ? ભાસ્કરને સંભાળી રાખવા ? કે પુરુષોની નિર્ભયતાની બરાબરી કરવા ? ત્રણે કારણો તેને સાચાં લાગતાં હતાં.

હુલ્લડ શમી ગયું હતું. પોલીસના માણસો બધે ગોઠવાઈ ગયાં હતાં. લોકોની અવરજવર ઘણી જ ઓછી હતી, છતાં કોઈ કોઈ પુરુષો આમતેમ જતા હતા. ભાસ્કર ચિત્ર જોતો હતો તે જ સમયમાં હુલ્લડ થઈ શમી ગયું હતું. માનવહૃદયમાં રહેલા રાક્ષસને બેત્રણ કલાકની જાગૃતિ બસ છે; ત્રણ કલાકમાં તો તે કૈંક છરા ખોસી શકે છે, કૈંક મકાનો બાળી શકે છે. કૈંકના માથાં ફોડી શકે છે, અને ત્રણ વર્ષ ચાલે એટલી ઉગ્રતા અને ખાર ખિલાવી

શકે છે. સેવાસમાજના બીજચંદ્રધારી મુસ્લિમ સંસ્થાઓના, અને તાત્કાલિક સારવાર શીખેલા સ્વયંસેવકો કોઈ કોઈ જગાએ ફરતા દેખાતા હતા.

'એક સ્ત્રી આમાં દેખાતી નથી.' શોભના બોલી.

'સ્ત્રી તે આવાં હુલ્લડોમાં હોય ?' ભાસ્કરે કહ્યું.

'કેમ ન હોય ?' સરખા હક્ક માગતી સ્ત્રીશક્તિ શોભનાથી પુછાઈ ગયું.

'જો ને, છે એકે ? તારા સિવાય સ્ત્રી ઘરમાં અને બહાર એમ બંને સ્થળે હુલ્લડ કરે તો જગતમાં ઊભા ક્યાં રહેવાય ?'

'હું તે જ કહું છું. પુરુષોને હુલ્લડ કરતા અટકાવવા હોય તો સ્ત્રીએ ઘરનાં અને બહારનાં હુલ્લડોનો બોજો ઉપાડવો જ જોઈએ. ભાસ્કરની મશ્કરીનો શોભનાએ જવાબ આપ્યો.

'માટે તો હું તને સાથે ફેરવું છું.'

'તું મને કેમ સાથે ફેરવે છે એ હું જાણું છું.' એવો એકાએક આવી ગયેલો જવાબ તેણે વૈખરીમાં ઉતાર્યો નહિ. એને બદલે તેણે જવાબ આપ્યો :

'આવાં હુલ્લડ અટકાવવા સ્ત્રીઓની એક ટોળી ન ઊભી કરી શકાય?'

'પરાશરની પુરુષટુકડી માટેની યોજના છે જ; તું સ્ત્રીઓની એક ટુકડી ઊભી કર.'

'પણ એ ન થાય એવું છે ?'

'એને માટે જીવન સમર્પણ કરનાર જોઈએ.'

'તને સગવડ છે; તું ન કરી શકે ?'

'સગવડ ? મારું જીવન ખાલી છે; ખાલી જીવનમાં સમર્પણ શું ?'

'નવી વાત સાંભળી ! મારા મનમાં કે તારું જીવન સર્વ રીતે પૂર્ણ છે.'

ભાસ્કરે જવાબ ન આપ્યો. એણે વાત ફેરવી નાખી અને જુદી જુદી જગ્યાએ જુદા જુદા માણસો પાસેથી પરાશર સંબંધી માહિતી મેળવવા પ્રયાસ કર્યો. દરેક સ્થળે જુદી જુદી માહિતી તેને મળી. કોઈને પરાશરની ખબર ન હતી. એકાદબે માણસે કહ્યું કે એને દવાખાને લઈ ગયા છે; એકબે માણસોએ કહ્યું કે એને પોલીસ પકડી ગઈ છે; કોઈકે કહ્યું કે એ ચાલ્યો ગયો છે અને કદાચ પાછો આવશે જ નહિ.

ભાસ્કરે થાણામાં, દવાખાનામાં, મજૂરકેન્દ્રમાં અને તેના પ્રેસમાં

તપાસ કરી, જયરામને ત્યાં જોયું અને અંતે પરાશરની ખુલ્લી ઓરડી પાસે વાતો કરતાં ઊભાં હતાં.

'પરાશરને જોયો ?' રંભાએ પૂછ્યું.

'તું એકલી આવી છે ?' શોભનાએ સામે પૂછ્યું.

'ના, મને થોડા માણસો અહીં મૂકી ગયા. હું પરાશરની સાથે હતી.'

'તું ક્યાંથી સાથે ?'

'કેમ ? જાણતી નથી ? કોમી હુલ્લડો વખતે હુલ્લડ શમાવવા એણે એક મંડળ ઊભું કર્યું છે તે ?'

'એમ ? દાખલ પણ થઈ ગઈ ?'

'ક્યારનીયે; પણ પરાશર ક્યાં છે ?'

'અમે પણ એને જ જોવા આવ્યાં છીએ.'

'તો સાથે રહેતા શું થતું હતું ?' રતને પૂછ્યું.

'ન રહેવા દીધી. તોફાન શરૂ થયું અને મને ખસેડી મૂકી.' રંભાએ કહ્યું.

'તું ક્યારની આવી છે ?' ભાસ્કરે પૂછ્યું.

'બેત્રણ કલાક થયા હશે.' રંભાએ કહ્યું.

'તમે બધાં પરાશરનાં સગાં છો ?' રતને પૂછ્યું.

'સગાં નહિ હોઈએ તો વહાલાં તો હોઈશું જ.' રંભાએ જવાબ આપ્યો.

'પણ એ કોઈનો વહાલો છે કે નહિ ?' અણધારી ચબરાકીથી રતને સામો સવાલ કર્યો.

'હોય જ વળી. હું એનું એ જ રતનને કહ્યા કરું છું.' રંભાએ કહ્યું.

'પણ કહ્યાથી શું વળે ? બધાં મોટરગાડીમાં ફરો છો, બંગલાઓમાં રહો છો, અને એની કાળજી તો કોઈને છે નહિ !' રતને જરા ઠપકો આપ્યો.

'કાળજી વગર આવ્યાં હોઈશું ?' ભાસ્કરે સહજ હસીને કહ્યું.

'તમને ખબર છે કે એ ત્રણ દિવસથી ભૂખ્યો રહ્યો છે ?' રતને જરા ઉગ્રતાથી કહ્યું.

'ત્રણ દિવસથી ભૂખ્યો ? બને નહિ.' ભાસ્કરે કહ્યું.

'હું વધારે જાણું કે તમે ?' રતને આ મિત્રો કરતાં પોતાની વધારે નિકટતાનું દર્શન કરાવ્યું.

'પણ એવું ત્રાગું કરવાનું કશું કારણ ? ગાંધીવાદમાં તદ્દન ભળી

ગયો.' ભાસ્કરે કહ્યું.

'શાનું ત્રાગું ? પૈસા હોય તો જમે ને ? તમને ગાડીઓમાં ફરનારને અમારી શી ખબર પડે ?' રતન બોલી.

'એને જોઈતા પૈસા એ મેળવી જ લે છે. હાથે કરીને ઓછો પગાર લે એને શું કરવું ?' ભાસ્કરે કહ્યું.

'પણ હવે એનો પત્તો ક્યાં મેળવવો ?' રંભા બોલી.

'હું હવે એ જ કામમાં લાગીશ. તમને બંનેને ઘેર મૂકી દઉં, અને ખબર પડશે એટલે કહી જઈશ.' ભાસ્કરે કહ્યું, ને તેણે ચાલવા માંડ્યું.

રંભા બહુ વારથી આવી હતી એટલે તેને સારો સંગ જોઈ ઘેર પહોંચવું હતું. શોભનાના પગ પ્રથમ તો ઊપડ્યા નહિ. એને ત્યાં જ બેસી રહેવાનો વિચાર થયો. રતનની સાથે પરાશર સંબંધી વધારે સ્પષ્ટ વાત કરવાનું મન થયું. અનેક પ્રકારની ઊર્મિઓનાં વમળ તેનાં અંતરમાં ઊપડ્યાં; પરંતુ એ સર્વને દાબી ભાસ્કરની સાથે તે ચાલી ગઈ. જતે જતે તેણે રતનના શબ્દો સાંભળ્યા :

'છે કોઈને કાંઈ !'

કદાચ એ શબ્દો ભ્રમણા પણ હોય !

પરંતુ શોભનાના હૃદયમાં શું ખટકી જતું હતું ? શૂળ ? હૃદયની નબળાઈ ? ક્યારનું કાંઈ તેના હૃદયમાં દુખ્યા કરતું હતું.

કારમાં તે પહેલી બેસી ગઈ; રંભા તેની જોડે બેઠી. ભાસ્કર રંભા સાથે બેઠો, તેનો ખ્યાલ શોભનાને રહ્યો ન હતો. અંધારી રાત્રિમાં દીવા પ્રકાશ વેરતા હતા; પરંતુ એ પ્રકાશ ગાડીની બહાર હતો. તોફાનવાળા રસ્તાઓમાં થઈ ગાડી જતી ન હતી છતાં એ રસ્તાઓ પાસેથી જતાં એટલું તો સમજાતું હતું કે પોલીસ જાગૃત હતી.

શોભનાને એકાએક લાગ્યું કે તેના દેહને હાથ અડકતો હતો.

સાથે સાથે રંભા પણ બોલી ઊઠી :

'હાય હાય ! મને એટલી બીક લાગી !'

'મને પણ એમ લાગ્યું કે તને બીક લાગી.' ભાસ્કરે કહ્યું.

'ને બીક લાગી માટે તેં હાથ મૂક્યો ? કે તેં હાથ મૂક્યો માટે મને બીક લાગી ?' રંભાએ જરા હસીને પૂછ્યું.

શોભનાને લાગ્યું કે ભાસ્કર પોતાની ટેવ પ્રમાણે સાથે બેસનારનો હાથ શોધતો હતો. રંભાએ ચમકીને ભાસ્કરના કૃત્યને જાહેરમાં મૂક્યું.

ભાસ્કર કદાચ દક્ષ નાયકની રમત રમતો હોય તો ? બંને

મિત્રયુવતીઓને પ્રસન્ન રાખવા પ્રયત્નશીલ થતો હોય તો ? એક ક્ષણ શોભનાને વિચાર થઈ આવ્યો.

એટલામાં જ તેનું ઘર આવ્યું. શાંતિથી તે નીચે ઊતરી. તેનાં માતાપિતા બારણાં બંધ કરી સૂઈ ગયાં હતાં. સીડી બહારથી ખુલ્લી પડતી હતી અને તે ઉપર ચડી છજામાં થઈ શોભનાની નવી ઓરડીમાં સીધાં જવાતું હતું એટલે કોઈને જગાડ્યા વગર તે ઘરમાં જઈ શકે એમ હતું. ઘર સુધી પહોંચાડવા આવેલા ભાસ્કરે શોભનાનો હાથ ખેંચી હસ્તધૂનન કર્યું. સાથે જ ઊતરેલી રંભાએ તે જોયું અને તેને હસવું આવ્યું.

રંભાનું હાસ્ય મુક્ત અને સુંદર હતું. કેટલીક વ્યક્તિઓનાં હાસ્ય સાંભળવા ગમે છે. શોભનાએ સીડી ચડી છજામાંથી પાછળ જોયું. હસ્તી રંભાનો હાથ પકડી ભાસ્કર કાર તરફ જતો હતો. શોભનાને એ દૃશ્ય ગમ્યું કે નહિ તેની તેને સમજ પડી નહિ. આવા મૂંઝવણના પ્રસંગે તેના હૃદયમાં દુખાવો થઈ આવતો હતો. તેણે દુખતી જગાએ અંગૂઠો મૂકી જોયો; દુઃખ પકડાયું નહિ. માતાપિતા સૂઈ ગયેલાં હતાં એમ બંધ બારણાના અંધારા ઉપરથી શોભનાએ માની લીધું. છજામાં થઈ વધારાની લીધેલ પોતાની ઓરડી શોભનાએ ધીમે રહીને ઉઘાડી અંદર દીવો કર્યો.

'શોભના ! જાગે છે ?' પાસેની ઓરડીમાંથી જયાગૌરીએ પૂછ્યું.

'હા.'

'મધરાતે તો જરા સૂઈ રહે ! કોઈની કાર અહીંથી ગઈ કે શું ?' કારના શોખમાંથી કારની ભ્રમણા પણ ઉત્પન્ન થાય છે. અહીં તો એ યાંત્રિક વાહને તેમની ઊંઘ હલાવી નાખી હતી.

'હા, એ જ જોતી હતી.' શોભનાએ યુધિષ્ઠિરનું સત્ય ઉચ્ચાર્યું, અને સિનેમાચિત્ર વડીલોમાં કેવા કેવા ભાવ ઉત્પન્ન કરતું હશે તેની કપડાં બદલતાં કલ્પના કરવા લાગી.

પરંતુ એણે તો ચિત્ર જોયું જ નહોતું. તેની આંખ ચિત્રપટ ઉપર હતી છતાં એ આંખ બીજું ચિત્ર જોતી હતી.

એ કયું ચિત્ર હતું ?

તેનું પોતાનું જ.

શોભનાએ આયનામાં જોયું. ચિત્રની નાયિકા કરતાં તે પોતાને ઓછી સુંદર ન લાગી. તે એકલી હતી. કપડાં બદલતાં તેણે પોતાનાં ઉત્તમાંગોને નિહાળી જોયાં. નાયિકાનાં કપડાં બદલાવી, હસાવી, રડાવી, નવરાવી, સુવાડી, હીંચકે ઝુલાવી, નચાવી, પૂજનના ભાવમાં ઉતારી

નાયિકાનાં અંગેઅંગના સૌંદર્યનું સૂચન કરવાની સિનેમાચિત્રની પ્રથા હરકોઈ વર્તમાન યુવતીને સરખામણીના પ્રદેશમાં સહજ ખેંચી જાય છે. શોભનાને લાગ્યું કે તેનાં અંગઉપાંગ પણ સૌંદર્યમાંથી કોઈથી ઊતરે એવાં તો ન હતાં.'

એકાએક શોભનાને પોતાના ઉપર જ રીસ ચડી. સૌંદર્ય નિહાળીને તે પોતાની પુરુષપાત્રતા જ સિદ્ધ કર્યા કરતી હતી, નહિ ? સખીઓની પ્રેમવાતોનો શોભના તિરસ્કાર કરતી હતી; પુરુષો સંબંધી ચર્ચાનો તેને અણગમો હતો; લગ્ન કે અલગ્ન સંબંધના સુખની રસભરી સૂચનાઓમાં તેને બીભત્સપણું લાગતું; બાળકોના જન્મનો પ્રશ્ન તેને અસહ્ય થઈ પડતો હતો. તેને પુરુષરહિત સ્ત્રી - પુરુષને પડછે નાખ્યા વગરની સ્ત્રી - તરીકે જીવવાનો શોખ હતો. પુરુષ વગર જિવાય જ નહિ, રહેવાય જ નહિ એવું પુરુષાધીનપણું તેને અત્યંત અણગમતું હતું - અને એ અણગમાને લીધે તેણે કેટલીય સખીઓનો સાથ મૂકી દીધો હતો. પ્રેમમાં પડવું, પુરુષને રમતનું સાધન પૂરું પાડવું, પછી પરણવું અને અંતે માતા બની પોતાની અને જગતની જંજાળમાં ઉમેરો કરી જીવનને પરતંત્ર બનાવવું - આ સ્ત્રીજાતિનો સહજ ક્રમ. એ ક્રમમાં સ્ત્રીજાતિ પોતાનું વ્યક્તિત્વ વેચી નાખે છે અને માત્ર આર્થિક કલહમાંથી ઊગરી જવાની સુંવાળાશ ખાતર જીવનભરની ગુલામગીરી સહી લે છે. એ સહજ ક્રમનો તેને વિરોધ હતો. આર્થિક ભારણ પુરુષને માથે નાખી દેવાના બદલા તરીકે દાસી, રસોઈયણ, ગણિકા, વંશવર્ધની અને પરિચારિકાના સઘળા જ ધંધાના બોજા માથે લેઈ એક ઘરપિંજરનો સ્વીકાર કરવો એ તેને સ્ત્રીજાતિના અપમાન સરખું લાગતું હતું.

કૉલેજમાં અભ્યાસ સમયે તેના આ ભાવ પ્રબળ બન્યે જતા હતા. તેને ગળે હાથ નાખી અગર તેના હાથમાં હાથ ભેરવી ફરવા ઈચ્છતી બહેનપણીઓનું તેણે અપમાન પણ કર્યું હતું. તેના દેહની સાથે તેની સખી પણ છૂટ લેઈ શકતી નહિ. પુરુષોની, પ્રેમની, લગ્નની બુદ્ધિજન્ય ચર્ચા હોય ત્યાં સુધી શોભના એ ચર્ચામાં ભાગ લેઈ શકતી હતી; પરંતુ 'જો આ મારો કાગળ આવ્યો છે !' 'પેલો સુમન બહુ દેખાવડો છે !' 'પાર્થિવની આંખો કેવી ભૂરીઆ-સાહેબો જેવી છે !' 'આજે કસરતશાળાના વડ પાસે હું શિરીષને મળવાની છું.' 'જોયું ? પહેલાં મારી આસપાસ ફરતો જનાર્દન હવે સામુંયે જુએ છે ? એને કુસુમે ભોળવ્યો !' એવી એવી વિદ્યાર્થિનીઓની વાતોને તે ઉત્તેજન આપતી નહિ, અને સહાનુભૂતિ ન આપ્યાના બદલામાં કેટલીક મૈત્રી તે ગુમાવતી પણ ખરી. રંભા, તારિકા અને વિનીમાં સ્ત્રીસુલભ

પરંપરા તે નિહાળી શકી હતી - દરેકના વિલાસી માનસને તે પારખી શકતી હતી. છતાં તેમનામાં યુવતીઓની વિકાર ઢાંકતી ચાંપલાશ વધારે પડતી ન હોવાથી શોભના એ ત્રણે યુવતીઓની મિત્ર બની શકી હતી. તેમની કેટલીક વિલાસસૂચક વાતો શોભનાને ચીડવવા માટે જ હતી એમ એ જાણતી હતી, એટલે તેમને અને તેમની વાતોને એ સહી લેતી હતી.

એ શોભના હમણાં કેટલાક સમયથી આયનાનો પ્રેમ વધાર્યે જતી હતી. પોતાનું મુખ, દેહ અને વસ્ત્ર આયનામાં જોવા - એકલી હોય તો જોયા કરવા - લલચાતી હતી. કોને માટે ? પોતાનો દેહ સુંદર હોય કે થાય એ જોવાની - એની ખાતરી કરવાની ઈચ્છા સહુને થાય અને તે સ્વાભાવિક ગણાય. પણ એ દેહ બીજાને પણ સુંદર લાગે છે કે નહિ એ જાણવાની ઈચ્છા કોઈ માનસપરિવર્તન - અસ્વાભાવિક માનસપરિવર્તનનો પડઘો જ કહી શકાય. તેના સરળ જીવનપ્રવાહમાં વેગ આવ્યો લાગતો હતો; તેના અનેક ફાંટા પડી જતા લાગતા હતા. જીવનપ્રવાહને ધાર્યા મુજબ વાળવાને બદલે તે જાતે એ પ્રવાહમાં ઘસડાતી હતી.

કારણ ?

તેના જીવનમાં એક પુરુષે પ્રવેશ કર્યો હતો. સુઘડ, સોહામણો, રસિક, બુદ્ધિશાળી, ચાતુર્યભર્યો, ઊર્મિપ્રેરક ભાસ્કર પ્રથમ મળ્યો ત્યારથી વધારે અને વધારે આકર્ષકતા ધારણ કરતો જ હતો. પુરુષો શોભનાને મોટે ભાગે અણગમતા લાગતા; ભાસ્કર અપવાદ હતો. એ ગમે એવો હતો; એ હસતો સરસ. એ વાત કરતો તે છટાભરી. એની ચાલમાં જોમ હતું. ચશ્માંધારી, લાંબા વાળ રાખી કલામય દેખાવા મથતાં છતાં નાટકમાં છોકરીઓનો ભાવ ભજવવા તૈયાર થતા હોય એવા લટકાભર્યા - અરે, છોકરીઓને પણ શરમાવે એવો અંગમરોડ અને અંગુલિમરોડ અજમાવતા - યુવકોનો જે સમૂહ ગુજરાત આજની શાળાઓ અને મહાશાળાઓ ઘડી રહ્યું છે એ સમૂહમાંથી તે જુદો તરી આવતો. અગર... અગર એ અણગમતી હદે પહોંચતી રસિકતામાં તરી આવતું બાયલાપણું ભાસ્કરમાં દેખાતું નહિ.

અને તે ઉપરાંત એ ધનિક હતો, ઉદાર હતો, મિત્રોને સહાયરૂપ બનતો અને આદર્શ પાછળ પોતાના જીવનને દોરતો.

એનો સ્નેહ એ પ્રેમ કે બંધન ? જે ગમે એ બંધન કહેવાય કે મુક્તિનો માર્ગ ? ત્યારે બીજી યુવતીઓમાં અને શોભનામાં તફાવત શો ? કોઈને અઢારમે વર્ષે પ્રેમ જાગે; કોઈને વીસ વર્ષે, કોઈને પચીસ વર્ષે. એથી પચીસ વર્ષે પુરુષને ચાહવા લાગતી યુવતી અઢારમે વર્ષે પ્રેમી બનેલી યુવતી કરતાં

જુદી અને શ્રેષ્ઠ કઈ રીતે કહેવાય ? બંનેને એક જ સાદ બોલાવી રહ્યો હોય છે. પતિને ઝંખતી સતી, પ્રિયતમને માટે ઉજાગરા કરતી પ્રિયા અને ગમતા પુરુષને જોયા કરતી કુમારિકા એ ત્રણે એક જ પુરુષત્વના સાદે ખેંચાયેલા સ્ત્રીત્વના જ નમૂના કે બીજું કાંઈ ?

શું સ્ત્રીજીવનમાં પુરુષ અનિવાર્ય જ છે ? રૂપ, રંગ અને દેખાવના વિવિધ પ્રયોગો કરતી વર્તમાન યુવતી કરતાં શોભના જુદી ન હોઈ શકે ? એ બધાય પ્રયોગો અંતે તો એક જ મહા આકર્ષણનાં જ ફળ છે શું ? શું સ્ત્રીએ પત્ની બનવું જ જોઈએ - પરણીને કે પરણ્યા વગર ?

## ૬

પરંતુ શોભના તો પરણી પણ હતી. એના જીવનમાં એક પુરુષનો પ્રવેશ તો થઈ ચૂક્યો હતો. શા માટે એ એમ માનતી હતી કે તેના જીવનમાં માત્ર એક જ પુરુષે પ્રવેશ કરવા માંડ્યો હતો ? તેની ભૂલ થતી હતી. તેના જીવનમાં બે પુરુષોનો પ્રવેશ થતો હતો !

સ્વદેહ જોઈ, કપડાં બદલી, દીવો હોલવી તે ખાટલામાં સૂતી, તેની દૃષ્ટિ સમક્ષ તેનું પૂર્વજીવન - મહત્ત્વનું પૂર્વજીવન ખડું થયું. વીજળીના ઝળહળતાં ઝુમ્મરો કરતાં પણ જાણે વધારે પ્રકાશ પડતો હોય એમ તે અંધારામાં જ પોતાના જીવનટુકડાને કેવી સ્પષ્ટતાથી જોઈ રહી હતી ?

એ જીવનમાં કોઈ વૈભવ ન હતો - બાહ્ય વૈભવ તો નહિ જ. વારંવાર ત્રીજા વર્ગની મુસાફરી એ તો બાળ-અનુભવ. બીજા અને પહેલાં વર્ગમાં બેસવાનું શોભનાને મન થતું હતું. પરંતુ માતા નિઃશ્વાસ સાથે અને તેના પિતા સ્મિત સાથે એ ઊંચા વર્ગોમાં મુસાફરી કરવાની ના પાડી હતી.

બગીચાવાળા મોટા મકાનમાં રહેવાનું શોભનાને ઘણું મન થતું હતું. તે પૂછતી :

'આવા ઘરમાં આપણાથી ન રહેવાય ?'

મા કહેતી :

'રહીશું બહેન ! ઈશ્વર રાખશે ત્યારે.'

પિતા કહેતા :

એ બગીચામાં ફૂલ નથી; એ ગરીબોનાં આંસુ છે. એ બંગલામાં માલિકની મહેનત નથી; એમાં સટ્ટો, જુગાર અને અકસ્માત છે.'

શોભનાને સમજ પડતી નહિ. નાનાં નાનાં મકાનોમાં તે રહેતી અને ભણતી. મોટા બગીચાવાળાં મકાનોમાં પણ તેના જ સરખી છોકરીઓ રહેતી અને ભણતી. પરંતુ આવાં મકાનોમાં તેનાથી રહેવાય નહિ; મન હોય તોપણ - એટલું તેને સમજાતું.

માતા અને પિતા બંને શોભનાને ઘણાં જ વહાલાં હતાં. શોભના માતાપિતાને પણ એટલી જ વહાલી હતી. તેજસ્વી, બળભર્યા લાગતા પિતા તેને કોઈ વાર પૂછતા :

'જો શોભના ! તને બગીચાવાળું ઘર બહુ ગમે છે, ખરું ?'

'હા.' શોભના જવાબ આપતી.

'તારે રહેવું હોય તો બગીચાવાળું એક ઘર મને જડ્યું છે.'

'તો ચાલો ને આપણે ત્યાં જ રહીએ.'

'ત્યાં તારે એકલીને રહેવું પડે. અમારાથી ન અવાય.'

'તમારા વગર કે બા વગર મારાથી શી રીતે રહેવાય ?'

'તો એ ઘરનું શું કરવું છે ?'

'મારે એમાં નથી જવું.'

આ જવાબ સાંભળી પિતા નાનકડી શોભનાને હાથમાં ઊંચકી લેતા અને તેને છાતીએ વળગાડતા. એ તેજસ્વી, બળભર્યા અને નિર્ભયતા ફેલાવતા પિતાના મુખ ઉપર એણે કદી કદી ચિંતા નિહાળવા માંડી, અને માતાને અશ્રુ ઢાળતી પકડવા માંડી.

'ભાઈ ! કાંઈ થાય છે ?' શોભના પિતાને પૂછતી.

'ના, અમસ્તો જરા થાક લાગ્યો છે.' પિતાનો જવાબ મળતો.

'હું માથું દબાવી આપું ?'

'હા.' પિતાના મુખ ઉપર હાસ્ય ફરતું. નાનકડા હાથ પિતાને કપાળે સહજ ફરતા, પિતાના મુખ ઉપરની ચિંતા દૂર થઈ જતી અને શોભનાને કશું ખાવાનું મળતું.

'બા ! શું થાય છે ? કેમ રડે છે ?' શોભના માતાને પૂછતી.

'કાંઈ નહિ, બહેન !' માતાનો જવાબ મળતો.

'માથું દુઃખે છે ?' રડવાનું જાણે એક જ કારણ હોય એમ શોભના પૂછતી.

'ના.'

'ત્યારે અમસ્તુ કોઈ રડતું હશે ?'

'હું નથી રડતી.'

'જૂઠું બોલાય ?' પોતાને દીધેલી શિખામણ બાળકો ઘણી વાર વ્યાજ સાથે મોટેરાંને પાછી આપે છે.

માતા હસી પડતી. પાસેની ઓરડીમાંથી મા-દીકરીની વાત સાંભળતા કનકપ્રસાદ કહેતા :

'એની હીરાની બંગડી આજે જતી રહી તેથી એ રુવે છે.'

'હું મોટી થઈશ અને કમાઈશ ત્યારે બાને માટે ખૂબ ખૂબ હીરાની બંગડીઓ લાવીશ.'

શોભના મોટી થતી ગઈ તેમ તેમ તેને સમજાવા લાગ્યું કે તેના પિતા જુદે જુદે સ્થળે નોકરી કર્યે જતા હતા, છતાં ઘરની ગરીબી ઘટતી ન હતી. અડધું સમજતી, અડધું ન સમજતી શોભનાએ એક દિવસ અતિ શિથિલ બની ગયેલાં માતાપિતાને પૂછ્યું :

'ભાઈ ! તમે એકલા જ કેમ કમાઓ છો ?'

'એટલે ? તું શું પૂછે છે ?'

'એમ કે... બા ન કમાઈ શકે ?'

'કમાવા માટે તો સારું ભણવું પડે ને ?'

'તે બા ભણી નથી ?'

'એટલું બધું નહિ. અને... હજી બૈરાં કમાવા જતાં નથી.'

'તે બૈરાંથી કમાવા ન જ જવાય ?'

'હવે જવું જ પડશે એમ લાગે છે.'

'હું ખૂબ ભણું તો આપણે પૈસાદાર થઈએ, નહિ ?'

કનકપ્રસાદ તેમના સમયમાં ઘણું ભણ્યા હતા, છતાં તે પૈસાદાર થઈ શક્યા ન હતા. ભણવું અને કમાવું એ બંને ક્રિયાઓ જ જુદી છે. છતાં તેમણે વાત ટૂંકાવવા કહ્યું :

'હા.'

અને ત્યારથી શોભનાનો અભ્યાસ પણ સરસ બનવા માંડ્યો. શરમાતી, સંકોચાતી, દબાતી વિદ્યાર્થિનીઓમાં શોભના આગળ તરી આવતી. અભ્યાસમાં, રમતમાં, વકતૃત્વકળામાં અને મેળાવડામાં તેને અગ્રસ્થાન મળવા માંડ્યું. વિદ્યાર્થીઓની ટીકા અને હરીફાઈએ તેનામાં બળ વિકસાવ્યું અને પુરુષવર્ગની સ્પર્ધા કરવામાં રહેલું સ્ત્રીત્વનું મહત્ત્વ પણ તેને સમજાયું.

'એક પરિચિત જાગીરદાર ઘનશ્યામરાયે શાળાના મેળાવડામાં શોભનાને ઘણાં ઈનામો લઈ જતી જોયા પછી કનકપ્રસાદને કહ્યું :

'આને મૅટ્રિક સુધી તો લઈ જશો ને ?'

'હા જી. એની તો બી.એ. થવાની મરજી છે.'

'ભણાવો; ભણાવો, છોકરી ચબરાક છે.'

'માત્ર કૉલેજનું સ્થળ અહીં નથી એ મુશ્કેલી છે.'

'એક મારા મિત્રે શહેરમાં શાળા ઉઘાડી છે. ત્યાં જવું છે ?'

'હા જી. કૉલેજનો લાભ શોભનાને આપી શકાય.'

ઘનશ્યામરાયની ચિઠ્ઠી લેઈ કનકપ્રસાદે શહેરનિવાસ કર્યો, શાળાની શાંત નોકરી સ્વીકારી લીધી, અને શોભનામાં સઘળું મમત્વ કેન્દ્રીત કરી જોરમય જાહેરજીવન ગાળવાના વિચારને વહેતો મૂકી વર્તમાનપત્રોના વાંચનમાં જ પોતાની બાહ્ય પ્રવૃત્તિ સમેટી લીધી.

શોભના મૅટ્રિકમાં આવી; તેનો દેહ પણ ઘાટીલો બન્યો; સ્ત્રીત્વના બાહ્ય લક્ષણ તરીકે નવલકથાઓ વાંચવાનો શોખ વધેલો તેનાં માતાપિતાએ નિહાળ્યો. યૌવનની ઉષાનાં શાંત પણ સમજાતા - ન સમજાતાં રંગીન અજવાળાં તેના હૃદય ઉપર ફરી વળ્યાં. પરણવું એટલે શું? પ્રેમ એટલે શું ? વગેરે યૌવનપ્રવેશના સાંકેતિક વિચારો તેને આવવા લાગ્યા - પ્રથમ એની જાણ બહાર અને પછી ભાન સહ.

વાચન વિસ્તૃત હોવાથી સ્ત્રીઓની સ્વતંત્રતાના ખ્યાલ પણ તેને આવતા જ રહ્યા. સ્ત્રી એ દાસી નથી, પુરુષની સમોવડી છે, પુરુષની સહ-અધિકારી છે એવી એવી વિચારશ્રેણીએ તેના માનસને ઘડવાનું શરૂ કરી દીધું.

પરંતુ પ્રેમની અને સ્વાતંત્ર્યની ઉગ્ર ઊર્મિ પૂરી જામે તે પહેલાં અનેક યુવતીઓને બને છે તેમ શોભનાને પણ બન્યું. તેનાં વિવાહ અને લગ્ન નક્કી થઈ ગયાં.

'બહેન ! પેલા બંગલાવાળા જાગીરદાર તને સાંભરે છે કે ?' માતાએ એક દિવસ શાળામાં આવતી શોભનાને ઘરમાં પેસતાં બરોબર પૂછ્યું.

'હા, કેમ ?' શોભનાએ જવાબ આપ્યો.

'તું કપડાં બદલી આવ, પછી કહું.'

શોભના કપડાં બદલી આવી. કનકપ્રસાદ વર્તમાનપત્રો વાંચતા બેઠા હતા. માતાએ વાત લંબાવી :

'એ જાગીરદારનો દીકરો તને યાદ છે ?'

'ના.'

'કેમ ? પેલો ઘોડા ઉપર બેસીને જતો... અને કોઈ વાર ગાડી હાંકતો... એકબે વખત તો આપણે પણ બેસીને ગયેલાં સાંભરે છે ?'

'હા, સહજ યાદ છે.' શોભનાએ બહુ મહેનત કરી, ઝાંખી બનેલી યાદને તાજી કરી.

'એ બી.એ. થઈ ગયો, અને હવે સિવિલિયન થવા વિલાયત જવાનો છે !'

'ભાઈ ! છોકરીઓથી સિવિલિયન ન થવાય ?' શોભનાએ વચ્ચેથી

પિતાને પૂછ્યું.

'ના.' વર્તમાનપત્રમાંથી મુખ કાઢી પિતાએ કહ્યું.

'કારણ ?'

'બૈરાંને એમાં બેસવાની બંધી છે.'

'બૈરાંને શું શું કરવાની બંધી નથી એ કોઈ કહેશે ?' શોભનાએ કટાક્ષમાં પૂછ્યું.

'હવે તું સાંભળ તો ખરી તારી મા શું કહે છે તે; પછી ચર્ચા કરજે.'

'પણ વિલાયતમાં તો એવું કે...' માતાએ કહ્યું. પરંતુ આખો ભાવ કયા સ્વરૂપે મૂકવો તે તેમને પ્રથમ સમજાયું નહિ અને તે અટક્યાં. એનો લાભ લેઈ શોભનાએ કહ્યું :

'મનેયે વિલાયત જવું બહુ ગમે.'

'છોકરાઓથી તો જવાતું નથી ત્યાં છોકરીઓનો શો સવાલ ?'

'એમ કેમ ?'

'અહીંથી પરણ્યા વગર છોકરાઓ જાય ને... તો ત્યાં... ને... ત્યાંની વલકુડી છોકરીઓ... એવા છોકરાઓને પરણી જાય છે.'

'તે તેમને મન હોય તો ભલે પરણે ! એમાં કોઈને શું ?' શોભનાએ દલીલ કરી.

'તું સમજતી નથી. આપણા લોકમાં તે એવી મડમો સમાય ખરી ? શાક સમારવું, રસોઈ કરવી, મહેમાનોની કાળજી રાખવી એ બધું મડમોને ન ફાવે.'

'તે વિલાયતમાં આ બધું નહિ કરતાં હોય ?'

'અહીંની અને ત્યાંની ઢબ જુદી ને ! ત્યાં તો હોટલોની સગવડ હોય. પૈસા ઘણા હોય એટલે આપણી રહેણી તેમને અનુકૂળ ન આવે !' પિતાએ વાદવિવાદમાં ભાગ લીધો.

'હં. પણ તેનું છે શું ?' શોભનાને વાતનું હાર્દ હજી સમજાયું ન હતું.

'એ છોકરાને પરણાવ્યા સિવાય વિલાયત જવા દેવાનો નથી.' જયાગૌરીએ કહ્યું.

'તે એમને ફાવે એમ કરે ! આપણે શું ?' શોભનાએ પૂછ્યું. અને માતાપિતા બંને ખડખડ હસી પડ્યાં. શોભના ખરેખર સમજતી ન હતી કે માત્ર ન સમજવાનો દેખાવ કરતી હતી તેની માતાપિતાને સમજ પડી નહિ. બહુ દિવસે આટલું મુક્ત હાસ્ય કરતાં માતાપિતાને નિહાળી શોભના પણ પ્રફુલ્લ બની. એણે પણ સ્મિત કર્યું.

'હવે સમજી ?' માતાએ હસતે હસતે પૂછ્યું.

'ના.' સ્મિતસહ શોભનાએ જવાબ આપ્યો.

'એ જાગીરદારે પોતાના દીકરા માટે તારું માગું કર્યું છે.'

શોભના પ્રથમ ચમકી. પ્રાથમિક પ્રેમ વગર પરણવાની માગણી ગમે તે વર્તમાન યુવતીને ચમકાવે એમ હોય છે.

પછી ઘણી વાતો થઈ, અને શોભનાએ શા માટે અજાણ્યા યુવક સાથે છેવટે પરણવાની હા પાડી તેનું કારણ તેને હજી સુધી જડ્યું ન હતું. માતાપિતાની ઈચ્છાને માન આપવાની વૃત્તિ, હા કહેવી સારી કે નહિ એ ગૂંચવણીનું નિરાકરણ કરવાની અશક્તિ, ધનિક કુટુંબનો સંબંધ, ભાવિ પતિનું ભણતર, અને સુખમય જીવનની આશા, પરણ્યા પછી ભણતર ચાલુ રહે એવી સગવડ, બંગલો, ગાડી, કાર, નિશ્ચિત ભવિષ્ય અને સ્ત્રીસ્વાતંત્ર્યની ભાવનાની કચાશ એ સઘળાં તત્ત્વોએ ભેગાં મળી તેની પાસે હા કહેવરાવી.

લગ્ન બહુ જ સાદાઈથી, બંને કુટુંબ સિવાય બીજા કોઈને ખબર ન પડે એવી શાંતિથી અને તીર્થધામમાં કરવાનાં હતાં એટલે માબાપનો ખર્ચ બચે. પોતાને અણગમતી જાહેરાત અટકી જાય અને સાસરે રહેવામાંથી મુક્તિ મળે એ સર્વ અનુકૂળતાઓ ભેગી હોવાથી શોભનાની હા મજબૂત બની. વરની છબી પણ તેને બતાવવામાં આવી. હોય એના કરતાં રૂપ વધારે દેખાય એ ઉદ્દેશથી છબીઓ પડાવવામાં આવે છે. છબી તેને સારી લાગી. માત્ર છબીને જોઈને જ મોહમાં પડવા જેવી લાગણી કેટલાંક સ્ત્રીપુરુષને ઉત્પન્ન થાય છે. તેવી લાગણી કાંઈ શોભનામાં જાગૃત થઈ નહિ. તથાપિ છબીવાળા યુવકમાં ખાસ વાંધો કાઢી શકાય એમ હતું નહિ. વરનો - અને વરને લીધે આખા ધનિક વરપક્ષનો એક ભારે આગ્રહ હતો કે લગ્નની જાહેરાત જરાય થવી ન જોઈએ. જોકે સગાંવહાલાંએ એ હકીકત જાણી, છતાં એ લગ્નને વર્ષો વીતી જવા આવ્યાં. બંને પક્ષમાં જાણે કશો સંબંધ ન હોય એવું વર્તન થયું, વર અને વરના પિતા વચ્ચે ઝઘડો થયો, અને દેશસેવાની-જગતસેવાની ધૂનમાં ઊતરી પડેલા વરે અજ્ઞાત, ન પરખાય, ન પકડાય એવાં બદલાતાં સ્થળ અને કાર્યની અંદર પરોવાઈ ભૂતકાળને જાણે ભુલાવી દીધો હોય એમ કર્યું હતું.

પરંતુ એ ભૂતકાળ ખરેખર ભુલાઈ ગયો હતો ખરો ?

પરણીને એક જ દિવસ સાસરે રહી તે પાછી માતાપિતા પાસે ચાલી આવી હતી. એ એક દિવસ જાણે તે નવી દુનિયામાં રહી હોય એમ તેને લાગ્યું. તેને એકાંતમાં મળવા માટે તેના પતિએ પ્રયત્નો કર્યા હતા, પરંતુ

દક્ષ સેનાધિપતિની કુશળ વ્યૂહરચનાને યાદ કરાવે એવી યુક્તિથી ઘરનાં વડીલોએ એ પ્રયત્નોને નિષ્ફળ બનાવ્યા હતા. વિલાયત જઈ ત્યાંની કોઈ યુવતીના મોહપાશમાં પુત્ર ન સપડાય એ ખાતર હિંદી યુવતીને ગળે પુત્ર બંધાવી રહેલાં વડીલો એ યુવતીનો મોહ પુત્રને ન ઊપજે એવી સતત પેરવીમાં જ પડેલાં રહે છે ! શોભનાને પણ પતિ સાથે થોડી ક્ષણ એકાંત મેળવવાની ઇચ્છા - તીવ્ર ઇચ્છા હતી જ; પરંતુ હિંદુ-સમાજરચના પુત્રવધૂને પુત્રની મોહિનીને બદલે સાસરિયાંનો શિકાર બનાવવાની વધારે જોગવાઈ રાખે છે.

ચણચણતા હૃદયે પાછી ફરેલી શોભનાને એ દિવસ હજી યાદ આવતો. પરંતુ આજ પણ કંપાવી જતો પેલો પ્રથમ પત્ર મળ્યાનો દિવસ ! પતિનો પત્ર તેનાં માતાપિતાએ તેના મેજ ઉપર મૂક્યો હતો. એણે ધાર્યું કે એ પત્ર તેના પતિનો જ હોવો જોઈએ. ધડકતે હૃદયે - કોઈ પત્ર વાંચતાં પોતાને ન જુએ એની ચોક્કસાઈ કરીને શોભનાએ પત્ર વાંચ્યો. કેટલી વાર? એને યાદ ન હતું; પરંતુ શોભના એ પત્ર અગણિતવાર વાંચી ચૂકી. એ પત્રવાચનનો તેને આછો નશો પણ ચડ્યો હતો; તે કામમાં ભૂલ કરતી હતી. સમયનું તેને ભાન રહ્યું ન હતું; શાળામાં તેનું ધ્યાન અભ્યાસમાંથી ખસી જતું હતું. તેના શિક્ષકોને સહજ નવાઈ પણ લાગી. તેની બહેનપણીઓએ તો તેને પૂછ્યું પણ ખરું કે :

'શોભના ! તારું ભાન આજે ક્યાં છે ?'

જ્યારે જ્યારે તે એકલી પડતી ત્યારે ત્યારે તે કાગળ કાઢી વાંચ્યા કરતી. રાત્રે સૂતા પહેલાં પણ અનેક વાર તેણે એ પત્ર વાંચી લીધો. પત્રવાચનને લીધે તેનાથી નિયમિત સમયે સુવાયું પણ નહિ અને સૂતા પછી તેને નિદ્રા પણ આવી નહિ. કેવો વહાલભર્યો એ પત્ર હતો ! ખરેખર, પ્રથમ પત્રમાં લખ્યા પ્રમાણે પુરુષો સ્ત્રીઓને ચાહતા રહે તો જીવન સ્વર્ગ બની જાય ! લગ્નની બીક યુવતીઓને ઓછી લાગે, અને સ્ત્રીસ્વાતંત્ર્યનો પ્રશ્ન વધારે ઉગ્ર ન બને !

એ પત્રનો જવાબ વળતી ટપાલે માગવામાં આવ્યો હતો ! એટલું જ નહિ, કવર લાવવાની હરકત ન પડે એ માટે પત્ર સાથે જ શિરનામું લખેલું કવર પણ રાખ્યું હતું. પહેલો દિવસ તો પત્ર વાંચવામાં જ વીતી ગયો ! જવાબ લખવાનો ખ્યાલ પણ પ્રથમ દિવસે આવ્યો નહિ, અને બીજે દિવસે શો જવાબ લખવો તેની શોભનાને સમજ પડી નહિ.

પહેલા પ્રેમપત્રની મૂંઝવણ એ જિંદગીની મોટામાં મોટી મૂંઝવણ હોય છે; એ દિવસો પણ શોભનાને યાદ હતા. ત્રણ દિવસે એ એક જવાબ લખી

શકી. એ જવાબ તેણે ટપાલમાં નાખ્યો નહિ; કારણ તેને એ તક - એકલી છાનેમાને કાગળ પેટીમાં નાખી આવવાની તક - મળી જ નહિ.

અને બીજે દિવસે પાછો એક કાગળ તેને મળ્યો. ધડકતે હૈયે ઉઘાડેલા એ પત્રે તેના હૃદયધડકારને લગભગ બંધ પાડી દીધો.

ધનિક ઘર છોડી સર્વ સંબંધ તોડી જનતામાં ડૂબી જતા પતિએ તેને આખો ભૂતકાળ ભૂલી જવા વિનંતી કરી હતી !

શોભના પ્રેમમાં, કુતૂહલમાં છબછબાટ કરતી હતી તે ઊંડા વમળમાં ડૂબી ગઈ. અને એ ડૂબકીમાંથી ઉપર આવતાં એ જુદી જ શોભના બની ગઈ. એને પોતાના સ્ત્રીત્વ માટે ગૌરવભાવ જાગ્રત થયો. પુરુષોના ઉપર આધાર રાખવાની સ્ત્રીપરાધીનતા પ્રત્યે તેને તિરસ્કાર આવ્યો. પુરુષને જ પડછાયે પ્રતિષ્ઠા પામતા સ્ત્રીવર્ગમાં ભળી જવાની કાયરતા તેને શરમાવી રહી. પ્રેમના વિચારોને એણે પડતા મૂક્યા. દેહ શોભાવવાની વૃત્તિ ઉપર તેણે અંકુશ મૂકી દીધો. અભ્યાસમાં તે ખૂબ પરોવાઈ. અને ક્રાંતિકારી વિચારોનું વાચન અને મનન તેણે શરૂ કરી દીધું.

એ આગ્રહભર્યા, અતડા, પુરુષરહિત જીવનમાં તેણે ચારપાંચ વર્ષ વિતાવ્યાં. પુરુષો પ્રત્યે તેણે અમુક અંશે અભાવ પણ કેળવ્યો, અને તેની આસપાસ ઊડતાં પુરુષપતંગિયાંને તેમની તુચ્છતા અને પોતાની અસ્પૃશ્યતાનું પણ તેને ભાન કરાવી દીધું. પુરુષોના સહવાસથી - સહ-અભ્યાસથી - તે જરાય સંકોચ પામતી નહિ. કારણ તેને કોઈ પુરુષથી આકર્ષાવું ન હતું, અને કોઈ પુરુષને પોતાના પ્રત્યે આકર્ષાવા દેવો ન હતો. તે વર્ગમાં, સભાઓમાં, રસ્તામાં, ટોળામાં સ્વાભાવિકપણું સાચવી રહી હતી. સ્ત્રીત્વની મૃદુતા, સ્ત્રીત્વનો સંકોચ, સ્ત્રીત્વની પરાધીનતા, અને સ્ત્રીસહજ આકર્ષણપ્રયોગોનો કદી તે આશ્રય લેતી નહિ. રડવું તેને આવતું નહિ. અને એ હસતી પણ બહુ જ થોડું.

પતિના પત્રે તેને એક પ્રકારની મુક્તિ આપી દીધી એમ પણ તેને લાગ્યું. એ પ્રેમને, પતિને, લગ્નને ભૂલવા મથી રહી. વર્ષો વીત્યે સહુ ભુલાય છે.

છતાં કદી કદી ભૂલમાં એને કુતૂહલ થઈ આવતું. સ્ત્રીઓ પુરુષો પ્રત્યે કેમ પ્રેમ ધારણ કરી શકતી હશે ? સ્ત્રીઓ શા માટે પરણી જતી હશે?

અને....અને ક્વચિત્ તેનું મન અને તેનો દેહ કાંઈક સંસર્ગને માટે પોકાર પણ કરી ઊઠતાં હતાં ! તે એકલી હોય ત્યારે, તે આયનામાં જોતી હોય ત્યારે, તે એકાંતમાં બેપરવાઈથી સૂતી હોય ત્યારે, તે નહાતી હોય ત્યારે કોઈ એવી અણુઅણુ જાગ્રત કરતી ઊર્મિ અનુભવતી કે તેને તકિયાને

મસળી નાખવાનું, ગાલે ચૂંટી ખણવાનું, પાણીને છાલકે ચડાવવાનું અને પહેરેલાં વસ્ત્રોને ફાડી નાખવાનું મન થઈ આવતું.

આ ભાવને તે ઓળખી ગઈ હતી. જુગજુગથી પુરુષનું ભોગસાધન બનેલો સ્ત્રીદેહ પરાપૂર્વથી પડેલી સાહજિક બની ગયેલી ટેવતૃપ્તિ માગતો હતો. થોડી વારમાં તે સાવચેત બની જતી હતી, અને વિકારરહિત ઉગ્ર માનસ અનુભવી શકતી. ધીમે ધીમે એ આવા દેહચાળાને જીતવામાં સફળ પણ થતી જતી હતી.

તેમાં શા માટે પતિએ વચ્ચે આવી વિક્ષેપ નાખ્યો ? પરાશર સાથે તે પરણી હતી - બહુ જ ચૂપકીથી - લગભગ ગુપ્ત રીતે તે પરણી હતી : કહો કે તેને પરણાવી દીધી હતી. પરંતુ એ પરાશર હવે તેનો પતિ હોઈ શકે ખરો?

કૉલેજના વ્યાખ્યાન પછી ભાસ્કરની કારમાં બેસતાં બેસતાં એક વ્યક્તિનો પડછાયો તેને કંપાવી ગયો. શા માટે ? એ કોઈ નિરર્થક ધર્મક્રિયાએ ઊભો કરેલો વળગાડ માત્ર હતો. એને લગ્ન ભાગ્યે જ કહે-વાય. એ લગ્ન થઈ ગયા પછી એને કાયમ માનવાનો કશો જ પ્રસંગ ઊભો થયો ન હતો. છતાં શોભના પરાશરને કેમ ઓળખી શકી ? અને ઓળખીને વિકળતા કેમ અનુભવી રહી ?

પરાશરના નવા અસ્તિત્વને શોભનાએ ભાસ્કર તરફ વધારે ખેંચી. અગર પરાશરના અસ્તિત્વને ભૂલી જવા માટે તેણે ભાસ્કરને પોતાના જીવનમાં વધારે પ્રવેશ પામવા દીધો. છતાં પરાશર સામે અને સામે આવ્યા જ કરતો હતો. ભાસ્કરને ઘેર, પરાશરને ઘેર, યંગ ઈન્ટેલેક્ચ્યુઅલ્સની સભામાં, સિનેમામાં અને બીજે પણ પરાશર અટવાઈ આવતો હતો.

એ જાણી જોઈને તો વચ્ચે આવતો ન હતો ? પોતાનો હક્ક કે અધિકાર આગળ કરે તો એનો સ્વીકાર કરવાનું સ્ત્રૈણ શોભના પાસે ન હતું. એ તો એના હક્ક અને અધિકારને ધક્કો મારે ! અને એ ધક્કો મારી શકે એમ છે એમ બતાવવા ભાસ્કરનો સંગ તે રાખ્યા જ કરતી હતી !

લગ્નના અસ્વીકારની છાપ ઉપજાવવા તે ભાસ્કર પ્રત્યે ખેંચાવાનો દેખાવ કરતી હતી કે ભાસ્કર પ્રત્યે તેને પ્રેમ ઊપજવો શરૂ થઈ ગયો હતો? ભાસ્કર સુંદર, સંસ્કારી, ધનવાન અને અનુકૂળ સ્વભાવવાળો હતો. એની પત્ની બનવામાં અણગમો આવે એવું કશું ન હતું; તે એમ જ ઈચ્છતો હતો. એની ઈચ્છા પૂરી ન પડાય ? લગ્નનાં બંધન તેને રોકી રહ્યાં હતાં, નહિ ? એ લગ્નબંધન તોડવાને પાત્ર શું ન હતાં ? સ્ત્રીએ અણગમતાં, અધૂરાં, અવિચારી લગ્નો શા માટે સ્વીકારી લેવાં જોઈએ ?

અરે, લગ્ન જ શા માટે હોવા જોઈએ ? લગ્ન વગર સ્ત્રીપુરુષના સંબંધ બંધાય તો ?

ત્યારે શા માટે તે ભાસ્કરના પ્રત્યેક પ્રેમચિહ્નનો પ્રતિકાર 'હું પરણેલી છું' એ વાક્યથી કર્યા કરતી હતી ?

તે પરણેલી ન હોત તો ? ભાસ્કર અને પરાશર એ બેમાંથી કોની પસંદગી કરત ? પરાશરે ધાર્યું હોત તો તેના પિતાની ધનિક સ્થિતિનો લાભ મેળવી તે પણ ભાસ્કર સરખો સોહામણો રહી શક્યો હોત, નહિ ? લગ્ન પહેલાંની એની છબી એક રૂપાળા, સુઘડ અને વસ્ત્રશોખીન યુવકની જ હતી. અને આજ પણ તેના તડકે તપેલા મુખમાં, તેની ઉગ્ર આંખોમાં ન ગમે એવું તત્ત્વ શું હતું ? ભાસ્કરની મૃદુતા અને પરાશરની ધમક - એ બેમાં કયું લક્ષણ વધારે આકર્ષક ?

અને પરાશરની ભાવના ?

ભાવના તો ભાસ્કરની પણ ઊંચી હતી. તે પણ પોતાનું ધન ગરીબોમાં વેરતો હતો, મિત્રોને સહાય કરતો હતો, કાર્યકરોનાં મંડળો રચતો હતો.

પરંતુ પરાશર તો ધનને ત્યાગી ગરીબીમય બની ગયો હતો ! ત્રીસ રૂપિયાનો જ એનો ખર્ચ !

એને શું શું નહિ જોઈતું હોય ? એને ક્યાં દુઃખ નહિ પડતાં હોય ? ભાસ્કરને સંભાળવા માટે નોકરોનો મોટો સમૂહ હતો. પરાશરને કોણ સંભાળતું હશે ? પેલી રતન - પારકી પડોશણ - ફક્ત તેના દુઃખે દુખી થતી હતી !

અને રંભા ?

રંભા તો બહુ વિષયી ! એને યુવકોનો જ સાથ ગમે; એને યુવકોની જ વાત હોય ! અને...અને...કોઈ કોઈ વાર એ કેવું નફ્ફટ કથન કરતી હતી? કેવી સહેલાઈથી એ પરણવાની હા પાડી દેતી ? પરાશરનો સાથ તો શોધ્યા જ કરતી હતી ! તે દિવસે સિનેમામાં પરાશરને ખેંચીને કેવી પાસે લઈ આવી !' પરંતુ શોભનાને તે સમયે કેમ ફેર આવી ગયા ? એને શું અસહ્ય લાગ્યું ? બાપ રે ! પરાશરની પાસે આવતાં કેમ શોભનાનું ભાન જતું રહ્યું ? અને તેણે હાથ ઝાલ્યો ત્યારે ? સૂતે સૂતે શોભનાનાં રોમરોમ ઊભાં થઈ ગયાં.

એ ભૂલેચૂક્યે પતિ બન્યો એમાં એનો શો દોષ ? ત્રણ દિવસથી તો એણે ખાધું ન હતું ! એનું કોઈ સગું કે વહાલું નથી એમ રતનનો આરોપ

સહુને માથે હતો. શોભનાએ પત્નીત્વ સ્વીકારી લીધું હોત તો ? એ આરોપ મૂકવાની ક્ષણ તે કદી આવવા દેત નહિ. હવે તો તેણે કમાવું પણ શરૂ કરી દીધું હતું, છતાં તેનો પતિ ત્રણ દિવસથી ભૂખ્યો રહેતો હતો !

દૂર દૂરથી કોયલનો ટહુકાર શોભનાએ સાંભળ્યો. કહે છે કે નરકોકિલા માદાને એ ટહુકારથી સાદ કરે ! પ્રતિ વર્ષ છ છ માસ સુધી એ ટહુકા કર્યે જ જાય છે !

'પરાશરના નવા મિલનને છ માસ થઈ ગયા, નહિ ?' શોભનાના મનમાં પ્રશ્ન ઊઠ્યો.

પ્રભાત થવા આવ્યું લાગ્યું. શોભનાએ ધાર્યું કે તે લાગણીવેડામાં ઊતરી જાય છે. તેણે નિદ્રા લાવવા પ્રયત્ન કર્યો. મીંચેલી આંખો તેણે વધારે મીંચી. પાસું બદલી તેણે એક પગની બીજા પગ સાથે આંટી ભીડી.

ફરી કોકિલટહુકો થયો, અને એ ટહુકામાં જ શોભનાને નિદ્રા આવી.

# અગ્નિશાંતિ

૧

હડતાલિયાઓના ટોળાને આગળ લેઈ ધસતા પરાશરને લાગ્યું કે તેના સાથીદારો અહિંસક રહી શક્યા હતા. શહેરના મોટા ભાગમાં તો તેઓ સહાનુભૂતિ મેળવી શક્યા હતા. શાંતિ જળવાય તો હડતાલનો દોષ ન નીકળે - જોકે મિલમાલિકો અગર સરકાર તરફથી પહેલો ઘા થાય તો સામા થવા માટે સહુની તૈયારી હતી જ. હિંસાની શરૂઆત પોતાના તરફથી ન થાય એટલું પરાશર માટે બસ હતું.

'ઈન્કલાબ ઝિંદાબાદ !' તેણે મોટેથી પોકાર કર્યો અને એ પોકારનો જવાબ ગગનને ભેદી રહ્યો.

પરંતુ એ પોકાર શમતા બરાબર એક બાજુથીએ આછો પોકાર આવ્યો :

'અલ્લા હો અકબર !'

સહુ કોઈ ચમક્યા અને પરાશરને પોતાના પગમાં અશક્તિનો ભાસ થયો. આર્થિક લડતમાં ધર્મનો પ્રવેશ તેને ભયભર્યો લાગ્યો. વર્તમાન હિંદમાં સઘળા ધર્મો બડાઈખોર, લડાઈખોર અને મારકણા અધર્મ બની ગયા છે.

'બોલો બોલો, શરમ આવે છે શું ? કાફર બની ગયા ? બોલો જે મુસ્લિમો હો તે : અલ્લા હો અકબર !'

હડતાલિયાઓમાં હિંદુ પણ હતા અને મુસ્લિમો પણ હતા. સૈકાઓના સહવાસે હિંદુમુસ્લિમ ઐક્યની દોરેલી રેષાઓ ભૂંસી નાખવાનું માન વીસમી સદીના લલાટે લખાયેલું છે. ધર્મનું બહાનું લાવો અને જુઓ કે એક ક્ષણમાં જગતભરના જીવ, રાક્ષસ અને પિશાચની ભૂતાવળ આપણે ઊભી કરી શકીશું !

મુસ્લિમ હડતાલિયાઓ જોરથી પોકારી ઊઠ્યા :

*'અલ્લા હો અકબર !'*

હિંદુ હડતાલિયાઓ જરા છોભીલા થયા. ઈશ્વર મહાન છે. એ કથન બધા આસ્તિકોને કબૂલ છે; પરંતુ અરેબિક ભાષામાં એ ભાવનો ઉચ્ચાર થાય તો કદાચ હિંદુઓનો ઈશ્વર અભડાઈ જાય !

'વટલી જાઓ ! થઈ જાઓ મુસલમાન ! બાયલા ! હિંદુ હો તો બોલોઃ હરહર મહાદેવ !' ટોળાના એક ભાગમાંથી કોઈ બોલ્યું. અને હિંદુ હડતાલિયાઓ બોલી ઊઠ્યા :

*'હરહર મહાદેવ !'*

બાદશાહોએ ગૌવધ બંધ કરાવ્યા. મંદિર-મઠને જાગીરો આપી અને ધર્મસમાનતાનાં ફરમાનો કાઢ્યાં ! ભલે, પરંતુ વીસમી સદીનો મુસલમાન કાફરોના ઈશ્વરનું નામ સાંભળી રહે તો હજાર વર્ષની એની હિંદની માલિકી લાજે નહિ ? છો ને આજે હિંદના માલિકો બીજા હોય !

પરાશરને લાગ્યું કે ખુલ્લા આકાશમાંથી વીજળી તૂટી પડે છે ! તેને કદી ભય લાગ્યો ન હતો તેવો ભય આજે લાગી ગયો. હિંદની આઝાદી રોકતી અનેક ચુડેલો મજદૂરોના સંગઠનથી વિનાશ પામશે એમ તેની ખાતરી હતી. ધર્મને બાજુએ રાખી રચેલાં હિંદુમુસ્લિમ મજદૂરોના સંગઠનમાં ધર્માન્ધતાની ચુડેલનો ઓળો જરા પણ ફરકશે નહિ એમ તેની ખાતરી હતી. એકાએક તેના પ્રયત્નને નિષ્ફળ કરતી આ ધર્માન્ધતા ક્યાંથી ફૂટી નીકળી તેનો એને પ્રથમ ખ્યાલ આવ્યો નહિ. કેટલાંક અચોક્કસ તત્ત્વો અણધારી ક્ષણે આગળ નીકળી આવી બાજી ફેરવી નાખે છે. પરાશરે બાજી ફરતી અટકાવવા બૂમ મારી :

'બિરાદરો ! આપણી એક જ રણગર્જના હોઈ શકે !' સહુ શાંત રહ્યા, પરંતુ બાજુએથી એક અવાજ આવ્યો :

'ભાઈઓ નથી કહેવાતું ? તે બિરાદરો કહી મુસલમાનોની ખુશામત કરે છે ?'

બીજી પાસથી એક અવાજ આવ્યો :

'મુસ્લિમોએ શું પોતાનો પોકાર છોડી દેવો ? બોલો : ઈસ્લામ ઝિંદાબાદ ! અલ્લા હો અકબર !'

પોકારનો જવાબ પણ મળ્યો અને પરાશરને કોઈએ સાંભળ્યો નહિ. એના પ્રયત્નો નિષ્ફળ ગયા. ચારે પાસથી 'અલ્લા હો અકબર' અને 'હરહર મહાદેવ'ના પોકારો સામસામા અથડાવા લાગ્યા. ઈશ્વરને નામે ઘટ્ટ બનતું વાતાવરણ પાપમય ઉગ્રતા ધારણ કરી રહ્યું. વચમાં વચમાં 'મહાત્મા ગાંધી

કી જય'નો પણ ધ્વનિ ઊપડી આવ્યો, જેના જવાબમાં 'ઝીણા ઝિંદાબાદ ! મુસ્લિમ લીગ ઝિંદાબાદ'ના પોકાર પણ થયા. આમ ઈશ્વરનું નામ લડવા માટે ઓછું પડ્યું હોય એમ માનવનેતાઓનાં નામ પણ યુદ્ધનાં કારણ બની ગયાં. મૂડીવાદપોષક મિલમાલિકની સામે એક મને ઝૂઝવા તત્પર થયેલી મજદૂર બિરાદરી ધર્મે જોતજોતામાં તોડી પાડી, અને દૂર રહેલા શોષક દુશ્મનને બાજુએ રાખી તેને ભૂલી જઈ ભાઈ ભાઈ તરીકે અત્યાર સુધી વર્તેલા મજદૂરો ધર્મને નામે - મઝહબની બાંગે - એક ક્ષણમાં દુશ્મન બની ગયા. ખભેખભા લગાડી રહેલા ભાઈઓ એ સ્પર્શથી એકએક દાઝી ગયા, અને હિંદુએ મુસલમાનને અને મુસલમાને હિંદુને સાત પેઢીના દુશ્મન તરીકે નિહાળ્યો.

દુશ્મનો શું કરે ?

ઝપાઝપ લાકડીઓ ઊડવા લાગી, માથાં ફૂટવા લાગ્યાં. અવ્યવસ્થા ફેલાઈ ગઈ અને ચપ્પુ તથા છરા પણ નીકળવા લાગ્યા. પરાશરને પ્રથમ તો લાગ્યું કે પોતાના હાથમાં રહેલી લાઠીનો ઉપયોગ કરી આ ઝનૂની ધર્માન્ધોને ફટકાવી કાઢે. પરંતુ એ વધારે ઉગ્ર માર્ગ તેને નિરર્થક લાગ્યો. ધર્માન્ધતાથી લાઠી ચલાવતા એક જંગલી હિંદુ કે જંગલી મુસલમાનને પગલે ચાલવામાં તેનું મન પાછું પડ્યું. જ્ઞાની અને અજ્ઞાની બધા જ ઝૂડવાની ક્રિયાને મહત્ત્વ આપે, મારામારીનો આશ્રય લે, તો એક અભણ મજદૂર અને એક જગત - ઉદ્ધાર કરવા નીકળેલા સામ્યવાદીમાં તફાવત જ ન રહે. એકને ધર્મનું ઝનૂન; બીજાને જગત ઉદ્ધારનું ઝનૂન. અને ઝનૂન એ માનસિક ઘેલછા નહિ તો બીજું શું ?

તેના હાથ સ્થિર થઈ ગયા; તેના પગ સ્થિર થઈ ગયા; તે અવાચક બની ગયો. તેના હૃદયમાં એક ભયાનક નિરાશાનું મોજું ફરી વળ્યું. પરાશરના જ બોધથી એકત્ર બનેલા મજદૂરો અણધારી ઢબે છૂટા થઈ ગયા ! તોફાન મિલમાલિક સામે અથવા પોલીસ સામે કરવાનો સંભવ હતો તેને બદલે અંદર અંદર જ તોફાન મચી રહ્યું. હજી પ્રજાનો શોષિત વર્ગ આર્થિક મોરચે ઊભો રહે એટલો કેળવાયો નહિ ! શું કરવું ?

પરાશરની વિચારશક્તિ પણ શૂન્ય બની ગઈ. તેના ઉપર પણ એકબે લાકડીઓ પડી ચૂકી છતાં તેનું મન સચેત ન બન્યું. એક ટોળું તેના તરફ ધસી આવ્યું છતાં. તે ત્યાંથી ખસી શક્યો નહિ. ટોળામાંથી કોઈએ તેના ઉપર લાકડી ઉગામી. એ ઉગામનાર હિંદુ હતો કે મુસલમાન તેની પણ ખબર ન રહી.

તેના માથા ઉપર ઊતરતી લાકડી એક બીજી લાકડી ઉપર ઝિલાઈ

અને તેણે એક અવાજ સાંભળ્યો :

'મત મારો !'

બેત્રણ માણસોએ તેનો હાથ ઝાલ્યો, અને તેને બાજુની શેરીમાં ખેંચી લીધો.

'ભાઈ ! આ બાજુની મસ્જિદમાં ચાલો; ત્યાં પેસી જઈએ.' તેને ખેંચનાર એક યુવકે કહ્યું. એ કંઠ સહજ ઓળખીતો લાગ્યો પરંતુ પોતાને ભાઈ કહી બોલાવનાર એ મુસ્લિમ યુવકને તે ઓળખી શક્યો નહિ. અલબત્ત, અનેક મજદૂરો તેને 'ભાઈ', 'ભાઈજી', 'ભાઈજાન' કહી સંબોધતા હતા.

'મારે મસ્જિદમાં પણ નથી જવું અને મંદિરમાં પણ નથી જવું.' પરાશરે જવાબ આપ્યો.

'કેમ ?'

'એ બંને મારે મન પાપગૃહ બની ગયાં છે.'

'પણ મુસલમાનો તમને હિંદુ ધારીને મારી નાખશે.'

'તો હું અહીં ઊભો ઊભો જ મરી જઈશ.'

'મસ્જિદમાં ન જવું હોય તો મારી મોટરલૉરી આટલામાં જ છે, ચાલો.' કહી એ મુસ્લિમ યુવકે તેને ખેંચ્યો.

'પણ મને તું શા માટે બચાવે છે ?' કહી પરાશરે ખેંચનો સહજ સામનો કર્યો. યુવકે પરાશરને મચક ન આપી. બીજા બેત્રણ માણસોની સહાય વડે તે પરાશરને ખેંચી ગયો અને તેને મોટરલૉરીમાં બેસાડી દીધો, અને તેણે પોતે જ લૉરી ચલાવવા માંડી.

'ક્યાં લઈ જાઉં ?' યુવકે પૂછ્યું.

'જહાનમમાં.' પરાશરે જવાબ આપ્યો.

'તમારું ઘર ક્યાં ?'

'મારે ઘર છે જ નહિ.'

'તો પછી મારે ઘેર ચાલો.'

'મારે કોઈને ઘેર જવું નથી.'

'એમ ચાલે ? આખા શહેરમાં તોફાન ફેલાઈ જશે. આપણે બે સાથે છીએ એટલે મને હિંદુઓ મારશે અને તમને મુસ્લિમો મારશે.'

'હું હિંદુ પણ નથી અને હું મુસલમાન પણ નથી.'

'પણ તે કાંઈ લોકો સમજશે ?'

પરાશર બેસી રહ્યો. લૉરીવાળાએ ગાડી જોરથી દોડાવી. ગાડીની બેઠક નીચેના ભાગમાં લાઠીઓ અને છરા પડેલા પરાશરે જોયા છતાં તે તરફ તેનું ધ્યાન દોરાયું નહિ. એ છરા અને લાઠીનો ઉપયોગ કરવા પ્રેરતી મનોવૃત્તિ એને શસ્ત્રો કરતાં વધારે ભયંકર લાગી.

મોટરલૉરી ડહેલા પાસે આવી ઊભી રહી. શહેરનો છેવાડાનો આ ભાગ પરાશરને જાણીતો હતો.

'ભાઈ ઊતરશો કે ?'

'ના.'

'હરકત નહિ. ડહેલાના માળીએ હું રહું છું ત્યાં તમને નહિ ફાવે. હું ગાડીમાં જ તમને સૂવાની જગા કરી આપું.'

'મારે સૂવું નથી.'

'હમણાં નહિ; પણ કાંઈ ખાશોપીશો ખરા ને ? હું ચા લાવું.'

'હું ચા પણ નથી પીતો.'

'ચા નથી પીતા ? હું ન માનું. હું જાણું ને !'

'તું શું જાણે ?'

'તમને ચા તો બહુ ભાવે છે; કૈંક વાર કરી આપી છે.'

'મને ? તું ભૂલે છે. કોઈને બદલે કોઈને ધારતો હોઈશ.'

'ગાડીવાળો હસ્યો.'

'હું તમને ન ઓળખું ? ચાનું તો આ તોફાન થયું ! પાંચછ વરસ થઈ ગયાં...'

'તારું નામ શું ?'

'મારું નામ સોમો. મને ન ઓળખ્યો ?'

'સોમો ! અલ્યા મુસલમાન વેશ લીધો છે તેં ?'

'તે હું મુસલમાન થઈ ગયો છું. સોમાનો સમનમિયાં બની ગયો છું!'

પરાશર વિસ્મય પામ્યો. જરા રહી તેણે પૂછ્યું :

'શા માટે ?'

'ભઈ ! તમે ગયા પછી મને કાઢી મૂક્યો; જાણે મેં તમને ઘરથી દૂર કર્યા હોય ! મારે ઘેર મારાં માબાપે મને ન રાખ્યો. કમાણી છોડી આવવામાં જાણે મેં અપરાધ કર્યો ન હોય ! પછી શું કરું ? ગાડીએ ચડી બેસી રેલવેવાળાઓનો માર ખાતો ખાતો શહેરમાં આવ્યો.'

'પણ તેમાં મુસલમાન કેમ થઈ ગયો ?' પરાશરના પ્રશ્ને પરાશરને જ

ચમકાવ્યો. કોઈ પણ ધર્મમાં ન માનનાર પરાશર હિંદુત્વના પેઢીગત સંસ્કારને બળે એક હિંદુનો ધર્મપલટો સહન ન કરી શક્યો શું ?

'શું કરું ? એક મુસલમાને મને ભૂખ્યાને ખાવાનું આપ્યું, અને બસ ચલાવવામાં ક્લીનરની નોકરી આપી. ભૂખને ધરમ શો ? વટલ્યો તો તે જ વખતથી; પણ ખરો મુસલમાન ગયે વર્ષે જ થયો.'

'હવે ઠીક કમાતો હોઈશ, ખરું ?'

'હા, ભાઈ ! ઠીક છે. હવે તો હું બસનો માલિક બની ગયો છું.'

'કેવી રીતે ?'

સોમાએ વાત કહી. તેને પાળનાર અને નોકરી આપનાર મુસ્લિમને કામથી સોમાએ ખુશ કર્યો. સોમાની વફાદારી અને દક્ષતા એને બહુ ઉપયોગી થઈ પડ્યાં. કમાણી વધી અને કરજે કાઢેલી મોટરબસનું કરજ સોમાની એકનિષ્ઠ નોકરીથી ફીટી ગયું. માલિકની મરિયમ નામની દીકરી સોમાથી સહેજ મોટી હતી. બંનેના હૃદયમાં યૌવન ગુંજી ઊઠ્યું. માલિક એક દિવસ અકસ્માતમાં ઘવાયો. સામાન્ય મનુષ્યો માટે સારવાર - શાસ્ત્રીય સારવાર - હોતી જ નથી. વારંવાર માંદગી વધી પડી. તેના મુખ ઉપર ભારે વ્યગ્રતા હતી. વારંવાર તે પોકારી ઊઠતો.

'મારી મરિયમનું શું થશે ?'

સોમાએ મરિયમની કાળજી પોતે રાખશે એમ જણાવ્યું. તેણે જવાબ આપ્યો :

'બેટા ! તું મુસ્લિમ થાય તો હું મરિયમ સાથે શાદી કરાવીને જાઉં.'

સોમાને આ અદ્ભુત ઉદારતાએ અસર કરી. મરિયમ તેને ગમતી તો હતી જ. તેણે હા પાડી. હિંદુધર્મ છોડ્યો, અને મરિયમ તથા મોટરબસ પામી તે સુખી સંસારી બન્યો.

હિંદુધર્મ છોડ્યાથી એને ગેરફાયદો શો થયો ? હિંદુધર્મમાં આવી ઉદાર સગવડ ગુલામી માટે જન્મેલા સોમા માટે કદી થઈ શકત ખરી ? ધર્મ બદલી સોમો સમન બન્યો તે સાથે જ તે એક મહાન બિરાદરીનો મુક્ત અણુ બની રહ્યો. તેના માનસમાં એક જાતનું સ્વાતંત્ર્ય અને મસ્તી આવ્યાં - જે હિંદુત્વના સંકોચ આપતા વાતાવરણમાં અશક્ય હતાં. તેની નૂતન મુસ્લિમતાએ તેના ઉચ્ચારમાં પણ ફરક પાડી દીધો.

'મને કૈંક આરિયાઓ કહે છે કે તું હિંદુ બની જા; પણ હિંદુઓ હવે મને ઊભો શેના રાખે ?'

'પણ હવે તું મારા જેવા હિંદુને કેમ બચાવી લાવ્યો ?'

'લો ! તે હું તમને ભૂલી જાઉં, ભાઈ ? હિંદુ હોઈએ કે મુસલમાન ! પણ જેણે આશરો આપ્યો એને નજર આગળ મરવા દેવાય ?'

'મરવા જેવું આમાં શું હતું ?'

'અરે ભાઈ ! ત્યારે તમને કશી ખબર જ નથી.'

'શાની ?'

'કે આ હુલ્લડ કેમ થયું ?'

'હું એ જ વિચારું છું. મારા સાથીદારો મને સદાય વફાદાર રહ્યા છે. આજે એમણે મારું કહ્યું કેમ ન સાંભળ્યું ?'

'સાથીદાર તો ઠીક છે, ભાઈ ! અમારા જેવા ઘડીમાં આમ અને ઘડીમાં તેમ પણ ફરે. પણ આ હુલ્લડમાં જુદી બાજી હતી.'

સોમાએ એ બાજી સમજાવી. મિલમાલિકોએ થોડા મોલવીઓ - મોલવીનો દેખાવ કરનારા ઝનૂની અર્ધભણેલાઓને તેમજ હિંદુ ધર્મને સાચવવા માટે ગુંડાગીરીની જરૂરિયાત છે એમ માનનારા સભાભંજકો અને અખાડાબાજોને હડતાલ ભાંગવા માટે રોક્યા હતા. બીજી કોઈ રીતે હડતાલ શમી નહિ એટલે બંને પક્ષને તેમણે પૈસા આપી રાખ્યા. અંદર અંદર ધર્મને નામે હડતાલિયાઓ ઝઘડી પડે તો સારામાં સારું ઈનામ મળવાનું હતું. ધર્મને કારણે તેઓ ન ઝઘડે તો છેવટે સામા થઈને પણ તોફાન કરવાનું જ હતું. આ એક બનેલા ટોળાને ધર્મે લડાવી મારવાનું સત્કાર્ય કર્યું; અને મિલમાલિકો ઉપર કશો જ આરોપ આવી શકે નહિ એવી કુનેહથી હડતાલિયાઓ અંદર અંદર જ લડી પડ્યા.

હિંદુ-મુસ્લિમ ઝઘડાઓ તો હિંદને શરમાવતા ઝબકી ઊઠે છે; પરંતુ એ ઝઘડાઓની પાછળ આવી ચાલબાજીઓની ચોકસાઈ હોય છે એનું તેને અત્યારે પ્રથમ જ ભાન થયું. અર્થ કાજે ધર્મને વેચવા કોઈ વ્યક્તિ પ્રયત્નશીલ થાય; પરંતુ સંસ્થાઓ અને સમાજો ધાર્મિક મતભેદને હથિયાર બનાવી ધર્મની, માનવતાની, જીવનની, આવી ક્રૂર મશ્કરી પણ કરી શકે એ તેને માટે ન રુઝાય એવો ઘા બની ગયો. તેને એમ લાગ્યું કે ચારે પાસ વ્યાપી રહેલી આ નીચતામાં જીવવા કરતાં મરવું વધારે શ્રેયસ્કર હતું !

'અને તેમાં તમને ઘા કરવાની તો બરાબર પેરવી હતી. મને જ એ કામ સોંપાયું !' સોમાએ કહ્યું.

'તને ?'

'હા, ભાઈ ! હું મિલમાં લારી અને બસનો કૉન્ટ્રાક્ટ રાખું છું ને ?'

પરાશર કાંઈ બોલ્યો નહિ. તેની જિહ્વામાં ઊતરે એવા ઉદ્ગાર તેની

પાસે ન હતા. તેના મનમાં વિચારો ઊભરાતા હતા કે તેમાં શૂન્યતા જ હતી?

બહારના અંધકારને તે નિહાળી રહ્યો. ઓછા-વધતા પ્રકાશવાળા દીવા એને દેખાયા. એ સર્વ દીવાને ફૂંક મારી હોલવી નાખવાનું તેને મન થયું.

'કાંઈ જમશો ? હું ચોખ્ખું લાવી આપું.' સોમાએ કહ્યું.

'ચોખ્ખું ? એટલે ?'

'મુસલમાનના હાથનું નહિ.'

'મને ઘા કરવાને બદલે બચાવી લાવનારનો હાથ ચોખ્ખો શા માટે નહિ ? અનેક હિંદુ હાથ કરતાં તારો હાથ વધારે પાક છે.'

'પણ...મારા ઘરમાં તો મરિયમ રસોઈ કરે છે ને ?'

'મુસલમાનના હાથનું જમવાથી વટલાય એવું મારું હિંદુત્વ રહ્યું નથી. અને મરિયમ નામ જ એવું છે કે જેને પગે લાગવાનું મન થાય. ઈસા મસીની એ મા !'

'ઘરમાં આવશો કે અહીં જમશો !'

'અહીં જ બેસીશ; મને ફાવી ગયું છે.'

પરાશરની જીભમાં સ્વાદ રહ્યો ન હતો છતાં સમનના આગ્રહે તે જમ્યો, અને આખી રાત તેણે બસની પાટલી ઉપર સૂતાં સૂતાં વિતાવી.

સોમો-સમનમિયાં પણ આખી રાત જાગ્યો. એ નાનકડો નોકર સુખી ગૃહસ્થ બની ગયો હતો. ધર્મપલટાથી એની માનવતા પલટાઈ ન હતી. અને માનવતા ખોવડાવતો કયો ધર્મ જીવતો રાખવાને યોગ્ય કહેવાય ? ત્રણ દિવસની ભૂખ પછી તેને ભોજન મળ્યું. જગતમાં જીવવા જેવું છે ખરું?

## ૨

સમન છાપું વાંચતો પણ થઈ ગયો હતો. સવારના પહોરમાં 'સતવાદી-સતવાદી'ની બૂમ મારતા ફેરિયાએ જગતને જગાડ્યું. સમને છાપું ખરીદ્યું અને બહુ જ રસપૂર્વક વાંચવા માંડ્યું. પરાશર હજી તેની બસમાં સૂઈ રહ્યો હતો. સમનનું ડહેલું એ તેનું ઘર પણ હતું. તડકો કે વરસાદ હોય ત્યારે બસને તે ડહેલામાં મૂકતો, નહિ તો બહારના ખુલ્લા ચોગાનમાં તે પડી રહેતી.

પરાશરને જાગતા બરોબર આશ્ચર્ય લાગ્યું. પોતાની ઓરડીમાં જ જાગવા ટેવાયલી પરાશરની આંખને બસ અને તેની આસપાસનું વાતાવરણ નવાં જ લાગ્યાં. છાપું વાંચતા સમનને તેણે જોયો અને આખી ઘટના યાદ આવી. પરાશરને જાગૃત થયેલો જોતાં સમન પાસે આવ્યો.

'તે ભાઈ ! તમે "સતવાદી" છાપામાં છો ?' તેણે પૂછ્યું.

'હા કેમ ?' પરાશરે જવાબ આપ્યો.

'આ છાપામાં બધું લખ્યું છે. તેમાં તમારુંયે નામ છે.'

'મારું નામ ?'

'હા, એટલા માટે કે તમે આખી હડતાલ ઊભી કરી; પણ તોફાનમાં તમારો પત્તો ન લાગ્યો. બધા તમારી શોધમાં છે.'

'મને શા માટે શોધે છે ?'

'તમને નહિ, તમારી લાશને શોધે છે.' હસીને સમને કહ્યું.

'મારી લાશને ?'

'હા. તમને ઘા થયો અને એક મોટરમાં ઘસડી તમારી લાશને વગે કરવા ગુંડાઓ લઈ ગયા એવી બાતમી છાપાવાળાને કોઈએ આપી છે.'

'એમ ? ભલે. હવે હું ખરી ખબર આપું.'

'હમણાં ચાર દિવસ કશેય જવું નથી. પોલીસ કૈંકને પકડે છે અને તમારું નામ તો બધામાં જાણીતું થઈ ગયું છે.

'પણ હું રહીશ ક્યાં ?'

'મારું ઘર નથી ? મને કોઈ પૂછવાનું નથી.'

'મિલવાળા નહિ પૂછે ?'

'હડતાલ ભાંગી એટલું બસ છે. હું તો એમાં ઊભો પણ ન રહું. તમને

ખબર નહિ હોય પણ હું તો તમારા "યુનિયન"માં છું. તમારાં ભાષણો ઘણી વખત સાંભળું છું; પણ એ હડતાલ ભાંગવાની પેરવી ચાલી એટલે હું જાણી જોઈને એમાં ભળ્યો. તેમાંયે જ્યારે સાંભળ્યું કે તમને ઘસી નાખવાના છે ત્યારે તો એ કામ મેં જ માથે લીધું. બીજો હોત તો તમને છરો ભોંકી દીધો હોત ને ?'

'પણ તને મિલવાળા પૂછશે તેનું શું ?'

'કહીશ કે તમે છટકી ગયા અને તમારા જેવા બીજા કોઈને છરો ભોંકાઈ ગયો.'

પરાશરનો દેહ દુઃખતો હતો; મનનો દુઃખાવો એથી પણ વધારે હતો. મિલવાળાઓએ ભલે હડતાલ ભાંગવાની યુક્તિ રચી. એ સફળ કેમ થઈ? એનું નિદાન શું ?

તેનામાં ઊઠવાની શક્તિ રહી ન હતી. તેને કાંઈ પણ કામ કરવાનું મન રહ્યું ન હતું. તેને શૂન્યતામાં ઊતરી જવાની જ ઇચ્છા રહ્યા કરતી હતી. દેશને સ્વતંત્ર બનાવવો, પ્રજાને સુખ મળે એમ કરવું, શોષિતોનો જીવન-ભાર હળવો બનાવવો - એ બધી ભાવનાઓ ખાલી, નિર્બળ અને હવાઈ લાગી. કોઈને સ્વતંત્ર બનવું નથી ! બીજાઓ સ્વાતંત્ર્ય લાવી આપે તો ઠીક. પ્રજાને સુખ આપવું એટલે પહેલું પોતે સુખ મેળવી લેવું, અને એ સુખ સનાતન રહે એવી જ ચોકસાઈ કરવી. એટલું થાય પછી વધ્યુંઘટ્યું સુખ ભલે પ્રજામાં વેરાય ! અને શોષિતો ? એમને જીવન હોય તો જીવનભારનું ભાન થાય ને ? કાલે મહાત્મા ગાંધીને તેઓ સાંભળતા હતા. મહાત્માએ પીછેહઠ કરી એટલે સામ્યવાદને તેમણે સાંભળવા માંડ્યો; પરંતુ એ ગાંધીવાદ અને સામ્યવાદ હજી તેમને હિંદુમુસ્લિમ વિરોધથી મુક્ત નથી કરી શક્યા.

પરાશર જરા ચમક્યો. સામ્યવાદીઓ અને સમાજવાદીઓ બહુ બુદ્ધિમાન હોય છે. દલીલમાં તેઓ અત્યંત નિપુણતા ધરાવે છે, અને પ્રત્યેક બનાવ કે પ્રસંગનાં કારણોની સાંકળને માર્ક્સે ભાખેલા આર્થિક વર્તારાની સાથે જોડી દેવાની દક્ષતા બતાવ્યા કરે છે - જેમ હિંદુશાસ્ત્રો અને રૂઢિઓ બધા જ વ્યવહારને વેદમાં કે ગીતામાં જોવા મથે છે તેમ.

હિંદુમુસ્લિમ વિરોધ આગળ અટકી પડેલા સામ્યવાદનો વિચાર આવતાં જ પરાશરને લાગ્યું કે કાં તો સમાજ સામ્યવાદ માટે પક્વ થયો નથી કે પછી સામ્યવાદીઓની પ્રચારપદ્ધતિ ખામીભરેલી છે. સમાજ પક્વ ન હોય તો તેવો બનાવવાની સામ્યવાદીઓની ફરજ હતી. પ્રચારપદ્ધતિ ખામીભરેલી હોય તો આત્મનિરીક્ષણ કરી તેને સુધારવી રહી.

આત્મનિરીક્ષણ ! પાછો ગાંધીવાદનો પડઘો ! ગાંધીવાદે કેટલી જબરી ચૂડ હિંદના માનસ ઉપર ભેરવી છે !

આખો દિવસ પરાશર બસમાં પડી રહ્યો. તેણે છાપાં વાંચ્યાં. કેટલાકે હડતાલિયાઓનો દોષ કાઢ્યો. કેટલાકે મિલમાલિકોનો દોષ કાઢ્યો. કેટલાકે પોલીસબંદોબસ્તનો દોષ કાઢ્યો. કેટલાકને સખ્ત વાગ્યું હતું, ઘણાને થોડું થોડું વાગ્યું હતું અને બે મરણો નોંધાયાં હતાં. આગેવાન પરાશરની સલામતી માટે સહુએ શંકા વ્યક્ત કરેલી હતી. લોકોમાં તોફાનનો ભય વ્યાપી ગયો હતો. દુકાનો અડધી બંધ હતી અને પોલીસના પહેરા શહેરની ચોકી કરતા હતા. હડતાલિયાઓ અંદરઅંદર લડ્યા એની ખબર બહુ ઓછા ખબરપત્રીઓએ આપી હતી. મિલમાલિકોએ હડતાલ ભાંગવા શું કર્યું હતું તેની માહિતી પત્રોમાં ન હતી. બહુરંગી કારણો આ તોફાન માટે આપવામાં આવતાં હતાં. એક મુસ્લિમ હડતાલિયાએ એક હિંદુની માલિકીની ગાયને પંપાળી તેમાંથી ઝઘડો ઊભો થયાનું એક ભરોસાપાત્ર ખબરપત્રીએ જણાવ્યું. એક હિંદુ હડતાલિયાએ મસ્જિદ આગળ 'વંદેમાતરમ્' ગાવા માંડ્યું, તેમાંથી તકરાર થવાનું બીજા ભરોસાપાત્ર ખબરપત્રીએ જણાવ્યું. પરંતુ 'અલ્લાહો અકબર' અને 'હરહર મહાદેવ'ની ઘોષણાને અંગે હિંદુમુસ્લિમ ઝઘડો થયો હતો એમ તો સહુએ સ્વીકારી લીધું હતું.

પરાશરને ત્રીજા પહોરે એમ લાગ્યું કે તેણે પોતાની જાહેરાત કરવી જ જોઈએ. સમન અડગ હતો. તેણે અને મરિયમે પરાશરને આગ્રહ કરી રાત પૂરતો રાખ્યો. તે બહુ જ આદર અને સારવાર પામ્યો. આ વ્યક્તિગત સ્વભાવમાધુર્ય અને સામુદાયિક વિગ્રહ વચ્ચેનો વિસંવાદ તેના મનને કોર્યા કરતો હતો.

સોમા એક વખતનો બાલનોકર. ધર્મપલટામાં સુખ અને સંસાર મેળવી સંતુષ્ટ થયેલો. એ એક સહજ ઊંચા વર્ગનો શ્રમજીવી શા માટે પરધર્મી પરાશરને બચાવતો હતો ? એને સમૂહે અસર કેમ ન કરી ? એક વખત એ હિંદુ હતો માટે ? એમ તો હિંદના સાડી નવ્વાણું ટકા મુસ્લિમો કેટલી પેઢી પહેલાં હિંદુ જ હતા ને ?

બીજે દિવસે તે જવાને તૈયાર થયો. સમને કહ્યું :

'ભાઈ ! હજી જોખમ છે. ન જશો.'

'શું જોખમ છે ?'

'એ કહેવાનું નથી, પણ ચારપાંચ દહાડા અહીં કાઢી નાખો. હું હરકત નહિ પડવા દઉં.'

'હરકતનો પ્રશ્ન નથી; પણ જોખમનો ભય મારે ટાળવો જોઈએ.'

'તો પછી અહીં જ રહી જાઓ ને !'

'જોખમની સામે જઈને હું ભય ટાળવાનો. જોખમથી ભાગવામાં હું માનતો નથી.' સહજ આરામ અને પોષણની અસરથી પરાશરની ઓસરી જતી તાકાત પાછી આવવા માંડી હતી. સમનનો આગ્રહ વ્યર્થ બન્યો અને અંતે પરાશરે મરિયમની રજા લીધી. સમન કરતાં સહજ મોટી ઉંમરની આ મુસ્લિમ યુવતી બુરખામાં રહીને પણ એક હિંદુને આશ્રય આપી શકી હતી. એ અદ્‌ભુત ઉદારતા પરાશરને પોતાના અગ્નિમય જીવનમાં શીતળતાની ઝડી સરખી લાગી હતી. તેણે મરિયમનો આભાર માન્યો.

'શાનો આભાર ? અમને અભણને કશી ગતાગમ તો હોય નહિ...' મીઠા અવાજે મુખ ઢાંકી રહેલી મરિયમે કહ્યું. તેને બોલતી અટકાવી પરાશરે પૂછ્યું :

'તમે ભણ્યાં નથી ?'

'ના, અમને કોણ ભણાવે ?'

'હું ભણાવું તો ?'

સમન બસ તૈયારી કરી લાવ્યો. તેણે કહ્યું :

'ચલો, ભાઈ ! બેસી જાઓ. હું મૂકી આવું.'

'જરૂર નથી, હું ચાલ્યો જઈશ.' પરાશરે કહ્યું.

'તે હું એમ જવા દઉં ખરો ?'

'હું એક શર્તે બેસું.'

'શી ?'

'મરિયમને ભણાવવાનું કબૂલ કરે તો.'

'હા હા, કબૂલ; તમે ચાલો ને !'

અજ્ઞાન, અંધશ્રદ્ધા, ઝનૂન, સ્વાર્થ, દાવપેચ અને જુઠ્ઠાણાને પોષતી સમાજરચનામાંથી આવા અપવાદો કેમ નીકળી આવતા હશે ? સમનની સાથે જતાં જતાં પરાશર વિચારવમળમાં પડ્યો. પરાશરની ચાલી ક્યાં આવી હતી તે સમનને બતાવવાની જરૂર ન હતી; કારણ પરાશરનું સ્થાન તે જાણતો હતો. મકાન આવતાં ગાડી ઊભી રાખી તે પરાશર સાથે જ ચાલીમાં આવ્યો.

'ભાઈ ! આવ્યા ?' રતન દૂરથી બૂમ પાડતી આગળ આવી. લોકો ભેગા થઈ ગયા અને પરાશરની ઓરડીમાંથી ડૉક્ટર કુમાર પણ બહાર નીકળી આવ્યો. તેણે પૂછ્યું :

'ક્યાં હતો ? અમારી તો ઊંઘ ઊડી ગઈ !'

સહુએ એવા જ પ્રશ્નો કર્યા. એને કાંઈ વાગ્યું ન હતું એ જાણીને સહુને આનંદ થયો.

'હવે એમને જરા બેસવા દો.' કોઈએ કહ્યું.

પરાશર પોતાની ઓરડીમાં આવ્યો. કુમારે તેને તેના ખાટલામાં બેસવા જણાવ્યું; પરંતુ તેમ ન કરતાં એ પોતાની સાદડી ઉપર બેઠો. સમન અને રતન તેની સાથે જ ઓરડીમાં ગયાં.

'તું જા હવે. ક્યાં સુધી રોકાઈશ ?' પરાશરે સમનને કહ્યું.

'મને એમ થાય છે કે હું હજી થોડા દિવસ તમારી ભેગો રહું.'

'જરૂર નથી. આ ડૉક્ટર મારી ભેગો છે. મને વાગશે તો એ દવા કરશે, અને આ રતન મારી પરિચારિકા બનશે.' હસીને પરાશર બોલ્યો. તેને પોતાની ઓરડી મળી. એ ઓરડીએ તેને અનેક પ્રસંગે દૃઢતાના પાઠ શીખવ્યા હતા. ઓરડી પરાશરના જીવનવર્તુલ જેવી જીવતી બની ગઈ હતી. પરાશરમાં જીવનનો ઉત્સાહ ઊભરાયો.

'ભાઈ ! હું હજી કહું છું કે કોઈનો વિશ્વાસ ન કરશો.' સમને કહ્યું.

'એટલે ?'

'મારોયે ના [illegible]

'તારો વિશ્વા [illegible] પછી જીવું શા માટે ?'

'ખિસ્સામાં ચપ્પુ તો રાખી જ મૂકજો.'

'વારુ.'

અત્યંત અણગમાસહ સમન ગયો. પરાશરે રતનને અને કુમારને બે રાતનો અનુભવ કહ્યો.

'ચાલ હવે બધે ખબર આપું. પહેલી પોલીસને, એટલે એ તારી લાશને બદલે તને ઝાલશે.' કુમારે કહ્યું.

'એટલે ?'

'તારો પત્તો ન હતો એટલે તારું ખૂન થયેલું બધા ધારતા હતા. હવે તું જીવે છે એટલે તું ગુનેગાર ગણાઈ પોલીસને હાથ પડીશ.'

'વૉરંટ નીકળ્યું છે ?'

'હવે નીકળશે; પણ મને ખબર કરી આવવા દે. પેલો ભાસ્કર અને તારી દોસ્ત રંભા પણ બધે તપાસ કર્યા કરે છે.'

'પેલી બીજી છોકરી પણ આવી હતી.' રતને કહ્યું.

'કોણ ?'

'હોય પેલી તે દિવસે તમને મળ્યા વગર બહારથી જ જતી રહી હતી તે !'

પરાશરને શોભનાનો ખ્યાલ આવ્યો; પરંતુ તે કાંઈ બોલ્યો નહિ. કુમાર ખબર આપવાને માટે બહાર નીકળ્યો. સાથે સાથે ઘવાયેલા મજૂરોને પાટાપટ્ટી કરવા માટે પણ તેને જવાનું હતું. પરાશર અને રતન એકલાં પડ્યાં.

'મારો તો જીવ ઊડી ગયો હતો !' રતને કહ્યું.

'મને પણ એક વખત એમ થયું કે હું જીવતો ન રહું તો વધારે સારું.' પરાશરે પોતાની એક ઊર્મિનું વર્ણન આપ્યું.

'ખમ્મા કરે તમને ! મેં તો બાધા માની છે.'

'કોની ?'

'કહીશું પછી. તમારે તો કશામાં માનવું જ નહિ ને ! જરા દેવદર્શન કરતા રહો તો માથેથી ભાર તો ઊતરે !'

બાધા, દેવ અને દર્શન એ બધા જ વહેમ હતા. એમાં પરાશરને શ્રદ્ધા તો ન જ હોય; પરંતુ ઊલટો વિરોધ હોય; છતાં એ પ્રત્યાઘાતી ભાવ અત્યારે નિઃસ્વાર્થ પ્રેમનું સ્ફોટન કરતો હતો. વહેમવિરુદ્ધ કાંઈ પણ કહેવાનું પરાશરને મન થયું નહિ.

'આ એક કાગળ તમારા નામનો આવ્યો છે.' રતને ચોળીમાંથી પત્ર કાઢતાં કહ્યું.

'મારા નામનો ? જોઉં.,' પરાશરે કાગળ લીધો.

ગઈ કાલનો ટપાલમાં પડેલો પત્ર આજની છાપ ધારણ કરી રહ્યો હતો. અક્ષર ઓળખાયા નહિ. કાગળ તેણે ફોડ્યો. તે ઉઘાડતાં એક કોરા કાગળમાં વીંટેલી રૂપિયાની નોટો બહાર નીકળી આવી. પચાસ રૂપિયાનાં એક કાગળિયાં હતાં !

'મને આમ રૂપિયા કોણ મોકલાવે ?' પરાશરના મનમાં વિચાર આવ્યો.

'હવે તો ભૂખ્યા નથી રહેવું ને ?' રતને પૂછ્યું.

'હું કદી ભૂખ્યો રહેતો જ નથી.'

'જુઠા. હવે જરા સારું ખાઓ.'

'પણ એ પૈસા કોના ?'

'હવે તમારા.'

'મારા નહિ જ. મારી મહેનત સિવાયનો પૈસો વાપરું તો હું પાપમાં પડું.'

પરાશર બોલ્યો. રતન તેની સામે જોતી રહી.

## ૩

પરાશર છાપે ચડીને મહાપુરુષ બની ગયો. વાચકોએ તેની આસપાસ કૈંક વાર્તાવલિ ઊભી કરી. તેનું ખૂન થવાનો સંભવ તેના પ્રત્યે વાચકજગતનો સમભાવ પ્રેરી રહ્યો. જીવતોજાગતો જડ્યાની હકીકતં વાંચી લોકોનો સમભાવ તેના પ્રત્યે વધી ગયો. એનું ખૂન કેમ થવાનું હતું, એ કેમ બચી ગયો, એણે કેટલી બહાદુરી કરી એ સંબંધમાં લોકોની કલ્પનાએ જાતજાતની નવલકથાઓ ઘડી કાઢી. આવા મિથ્યા સમભાવનો તિરસ્કાર કરી રહેલો પરાશર કશી હકીકત બહાર પાડવાની તૈયારી બતાવતો ન હતો એટલે કુતૂહલ અને સમભાવ અનેકગુણ વધી ગયા. લોકો તેના તરફ આંગળી ચીંધવા લાગ્યા.

'આ પેલો પરાશર !'

એ ઉદ્‌ગારો તેણે રસ્તે ચાલતાં ઘણી વાર સાંભળ્યા. સમૂહની કલ્પના અને સમભાવ ઉપર જ જગતની ઉન્નતિનો આધાર રહેલો છે, પરંતુ અશાસ્ત્રીય અને અવાસ્તવિક સમૂહમાનસ કેટકેટલી વિકૃતિઓ ઉપજાવે છે એનું દૃષ્ટાંત તાજું જ હતું. સમૂહને લડત ઉપર ઊંચકવામાં રહેલાં જોખમોનો ખ્યાલ તેને આવવા લાગ્યો હતો. જોકે એ સમૂહની લડત સિવાય મૂડીવાદનો નાશ થવાનો નથી એની પણ તેના મનમાં ખાતરી જ હતી.

પોલીસે પણ તેનો ઠીક ઠીક પીછો લીધો હતો, કારણ હડતાલની યોજના તેણે જ ઘડી હતી. મિલમાલિકો પ્રાંતીય સરકારના પરિચિત મહાસભાવાદી હતા એટલે પોલીસ બરાબર તપાસ કરવાની ચાનક રાખતી હતી. હડતાલ ભાંગવા માટે થયેલી યુક્તિ વિષે કોઈ કશું જ જાણતું ન હતું. અને ખાદીધારી મિલમાલિકોએ તો હાથ નીચેના અને તેમનાથીયે દૂર રહેલા હાથ નીચેના કાર્યકર્તાઓને 'ગમે તેમ પૈસા વાપરો, પણ હડતાલ બંધ પડાવો ! શું કરવું તે અમને પૂછશો જ નહિ !' એવી સૂચના સાથે કાને હાથ દઈ સત્ય અને અહિંસાપાલનની પ્રતિજ્ઞા કોઈ પણ ન્યાયની અદાલતમાં સાબિત થાય એવી રીતે પાળી હતી.

હડતાલ પડાવવામાં અંગત રીતે ખૂબ રસ લઈ રહેલા વિજયરાયને મિલમાલિકોએ મનાવ્યા; પ્રધાનો તેમને ઘેર ખેંચાઈ આવ્યા અને હડતાલ બંધ પાડવાની મસલત કરવા જેવું મહત્ત્વ તેમને આપ્યું; સમિતિમાંથી દૂર કરવાની દરખાસ્ત કરનાર ઉછાંછળા મહાસભાવાદી યુવકે વિજયરાય

સામે નાકલીટીઓ પણ ખેંચી અને એક મહોત્સવમાં પ્રમુખસ્થાન લેવાની આર્જવભરી વિનતિનો આગેવાનોએ વિજયરાય પાસે સ્વીકાર કરાવ્યો એટલે કુસંપના ગેરફાયદા સમજી ચૂકેલા અને પક્ષ પાડવાની નીતિ વિરુદ્ધ ખૂબ બોલી ચૂકેલા વિજયરાયે દેશની દાઝ હૈડે ધરી હડતાલમાંથી અંગત રસ લેવાનું ઓછું કરી નાખ્યું હતું. તેમણે પૈસા આપવામાં પાછાં પગલાં કરવા માંડ્યાં હતાં અને સમાજવાદી પુત્ર ભાસ્કરને હડતાલિયાઓમાં વધતી જતી હિંસક વૃત્તિનું સૂચન કરી કેમ ખસી જવું તેની ચેતવણી પણ આપી દીધી હતી. પરાશર આ બધી વિગતોથી અજાણ્યો હતો, અને ભાસ્કરના મોજી બિનજવાબદાર વલણને દોષ દેતો હતો. સરઘસમાં તે છેલ્લે દિવસે ન જોડાયો એની પરાશરને રીસ પણ ચડી હતી. પરંતુ હિંસાનો વિજય થયો અને પરાશરે ન ધારેલી રીતે હડતાલનો અંત પણ આવી ગયો. પરિણામમાં ઘવાયલા મજૂરો, મૃત થયેલા બે શ્રમજીવીઓનાં નિરાધાર બનેલાં કુટુંબ, પરાશરની તપાસ અને સમાજ ઉપર ચડેલો ઝેરનો એક વધારે પુટ એટલું જ અસ્તિત્વમાં રહ્યું.

પરાશરે પત્રમાં કામ પણ શરૂ કરી દીધું હતું. ચારપાંચ વર્ષથી ઘર છોડી ગયેલા પુત્રના ખૂનનો સંભવ વાંચી પરાશરના કુટુંબે તારથી તેની ખબર પુછાવી હતી - જોકે મમતે ચઢેલું કુટુંબ પુત્રની ખબર પૂછવા જેટલું પણ અત્યાર સુધી કુમળું બની શક્યું ન હતું. ભાસ્કરે મજૂરપક્ષ પ્રત્યેનો રસ ઓછો કરી નાખ્યો, અને પરાશરની મૈત્રી જોકે તેણે ચાલુ રાખી છતાં તે મોટે ભાગે શોભના કે રંભા - ઘણુંખરું રંભાને લઈ કારમાં જ વખત વિતાવતો હતો.

પરાશરને પચાસ રૂપિયા ખૂંચ્યા કરતા હતા. તેણે રંભાને પૂછ્યું, ભાસ્કરને પૂછ્યું, કૃષ્ણકાન્તને પૂછ્યું; પરંતુ કોઈએ તેને પચાસ રૂપિયા મોકલ્યા ન હતા - જોકે સહુએ પચાસને બદલે સો રૂપિયા આપવાની તીવ્ર ઈચ્છા દર્શાવી. પરાશરને રૂપિયાની જરૂર ન હતી. અંગત ઉપયોગ માટે તો નહિ જ. ત્રીસ રૂપિયામાં પૂરું ન થાય તો તે ભૂખ્યો રહેવાનું પસંદ કરતો હતો; પણ નિશ્ચિત કરેલી રકમ કરતાં એક પાઈ પણ વધારે ખર્ચ કરતો નહિ.

ઑફિસમાં રવિવારની રજા હતી - રવિવાર એટલે સંપૂર્ણ રજા નહિ. થોડું કામ કરીને અડધો દિવસ છુટ્ટા ફરવાની સગવડ એ દિવસે મળી શકતી હતી. પરાશરનાં લખાણો પણ હજી ડગમગતાં આવતાં હતાં - એના લખાણમાં કૈંક અસ્થિરતાનો પ્રવેશ થયો હતો. એટલે છેવટની સુધારણા પામેલો અગ્રલેખ લખી રહી તે બહાર નીકળ્યો.

બપોરના ત્રણનો શુમાર એ પગે ચાલવા માટે ભાગ્યે જ અનુકૂળ સમય માની શકાય; પરંતુ શ્રમજીવીઓના દેશમાં કોઈને થાકવાનો અધિકાર નથી. ને નેતૃત્વ ઈચ્છતા યૌવનથી તો તાપ, ટાઢ કે થાકનું નામ દેવાય જ નહિ. ગાડી, મોટર અને બસની સતત શર્ત વચ્ચે પરાશર પગે ચાલતો આગળ વધ્યો. એકબે વળાંક આગળ તે સહજ ધીમો પડતો, અને રસ્તે જતા કોઈ કોઈ માણસના ધ્યાનનો વિષય પણ બનતો. અડધે પોણે કલાકે તે શોભનાના ઘર પાસે આવ્યો. ક્ષણભર તે સીડી આગળ અટક્યો. તેણે ઊંચે જોયું. છજું ખાલી હતું. તે સીડી ઉપર ધીમે ધીમે ચડ્યો.

'કોનું કામ છે ? શોભનાનું ?' જયાગૌરીએ પોતાના ખંડ પાસે થઈ જતા પરાશરને પૂછ્યું.

'હા જી.' પરાશરે જવાબ આપ્યો. શોભનાએ નોકરી શરૂ કરી ત્યારથી તેને મળવા ઘણાં માણસો આવતાં હતાં. જયાગૌરીને નવાઈ ન હતી. તેમણે કહ્યું :

'છજામાં થઈને જાઓ.'

પરાશરે છજામાં પ્રવેશ કર્યો. તેને ઘડીમાં આગળ જવાનું અને ઘડીમાં પાછા જવાનું મન થતું હતું. પરંતુ છજું બહુ લાંબું ન હતું. એકાએક ઓરડાનું બારણું આવ્યું. શોભના એક પુસ્તક જોતી હતી. તેની સામે ચાનો સામાન પડ્યો હતો.

પરાશરે ખુલ્લા બારણાની બારસાખ આંગળીથી ખખડાવી. શોભનાએ પુસ્તકમાંથી બારણા તરફ જોયું. શોભનાના હાથમાંનું પુસ્તક હાલી ગયું.

'હું આવી શકું ?' પરાશરે બહુ જ ધીમેથી પૂછ્યું. આવનારને ના પાડવી - અને તે આપણને જોઈ જાય ત્યાર પછી - એ બહુ જ મુશ્કેલ કામ છે. શોભના યંત્રવત્ બોલી :

'હા.'

પરાશર ઓરડીમાં આવ્યો. નીચું જોઈ રહેલી શોભનાની સામે મૂકેલી એક ખુરશી ઉપર તે બેસી ગયો. થોડી ક્ષણ સુધી બન્ને યુવકયુવતી શાંત બેસી રહ્યાં.

'હું રોકતો નથી ને ?' બોલવાનો વિષય ઝટ યાદ ન આવવાથી પરાશરે પૂછ્યું. ભલભલા નેતાઓ અને ગુંડાઓથી ન બીતો પરાશર શોભનાની સામે નિર્બળતા અનુભવતો હતો ? શોભનાને આજ તે પહેલી વાર મળ્યો ન હતો - અલબત્ત, તેને એકલીને મળવાનો આ પ્રથમ પ્રસંગ જ

હતો.

'ના, આજ તો રજા છે ને !' શોભનાએ પરાશરના પગ સામે જોઈ જવાબ આપ્યો. થોડી વાર બન્ને કશું બોલ્યા વગર, એકબીજાંની સામે જોયા વગર બેસી રહ્યાં. શોભનાની પાસે ચાનો એક જ પ્યાલો પડ્યો હતો. તેણે ઊઠી કબાટમાંથી બીજો પ્યાલો અને બીજી રકાબી કાઢ્યાં અને બંને પ્યાલામાં ચા રેડવાનું શરૂ કર્યું.

'હું ચા નથી પીતો...' પરાશરે કહ્યું.

'દૂધ આપીશ.'

'દૂધ પીતો હોઉં તો પછી ચાની શી હરકત છે ?'

શોભનાએ ચા રેડવી અધૂરી રાખી. એકે પ્યાલો તેણે પૂરો બનાવ્યો નહિ, અને પાછી એમની એમ બેસી ગઈ.

'પણ તું પી ને !' પરાશરે કહ્યું.

'હું એકલી નહિ પીઉં.'

'પાંચ વર્ષથી ટેવ ટળી ગઈ છે.'

'ઘણી નવી ટેવો પાડવી પડી હશે. એકાદ દિવસ જૂની ટેવને યાદ કરવામાં બહુ પાપ લાગી જશે ?'

'હું પીઈશ.' પરાશરે કહ્યું.

શોભનાએ ફરી ઊભા થઈ ચા બનાવી, એક પ્યાલો પરાશરને આપ્યો અને એક પોતે લઈ બેઠી. બન્નેનાં હૃદય ધડકતાં હતાં. બન્નેના વિચારો ઘૂમરીઓ ખાતા હતા. બન્નેની કલ્પના ધુમ્મસ સરખી અસ્પષ્ટ બની ગઈ હતી. વાત સરળતાથી થતી ન હતી. અકસ્માતે એક બનાવેલાં-બનાવવા સર્જેલાં જીવનદ્વય અકસ્માતે જુદાં પાડી દીધાં. એ જીવનને ભેગાં થવાની ખાસ આરજૂ ઉત્પન્ન થઈ ન હતી. - અગર તેવું આજ સુધી લાગતું ન હતું. એકને અમિશ્ર સ્વાતંત્ર્યભર્યું સ્ત્રીજીવન ગાળવાના કોડ હતા. બીજાને સંબંધ કે ધનના બંધનથી મુક્ત બની માનવતાના ઊંડામાં ઊંડા - નીચામાં નીચા થર સાથે એકતા અનુભવી એ થરને ઊંચકી ઉપર લાવવો હતો. વચમાં વચમાં ભૂતકાળના ભણકારા વાગી જતા હતા. પરંપરાથી જીવનને હલાવી રહેલી વાસનાઓ તેમને હલાવી નાખતી હતી; પરંતુ એ ભણકારા અને એ વાસના બન્ને જીવન એકબીજાની પાસે ખેંચવાને બદલે એકબીજાની દૂર હડસેલી રહ્યાં હતાં.

કે દૂર હડસેલવાનો ભ્રમ હતો ? દૂર રહ્યે રહ્યે લાગતી ઉપેક્ષા ધારવા જેટલી સત્ય નહિ હોય. શા માટે બન્નેએ મળવાની હા પાડી ? પરાશરના-

પગ શોભનાને ઘેર કેમ ઘસડાયા ? શોભનાએ એ પગને પાછા કેમ ન વાળ્યા ?

પરાશરને સફાઈબંધ ચા પીતાં આવડતું હતું એ તેના તરફ ચોરીને જોઈ લેતી શોભનાને સમજાયું.

'વધારે આપું ?' ચા પી પ્યાલોરકાબી ટ્રેમાં મૂકવા ઊભા થતા પરાશરને શોભનાએ પૂછ્યું.

'ના.' પરાશરે કહ્યું અને તે ઊભો રહ્યો. તેણે ટ્રેમાં પ્યાલોરકાબી મૂક્યાં નહિ. શોભનાએ ઊઠી તેના હાથમાંથી પ્યાલોરકાબી લઈ લીધાં અને ટ્રેમાં મૂકી દીધાં.

'હું મારે હાથે એ પ્યાલોરકાબી સાફ કરવા ધારતો હતો.' પરાશરે બેસતાં બેસતાં કહ્યું.

'કારણ ?'

'હું નોકર પાસે કામ કરાવતો નથી.'

'હું સાફ કરી લઉં તો ?' પરાશરના કથનને હસવું કે નહિ તેનો વિચાર કરતી શોભનાથી બોલાઈ ગયું. અત્યારે તે હસી શકે એમ તો હતું જ નહિ. તેના હૃદયમાં અત્યારે હાસ્ય હતું જ નહિ.

'મારું કામ કરવાનો હક્ક મને જ હોય ને !'

'આજ નહિ.'

'કેમ ?'

'મને તું પહેલી જ વાર મળે છે !' શોભનાએ પ્રશ્નનો જવાબ આપ્યો. એકાએક ન સમજાય એવી મૂંઝવણ શોભનાના હૃદયમાં ઉત્પન્ન થઈ આવી, અને તેની આંખ આંસુથી ઊભરાઈ ગઈ. તેને રોવાની મરજી ન હતી. સ્ત્રીજાતિની એ જાણીતી અશક્તિનું પ્રદર્શન કરવામાં તેને બહુ શરમ લાગતી. છતાં મરજી વિરુદ્ધ તેની આંખે તેના હૃદયની કોઈ અકથ્ય-અગમ્ય વેદના સ્પષ્ટ કરી આપી. ભાગ્યે જ આમ તેનું હૃદય ભરાઈ આવતું. ઘડી ઘડીમાં રડી પડતી વર્તમાન યુવતીનો તે નમૂનો બનવા માગતી ન હતી. તોય આમ રુદન વ્યક્ત થઈ ગયું !

શોભનાએ મનને ખૂબ વાર્યું. ચારપાંચ મિનિટમાં તે સ્વસ્થ બની. આંખનાં આંસુ તેણે લૂછી નાખ્યાં. અલબત્ત, ચારપાંચ મિનિટ સામાન્યતઃ ઓછી લાગે; પરંતુ એટલા સમયનું રુદન લાંબું લાગે છે. આંખ લૂછતે લૂછતે શોભના જરી હસી અને બોલી :

'અમસ્તું જ આમ થઈ ગયું.'

પરાશરને પણ અજબ મૂંઝવણ થતી હતી. કેમ વાત કરવી તે પણ સૂઝતું નહિ. પરાશરને કાયદા પ્રમાણે શોભના સાથે બોલવાનો હક્ક હતો. સમાજની માન્યતા પ્રમાણે શોભના સિવાય બીજી કોઈ પણ યુવતી સાથે બોલવાનો તેને હક્ક ન હતો. છતાં અહીં તે અજાણ્યા, પરાયા પુરુષની મૂંઝવણ અનુભવી રહ્યો. રડતી શોભનાએ તેના હૃદયને હલાવી નાખ્યું. તેને લાગ્યું કે તે શોભનાને અડકી શકે - ચહાઈ શકે એમ હતું.

'હું તને રડાવવા આવ્યો નથી.' પરાશરે કહ્યું. આખા જગતનું રુદન બંધ કરવા માટે ફકીરી લેનાર પરાશરને લાગ્યું કે રુદન એ એકલી રોટલીના અભાવનું જ કારણ ન હોય. અનેક ઊર્મિગ્રંથિના પરિણામરૂપ રુદનને અટકાવવા કેટકેટલી માનસકૂંચીઓ ફેરવવી પડે !

'તો કહે, તું કેમ આવ્યો ? તું આવીશ એમ મને લાગ્યા તો કરતું જ હતું.' શોભનાએ કહ્યું.

'કેટલીક વાત કહેવા આવ્યો છું, તને સમય તો છે ને ?' પરાશરે કહ્યું.

'હા.'

'એક તો એમ કે... મારા ઉપર... થોડો વખત થયો... પચાસ રૂપિયા આવ્યા હતા...'

'તે તારા ઉપર રૂપિયા ન આવવા જોઈએ એમ તું માને છે ?'

'રૂપિયા ભલે આવે; પણ મારા ઉપયોગ માટે નહિ અને આમાં તો... કશું લખ્યું જ નથી.'

'તે તારા મિત્રોને પૂછ. ઘણા એવી રીતે તને પૈસા મોકલતા હશે.'

'મેં પૂછી જોયું. ભાસ્કર ના પાડે છે, કુમારની સ્થિતિ એવી નથી કે મને પૈસા આપે. વિજયરાય, કૃષ્ણકાન્ત અને બીજા પણ ના પાડે છે.'

'રંભાને પૂછ્યું ?' સહજ ઝીણી આંખ કરી પરાશરના મુખ ઉપરનો ભાવ વાંચવા તત્પર થયેલી શોભનાએ કહ્યું.

'હા, એણે પણ ના પાડી.'

'પછી ?'

'હું તને પૂછવા આવ્યો.'

'મને પૂછવાનું કારણ ?'

'કોણ જાણે ! મને એમ જ થયું કે એ પૈસા કદાચ તેં તો નહિ મોકલ્યા હોય !'

'તું ભૂતભવિષ્યનો જાણકાર ખરો ને ! પણ માની લે કે એ મેં મોકલ્યા. હવે તેનું શું છે ?'

'એ હું જાણવા માગું છું કે એનો શો ઉપયોગ કરવાનો છે ! હું મારી કમાણી સિવાયનો બીજો પૈસો મારે માટે ખર્ચતો નથી.'

'ત્રણ ત્રણ દિવસ સુધી તું ભૂખ્યો રહ્યો હોઉં તોપણ ?'

શોભનાને એ ખબર કોણે આપી હશે ? પરાશર આ ચોક્કસ વિગત સાંભળી જરા આશ્ચર્ય પામ્યો. હડતાલિયાઓને મળતી સહાય વિજયરાયે પાછી ખેંચી લેવા માંડી એટલે પરાશર, ડૉક્ટર કુમાર અને તેમના બીજા થોડા સાથીઓએ ભૂખ્યા રહી હડતાલિયાઓનાં ભૂખે મરતાં કુટુંબીઓનું પોષણ કર્યું હતું. પરંતુ એ વાત તો બહુ ગુપ્ત રાખી હતી !

'તને કોણે કહ્યું ?' પરાશરે પૂછ્યું.

'એ કહેવાનું નથી. પછી કોઈ પૈસા મોકલે તો એનો ઉપયોગ કરવાનો, બીજું શું ?'

'મારી જાત ઉપર ?'

'તે તને શરમ આવે છે ?'

'અલબત્ત.'

'પુરુષ તરીકે સ્ત્રીના મોકલેલા પૈસા વાપરતાં તારું અભિમાન ઘવાતું હશે !'

'જાતની કમાણી ન હોય તે વાપરવામાં પાપ માનું છું.'

'તારી પત્ની તને મોકલતી હોય તોય ?' શોભનાથી વાતની ઉષ્મામાં બોલાઈ ગયું.

પરાશર પણ ચમક્યો. શોભના પોતાનું પત્નીત્વ શું સ્વીકારવા માગતી હતી ? આજ સુધી તો તે પત્નીત્વના અસ્વીકારમાં રાચતી હતી ! પત્નીત્વનું એક ચિહ્ન પણ જણાવા દેતી ન હતી ! અત્યારે આમ કેમ ?'

'એ જ બીજો પ્રશ્ન ! જેને માટે હું તને મળવા આવ્યો છું તે !' પરાશરે કહ્યું.

'મને ન સમજાયું.' શોભના બોલી.

'તું મારી પત્નીની વાત કરે છે. મારે... પત્ની... છે ?'

'હા, તારી અને મારી નામરજી હોય તોપણ... તારે પત્ની તો છે જ. સૂરજ જેટલી સાચી ! અને... અને એટલી જ અનિવાર્ય ! નહિ ?'

'ના, નહિ. પાંચ વર્ષ પરણ્યે થઈ ગયાં, હજી પત્નીને હું ઓળખતો નથી.'

'તો વકીલ કર, અદાલતમાં જા, સહશયનના હુકમ મેળવ ! અરે, તેમ ન બને તો હાથ ઝાલી ઘસડી જા ! પતિના અધિકાર વાપરતો કેમ નથી?'

'એ અધિકારથી મળેલી પત્નીને હું પત્ની માનતો નથી માટે.'

'તો તું મને સમજાવવા આવ્યો છે ?'

'તારે જે જોઈએ છે તે આપવા હું આવ્યો છું.'

'મારે શું જોઈએ છે ?'

'પત્નીત્વમાંથી મુક્તિ !'

પરાશરાના ઉચ્ચારે શોભનાને જરા વાર અસ્થિર બનાવી. તેણે પરાશરની સામે જોયું - બેત્રણ ક્ષણ ટગરટગર જોયું. માનવઊર્મિઓ અત્યારે ચગડોળે ચડી હતી. જીવન અત્યારે પડે તો ભાંગીને ભૂકો થાય એટલી ઊંચાઈએ ઊડતાં હતાં.

'કોઈએ આપી નથી.' શોભના બોલી.

'હું તો આપું છું. બીજાની મને ખબર નથી.'

'એટલે ?'

'એટલે એમ કે તું મારી પત્ની છે એ વાત હું અને તું બંને વિસારી દઈએ.'

'વિસારી શકાશે ?'

'નકારી તો શકીશું જ.

'પરિણામ ?'

'મારી સાથે થયેલું તારું અકસ્માત લગ્ન રદ સમજીએ.'

'તેથી શું ? જગતમાં ત્યક્તાઓ ઘણી છે !'

'મારું અસ્તિત્વ તારા પતિ તરીકે રહેશે નહિ.'

'છતાં લગ્ન તો મને ખૂંચ્યા જ કરશે.'

'લગ્નને કાયદેસર રદ કરાવીએ તો ?'

'હજી લગ્નવિચ્છેદનો સ્વીકાર હિંદુ કાયદામાં ક્યાં થયો છે ?'

'વડોદરા રાજ્યમાં સગવડ છે.'

'હં.' શોભના આગળ કશું બોલી નહિ. પરાશર પણ બોલ્યા વગર જરા બેસી રહ્યો. કારનું ભૂંગળું વાગતાં પરાશરથી છૂટવા મથતાં બંને પતિપત્ની જાગી ઊઠ્યાં. કારના માલિકોને પોતાના આગમન જાહેર કરવાનો ભારે શોખ હોય છે.'

'ભાસ્કર લાગે છે.' શોભનાએ કહ્યું.

'તો હું જાઉં. હું શા માટે આવ્યો હતો તે તેં સમજી લીધું છે. સમય મળ્યે મને કહેવરાવીશ તો હું આવી જઈશ.'

'શા માટે આવી જઈશ ?'

'વધારે ચોકસાઈ કરવા.'

'અત્યારે જ કરી લઈએ.'

'ભાસ્કર આવે છે; કદાચ રંભા સાથે હશે.'

પરાશરનું કહેવું ખરું પડ્યું. ભાસ્કર અને રંભા બંને બારણા આગળ આવી ઊભાં અને પરાશર તથા શોભનાને એકલાં બેઠેલાં નિહાળી જરા ચમક્યાં.

'અમે અંદર આવી શકીએ ?' રંભાએ હસતાં હસતાં પૂછ્યું.

'આજે રજા માગવાની જરૂર છે.' ભાસ્કરે પણ વિવેકનો દેખાવ કર્યો.

'હું ના કહું તો ખોટું નહિ લગાડો ને ?' શોભનાએ ઊભાં થઈ બારણા પાસે જઈ કહ્યું.

'ખોટું શા માટે લાગે ? ઘર તારું છે !' રંભાએ કહ્યું - જોકે રંભાને શોભના ઉપર ખોટું તો લાગ્યું જ અને ભાસ્કર તથા પરાશર શોભનાની હિંમત જોઈ આશ્ચર્ય પામ્યાં. શોભનાની આર્થિક સ્થિતિ ભાસ્કરની સહાનુભૂતિ ઉપર જ આધાર રાખી રહી હતી.

'તો જુઓ ને ! મારે પરાશર સાથે કેટલીક અંગત વાત કરી લેવાની છે. આપણે ફરી મળીએ તો ?' શોભનાએ કહ્યું.

'હરકત નહિ; પણ તમારે એકાંત જ જોઈતું હોય તો હું મારી કાર આપું, શહેર બહાર તમે લેઈ જાઓ ને ?' ભાસ્કરે બંને પ્રત્યે પોતાવટ બતાવી.

'ના ના; અમારી વાતો તો સીધી, અરસિક, કારમાં ન થાય એવી.' પરાશર બોલ્યો. પરાશર તેના પ્રત્યે વારંવાર કેમ કટાક્ષ કરતો હતો તેની ભાસ્કરને ક્યારનીયે સમજ પડી ગઈ હતી.

'Right. Please yourself.'* ભાસ્કરે કહ્યું.

'ખોટું તો નથી લાગ્યું ને ?' પાછાં ફરતાં ભાસ્કર તથા રંભાને શોભનાએ પૂછ્યું.

'Not a bit. Carry on.'+ ભાસ્કર બોલ્યો અને બંને પાછાં વળ્યાં.

ફરી પરાશરને અને શોભનાને એકાંત મળ્યું. શોભના બોલી :

'ભાસ્કર જરા ઉશ્કેરાય છે ત્યારે અંગ્રેજીમાં બોલ્યે રાખે છે.'

---

* ભલે. તમને ગોઠે એમ કરો.

\+ જરાય નહિ. જે કરતાં હો તે કર્યે જાઓ.

'ઘણાને એવું હોય છે.'

મિત્રોએ આટલી જ વાત આગળ વધારી. હવે ? ક્યાંથી શી વાત કરવી તે પ્રશ્ન મૂંઝવણભર્યો તો હતો જ ને ?

'કહે તારે શાની ચોકસાઈ કરવી છે ?' શોભનાએ થોડી વારે પૂછ્યું.

'હું એ જોઈ રહ્યો છું કે લગ્ન તારી બંધનદીવાલ બની ગયું છે.' પરાશરે કહ્યું. શોભના પરાશરના કથનનો ઊંડો અર્થ પણ વાંચી શકી. ભાસ્કરની ગાઢ મૈત્રીમાં એ લગ્ન અંતરાયરૂપ હતું એમ પરાશરના કથનનો ઉદ્દેશ હતો એમ શોભનાને લાગ્યું.

'આપણે વધારે સ્પષ્ટ બનીએ. હું તારી પત્ની હોઉં એમ તું ઈચ્છતો નથી.'

'તું જુદી ઢબે એ વાત મૂકે છે.'

'અર્થ એકનો એક જ થાય છે ને ? તો હું એમ માની લઉં તું મને ચાહતો નથી અને મને કદી ચાહી શકીશ નહિ.'

પરાશરે એ કથનને સંમતિ આપી નહિ.

'એથી ઊલટું જ કારણ હોય તો ?'

'તું મને ચાહે છે માટે મારાથી છૂટવા માગે છે ? મને ન સમજાયું.

'એમ જ. તને યાદ છે - મેં એક પત્ર લખ્યો હતો તે ?' પરાશરે પૂછ્યું.

શોભના ઊભી થઈ. એક કબાટ ઉઘાડી તેમાં મૂકેલી એક નાની પેટીનું તાળું ખોલી તેણે એક કકડામાં બાંધેલા કાંઈ કાગળો બહાર કાઢ્યા.

'તેં બે કાગળો લખ્યા હતા. પહેલાં કાગળની વાત કરે છે કે બીજાની?' શોભનાએ પૂછ્યું.

'પહેલાંની.'

'જો, આ હોય ? પાછો જોઈએ, નહિ ?' એક ફટકી ગયેલા રંગવાળું પરબીડિયું શોભનાએ આગળ ધર્યું.

'તારે પાછો આપવો હોય તો આપ. હું માગતો નથી.'

'ત્યારે ?' પરબીડિયામાંથી કાગળના એક પછી એક ટુકડા બહાર કાઢતાં શોભનાએ પૂછ્યું.

'એ પાંચ વર્ષ ઉપરના પત્રમાં જે લખ્યું હતું તે આજ પણ સાચું છે.'

'તું મારી મશ્કરી કરવા આવ્યો છે ?' શોભનાના મુખ ઉપર વિકળતા દેખાઈ.

'ના, જરાય નહિ.'

'ત્યારે આ બીજા કાગળનું શું સમજવું ?'

'ન સમજાયું ?'

'હું એક જ વસ્તુ સમજી; મારો તને ખપ રહ્યો નથી.'

'પણ શા કારણે તે સમજ. હું જે ઘરમાં ઊતર્યો એ થરમાં હું તને કેમ ઉતારી શકું !'

'મારાથી ન ઊતરાય એનું કાંઈ કારણ ?'

'પહેલાં કાગળ વખતે હું પિતાની મિલકત મારી માનતો હતો. બીજો પત્ર લખતી વખતે મારી પાસે કંઈ જ ન હતું - મારું કશું જ ન હતું.'

'પણ પાંચ વર્ષ સુધી અબોલા ? આ કાગળ મેં એટલી વાર વાંચ્યો કે તે ફાટી ગયો.

'તેં જવાબ કેમ ન લખ્યો ?'

'તારા પત્રનું ઘેન ચડ્યું હતું. મને સમજ ન પડી કે હું શું લખું. પત્ર લખ્યો ત્યારે તે નાખતાં પહેલાં તારો બીજો કાગળ આવી ગયો. તે ક્ષણથી તેં મને છૂટી પાડી દીધી.'

'અને હવે હું તને પૂર્ણ રીતે છૂટી પાડવા માગું છું.'

'મારી આટલી બધી કાળજી લેવાનું કારણ ?'

'તને સુખી જોવા હું ઇચ્છું છું. તારા સુખની વચ્ચે આવનાર હું ખસી જાઉં તો તારે જોઈએ તે તને મળે.'

'મારે શું જોઈએ ?'

'ભાસ્કર.'

'વારુ હું સમજી; પણ આ બધું કર્યા સિવાય ભાસ્કરને મેળવી લઉં તો ?'

'મને કશું જ નહિ લાગે. તું જાણે છે કે હું મિલકત ત્યજી બેઠો છું. અને... તું કાંઈ મારી મિલકત તો છે નહિ !'

'પરાશર ! પણ તું જ મને ગમતો હોઉં તો ?'

'જગતમાં કોઈની દયા ખાવાથી પ્રેમ આવતો નથી.'

'પણ પ્રેમમાંથી દયા ઊપજતી હોય તો ?'

'ભૂલમાં ન પડીશ. મારું આકર્ષણ એ ભ્રમ છે, ભય છે, નિરાશા છે, મોતની ડૂબકી છે. રંભા એ સમજી ગઈ, અને હવે મારી સાથે - મારા પ્રેમ સાથે એ રમત કરતી નથી.'

શોભના ઊઠી પત્રો પાછા કબાટમાં મૂકી આવી. પાછી આવતાં તે

પરાશરની ખુરશીને અડી ઊભી રહી. પરાશરે જાડું બરછટ ખાદીનું વસ્ત્ર પહેર્યું હતું. તેના વાળ સફાઈદાર ન હતા. ભાસ્કરને નિહાળતાં એનાં વસ્ત્રોનું મુલાયમપણું કોઈ પણ રસિકાને ગમી જાય એવું હતું. અને વસ્ત્રમાંથી વસ્ત્રધારી સહજ - કળીમાંથી ફૂલ વિકસતું હોય તેમ વિકસી મનને હરી લેતો. પરાશરનો પહેરવેશ વાગે એવો હતો. એ ધારણા કરનારો ભય પમાડે એવો હતો - ધક્કો મારે એવો હતો. જાણે કાંટાભર્યો કેવડો !

પરંતુ જીવનમાં કેટલીક વાર કાંટા વાગતા ગમે છે ! રેશમની ગાદી કરતાં દર્ભાસન વધારે પ્રિય લાગે છે. શોભનાએ પરાશરના અવ્યવસ્થિત મસ્તક ઉપર હાથ ફેરવી વાળ સમા કર્યાં.

'નહિ નહિ, આમ ન કરીશ.' પરાશરે કહ્યું.

'કેમ ? તું તો સામ્યવાદી છે; લગ્નમાં નહિ માનનારો.'

'હા પણ...'

'તો તને કોઈ અડકે તેમાં ગભરાઈ શાનો જાય ? મારે જોવું હતું કે મોતની ઘૂમરી ક્યાં આગળ છે !'

'હું હસતો નથી.'

'હુંયે હસતી નથી.'

'તો હવે હું જઈ શકું ?'

'હજી સ્પષ્ટતા કરવી બાકી છે.'

'શાની ? હું કહી જ દઉં. લગ્નવિચ્છેદ પછી તું ભાસ્કરની સાથે...'

શોભના ખડખડાટ હસી પડી. પરાશરે વાક્ય પૂરું ન કર્યું. હસી રહીને શોભનાએ કહ્યું :

'ભાસ્કરની સાથે રંભાનું લગ્ન નક્કી થઈ ગયું છે. તું જાણે છે ?'

'ના, પણ... ભાસ્કર પરણેલો છે.'

'છતાં એ પરણશે.'

'માટે તું લગ્નવિચ્છેદની ના પાડે છે ?'

'મેં ભાસ્કરને લગ્નની ના પાડી માટે એ રંભા સાથે પરણે છે. સમજ્યો? એને કોઈ સંસ્કારી, ભણેલી, રસિક સ્ત્રી જોઈએ.' જરા કડક બની શોભનાએ કહ્યું.

'અને રંભા એ સ્થિતિ કબૂલ રાખે છે ?'

'હા. વગોવાયા છતાં પણ એ દ્વિતીય પત્ની બનશે.'

'સમાજનું ચોકઠું વર્તમાન યૌવનને અનુકૂળ તો નથી જ. પરાશર ઊંડા વિચારમાં ડૂબી ગયો. લગ્ન એ મિલકતની ભાવનાનું સામાજિક

સ્વરૂપ. એ સ્વરૂપમાં જ સ્ત્રીપુરુષની વાસનાશાંતિ-રસશાંતિ-યૌવનશાંતિ સ્ફુટ થવી જોઈએ ! વંશવર્ધનનું બળ પણ એમાં જ સમાવું જોઈએ ! સમાજની શિષ્ટતા, મર્યાદા, નીતિ પણ લગ્નની આસપાસ રચાવી જોઈએ! અને એમ ન થાય તો ?

સમાજનો બહિષ્કાર ! સમાજનો તિરસ્કાર ! એટલે આર્થિક વ્યવસ્થામાંથી દેશવટો ! ભાસ્કર સારી સમજણવાળો યુવાન હતો. રંભા ભણેલી બુદ્ધિશાળી યુવતી હતી. ભાસ્કરની પ્રથમ પત્નીથી તેના જીવનમાં રસઊણપ રહી જતી હતી. એક તો તેનું લગ્ન જ ખોટું. એ લગ્નનો ભંગ ન જ થાય. જીવન તો સંતોષ માગ્યા જ કરે. શોભના તે આપી શકત; પરંતુ એને પણ અકસ્માતલગ્ન તે આપતાં રોકી રાખતું હતું ! એટલે એવી જ બીજી યુવતીમાં તે સંતોષ શોધતો હતો ! રંભામાં એ મળવાનો સંભવ એણે જોયો. બીજા લગ્ન વગર એ શક્ય નહિ.

લગ્નનું નામનિશાન નીકળી જાય તો ? મિલકતની-માલિકીની ભાવના લુપ્ત થાય તો માનવવ્યવહાર વિરુદ્ધ થાય ! લગ્નની - પુરુષ સ્ત્રીને બોટી લેઈ જંગમ મિલકત બનાવી દેવાની - ભાવના લુપ્ત થાય તો માનવ-નીતિ વિરુદ્ધ થાય !

પણ... પણ... હજી મિલકત વગર ચલાવી શકાય. એક મિલકત જેવી બીજી મિલકત બનાવી શકાય; એક મિલકતનો ઉપભોગ વધારે માણસો પાસે કરાવી શકાય; પરંતુ માનવસંબંધ મિલકતસંબંધ જેવા જડ હશે ખરા ? મહેલનો ઉપયોગ રાજા કરે કે રૈયત કરે તેની તકરાર મહેલ કરી શકતો નથી; પણ માનવી ? ભાઈ ન હોય તેને ભાઈ કેમ માનવો ? બહેન ન હોય તેને બહેન કેમ માનવી ?

એ પણ બની શકે. બંધુત્વનો વિસ્તાર કરી શકાય. સ્ત્રીને મા, બહેન, દીકરી બનાવી શકાય - માની શકાય. પુરુષને પિતા, પુત્ર કે ભાઈમાં ફેરવી શકાય; પરંતુ... એક સંબંધ એવો છે કે જે વ્યક્તિગત બનવા માગે છે. પતિ અને પત્નીના સંબંધો લગ્ન કાઢી નાખ્યા છતાં મમત્વભર્યા અને સંકુચિત નહિ રહે ?

'શોભના મને પણ ગમે અને ભાસ્કરને પણ ગમે ત્યારે ?' પરાશરે મનની મૂંઝવણ વધારે સ્પષ્ટતાથી મન સામે મૂકી.

'શોભનાને ગમે તે થવા દેવું એ જ સાચો માર્ગ.' પરાશરે જ પોતાના મનને જવાબ આપ્યો.

'પરંતુ શોભના પણ કદી કહે કે એને પણ હું અને ભાસ્કર બન્ને ગમીએ છીએ ત્યારે ?'

નવો પ્રશ્ન સ્ફુટ થયો.

'શોભનાને વહેંચી શકાય ખરી ?'

'શો વિચાર કરે છે ?' શોભનાએ પરાશરને પૂછ્યું.

'મિલકતનો સંબંધ તોડી હું જગતભરનો બની શક્યો. તારો સંબંધ તોડી હું ક્યાં સમાઈશ એનો વિચાર કરતો હતો.'

'સ્ત્રી વગર ચાલે એમ હોય તો પ્રશ્ન સરળ છે. શંકર, ક્રાઈસ્ટ, દયાનંદ બ્રહ્મચારી હતા.'

'મને એમ લાગે છે; સ્ત્રી વગર પુરુષને ચાલશે નહિ.'

'બીજા પુરુષની વાત બાજુએ મૂક. તું તારો વિચાર કર ને !'

'મને પણ એમ જ લાગે છે કે સ્ત્રીનો મોહ મટ્યો નથી. મટાડવા માગું છું પણ એ બનતું નથી.'

'ભાસ્કરનો માર્ગ લે.'

'કોઈની પણ ટીકા હું શું કરું ? ભાસ્કરની સ્થિતિમાં હું ન મુકાયો હોઉં ત્યાં સુધી એને કેમ દોષ આપી શકું ?'

'તારા ધ્યેયની સિદ્ધિમાં સ્ત્રી વિઘ્નરૂપ હોય તો એને છોડવી જ જોઈએ ને ?'

'આજ સુધી છોડી. હવે એમ લાગે છે કે સ્ત્રી અને ધ્યેયસિદ્ધિ બન્નેને ન મેળવાય ?'

'તે તારે કરવું નથી.'

'કેમ ?'

'જો તને મિલવાળાએ મજદૂરોના અમલદાર તરીકે મૂકવા ધાર્યો, તેની તેં ના પાડી. તને એક સારા પત્રના અધિપતિની જગા આપવા માંડી, તેને પણ તેં નકારી. પ્રધાનમંત્રી તરીકે તું ગોઠવાઈ શક્યો હોત; પરંતુ ત્યાંયે તને ગોઠ્યું નહિ. પછી શું થાય ?'

'એ જગાઓ જોઈતી હોત તો હું મારી મિલકત ઉપર જઈને ન બેસત? ધન, ધન આપતો ધંધો કલુષિત છે. ધન નથી કે મોટી જગા મળી નથી એનું મને દુઃખ નથી. માનવસંબંધની વિશુદ્ધિ ચાહું છું. અને તે ધનથી વિમુખ રહીને.'

'એ શિક્ષણ મારે લેવાનું. પરાશર ! છ માસ થોભી જા. છ માસ પછી આપણે ફરી મળીએ. તે દિવસે તને કે મને એમ લાગે કે આપણે છૂટી જઈને વધારે વિશુદ્ધિ સાધી શકીશું તો આપણે છૂટાં પડી જઈશું - કાયમનાં.'

શોભના ખુરશીએ અઢેલીને બેઠી. તેને થાક લાગ્યો હતો. પરાશર

નીચું જોઈ રહ્યો હતો. જરા રહી તેણે પૂછ્યું.

'પરંતુ બેમાંથી એકેય બાબતની સ્પષ્ટતા ન થઈ ! રૂપિયાનું શું કરું ? અને મારા પતિત્વને ક્યાં ફેંકું ?'

'એ બંને પ્રશ્નો છ માસ પછી પૂછજે.'

'તો હું જાઉં ?'

'હા.'

પરાશર ઊભો થયો, અને શોભના સામે જોઈ તેણે બારણા તરફ જવા માંડ્યું.

'એક ક્ષણ ઊભો રહીશ ?' એકાએક શોભનાએ ચપળતાથી ખુરશી છોડી કહ્યું.

'હા, શું કામ છે ?'

શોભનાએ કબાટ પાસે જઈ તેમાંથી કશી વસ્તુ કાઢી, કાગળમાં બાંધી અને ઉપર એક સ્વચ્છ રૂમાલ બાંધ્યો.

'આટલું સાથે રાખ.' પડીકું પરાશરને આપતાં શોભનાએ કહ્યું.

'શું છે એમાં ?'

'મારા હાથની બનાવેલી મીઠાઈ છે.'

'પણ...'

'મારે ચા પીતે જ તને એ આપવાની હતી પણ હું તો ભૂલી જ ગઈ.'

'જો ને, હું...'

'જાણું છું કે તું નિરાહારી છે; પણ મને એક ટંક તો જમાડવા દે.'

પરાશરનું હૃદય અને પરાશરનો દેહ હાલી ગયાં. એને રડવાનું મન થયું, શોભનાને ગળે વળગી રડવાનું મન થયું.

રડતો, પ્રેમ પ્રેમ કરતો નિર્માલ્ય ગુજરાતી પરાશરના હૃદયમાં જાગ્યો શું ?

તેના પગમાં બળ ન હતું છતાં તે ઝડપથી નીચે ઊતરી ગયો. ખાંચે વળવાનું આવતાં એણે પાછળ જોયું.

શોભના છજે હાથ ટેકવી હાથ ઉપર મુખ મૂકી અદૃશ્ય થતા પરાશરને જોતી હતી.

કે પછી રસ્તે જતી-આવતી વિચિત્રતાઓને નિહાળતી હતી ?

કદાચ કશું જ ન જોતાં એ પોતાના હૃદયને જોયા કરતી પણ હોય. એવે સમયે ખુલ્લી આંખ કશુંય જોઈ શકતી નથી.

એ હૃદયમાંથી કોઈ સુનેરી-રૂપેરી કિરણ નીકળી એક પુરુષને બાંધવા લંબાતું હતું. વચમાં આવતી સર્વ વસ્તુઓ અને વ્યક્તિઓને તે પોતાના રંગથી રંગી દેતું હતું.

વર્ગવિગ્રહ ?

પુરુષ અને સ્ત્રી વચ્ચે વિગ્રહ છે ખરો ?

છે જ.

તો તે કેમ હોવો જોઈએ ? જે પુરુષને જોવાનું મન થાય, જે પુરુષને સાંભળવાનું મન થાય, જે પુરુષના જીવનને સુખમય કરવાનું મન થાય એ પુરુષ સાથે વિગ્રહ હોય તો તે લુપ્ત કેમ ન થઈ શકે ?

વિગ્રહ એ આવડતનું પરિણામ ? કે અણ-આવડતનું ?

જીવવામાં પણ કળા રહેલી છે. વિગ્રહ કરતાં દેખાતાં તત્ત્વોનો સુમેળ થાય તો જીવન એક મહાસંગીત ન બને ?

સંધ્યાના સોનેરી રંગમાં જગત ઝળઝળ થતું હતું.

# ૪

'પરાશર ! આ વખતે તો પચાસ રૂપિયા ભેગા થઈ ગયા.' ડૉક્ટર કુમારે કહ્યું.

'ત્રીસથી વધારે રાખીશ તો હું તને ગુનેગાર ગણીશ.' પરાશરે જવાબ આપ્યો.

'અને એક બીજી વાત કહું. મને ભારે પગારે મિલમાં નોકરી મળે છે.'

'મિલમાં તારું શું કામ ?'

'મજદૂરોની તંદુરસ્તી તપાસવા.'

'ભારે પગારે હિંદુસ્તાનનું સત્યાનાશ વાળી દીધું છે. એક મજદૂર કે એક ખેડૂત કરતાં એક ડૉક્ટરને શા માટે વધારે આવક હોવી જોઈએ તે હું સમજી શકતો નથી.'

'મને તો મોટરકાર આપવાનું પણ જણાવ્યું...

'મોટરકારમાં બેસીને કરેલી સેવા મોટરકારથી ઊડતી ધૂળ જેટલી પણ કિંમતી નથી. ઉપરાંત પ્રજાની આંખો અને હૈયાં કચરાથી ભરી દે એ જુદું.'

'પણ સાંભળી તો લે. મેં એ જગાની ના પાડી.'

'બહુ સારું થયું. પગારનો મોહ આપણા સમસ્ત યૌવનને પાંગળું અને પરાધીન બનાવી રહ્યો છે. કેટલા બુદ્ધિશાળી અને આશાસ્પદ બંધુઓને આપણે પગારના પાતાળમાં ઊતરી ગયેલા જોયા !'

બહાર ચારપાંચ યુવકો પરાશરની ઓરડી આગળ આવી ઊભા રહ્યા. પરાશરે એક ચટાઈ પાથરી તેમને અંદર બોલાવી બેસાડ્યા. રતને શિક્ષણદક્ષિણા તરીકે હાથે ગૂંથી એ ચટાઈ પરાશરને આપી હતી..

'યંગ ઈન્ટલેક્ચ્યુઅલ્સ' સંસ્થાનો મંત્રી સુબન્ધુ પરાશરનો પરિચિત હતો. વાંકડિયા વાળ અને કિનાર વગરનાં ચશ્માંને સ્ત્રીની વેણી અને બંગડી જેટલી તીવ્રતાથી ચાહતો, રૂપવર્ગને જરા સ્ત્રી શોભન લજ્જાથી ઢાંકતો, ફૂટડો બુદ્ધિમાન યુવક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાહોનો મહા અભ્યાસી હતો. કોઈ પણ નવું પુસ્તક એણે વાંચ્યું ન હોય એમ બનતું નહિ. એનું વાચન એને ભવિષ્યકથનની પણ શક્તિ આપતું હતું. એબેસિનિયાના યુદ્ધ સમયે મજદૂરક્રાંતિ જગતમાં કેવું સ્વરૂપ લેશે તેનું એ બહુ જ તાદૃશ્ય

વર્ણન આપતો. સ્પેનના યુદ્ધમાંથી જગતક્રાંતિનો જ્વાળામુખી કયી તારીખે, કેટલે સુધી, ક્યાં ક્યાં પોતાનો હુતાશ ફેંકશે એનું ભવિષ્ય ભાખતા સુબન્ધુને સાંભળી સહુ કોઈને એના કથનની ખાતરી જ થતી. અલબત્ત, એના કહેવા પ્રમાણે બન્યું નહિ એથી એના ભવિષ્યકથનની શક્તિ વિષે એને કે એના મિત્રોને અવિશ્વાસ કદી ઉત્પન્ન થતો નહિ. ભવિષ્ય સાચું ન પડવાનાં કારણો પણ તેની પાસે તૈયાર હતાં, અને એટલી સિફતથી એ કારણો રજૂ કરતો હતો કે જે ન બન્યું તે પણ એની ભાવિદર્શનની શક્તિને જ જાણે આભારી હતું એમ સહુને ભાસ થતો. ચીન અને જાપાનના યુદ્ધનો નકશો અને સૈન્યની હિલચાલ તેને મોઢે હતાં. અને ચીન કે જાપાનને પણ ખબર નહિ હોય એવાં પરિણામોની તે સચોટ અને સશાસ્ત્ર આગાહી કરતો.

તેણે પરાશરને કહ્યું :

'હું એક અદ્‌ભુત વ્યક્તિને તારી પાસે લાવ્યો છું.'

પરાશર એક સિવાય સઘળા આવનારને ઓળખતો હતો, એટલે તે સ્વાભાવિક રીતે અજાણ્યા માણસને અદ્‌ભુત વ્યક્તિ તરીકે ઓળખી શક્યો. અજાણ્યા પુરુષનું મુખ અતિ ઉગ્ર હતું. એની આંખોમાં આંજી નાખે એવો ચમકાર હતો. એના લાંબા વીખરાયલા વાળ વળગાડવાળી ધૂણતી સ્ત્રીની સહજ યાદ આપતા હતા. ખેલ કરતાં મદારી, હરાજી કરતા દુકાનદાર અને ભૂત કાઢતા ભૂવામાંથી કોની સાથે તેને સરખાવવો એની મૂંઝવણ એને જોતાં બરોબર થતી હતી.

'હું તારો આભાર માનું છું.' પરાશરે કહ્યું.

'એમનું નામં ગૌરધીર.'

'મેં નામ સાંભળ્યું છે. આપ તો ચીનથી આવો છો ને ?' પરાશરે પૂછ્યું.

'હા સ્પેનમાં યુદ્ધ પૂરું થતાં મોસ્કો ગયો. ત્યાંથી સોવિયેટ ચીનમાં રહી ગીલગીટ અને કાશ્મીર થઈ હિંદમાં આવ્યો.' ધીમે રહી કોઈ ન કહેવા જેવો સંદેશ કહેતા હોય એમ ગૌરધીરે કહ્યું.

'મારું શું કામ પડ્યું ?'

'તમને જગતના ક્રાંતિકારો સાથે હું જોડી દેવા માગું છું.'

'મને જોડીને શું કરશો ? હું તો નાનું ક્ષેત્ર સંભાળું છું. તે પણ સફળતાથી નહિ.

'કોણે કહ્યું ? મને તો તમારું નામ ચારે પાસથી આપવામાં આવે છે.'

'એ મારા મિત્રોની કૃપા; પરંતુ હું જરા નિરાશા અનુભવી રહ્યો છું.'

'નિરાશા ? ચારે પાસ તૈયારી થઈ રહી છે અને તમને નિરાશા લાગે છે ?' તિરસ્કારથી ગૌરધીરે કહ્યું. તેની તિરસ્કારભરી આંખો જોઈ પરાશરને પણ સામો તિરસ્કાર કરવાની વૃત્તિ થઈ આવી. થોડા દિવસ પહેલાં ગૌરધીર તેને મળ્યો હોત તો તેને આખો જન્મારો સાંભરે એવો કટાક્ષ તેણે જવાબમાં ભર્યો હતો; પરંતુ તેના જ હડતાલિયાઓએ અંદર અંદર હિંદુમુસ્લિમ ઝઘડો ઊભો કર્યો ત્યારથી તેના હૃદયમાં કોઈ જુદી જ ક્રિયા ચાલી રહી હતી.

'હું પણ એમ જ માનતો હતો; પરંતુ હવે મને લાગે છે કે આપણે પ્રગતિવાદીઓ-સામ્યવાદીઓ કોઈ મહત્ત્વની ભૂલ કરીએ છીએ.' પરાશરે કહ્યું.

'સામ્યવાદમાં ભૂલ કાઢનાર સામ્યવાદી નથી જ.'

'સામ્યવાદમાં નહિ, સામ્યવાદીઓમાં.'

'એ એકનું એક જ છે.'

'એમ હોય તો સામ્યવાદને પણ કોઈ જગાએ સુધારવો રહ્યો.'

વાદવીર સામ્યવાદીઓ અને સમાજવાદીઓ અંદર અંદર પણ શંકર અને મંડનમિશ્રને શોભે એવી દલીલબાજી કરતાં હોય છે. તત્ત્વતઃ અંતિમ ભેદ ન હોવા છતાં શબ્દઝઘડા યુદ્ધ પ્રેરે એવા ઉગ્ર બનાવવાનું શિક્ષણ લેવું હોય તો સામ્યવાદી-સમાજવાદી મંડળોની સભા, ઉપસભા કે સ્વાધ્યાયમંડળમાં હાજરી આપવી.

સંયમશૂન્ય, વ્યવસ્થાશૂન્ય, ધ્યેયહીન, પ્રમાદી, ટોળાના આશ્રય હેઠળ વર્ગમાં કે સભામાં તોફાની દેખાવાનો દંભ કરતો ભીરુહૃદય, વિષયાન્ધ યુવક કે વિદ્યાર્થીવર્ગ એ આપણી નવીન બુદ્ધિજન્ય શક્તિનો પ્રતિનિધિ હોય, અને જે બોલે તેને સમજ વગર ટોળાબંધ સાંભળવા તૈયાર થઈ કોઈ અણધાર્યા મુદ્દા ઉપર ઝટ મારામારી કરી ઊઠે એવો કિસાન કે મજદૂર વર્ગ એ આપણા શ્રમજીવનનો પ્રતિનિધિ હોય તો વર્ગવિગ્રહ એ સમાજનો ચિરંજીવી અંશ રહેશે, વર્ગરહિત સમાજ બનાવવાનું ધ્યેય એ સર્વદા સ્વપ્નવત્ બનશે અને સહુને એક લાકડીએ હાંકતી વ્યક્તિ કે વર્ગ શ્રમજીવીઓને ભોગે સર્વસત્તાધીશ બન્યા જ કરશે એમ પરાશરને ભાસ થવા લાગ્યો હતો.

એને અટકાવવાનો માર્ગ ? કોઈ નવીન રચના - નવીન વ્યૂહ.

રતન શા માટે પરાશરના ભૂખમરા ઉપર આંસુ સારતી હતી ?

બાલનોકર સોમાની ગુલામીની ઝાંખી થતાં સર્વસ્વ છોડી જવાની ભાવના પરાશરના હૃદયમાં કેમ જાગી ઊઠી ? મુસ્લિમ ધર્મે સુખી બનાવેલો સોમો શા માટે હિંદુ પરાશરને ઉગારી રહ્યો હતો ? અને ત્યક્તા બનાવી રહેલ પતિને એક ટંક હાથે બનાવેલી વસ્તુ જમાડવાની તીવ્ર ઇચ્છા ધારણ કરતી શોભનાનું હૃદય કયી માનવતાથી ઊભરાઈ રહ્યું હતું ?

આ બધા ટુકડા ભેગા કરી એના ઉપર સંબંધ, વ્યવહાર અને સમાજ રચવાં ? કે નેતાઓના દંભ અને સત્તાલોભ, મજદૂરોનું અજ્ઞાન, હિંદુમુસ્લિમ ધર્માન્ધતા અને યુવકયુકતીઓની લાલસા પર રચના કરવી?

માનવસુધારાના પાયામાં શું રહેલું છે ! પ્રેમ અને ત્યાગ : વ્યક્તિગત તેમ સામાજિક. સહુ કોઈ એ કબૂલ રાખશે જ. સહુ કોઈ એ માર્ગે જવા મથશે; પણ એ કેમ બનતું નથી ? જીવનના પાયામાંથી વેર અને ઈર્ષા ખસ્યાં નથી માટે. ભાસ્કરને માટે તેને પ્રેમ હતો ? પ્રેમ હોત તો એની જીભમાં કડવાશ ન હોત ! એના હૃદયમાં ભાસ્કરનાં કૃત્યો માટે તિરસ્કાર ન હોત ! મિલમાલિકો પ્રત્યે તેને શું ઈર્ષા ન હતી ? મજદૂરોના હૃદયમાં સ્પષ્ટ છૂપી રહેલી ઈર્ષાને પરાશરે પોતાની બનાવી હતી. વર્ગવિહીન સમાજમાં પણ કારખાનાં તો હશે જ. કોઈને યંત્ર ચલાવવું પડશે, કોઈને કોલસા ભઠ્ઠીમાં નાખવા પડશે, કોઈને ભયંકર પટાઓની ફેરવાફેરવી પણ કરવી જ પડશે. મજદૂરકિસાનોને વેર અને ઈર્ષાથી ઉગ્ર બનાવવાથી પરિણામ વહેલું આવશે ? કે પ્રેમ અને ત્યાગના માર્ગ ઉપર તેમને દોરી જવાથી વધારે ઉતાવળું પરિણામ આવશે ? હડતાલ જરૂર પાડવી; પરંતુ એ હડતાલની સચ્ચાઈ વિષે મિલમાલિકોની પણ ખાતરી કેમ ન થાય ?

પરંતુ અન્યાય અને સ્વાર્થથી ઘડાયલી મૂડીવાદી સંસ્થાઓ પ્રેમ અને ત્યાગને કદી ઓળખે ખરી ?

જે વ્યક્તિ ઓળખે તે સંસ્થા કેમ ન ઓળખે ? આખરે સંસ્થા પણ વ્યક્તિગત અણુઓની બનેલી છે ને ? અણુ બદલાય તો ઘડતરમાં ફેર કેમ ન પડે ? સંસ્થા બદલવાનું મુશ્કેલ શા માટે બને છે ? અણુમાં વિશુદ્ધિ નથી હોતી માટે. શું સહેલું ? અણુ ફેરવીને સંસ્થા બદલવી એ કે સંસ્થાને ભાંગી તોડી અણુ અણુ છૂટા પાડી એ અણુઓને પોતાની મેળે નવીન ગોઠવણી કરવાની મહેનત આપવી એ ?

વસ્તુ ભાંગવી હોય કે બદલવી હોય તોપણ કયો માર્ગ અનુકૂળ ? વસ્તુને ઠોકર મારવી કે સંભાળપૂર્વક, માનપૂર્વક તોડવી ?

આવા વિચારવમળમાં ગૂંચવાઈ રહેલા પરાશરથી ઉગ્રતાભર્યું કાર્ય થઈ શક્યું ન હતું. અલબત્ત, તેની નિરાશા કાયમ રહી ન હતી. છતાં

ધર્મભેદથી ધ્યેય-ઐક્યને છિન્નભિન્ન કરી નાખતા માનસનો સ્પર્શ કરતાં તે બહુ જ વિચાર, બહુ જ મીઠાશ અને બહુ જ સીધાપણું કેળવતો હતો. તેના મિત્રોને તે મંદ બનતો પણ લાગ્યો. છતાં તેનાં કાર્ય અને વાણીમાં આવેશ અને તીખાશ ઘણાં ઓછાં થઈ ગયાં.

'વાદવિવાદ તો મેં બહુયે કર્યા. વાદવિવાદથી સામા માણસનો મત ફેરવાય એ અશક્ય છે કારણ, એમાંયે. આપણે એકબીજાને ઘા જ કરીએ છીએ. પણ મને કહો કે આપ મારી પાસે શું માગો છો ?

'હું તમારું શહેર કબજે કરવા માગું છું.' ગૌરધીરે કહ્યું.

'આપ એમ પણ કહી શક્યા હોત કે તમે આ શહેરના સેવક બનવા માગો છો.'

'હું સેવક મારા ધ્યેયનો. સાધનોની તો હું માલિકી માગું છું.'

'કહો, એવાં કયાં સાધનો મારી પાસે છે કે જેની હું આપને માલિકી આપી શકું ?'

'તમારાં મજદૂરમંડળ.'

'તમે શું કરશો એમાં ?'

'ક્રાંતિની ચિનગારી ફૂંકીશ. કલકત્તા, કાનપુર, જબલપુર, જમશેદપુર, અમદાવાદ, મુંબઈ, ભદ્રાવતી અને એરનાકુલમને સાંધી દઈશ, અને ત્રણ માસમાં બધાં કારખાનાંને હું તાળાં વસાવીશ.'

'પણ એથી કોને લાભ થશે ?'

'જનતા સમૂહને જીવજીવીને.'

'કેવી રીતે ?'

'એક પાસ મજદૂરો કામ બંધ કરશે; બીજી પાસ સામ્યવાદી બિરાદરો કિસાનોમાં જાગ્રતિ લાવી તેમને સંગઠિત કરી કામ કરતાં અટકાવી તેમની મોટી મોટી કૂચ ગોઠવશે. સરકાર એ બંધ કરવા બળ અને હિંસા વાપરશે, એટલે ચારે પાસ અંધાધૂંધી ફેલાશે. યુરોપ-એશિયામાં કદી ન જોયેલું યુદ્ધ આજ કે કાલ શરૂ પણ થઈ જશે. લશ્કર યુદ્ધમોખરે રોકાશે એટલી આંતર-અવ્યવસ્થા એવી બની જશે કે આપણે સામ્યવાદીઓ સત્તા લઈ શકીશું. પછી તો આખા જગતનો મજદૂરવર્ગ આપણી સાથે જ છે. યુદ્ધમાંથી જગતક્રાંતિ જરૂર આવવાની.' ગૌરધીર ભાષણ કરી નાખશે એમ બધાંને ભય લાગ્યો.

'એ વિચારો થઈ ચૂકેલા છે; મને પણ આવી ગયા છે. પણ હજી તે પ્રમાણે થતું નથી. મજદૂર અને કિસાનોને ક્રાંતિ માટે કેમ તૈયાર કરવા તેની

છેલ્લી યોજના હું વિચારું છું. ક્રાંતિની ઉગ્રતા વધારવા સાથે ક્રાંતિના ધ્યેયનો જીવંત અને સાચો અર્થ સમજાય એ જરૂરી નથી ?'

'આપણે જાણીએ છીએ એ બસ નથી ?'

'આપને વ્યાખ્યાન આપવું છે ?'

'એ તો છે જ. પછી શું કરવું તેનો વિચાર કરીશ. પહેલું જાહેર વ્યાખ્યાન, પછી મજદૂર કાર્યકર્તાઓની મુલાકાત. બાદ મજદૂરમંડળોને દોરતાં જૂથો સાથે મંત્રણા.'

'હું વ્યાખ્યાન ગોઠવી શકીશ.' પરાશરે કહ્યું.

'એટલું ગૌરધીર માટે બસ હતું. વિરોધ કરનાર બધા જ ખોટે રસ્તે ચડી ગયા છે, મૂડીવાદ છેલ્લા શ્વાસ લેતો હોય ત્યારે રાજ્યો, સામાજિક સંગઠનો અને વ્યક્તિઓ પણ ખોટે રસ્તે ચડી જાય એવી શાસ્ત્રીય ઘટના જ હોય છે, અને ઐતિહાસિક જડવાદ Historical Materialism એ બધામાંથી અંતે શ્રમજીવીઓના ઉદ્ધારમાં જ પરિણામ પામશે એવી ખાતરીભરી માન્યતા સાથે સહુ છૂટાં પડ્યાં.

છૂટા પડતી વખતે ગૌરધીરે પરાશરને ઓસરીની એક બાજુએ બોલાવ્યો, અને અત્યંત ભાવથી તેને ખભે હાથ મૂકી કહ્યું :

'બિરાદર ! તારું નામ મેં દૂર રહ્યે રહ્યે ખૂબ સાંભળ્યું છે. તું ઘણું કરી શકે એમ છે. તારામાં અમારા હિંદભરના ગુપ્ત મંડળને ખૂબ વિશ્વાસ છે. માટે હું તારી પાસે આવ્યો છું.'

'હું એ માટે આપનો આભારી છું.' પરાશરે કહ્યું.

'ત્યારે આપણે પાછા મળશું... અને હાં... પંદરેક રૂપિયા તું ન ધીરી શકે ? એક પત્રિકા છાપી છે તેના આપી દેવા છે; પત્રિકા ખપ્યે હું તને પાછા આપીશ.'

પરાશર અવિશ્વાસભરી દૃષ્ટિએ ક્ષણભર ગૌરધીરને જોઈ રહ્યો. તત્કાળ તેને શરમ આવી. માનવીની હલકાઈ પ્રત્યે તેને અભાવ ઉત્પન્ન થયો. શોભનાએ મોકલેલી રકમમાંથી તેણે પંદર રૂપિયા આ વેગભર્યા ક્રાંતિકારીને આપી દીધા.

પાછા આપવાની જરૂર નથી એમ કહેવાની તક ગૌરધીરે આપી જ નહિ. ક્રાંતિમાં લેણદેણ ઊડી જવાં જોઈએ !

# ૫

તે દિવસે કોકિલના સૂર સાથે શોભના સૂતી હતી.

આજે શોભના કોકિલના સૂર સાથે ઊઠી ગઈ. નિદ્રા અને જાગ્રતિ સદાય સંગીતમય કેમ નથી હોતાં ?

અભણ, અસંસ્કારી ચંચળને જે મળ્યું તેમાં એણે સુખ માની લીધું. એનો વર લડે, વઢે, મારે તોય વરની કાળજી રાખવી અને એને સુખી જોવો એ જ ચંચળનું ધ્યેય.

શોભનાને એનો વર લડે તો ? એ જરૂર સામી થાય. એને વઢે તો ? એ કદી સાંભળી ન રહે. અને કદાચ આંગળી અરાડે તો ? તો જોવા જેવું જ થાય ને ? શોભનાનું ધ્યેય શું ? અંગત સુખ અને અંગત માન.

ચંચળ અને શોભના એ બેમાંથી કોણ ચઢિયાતું ?

એ પ્રશ્ન જ ઊભો થતો નથી. લગ્નજીવન એ કાંઈ જુદી જ ભાવશ્રેણી છે. એ કાંઈ જુદી જ દુનિયા છે. સહુને સુખી કરવાનું ધ્યેય હોય; પરંતુ પતિને સુખ કરવામાં સુખ ઊપજે એવું આકર્ષક તત્ત્વ તેનામાં હોવું જોઈએ ? એ તત્ત્વ કયું ? તન ? મન ? ના... ના... ધન તો નહિ. ધનને મહત્ત્વ આપતું માનસ એ અત્યંત ક્ષુદ્ર કોટીનું લાગે છે !

શોભનાએ જીવનને દોડવા માટે રેષાઓ દોરી દીધી. પરાશર સાથેની વાત પાછળ છુપાયલું મનમંથન તેને છ માસની મર્યાદાવાળું કોઈ વ્રત લેવડાવી રહ્યું હતું. તેને બાળપણનું ગૌરીવ્રત યાદ આવતું. અલૂણું ભોજન એટલે અલૂણું જ જીવન ! પરાશરને અનુકૂળ થવા માટે શું શું કરવું જોઈએ ?

ચા ન પિવાય; ઝીણાં કપડાં ન પહેરાય; હાથે કામ કરવું પડે; પછી જમવામાંયે સ્વાદનો આગ્રહ ન જ રખાય ને ? સાધુજીવન : દુઃખભર્યું જીવનઃ કષ્ટમય જીવન. શા માટે એ દુઃખ હાથે કરી ઊભું કરવું ?

અને દેહને તો બાંધી જ મૂકવાનો !

ઊછળતું રુધિર, આનંદઉત્સુક અંગ અને કોઈ તૃપ્તિની શોધમાં ધડક્યા કરતું હૃદય ! એ બધાંને કેદમાં જ પૂરી દેવાનાં !

શા માટે એ બધું ? સ્ત્રીસ્વાતંત્ર્ય સચવાઈ રહે તો પછી ભોગવિલાસ અને સુખમાં પાપ કયે સ્થળેથી આવીને ભરાઈ જાય ?

આ બધા વિચારો આવતા છતાં શોભના પ્રયોગ તો કર્યે જ જતી હતી શ્રદ્ધા ન હોય છતાં વ્રત કરવામાં આર્યજીવનને આનંદ પણ થાય છે, નહિ? માતાપિતા ન જાણે એમ તેણે ચાની ટેવ ઘટાડવા માંડી હતી. ચંચળ બૂમાબૂમ કરે તોય તે પોતાનાં લૂગડાં ધોવાની રમત ઘણુંખરું કરતી હતી. પોતાની ઓરડીને હાથે શણગારવામાં તે કોઈ વાર એટલું રોકાતી કે તેની માતા તેને ઠપકો આપતી. પથારી કરી સૂવાની ટેવ તો તેને નાનપણથી જ પડી હતી. કોઈ કોઈ વાર એને લાગતું કે પોતાનું સઘળું કામ હાથે કરી લેવામાં જરાય મુશ્કેલી નથી. નોકરોનાં લશ્કર રાખતી ધનિક જનતા નિરર્થક સેવ્યસેવક ભાવ જીવંત રાખે છે.

શાળાનો તો તેને મોહ લાગ્યો. ભાસ્કર કે પરાશર વચમાં ન આવી ગયા હોત તો તે બાળકો સિવાય - બાળકોના શિક્ષણ સિવાય બીજો કશો વિચાર જ ન કરત. પુરુષોમાં પણ સરળ ચાલતા જીવનને હલાવી મૂકવાનું કેટલું બધું બળ રહેલું છે ? પુરુષોનું દેવત્વ સ્વીકારવાનું નથી જ. છતાંય તેનું મનુષ્યત્વ, તેનું રૂપ, તેનું કુરૂપ, તેની ભાવના, તેની ટેવ, તેની ખામી એ સ્ત્રીના સ્મરણમાં કેમ વારંવાર હાલ્યાઝૂલ્યા કરતાં હશે ? ભાસ્કરની રિસ્ટ-વોચ કે ઝીણું પહેરણ નજર ખેંચી સ્મરણમાં પ્રવેશી જતાં. પરાશરની ખાદી અને આંટણવાળી હથેળી ગમે એવાં તો નહિ જ ને ? છતાં તે પણ કેમ સ્મરણશક્તિને ધક્કા માર્યા કરતાં હતાં ?

પુરુષ વગર સ્ત્રીને નહિ જ ચાલે શું ?

સમાન હક્ક મળે તોય ? ત્રિયારાજમાં પુરુષનાં હરણ કરી લાવવાં પડતાં હતાં ! વિક્ટોરિયા મહારાણી હતાં- તેમના જ હક્કે મહારાણી હતાં. મહારાજા થઈ ન શકે એવા પુરુષને કેમ પરણી ગયાં ?

અને રઝિયા ? એ સુલતાના હતી. સલ્તનત છોડી એ એક ઊતરતી કક્ષાના પુરુષ સાથે કેમ નાસી ગઈ ?

અને કુમારી રાણી ઈલિઝાબેથ ? કેટકેટલા પુરુષો સાથે એને મૈત્રી ? અને કેટકેટલા એના પ્રેમપ્રસંગ ? બધા ખરા ન જ હોય. છતાં એટલું તો એમાં સૂચન છે જ કે એને લગ્ન વગર ચાલ્યું. પુરુષ વગર નહિ.

પાઠ કે ઈતિહાસ શીખવતાં શોભનાને કદી કદી આવા વિચારો પણ આવતા.

પ્રથમ શોભના પુરુષોને તિરસ્કારની દૃષ્ટિથી જ જોતી હતી, અગર જોવાને પ્રયત્ન કરતી હતી. હમણાં હમણાં તેની સાથે વાતો કરતાં, તેને ઘેર મળવા આવવાનો આગ્રહ રાખતા, તેની સાથે હસવાની ઈચ્છા રાખતા, હસ્તધૂનન માટે અત્યંત ઉત્સુક અને એકાંતમાં ભૂલથી ખભે હાથ મૂકી દેતા

રમતિયાળ ગણાવા મથતા પુરુષ શિક્ષકો પ્રત્યે તે વધારે ઉદાર બની હતી.

તેના તરફ નિહાળતા કૈંક પુરુષોને માફ કરતી શોભના શાળામાંથી ઘેર આવી. ઘર આગળ વિની અને તારિકા બંને શોભનાની રાહ જોતાં બેઠાં હતાં.

'બહુ દિવસે દેખાયાં !' શોભનાએ કહ્યું.

'શું દેખાય, કપાળ ?' તારિકા જરા ઉગ્ર બની બોલી.

'કેમ ? શું થયું ?' શોભનાએ પૂછ્યું.

'આ તારી રંભાએ ભણતરને લજવ્યું.' વિની બોલી. વિનીના મુખ ઉપર ઉગ્રતા હતી. તારિકા અને વિની બંનેનાં મુખ સોહામણાં હતાં. ઉગ્રતાએ એ સોહામણાં મુખ ઉપર એક પ્રકારનો કદરૂપો ઓઢો ઓરાઢી દીધો. રૂપને બગાડનાર, સૌંદર્યને વિકૃત કરનાર, સંવાદને બેસૂર બનાવનાર ભાવ કદી પવિત્ર હોઈ શકે ખરો ? મુખ ઉપર રાક્ષસી રેખાઓ ઉપવાસતી ઉગ્રતા પણ ભણતરને લજાવતી જ હોય છે ને ?

'કેમ ? રંભા ઉપર આટલો બધો કોપ ?' શોભનાએ વિચારને અંતે પૂછ્યું.

'તને ખબર પડશે તો તું અમારા કરતાં વધારે કોપ કરીશ, વિનીએ કહ્યું.

'પણ શું છે ? રંભાનો કયો દોષ થયો તે તો કહે ?

'ભાસ્કર સાથે એણે લગ્ન કરી નાખ્યાં !' તારિકાએ કહ્યું.

'સારું કર્યું.'

'શું ધૂળ સારું કર્યું ! આખી સ્ત્રી જાતને એણે નીચું જોવરાવ્યું.'

'લગ્ન તો આ વિનીને પણ ગમે છે. તનેય લગ્ન કરવાની ઈચ્છા રોજ થઈ આવે છે. પછી તમે બન્ને રંભાને શાનો દોષ આપો છો ?'

'પણ કેવું લગ્ન ?'

'લગ્નમાં કેવું શું ? એક પુરુષ અને એક સ્ત્રી પરસ્પરના જીવનને બાંધી છૂંદવા સંમત થાય એ લગ્ન !' શોભનાએ હસીને કહ્યું.

'તારી વાત વળી બધા કરતાં ન્યારી ! તારે તો લગ્ન જ ન જોઈએ. કબૂલ. પણ લગ્ન કરવું તો પછી એક પત્ની ઉપર બીજી પત્ની બનવું એ શું શરમભરેલું નથી ?' તારિકાએ કહ્યું.

'પહેલી પત્નીની દશા શી ?' વિનીને લાગણી થઈ આવી.

'પણ બન્નેને પરણનાર પુરુષની દશા શી તેનો તો વિચાર કર. દયા કોની ખાવી ? ભાસ્કરની ? એની પ્રથમ પત્નીની કે એની બીજી પત્નીની ?'

શોભનાએ હસીને પ્રશ્ન કર્યો. તે વિની અને તારિકાના ગાંભીર્યને ગણકારતી ન હતી.

'ભાસ્કરે જ એને ફસાવી. એ પુરુષજાત તદ્દન...' વિની બોલી.

'ચૂપ રહે. ભાસ્કરને શાની દોષ આપે છે ? મને, તને અને તારિકાને એમ ત્રણેને ભાસ્કર ગમતો હતો એ કેમ ભૂલી જાય છે ? વગરપરણ્યે આપણે નજર નાખીએ, મસ્તી કરીએ અને... અને ફાવે તેમ... વર્તીએ. બીજી કોઈ પરણી જાય ત્યારે આપણને એ કશું સાંભરે જ નહિ ! અને બન્નેને પાપી ગણાવવા મથીએ. હું નથી માનતી કે એમાં કશું શરમભર્યું બન્યું હોય!' શોભના પણ જરા કડક બની બોલી.

'અમે તો 'સભા ભરી રંભાના કાર્યને તિરસ્કારી કાઢવાનાં. તને બહેનપણીનો વાંક ન વસતો હોય તો તું જાણે.' વિની બોલી.

'અને તું સભામાં કાંઈ બોલે એટલા માટે તારી પાસે આવ્યાં. પણ તું તો વળી દુનિયાપારની વાત કરે છે.' તારિકા બોલી.

'હું તમને બન્નેને ચા પાઉં એટલે તમારી દૃષ્ટિ જરા વધારે કુંણી બનશે.' શોભનાએ કહ્યું, અને તે ચા તૈયાર કરવા ગઈ.

વિની અને તારિકા પ્રથમ તો એકબીજાંની સામે જોઈ રહ્યાં. પુરુષ-વર્ગના સ્વાર્થ ઉપર સદાય પ્રહાર કરતી, સ્ત્રીને મિલકત ગણી કાઢી તેના શોષણ ઉપર જીવતી પુરુષજાતને તિરસ્કારતી શોભના પુરુષ વર્ગ તરફ કુમળી બની તેના એક ભયંકર અપરાધને હસી કાઢતી હતી ! એ શું પરિવર્તન ?

વધતું ચાલેલું કુમારિકાઓનું વય, માનવજીવનના સંસ્કાર, ભણતર તથા રિવાજની પાળો તોડી નાખી માનવીને - પુરુષને અને સ્ત્રીને વિચિત્ર માર્ગે ઘસડી જતું જનનબળ - જેને પ્રેમ કહી વંદન કરવામાં આવે છે, અને કામ કહી તિરસ્કારવામાં આવે છે તે, સહશિક્ષણ અને સહચારની નવીનતા, જૂના ચીલા ભૂંસવાનું સાહસ, વ્યભિચારમાંથી લુપ્ત થતી જતી દોષભાવના, જાતીયજ્ઞાન સંબંધી ઉત્તેજક વાચન અને નાટક, નવલકથા તથા સિનેમાની છૂપી પણ અસરકારક અશ્લીલતા વર્તમાન યુવકયુવતીના અણુઅણુને વાસનામાં ઝબકોળેલાં રાખે છે. આદર્શની ઘેલછા, અતિ ગરીબીનો શ્રમ, કે મોતને સામે મુખે લાવી મૂકનાર યુદ્ધ સિવાય એ મહારોગ બની જતા ભાવને અંકુશમાં રાખે એવું કશું સાધન આ યુગને જડતું નથી. અતિ તૃપ્તિની શિથિલતામાં સુખ શોધનાર યુવકને આદર્શ, ગરીબી કે યુદ્ધ તત્કાળ મળે એમ નથી. ત્યાં સુધી કોણ કોને દોષ આપે ?

રંભા ભાસ્કરની સાથે પરણી ગઈ - ભાસ્કરને એક પત્ની હોવા છતાં.

રંભા યુવતીવૃંદનું માત્ર એક પ્રતીક જ હતી. રંભા નહિ તો વિની કે તારિકા કે શોભના પણ એમ જ ન કરત એમ શા ઉપરથી કહેવાય ? શોભનાને પોતાને કૈંક વખત એવા વિચારો આવ્યા હતા કે જે આચારમાં મુકાયા હોત તો રંભાની સ્થિતિ સ્વીકારવા તે કદાચ તૈયાર થઈ હોત. શોભનાના લગ્નનો અકસ્માત તેના મનમાં ખટકી ગયો ન હોત. પરાશરના આદર્શો તરફ તેનું ધ્યાન ગયું ન હોત તો. ભાસ્કરના કદી કદી ગમતા સ્પર્શે શોભનાનું આખું જીવન ભાસ્કરમય કેમ ન બનાવ્યું હોત ! ભાસ્કરના પ્રેમને, ભાસ્કરની લગ્નમાગણીને તે ન સ્વીકારી શકી એમાં તેના ઉચ્ચ ચારિત્ર્ય કરતાં અકસ્માત જ કારણરૂપ ગણાય. રંભાને એ કયી રીતે તિરસ્કારે ? ભાસ્કર નહિ તો પરાશર, સુબન્ધુ કે કુમાર પણ ભાસ્કરના જેવું જ વર્તન ન કરત એમ માનવાને શો આધાર ? ભાસ્કરને ગમતી પત્ની ન મળી. પરાશરને પણ અમુક અંશે શોભના ન ફાવી. એણે શોભનાને ત્યજી દીધી. શોભનાએ પરાશરને એક આદર્શવાદી તરીકે નિહાળ્યો ન હોત તો શોભના એના માર્ગમાંથી ખસી જાત. અને શોભના કરતાં વધારે આકર્ષક, શોભના કરતાં વધારે આદરપૂરક અને પરાશરને જીવનમાં - ગરીબ જીવનમાં શોભના કરતાં વધારે ઉલ્લાસપ્રેરક યુવતી પરાશરને જડી હોત તો શોભના સાથેના લગ્નને અવગણીને પણ તે એ યુવતી સાથે પરણી કેમ ન ગયો હોત ? અકસ્માતે જ એ પરિસ્થિતિ ટાળી. પરાશર આદર્શધૂનમાં ઊતર્યો, શોભના પરાશરની ધૂન તરફ આકર્ષાઈ, પરાશરને શોભના કરતાં વધારે આકર્ષક સ્ત્રી ન મળી; એ અકસ્માતને પોતાના ચારિત્ર્ય તરીકે માની-મનાવી ઉચ્ચ આસને બેસવાની ઈચ્છામાં શોભનાને અન્યાય લાગ્યો. ભાસ્કરની કે રંભાની ભૂલ કાઢનાર અને દૂષિત ઠરાવનાર અને એના તિરસ્કારનો જાહેર ઠરાવ કરનાર શોભના કોણ ? અકસ્માતથી જ સ્વીકૃત રૂઢિને અનુકૂળ બનેલી એક સામાન્ય સ્ત્રી ?

અને દોષ, ભૂલ કે પાપનો તિરસ્કાર એ તેનો પ્રતિકાર હોઈ શકે ? પરાશરે આવી પોતાના પતિત્વને શોભનાના હૃદય આડે ધર્યું હોત તો શોભના પરાશરને ક્ષણભર પણ પોતાની સામે બેસવા દેત ખરી ? પરાશરે પોતાના હક્ક શોભના ઉપર ફેંક્યા હોત તો તે લગ્નવિચ્છેદની તત્કાળ જાહેરાત કર્યા વગર રહી હોત ખરી ? - પછી તે વિચ્છેદ કાયદેસર હોત કે ન પણ હોત. દોષનું દમન કરવું; ભૂલને ભાંડવી; પાપને પથરા મારવા : એ તો માનવી કરતો જ આવ્યો છે. એથી દોષ ભૂલ કે પાપ કેટલાં ઘટ્યાં ?

શોભનાએ પોતાની બંને બહેનપણીઓને ખૂબ બેસાડી. રંભાની વાત ભુલાઈ જાય એટલી બીજી વાતો કરી. રાત્રે ત્રણે સાથે જમવા પણ

બેઠાં.

ચંચળે જમવા માંડતી શોભનાને આવી એકદમ કહ્યું :

'બહેન ! ખૂન થયું.'

'ખૂન ? કોનું ?' શોભનાએ પૂછ્યું.

'પેલા ખાદીવાળાની હું વાત ન્હોય કરતી'તી ! મારા ભાઈને બચાવ્યો હતો તે !'

'પરાશરની વાત કરે છે તું ?'

'હા બહેન !'

'શાથી ?'

'કોઈએ છરો ભોંકી દીધો.'

'ક્યારે ?'

'અત્યારે. હમણાં જ એમની ઓરડીએ જોઈને મારી ભોજાઈ આવી. ભાઈ તો ત્યાં જ બેઠો છે.'

શોભના ઊભી થઈ; એણે હાથ ધોઈ નાખ્યા; અને ભાનભૂલી હોય એમ એણે ઘરની બહાર દોટ મૂકી.

જયાગૌરી અને કનકપ્રસાદ પણ ચમકી ઊભાં થઈ ગયાં.

'આમ એકદમ કેમ દોડી ?' વિનીએ પણ ગભરાઈને પૂછ્યું.

'પરાશરને તો અમે પણ ઓળખીએ છીએ.' તારિકા બોલી.

'પણ એ... શોભનાનો.... વર છે એ તમે... નહિ જાણતાં હો ને ?' જયાગૌરી જરા ભાનમાં આવી બોલ્યાં.

કનકપ્રસાદ ખુરશી ઉપર બેસી ગયા. જયાગૌરીએ આંસુ લૂછવા માંડ્યાં... વિની અને તારિકા સ્થિર બની ઊભાં જ રહ્યાં.

ચંચળે પૂછ્યું :

'બહેન પરણેલાં હતાં ?'

એને કોણ જવાબ આપે ? અને જવાબ આપ્યાથી પણ શું ? હૃદયને ઊલટપાલટ કરી નાખતાં વહેણમાં પરણવું - ન પરણવું એ પ્રશ્નો ગૌણ બની ગયા હોય છે.

૬

ગૌરધીરને માટે પરાશરે મજૂરોની સભા ગોઠવી. તોફાનને અંગે કેટલાક મજદૂરો પકડાયા હતા અને તેમના મુકદ્દમા ચાલતા હતા; ઉપરાંત તેમનામાં ન હતી એવી ધાર્મિકતા પણ નવેસર ફૂટી નીકળી હતી. મુસ્લિમ મજદૂરોએ નિમાઝ પઢવાનું શરૂ કરી દીધું હતું. હિંદુ મજદૂરોએ દેવપૂજન અને આરતીની પ્રથા શરૂ કરી દીધી હતી. નિમાઝ અને દેવપૂજનમાં ઈશ્વર-આરાધના કેટલી થતી હતી તેની ખબર પડવી મુશ્કેલ હતી; પરંતુ નિમાઝમાં હિંદુઓની આરતી કેમ કરીને હરકત કરે છે તેનો શિકારીને શોભે એવી તીવ્રતાભર્યો તપાસ કરવામાં મુસ્લિમ મજદૂરો નિમાઝના સમયે રોકાતા. અને મુસ્લિમ નિમાઝને હરકત પડે એવો અસરકારક સમય શોધી આરતી અને ઘંટનાદ કેમ કરીને કરી શકાય તેની શોધમાં યુરોપીય મુત્સદ્દીઓને પણ હરાવે એવી હોશિયારી સહ હિંદુ મજદૂરો રોકાતા.

અલબત્ત એવો ભંગ થોડો જ હતો. ભૂખ સહુને અંતે તો એક બનાવી દે છે. જોકે માનવઘેલછાનાં વાવાઝોડાં ધર્મ, સંસ્કાર, ગમે તેવી વીજળીઓની રેષાઓ દોરી ભિન્નતાને ઊભી કરવાને મથે તોપણ જીવવાને મથતો મજૂરવર્ગ અને તેમનાં કુટુંબો ધર્મની રેષાઓને બાજુએ મૂકી દે છે, અને સવારસાંજના પોષણમાં જૂના ઝઘડાઓ વીસરી પણ જાય છે. નવેસર દાઢી રાખવાથી હિંદુત્વની મજબૂતીનો એક વળ વધારે ચડશે એમ માનતા હિંદુમુસ્લિમ મજદૂરોના એક નાના ભાગ સિવાય બીજા બધા પરાશરને સાંભળતા થઈ ગયા હતા.

પરાશરે પણ હમણાં હડતાલની વાત પડતી મૂકી, મજદૂરોના શિક્ષણ અને મજદૂરોની તંદુરસ્તીના પ્રશ્નો હાથ ઉપર લીધા હતા. એથી એને એના સાથીદારોનો સહજ વિરોધ પણ સહન કરવો પડ્યો હતો. છતાં ઉશ્કેરણી, ઉગ્રતા, અગ્નિ, વિગ્રહ, તિરસ્કાર, વેરઝેર એ ભાવનાઓ ચારે બાજુએ સળગાવી મૂકવામાં તેને સંકોચ ઉત્પન્ન થતો હતો. કુટુંબ, સમાજ, રાજ્ય સંસ્થાઓ, નિત્યવ્યવહાર એ સર્વમાં તિરસ્કાર, ઉગ્રતા વિગ્રહ એટએટલાં વ્યાપી ગયેલાં તેને દેખાયાં કે એ મોરચાઓ ઉપર આધાર રાખી માનવશ્રેય સાધવાની પદ્ધતિ વધારે સારી કે ત્યાગ, માધુર્ય, શાંતિ અને પ્રેમ ઉપર રચવાની પદ્ધતિ વધારે સારી એ પ્રશ્ન તેને મૂંઝવી રહ્યો. રશિયાની હદ

આગળ અટકી ગયેલો સામ્યપ્રયોગ કે પ્રયોગપડછાયો, મધ્ય યુરોપમાં મહાબળ ધારણ કરી રહેલો રાજસત્તાવાદ અને સ્પેનના યુદ્ધની નિષ્ફળતા તેને તિરસ્કાર, વિગ્રહ અને કહેવાતી ક્રાંતિ પ્રત્યે ક્ષણભર અવિશ્વાસ ઉપજાવી રહ્યા.

એ પરાજિત માનસનું પરિણામ પણ હોય. સામ્યવાદી જ્યોતિષે એવા પરાજિત માનસની આગાહી પણ કરી રાખેલી છે. અસહ્ય નિષ્ફળતાના વાતાવરણમાં કૈંક વિચારકો, લેખકો અને ક્રાંતિવાદીઓએ આપઘાત કર્યા છે. શોભનાએ આપેલા છ માસમાં પરાશર પણ જાણે પ્રેમ-શાંતિનું વ્રત લઈ બેઠો હતો. સૌંદર્ય અને સંવાદના ભર્યાભર્યા ભંડારમાં માનવીની વૈરભાવના તો ઝેર નહિ રેડતી હોય એમ તેને લાગ્યું. ઘરનું ઝેર - વ્યક્તિગત ઝેર ફેલાતું ફેલાતું આખા જગતને આવરી રહેલું હતું. ધર્મ, પ્રેમ અને ઔદાર્ય જેવી ભાવનાઓ પણ વિકૃત બની ગઈ હતી. સત્તા અને તેની બીજી બાજુ મિલકત; એ બંનેને ઉથલાવી પાડવાં જોઈએ એમાં શક નહિ; પરંતુ એ ઉથલાવવાની ક્રિયામાં રહેલું વેરઝેર જીવતું જાગતું રહી નવી દુનિયામાં વધારે ઝેરી સત્તાની આકૃતિઓ ઊભી તો નહિ કરે ? નાઝીવાદ, ફાસીવાદ એ બધાં વ્યક્તિગત વૈર-અણુના મહાકાય સ્વરૂપ તો નહિ હોય ? પત્નીને ડારતો પતિ, બાળકને વઢતો શિક્ષક, કારકુનને ધમકાવતો અધિકારી, દીકરીને ચૂંટી ભરતી મા એ બધાં નાનકડાં નિર્દોષ લાગતાં સત્તા અને મિલકતનાં ચિહ્નોનું વૃદ્ધીકરણ થઈ તેમાંથી જ રાજકીય યુદ્ધ ઘૂરકતી રાષ્ટ્રીયતા, પરસ્પરને પીંખી નાખતા ધર્મો અને વિરોધીઓને જડમૂળથી ઉખેડી નાખવા મથતા સામ્યવાદ અને નાઝીવાદનાં ભીષણભૂત તો નહિ ઊભાં થઈ જતાં હોય ?

'કોણ જાણે ! છ મહિના વિચારમંથન કરી ફરી નવો અગર જૂનો માર્ગ લેઈ શકાશે એમ ધારી પરાશરે મજદૂરોને ઉગ્ર માર્ગે ન વાળતાં સુધારક માર્ગે વાળવા પ્રયત્ન કર્યો - જે સુધારક માર્ગને તે આજ સુધી વખોડી રહ્યો હતો. તેનાં લખાણોમાં પણ 'મૂડીવાદ મુર્દાબાદ'ની હાકલને બદલે 'સ્વચ્છ બનો !' 'ભણો !' 'દારૂ ન પીશો !' 'પૈસા બચાવો !' વગેરે સંબોધનો દાખલ થઈ ગયાં હતાં. એનો મજદૂરો સાથેનો સંસર્ગ ચાલુ થઈ ગયો હતો, જોકે સોમો તેને વારંવાર કહ્યા કરતો હતો :

'ભાઈ ! અમે અભણ જાત. અમારો બહુ વિશ્વાસ ન કરશો.'

'તારો પણ નહિ ?' પરાશર હસીને પૂછતો.

'ના.'

'ત્યારે જીવીને પણ શું કરવું છે ?'

આજની સભાની યોજના વખતે પણ સોમાએ પાછું કહ્યું :

'ભાઈ ! હું પાસે તો છું; પણ સાચવીને બેસજો'

'કેમ ?' શું છે ? તું આવો બીકણ ક્યાંથી ?'

'કોણ જાણે; પણ મને તમારે માટે બીક રહ્યા જ કરે છે.'

'કારણ ?'

'અમને વેચાતાં વાર શી ? કાલ હિંદુમુસ્લિમને બહાને લડ્યા. આજ બીજું જ કાંઈ બહાનું નીકળે.'

'તે તારા મિલવાળાઓએ કશી ગોઠવણ કરી છે ?'

'એમની એક ગોઠવણી : ગુંડાઓને સાચવી રાખવા; માલિકોને ખબર પણ ન પડે અને કામ કરનારા એમનું કામ કર્યે જાય.'

ચુગલીખાતું, જાસૂસી, દંગાખાતું, ગુંડાખાતું, ઉશ્કેરણીખાતું, પ્રકાશનખાતું એ બધાં વર્તમાન રાજનીતિનાં તામસ સ્વરૂપો પશ્ચિમનાં રાષ્ટ્રો જ પોષે છે એમ નહિ. વહીવટી વ્યવસ્થા રાખનાર બધી જ સંસ્થાઓ હવે એ સ્વરૂપોનો આશ્રય લેતી થઈ છે. એ પણ વ્યક્તિજીવનમાં રહેલા તામસ અણુના જ વિરાટ પડછાયા ને ?

પરાશરે સોમાને હસી કાઢ્યો. સભા મજૂર નિવાસ પાસેના ખાબોચિયાવાળા તળાવની ખુલ્લી જમીનમાં ભરવામાં આવી. ગૌરધીરનું પરાશરે ઓળખાણ કરાવ્યું, અને તેમને બે શબ્દો કહેવા વિનંતી કરી. બોલબહાદુરો બોલવાની તક મળતાં બે શબ્દે અટકતા નથી. ગૌરધીરના દેહમાં ત્રણત્રણ મહર્ષિઓએ સામટો પ્રવેશ કર્યો હોય એમ લાગ્યું. દુર્વાસાનો ક્રોધ, વિશ્વામિત્રનું ઝેર અને પરશુરામનો ઉદ્રેક ગૌરધીરમાં પ્રત્યક્ષ થયાં. તેમણે મૂડીવાદીઓને ગાળો દીધી, મૂડીવાદીઓના દોષનું ઝણઝણતું વર્ણન કર્યું અને મજદૂરોના ખરા હક્કનું ભાન કરાવ્યું :

'શું તમને મોટરકાર નથી ગમતી ?' વ્યાખ્યાનમાં ગૌરધીરે કહ્યું.

'પણ આપે છે કોણ ?' સભામાંથી કોઈ બોલી ઊઠ્યું.

'આપવાનું તો કોઈ નથી. આપણે ઝૂંટવી લેવાનું છે, જે જોઈએ તે.'

'ઝૂંટવતાં જેલમાં ગયા તો ?' બીજી પાસથી કોઈએ કહ્યું. પરાશરને લાગ્યું કે સોમાની ધારણા કદાચ ખરી પણ હોય. સભા ભાંગવા માટે પણ કેટલાક મજદૂરોએ હાજરી આપી હોય. તેણે ગૌરધીરને વ્યાખ્યાન સમેટવા ધીમી સૂચના કરી; પરંતુ શરૂ થયેલ વ્યાખ્યાન કદી એમ બંધ થતાં હશે ? ગૌરધીરે આગળ ચલાવ્યું :

'જેલ ! જેલથી ડરો છો ? અરે જેલથી ડરશો તો તમે ગુલામો જ

રહેશો. એ તો મોતના ખેલ છે !'

'મોત અમારાં થાય છે અને ફૂલહાર તમે લો છો. જરા આવો, અમારા ભેગા રહો, અમારી જોડે મજૂરી કરો, પછી ભાષણ આપો.' કોઈએ મોટેથી દલીલ કરી.

'ચૂપ', 'બેસી જાઓ', 'બહાર જા', 'તું કોણ કહેનારો ?', 'કાઢો એ ભાષણિયાને', 'સારા માણસનું અપમાન ?' વગેરે સંબોધનો અને બોલાબોલી સહ સભાસદો ઊભા થઈ ગયા અને હિંદના ટોળામાં હિંદી અવ્યવસ્થા વ્યાપી ગઈ. થોડા માણસો ભાષણકર્તા તરફ ધસી આવ્યા. પરાશર ગૌરધીરની આગળ ઊભો રહ્યો. સોમો પરાશરની છાયારૂપ બની ગયો. પરાશરે ધક્કામુક્કીમાં પોતાની નજીક આવતાં કહ્યું :

'સોમા ! આમને સલામત બહાર કાઢી લઈએ.'

'હા, ચાલો.' કહી બંનેએ ટોળાને ભેદવા માંડ્યું. એકાએક કોઈ માણસની બૂમ સંભળાઈ :

'ક્યાં છે પરાશર ?'

પરાશર જરા થોભ્યો. તેના નામોચ્ચારે તેને અટકાવ્યો, અને એ સોમાથી દૂર પડી ગયો.

'કેમ ભાઈ ! શું છે ?' પરાશરે ઘેલા જેવા લાગતા એક મજબૂત પણ વૃદ્ધ મજદૂરને ધસી આવતો જોઈ પૂછ્યું.

'શું છે ? મારા દીકરાને પાછો આપ.'

'તારો દીકરો ? એ કોણ ?

'તારી ઉશ્કેરણીએ જે સરઘસમાં ચઢ્યો, અને મરી ગયો તે. અમને નિરાધાર બનાવી દીધાં. તું શાનો ઓળખે ?'

પરાશરને લાગ્યું કે તે પોતે ગુનેગાર હતો. તે જાતે મરી શક્યો હોત તો આવો આરોપ તેને માથે ન આવત.

'બોલ, શું કહે છે ?' વૃદ્ધે કહ્યું.

'કાંઈ નહિ. કહે તો હું તારો દીકરો બની તારી કાળજી કરું.'

'મારો દીકરો ? એ તો ગયો, અને તુંયે એની પાછળ જા.' કહી વૃદ્ધે છરો કાઢી પરાશરના પાસામાં ખોસી દીધો. પરાશરે તેનો હાથ પણ ઝાલ્યો નહિ. સોમો છલંગ મારી આવી પહોંચ્યો તે પહેલાં તો છરો પરાશરના દેહમાં ચાલ્યો ગયો હતો. ટોળું સ્તબ્ધ બની ગયું. વૃદ્ધે ભયંકર હાસ્ય કર્યું અને ત્યાંથી તે નાસવા માંડ્યો. સોમાએ તેને ગરદનથી પકડ્યો, અને તેને ભોંયભેગો કરવા તત્પર થયો.

'સોમા ! છોડ એને.' પરાશરે બૂમ પાડી. બૂમ તો ન પડી શકી, છતાં તેના શબ્દે સોમાને વૃદ્ધથી દૂર કર્યો.

પરાશરના દેહમાં છરો ખૂંપી ગયો હતો. તેના દેહમાંથી રુધિર વહેતું હતું. ગૌરધીરનો પત્તો ન હતો. પરાશરે પોતાના હાથ વડે છરાને ખેંચી કાઢ્યો, છરો નીકળતાં રુધિરનો ફુવારો ઊડ્યો અને પરાશર ભાન ભૂલ્યો. તેને લાગ્યું કે તે જમીન ઉપર ઢળી પડતો હતો, અને તેના દેહને કશી ભારે વેદના થતી હતી.

૭

પરાશરે આંખ ઉઘાડી. આંખ ઉપર બ્રહ્માંડને ભાર મુકાયેલો લાગ્યો. હાથ ઉપાડવા તેણે મંથન કર્યું. તેનો હાથ જુદો પડી ગયેલો લાગ્યો. તેણે કાંઈ વિચારવા પ્રયત્ન કર્યો. તેનું માનસ ધુમ્મસ સરખું હાલતું અને અસ્પષ્ટ હતું. કોણ 'ભાઈ, ભાઈ' કહી બોલતું હતું ? 'કોમરેડ' શબ્દમાં રહેલું આખું બંધુત્વ એ 'ભાઈ' શબ્દમાં ક્યાંથી સ્ફુટ થતું હતું ? કેટલો સાચો બિરાદરીનો રણકાર ! તેના મુખ ઉપર સ્મિત આવ્યું. પરંતુ એ સ્મિત મુખ ઉપર આકાર ધારણ કરે તે પહેલાં તો કશું હથિયાર તેના દેહમાં ભોંકાતું લાગ્યું. એને કાંઈ વાગ્યું હતું ? કે વાગતું હતું ?

તેણે જોર કરી આંખ ઉઘાડી. તેની આંખ અડધી ઊઘડી.

'ભાઈ ! અમે બધા પાસે જ છીએ.' કોઈએ કહ્યું. છતાં સઘળું દૂર અને - લાખો ગાઉ દૂર હોય એમ તેને લાગ્યું.

અડધી ઊઘડેલી આંખે પરાશરે કાંઈ દૃશ્ય જોયું. સોમો તેને બોલાવ્યા કરતો હતો, નહિ ? કુમાર એના દેહને શું કર્યા કરતો હતો ? આટલાં બધાં માણસો ક્યાંથી ? પોતાની ઓરડી તો તદ્દન નાની હતી ! સહુને બેસવા તેણે ચટાઈ પાથરવી ન જોઈએ ?

તે ઊઠવા મથ્યો. તેના દેહમાંથી શક્તિ ક્યાં જતી રહી ?

'પરાશર !'

કુમારનો એ બોલ હતો, ખરું ?

'તું હાલીશ નહિ.' કુમારે એવી આજ્ઞા કેમ આપી ?'

'કેમ ?' ભાગ્યે જ કોઈને સંભળાય એવી ઢબે પરાશરે મહા-મુશ્કેલીથી પૂછ્યું.

'બોલીશ પણ નહીં; તને વાગ્યું છે.'

પરાશરને કોઈ સ્વપ્ન યાદ આવતું હોય તેમ એક પ્રસંગ યાદ આવ્યો. કોઈ કાળે એક સભામાં તેને કોઈએ છરો માર્યો હતો ! કેટલા દિવસ થયા હશે એ વાતને ? એને કોણ કહે કે એ ઘટના એક કલાક પહેલાં જ બની હતી ? કાળ પણ આવા પ્રસંગે થંભી જતો હશે ?

'જીભે...કાંટા, આંખમાં...હુતાશ, હૈયે...હળાહળ...અને હાથમાં છરા...માનવી છરા...ની જ...વચમાં જીવે છે...એ મરે...પણ ...છરાથી

જ ને ?' પરાશર ધીમું ધીમું બોલ્યો.

'મરવાની વાત જ કરવાની નથી. મનને જરા જોર આપ.' કુમારે કહ્યું.

પરાશરે આંખ મીંચી. તેને જીવવાનું મન હતું. સવારમાં ઊઠીને રાત્રે સૂતાં સુધીની માનવી ચર્ચા એક જ માર્ગે ચાલી જાય છે; વિરોધ, ગાળ અને હુમલા, ઘરકામ કરતા નોકરથી માંડીને વાઈસરૉયના મહેલ અને ગાંધીના આશ્રમ અગર ગાંધીવાદને તોડનાર ઝગમગતી બુદ્ધિવાળી સામ્ય-મંડળીએ સુધી તોડો, ફોડો, બાંધો, કાપો ! સહુને મુખે જગતભર ઘૂમતા એ શબ્દો !

શબ્દો જ ? કાર્યો પણ એનાં જ સૂચક ! અને વિચારો ?

વિચારસૃષ્ટિ તો કલહ, વિગ્રહ અને ખૂનથી ઊભરાઈ રહેલી છે ! એ સૃષ્ટિમાંથી જ શબ્દો અને કાર્યો આવે છે ! એ ન બદલાય ત્યાં સુધી...મન, વાચા અને કર્મથી કતલખાનું બની ગયેલા જીવનને સાચવવું શા માટે ?

જીવવાની જરૂર જ નથી ! પરાશરે વીજળીની દીપાવલી માફક ચમકી જતી વિચારશ્રેણીને અંતે નિશ્ચય કર્યો.

કુમાર તેની નાડ પકડીને બેઠો હતો. અતિ વેગથી ચાલતું રુધિર જખમ દ્વારા ફરી બહાર આવવા લાગ્યું. પરાશરની નાડ ધીમી પડી; કુમાર ચમક્યો. પરાશર ઊંડે ઊંડે ઊતરી જતો હતો. એને એ ઊંડાણ સુખમય લાગ્યું.

'ભાઈ, ભાઈ !'

ઊંડાણમાંથી અવાજ આવતો પરાશરે સાંભળ્યો. એ સાદ કેટલે દૂરથી આવતો હશે ? લાખો ગાઉ દૂરથી ? સ્વર્ગમાંથી ?

પણ સ્વર્ગ છે જ ક્યાં ? એ વહેમ પ્રત્યે પરાશરને હસવું આવ્યું - જોકે તેના મુખ ઉપર એ હાસ્ય અવતરી શક્યું નહિ, તેના હાથમાં પાછો કશો ઘા થયો ! ભલે થાય. દેહને અને પરાશરને હવે ક્યાં સંબંધ રહ્યો હતો ? દેહથી તે પ્રત્યેક પળે છૂટો પડી જતો હતો.

છતાં કોણ તેને પાછું દેહમાં ઘસડી લાવ્યું ? 'ઈન્જેક્શન' જેવો કાંઈ શબ્દ તેણે જગતમાં ઘૂમતો સાંભળ્યો ?

તેની આંખે કાંઈક દેખાયું ! સોમો રડતો હતો ? રતન આંસુ ઢાળતી હતી ? કુમાર કેમ ફિક્કો પડી ગયો હતો ? ઓરડીમાં કેમ બધાં ભેગાં થયાં હતાં ? આજે હડતાલ તો નહિ પાડવાની હોય ?

'ભાઈ ! હું હજી પૂરું ભણી નથી !' કોઈ ઘુમ્મટમાંથી રતન બોલતી હોય એમ પરાશરને લાગ્યું.

'હવે...કુમાર...પાસે' પરાશરે ધીમેથી રતનને કુમાર પાસે શીખવા સૂચના કરી - જોકે આખું વાક્ય તેનાથી બોલાયું નહિ.

'ના ના, તમારી પાસે જ શીખવું છે !'

અભ્યાસ કરાવવા ખાતર દેહ શાનો જીવતો રહે ?' ભણેલી પ્રજા વધારે તીવ્રતાથી લડશે ! જાગ્રતિનો એક પુટ વધારે ચડશે તેમ માનસિક હિંસા ઉપર એક વધારે વળ ચડશે ! રતનને માટે જીવવું સારું લાગ્યું...પણ...કાંઈ નહિ...ભાન ભલે જતું !

દેહથી જાણે પર થઈ ગયો હોય એમ પરાશર થોડી થોડી વારે વાતોના ટુકડા સાંભળતો.

'એ બિલકુલ સહાય આપતો નથી. જીવવાની ઇચ્છા જ જાણે મરી ગઈ છે !'

કોણ એ બોલ્યું ? ડૉક્ટર કુમાર ?' એ સાચું બોલતો હતો, નહિ ? ઝેરભર્યા જગતમાં જીવીને શું કરવું ? શોષિતો જગતમાં રહે જ નહિ એ જીવન સંકલ્પ ! પણ એ સંકલ્પ સિદ્ધ કરવા માટે શોષણને જીવતું રાખતા માર્ગ લેવાના. અર્થવાદનો વિનાશ ! ખરું. પણ એ વિનાશના માર્ગ તો પાછા એના એ જ : વેર, ઝેર, ખૂન, કતલ... એ માર્ગે અર્થવાદનો નાશ થશે ? લોહીમાં - અણુઅણુમાં ઊતરી આવતાં વેરઝેર અર્થવાદને બદલે કતલ કરવા માટે બીજો વાદ નહિ ખોળી કાઢે એમ શા ઉપરથી ?

ઘડતર પહેલું કે ઘડતરનો અણુ ? નવીન સમાજની રચનામાં શોષણ નહિ થાય, પણ એ નવીન રચના અણુશુદ્ધિ કર્યા વગર થશે ખરી ? અર્થવાદી રચના તોડ્યા પછી નવીન અણુને શુદ્ધ કરનાર કયો પ્રવાહ નવીન સમાજમાં વહેતો હશે ?...જો વેરઝેરથી નવીનતા પ્રાપ્ત કરી હશે તો ?

કોણ જીવે ?

પરાશર આળસી ગયો. જીવવા માટે પણ ઉત્સાહ જોઈએ. તેના હાથપગ ટાઢા પડવા લાગ્યા. દેહ સાથેનો સંબંધ ગ્રન્થિએ ગ્રન્થિએ છૂટવા લાગ્યો.

'એને જીવવાનો ઉત્સાહ કોઈ આપો, નહિ તો એ મરી જશે.' કુમાર માથે હાથ દઈ બોલ્યો.

એક યુવકે ઉત્સાહ પ્રેરવા ગાવા માંડ્યું :

*'ઇન્કિલાબ ઝિન્દાબાદ !'*

પરાશરે આંખો ન ઉઘાડી. એ પોકારની પાછળના વાતાવરણે એને જીવવાની શક્તિ આપી નહિ. વેરઝેરથી ભરેલી ક્રાંતિ તેને જીવવા પાત્ર ન

લાગી. ડૉક્ટરે યુવકનો કર્કશ સૂર બંધ કરાવ્યો.

પરાશરની નાડીના ધબકારામાં અનિયમિતપણું લાગવા માંડ્યું. સહુના ધબકારા વધી ગયા. ઓરડીમાં અને ઓરડીની બહાર ભેગાં થયેલાં મજૂર ટોળાંના વધેલા ધબકારા પરાશરને ભેટ મળે તો પરાશર સો વર્ષ જીવી શકે; પરંતુ માનવી ક્યાં બીજાને જિવાડવા માટે જીવે છે ?'

'પરાશર ! પરાશર !'

પરાશરે એક ચીસ જીવનને પેલે પારથી આવતી સાંભળી. ચીસ જાણીતી હતી ? કોની હશે ? યમદૂત સાથે બાથે પડી પતિને નવજીવન અપાવતી સાવિત્રીની આ ચીસ તો નહિ હોય ? શા માટે આ જગત જીવનને શાંતિથી હોલવાઈ જવા નહિ દેતું હોય ? દેહ સાથે પરાશરને પાછો જડી દેતી આ ચીસ ઓળખ્યા વગર નહિ ચાલે ?

પરાશરે આંખ ઉઘાડી.

શું શોભના તેની પાસે બેઠી હતી ? શા માટે ?

'પરાશર !' શોભના અત્યંત ધીમેથી બોલી કે મોટી ચીસ સાથે બોલી ?

'છ...માસ...થયા ?' પરાશર શોભના જ સાંભળી શકે એવે સાદે બોલ્યો.

'હા. મહાકાળના ઓળા પડતા હોય ત્યાં દિવસ, માસ કે વર્ષની શી ગણતરી ?' શોભનાએ જુઠ્ઠી હા પાડી.

શોભના રડતી હતી ? શા માટે તે તેને અડકીને બેઠી હતી ? શા માટે પરાશરના કપાળ ઉપરથી વાળ ખસેડતી હતી ?'

'હું જાઉ...છું...તું...છુટ્ટી...'

'ક્યાં જવું છે ?' સહજ ઉગ્રતાથી શોભનાએ પૂછ્યું.

'એનો કોણ જવાબ આપી શકે ? પરાશર પણ નહિ. મૃત્યુ એ ઈશ્વર જેટલો સ્પષ્ટ ભાવ છે. પરાશરે છત તરફ આંખ ફેરવી પોતાનો ભાવ વ્યક્ત કર્યો.

'પણ હું જવા દઈશ તો ને ? હવે તારી પાસે જ રહેવા હું આવી છું. ત્રીસમા આપણે બે રહીએ એવો માર્ગ મને જડ્યો છે.'

'ન...ફાવે...'

'તોય હું રહીશ. મને છોડીશ...તો...તો...હું મરી જઈશ.'

શોભનાએ શું પરાશરના કપોલ ઉપર કપોલ ટેકવ્યા હતા ? પરા-શરના ગાલમાં ક્યાંથી જાગૃતિ આવી ? ઉષ્ણ ટપકાં ક્યાંથી પડતાં હતાં ?

શોભના શું પાછી રડતી હતી ? અને...પેલી ...રતન પણ રડતી હતી...કુમાર કેમ...આંખ લૂછે...છે....સોમો કેમ ડૂસકે...ભરાયો...છે ? અને આખી ઓરડી કેમ આંસુ ઢાળે છે !

જગતમાં શું સંવાદ પાછો જાગ્યો ? ખારા દરિયામાં મીઠા પાણીના ફુવારા ફૂટવા માંડ્યા ? માનવીના જગતમાંથી પળવારને માટે પણ ખૂની રાક્ષસ અદૃશ્ય થયા ? પળ એ સનાતનનો અણુ ! પળમાં જ બન્યું તે સદાય કેમ ન બને ?

સામ્યવાદને પ્રેમનાં - સ્નેહનાં આંસુનું સિંચન થાય તો તે વહેલો ન ફળે ?

પરાશરે ધીમે રહી હાથ ઊંચક્યો, અને પોતાને ટેકવી બેઠેલી શોભના ઉપર વીંટયો.

પરાશરના મુખ ઉપર ન પહોંચી શકતું સ્મિત હવે ત્યાં પહોંચ્યું. સ્મિતભરી શાંતિ સહ તેણે આંખ મીંચી.

જગતમાં સંવાદનું તત્ત્વ છે ! સંવાદ ઉપર માનવરચના થઈ શકે છે! એવી શ્રદ્ધા સહ આંખો મીંચી સૂતેલો પરાશર જીવ્યો કે નહિ એવી પૃચ્છા કરવાની જડતા કોણ બતાવે ? એ શ્રદ્ધાની ક્ષણ ચિરંજીવી જીવનરૂપ છે. જીવનમાં એથી વધારે સુખ, એથી વધારે સત્ય, એથી વધારે સૌંદર્ય ક્યાં મળી શકે ?

બાકી ખાલી જીવન અને ખાલી મૃત્યુનાં મહત્ત્વ શાં ?

•••